જૈનશાસનમાં અચલગચ્છનો

# દિવ્ય પ્રકાશ

( અચલગચ્છીય સંક્ષિપ્ત પટ્ટાવલિ )

૩૩/૯





સંપાદક

મુનિશ્રી કલાપ્રભસાગરજી મ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પુસ્તક ક્રમાંક : ૧૬

# જૈનશાસનમાં અચલગચ્છનો

# દિવ્ય પ્રકાશ

[અચલગચ્છનો સંક્ષિપ્ત ઇતિહાસ યાને પટ્ટાવલી]

અચલગચ્છના આચાર્યો, મુનિવરો, સાધ્વીજીઓ, શ્રેષ્ઠિઓ,
સાહિત્ય, જિનાલય નિર્માણ, પ્રતિષ્ઠા કાર્યો વિગેરે
ઐતિહાસિક વિગતો સહિત.

卐

: પ્રેરક :

અચલગચ્છાધિપતિ યુગપ્રભાવક પ. પૂ. આ. ભગવંત

**શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

●

:: લેખક—સંપાદક ::

પ. પૂ. અચલગચ્છાધિપતિશ્રીના શિષ્યરત્ન, સાહિત્યરત્ન

**પૂ. મુનિશ્રી કલાપ્રભસાગરજી મ. સા.**

★

કિંમત રૂા. ૭-૦૦ [પોસ્ટેજ અલગ]

Ac. Gunratnasuri MS

Jin Gun Aradhak Trust

પ્રકાશક તથા કાર્યાલય
**શ્રી આર્ય જય-કલ્યાણ કેન્દ્ર**
મે. લખમશી ઘેલાભાઇની કું.
૩, ચીંચ બંદર, **મુંબઈ-૯**
☎ **૩૩૩૮૬૧** ☎ **૩૩૩૮૬૨**

વીર સં. ૨૫૦૬
વિક્રમ સં. ૩૦૩૬
આર્યરક્ષિત સં. ૮૦૦
આવૃત્તિ : પ્રથમ
નકલ : ૧૦૦૦
પુસ્તક ક્રમાંક : ૧૬



**આ..ભા...ર દ...ર્શ..ન**

જૈન સાહિત્ય અને સંસ્કૃતિના વિકાસ માટે પૂજ્ય મુનિ શ્રી **કલાપ્રભસાગરજી** મ. ની પ્રેરણાથી શ્રી આર્ય-જય-કલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટને કચ્છ દુર્ગાપુરનાં (પોતાનાં) માતુશ્રી મેઘબાઈ ઘેલાભાઈ પુનશી (ઉ. વર્ષ ૧૦૨)ની સ્મૃતિ નિમિત્તે તેમનાં સુપુત્ર સંઘવી શ્રી **લખમશી ઘેલાભાઈ પરિવાર** તરફથી એકાવન હજાર રૂા. સમર્પિત થયેલ છે. આ સ્થળે તેઓનો હાર્દિક આભાર માનીએ છીએ.

લિ૦ **ટ્રસ્ટી મંડળ.**


**સૂચના**

આ ધાર્મિક પુસ્તક હોઇ તેની આશાતના ન કરવી. જ્યાં ત્યાં રખડતું ન મૂકવા નમ્ર વિનંતિ.


: મુદ્રક :
કાંતિલાલ ડી. શાહ
**" ભરત પ્રિન્ટરી "**
દાણાપીઠ પાછળ, તળાવ,
**પાલીતાણા**-૩૬૪૨૭૦


પૂ. સાધુ-સાધ્વીજીઓ તથા જ્ઞાનભંડારોને સાદર ભેટ.

**નોંધ** સંસ્થાકીય નિવેદન, દાન યોજના વિ. વાંચી જવા ખાસ વિનંતિ.

લી. **ટ્રસ્ટી મંડળ.**


Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# સ....મ...ર્પ...ણ



૮૩ વરસની જૈફ વય સુધીમાં પણ જેમણે જિનાગમોના ચિંતન પ્રત્યે અભિરુચિ દાખવી........................

૫૦ વરસથી અધિક જેમનો દીક્ષા પર્યાય હતો..............................

પ્રાચીન સાહિત્યનાં વાંચન અને રક્ષણ માટે જેમની અમુલ્ય પ્રેરણાએ મારા જીવનમાં અનેક શુભ ભાવનાઓ જન્માવી...........................

તે મારા વડીલ ગુરુબંધુ, આગમપ્રજ્ઞ, અપ્રમત્તારાધક પ. પૂ. સ્વ. મુનિરાજશ્રી કીર્તિસાગરજી મ. સા નાં પુનિત કરકમલમાં આ પુસ્તક સમર્પિત કરતાં આનંદ અનુભવું છું.

લી૦ બાળ કલાપ્રભસાગરની
કોટિ કોટિ વંદના.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## અચલગચ્છાધિપતિ યુગપ્રભાવક પરમ પૂ. આચાર્ય ભગવંતશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. નાં શિષ્યરત્ન આગમપ્રજ્ઞ પૂ. સ્વ. મુનિરાજશ્રી કીર્તિસાગરજી મહારાજ સાહેબની સંક્ષિપ્ત

# 卐 જીવન ઝરમર 卐

કચ્છના મુકુટમણી સમા કામણગારા શ્રી ભદ્રેશ્વર (વસઇ) જૈન મહાતીર્થની નીકટમાં આવેલા મુંદ્રા તાલુકાના (કંઠી પ્રદેશના) લાખાપુર ગામમાં વિ. સં. ૧૯૫૩ શ્રા. વ. ૮ના શ્રી કરમશીભાઈનો જન્મ થયો હતો.

તેઓનાં પિતાનું નામ કુંવરજી આણંદજી અને માતાનું નામ દેમતબાઈ હતું. બાળપણથી જ કરમશીભાઈના હૃદયમાં ધર્માનુરાગ હતો. માતા પિતાનાં સંસ્કારોથી કરમશીભાઈની ધર્મભાવના ઓર વૃદ્ધિ પામવા લાગી. જેના ફલસ્વરૂપે આઠ કોટિ સ્થાનકવાસી સંપ્રદાયના વિનયચંદ્રસ્વામી પાસે તેમણે યૌવનવયમાં જ દીક્ષા સ્વીકારી હતી.

અમુક વરસો બાદ શાસ્ત્રોના અભ્યાસથી 'મૂર્તિ માન્યતા' અંગે શ્રદ્ધા મજબૂત બનતાં તેઓએ શ્વે. મૂર્તિપૂજક અચલગચ્છમાં અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગૌતમસાગરસૂરિ અને પૂ. ઉપા. શ્રી ગુણસાગરજી ગણિવર્ય પાસે સં. ૧૯૯૯ માં પોષ સુદ ૬ નાં દિવસે કચ્છ અબડાસાના વરાડીઆ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગામમાં સુવિહીત દીક્ષા સ્વીકારી હતી. વડી દીક્ષા પણ વરાડીઆમાં જ થઈ હતી. તે વખતે ઉપા. શ્રી ગુણસાગરજી મ. સા. નાં શિષ્ય તરીકે તેઓનું નામાભિધાન મુનિશ્રી કીર્તિસાગરજી રાખવામાં આવ્યું હતું.

સં. ૨૦૧૧ માં પૂ. ઉપા. શ્રી ગુણસાગરજી મ. સા. મુંબઈ પધાર્યા ત્યારે તેઓશ્રી પણ સાથે જ મુંબઈ પધારેલા. મુંબઈમાં પણ તેઓના તત્ત્વગર્ભિત પ્રવચનોથી તેઓએ લોકહૃદયમાં આદરભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

પૂ. મુનિરાજ શ્રી કીર્તિસાગરજી મ. સા. પુનઃ કચ્છ પધાર્યા અને વિવિધ સ્થળે તેઓશ્રીએ ચાતુર્માસો, વિહારો કરી ધર્મપ્રભાવના કરી. તેઓ જિનાગમોનાં અભ્યાસી હોઇ 'આગમપ્રજ્ઞ' તરીકે પ્રખ્યાત હતા........ આગમ, નવકારમંત્ર કે તેવા બીજા અનેક પ્રશ્નોના પ્રત્યુત્તર મેળવવા આવતા જિજ્ઞાસુઓને તેઓ સચોટ પ્રત્યુત્તરો આપતા. કચ્છ બીદડાના શા ડુંગશીં ચાંપશીં માલાણી, કચ્છ લાયજાના શા મોહનલાલ ધનજી વિ. શ્રાવકો તો તેઓ સાથે જ્ઞાનગોષ્ઠિ તત્ત્વચર્ચામાં કલાકો ગાળતા અને સંતોષ અનુભવતા.

તેઓશ્રીની વૃદ્ધ અવસ્થા છતાં તત્ત્વ અંગેની યાદશક્તિ અને આંખોનું તેજ અદ્‌ભૂત હતું. તત્ત્વનું વાંચન અને લેખન એ સિવાય ઇતર વાંચન કે અન્ય પ્રવૃતિ તેઓ ન જ કરતા. ૮૦ વર્ષની વૃદ્ધ વયમાં પણ તેઓશ્રી આઠમ–પાંખી એકાસણું અને ચાલુમાં નિત્ય બેઆસણા કરતા. જીભ ઉપર તેઓ ખૂબ જ સુંદર રીતે કાબુ રાખી શકયા હતા. વાપરવાની વસ્તુઓમાં પણ વધારેમાં વધારે ચારથી પાંચ દ્રવ્યો જ છૂટ રાખતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સં. ૨૦૨૮થી સં. ૨૦૩૧ આ ચાર વર્ષો દરમ્યાન ગુર્વાજ્ઞાથી તેઓશ્રી સાથે પૂ. મુનિશ્રી કલાપ્રભસાગરજી પણ રહેલા. તેઓની સાથે રહેતા ઉક્ત મુનિશ્રીએ પ્રાચીન હસ્ત લિખિત પ્રતોનું વાંચન તેમજ અન્ય અભ્યાસ વિ. પણ કરેલ તેમજ એ વયોવૃદ્ધ મહાત્માની વૈયાવચ્ચનો પણ લાભ મેળવેલ હતો. આ ચાર વરસ દરમ્યાન ચાતુર્માસો અનુક્રમે આ મુજબ થયા હતા. સં ૨૦૨૮ બાડા, સં. ૨૦૨૯ ભુજપુર, સં. ૨૦૩૦ રાયણ, સં. ૨૦૩૧ નવાવાસ (દુર્ગાપુર) આ ચાતુર્માસો દરમ્યાન ખૂબજ ધર્મપ્રભાવના થવા પામી હતી. તેમજ તે તે સ્થળે યુવાનો અને બાળકોએ સુંદર ધાર્મિકજ્ઞાન મેળવ્યું હતું.

## તેઓશ્રીએ રચેલ સાહિત્ય

સં. ૨૦૩૧ સુધીમાં પાંચ જેટલા રાસો (ગુજરાતીમાં), ગોડીપાર્શ્વનાથનો ઇતિહાસ, જ્ઞાન બોધભાવની વિવેચન છત્રીશ છત્રીશી વિવરણ, સુખી થવાનાં સરલ ઉપાયો (તત્ત્વજ્ઞાનનાં લેખો) ભાગ ૧-૨, પ્રાચીન સ્તવન સંગ્રહ ભા. ૧-૨ વિ. ગ્રંથોની રચના....સંશોધન અને સંપાદન તેઓશ્રીએ કરેલ. પ્રાચીન સાહિત્યનું વાંચન રક્ષણ વિ. ની તેઓશ્રીની રૂચિ પ્રશંસનીય હતી.

ત્યારબાદ અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. નો વિહાર અને ચાતુર્માસ રાજસ્થાન તરફ થયું પૂ. મુનિ શ્રી કલાપ્રભસાગરજી પણ પૂ. આ. ભગવંત શ્રી સાથે હતા. પૂ. મુનિશ્રી કીર્તિસાગરજી મ. સા. વયોવૃદ્ધ હોઈ કચ્છમાં રહ્યા. તે વખતે તેઓશ્રી સાથે પૂ. મુનિ શ્રી પ્રેમસાગરજી મ. સા. રહ્યા હતા. અને એ વયોવૃદ્ધ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મહાત્માની વૈયાવચ્ચનો લાભ લીધો હતો. તેઓનું સં. ૨૦૩૨ નું ચાતુર્માસ કચ્છ સાભરાઇ મુકામે થયું હતું. હવે તેઓ વૃદ્ધ હોઈ ખૂબ જ ઓછું સાંભળી શકતા હતા. તેમજ વિહારો કરવા મુશ્કેલ હોઈ છેલ્લા કેટલા વરસોથી ડોલીથી વિહારો કરતા હતા. તેઓ ખાસ કરી લાયજા, ડોણ, કોડાય અને બીદડા જેવા સ્થળોમાં વિશેષ સ્થિરવાસ કરતા ને ત્યાંના જ્ઞાન ભંડારોમાંથી પુસ્તકો કઢાવી તેનું વાંચન મનન કરતા.

વૃદ્ધ વયે પણ આવશ્યક ક્રિયાઓ પ્રત્યેનો તેઓનો અપ્રમત્તભાવ પ્રશંસનીય હતો. ઉપરોક્ત સ્થળોનાં સંઘોના આગેવાનો પણ તેઓ પ્રત્યે ખૂબ જ આદરભાવ રાખતા.

છેલ્લા બે વરસોથી કચ્છના ગૌરવરૂપ શ્રી મેઘજી સોજપાળ જૈન આશ્રમ ( માંડવી–પો. નાંગલપુર )માં તેઓશ્રી સ્થિરવાસ રહ્યા હતા. સાથે રહેલા પૂ. મુનિશ્રી પ્રેમસાગરજીએ પણ ખૂબ જ સારી વૈયાવચ્ચ કરી હતી તેમ જ જૈનાશ્રમમાં પણ ખૂબ જ સારી સંભાળ રખાઈ હતી.

અંતે સં. ૨૦૩૬ના કારતક વદમાં તેઓશ્રીની તબિયત કથળી. આ રીતે ટૂંકી માંદગી પણ જીવલેણ નીવડી અને અંતે એ જ વરસે માગસર વદ ૨ બુધવાર તા. ૫–૧૨–૭૯ નાં ગોઝારા દિવસે જૈન આશ્રમમાં તેઓશ્રી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

કોટિ કોટિ વંદન હો ! અચલગચ્છશણગાર, આગમપ્રજ્ઞ પ. પૂ. સ્વ. મુનિરાજ શ્રી કીર્તિસાગરજી મ. સા. ને.

તા. ૧૬–૬–૮૦
(ઘાટકોપર)

સંપાદક
પૂ. મુનિશ્રી સૂર્યોદયસાગરજી મ. સા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# સંસ્થાકીય નિવેદન


જૈન સંસ્કૃતિ ભારતની એક મહાન સંસ્કૃતિ છે. તેનું સાહિત્ય પણ તેટલું જ અગાધ અને વિશાળ છે. પ્રાકૃત, સંસ્કૃત, ગુર્જર વગેરે ભાષાઓમાં જૈન મુનિવરોએ જે વિરાટ સાહિત્યનું સર્જન કરેલ છે કે જેને જોઇને પાશ્ચાત્યો પણ આશ્ચર્યચકિત થયા છે.

આજે અશ્લીલ સાહિત્ય દિનપ્રતિદિન વધારેમાં વધારે પ્રકાશિત થતું જાય છે. આ સાહિત્યની અસર હેઠળ યુવા-પેઢી, બાળપેઢી અને સમાજનું માનસ મલિન બનતું જાય છે. આવા સમયે સંસ્કારી સાહિત્યનો પ્રચાર વિશેષ થાય એ ઇચ્છનીય છે.

પરમાત્મા શ્રી મહાવીરદેવની ૨૫૦૦ મી નિર્વાણ સંવત્સરી પ્રસંગે કચ્છ રાયણ મુકામે આ સંસ્થાની સ્થાપના થયેલ. **અચલગચ્છાધિપતિ પૂજ્ય આ. ભ. શ્રી ગુણસાગર-સૂરીશ્વરજી મ. નાં શુભાશિષોથી** અને **પૂ. મુનિશ્રી કલાપ્રભસાગરજી મ.** ની પ્રેરણાથી આ સંસ્થા પ્રગતિ કરતાં ૧૧ મી જુન ૧૯૭૮ જેઠ સુદ ૬ રવિવારનાં માટુંગા


Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અચલ (વિધિપક્ષ) ગચ્છપ્રવર્તક પરમ પૂજ્ય યુગપ્રધાન



દાદાશ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ. સા.


અનેક નૃપ પ્રતિબોધક, અચલગચ્છાધિરાજ પરમ પૂજ્ય યુગપ્રધાન



દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ. સા.


Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust

કચ્છ હાલાર દેશોદ્ધારક, ક્રિયોદ્ધારક
અચલગચ્છાધિપતિ દાદાસાહેબ



પૂ. આ. દેવશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા.

અચલગચ્છ દિવાકર, તીર્થપ્રભાવક
પરમશાસન પ્રભાવક, અચલગચ્છાધિપતિ



પૂ. આ. દેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.

Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust

મધ્યે યોજાયેલ ખાસ સમારંભમાં અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં આ સંસ્થાની વિધિસર ટ્રસ્ટ તરીકે જાહેરાત કરવામાં આવેલ. આ પ્રસંગે આભાર દર્શનમાં સૂચિત દાનની જાહેરાત પણ કરવામાં આવેલ.

અચલગચ્છ પ્રવર્તક પૂ. દાદા શ્રી **આર્યરક્ષિત સૂરીશ્વરજી મ. સા.** ની નવમી જન્મ શતાબ્દિ (૯૦૦ મી જન્મતિથિ) તથા આઠમી સ્વર્ગશતાબ્દિ તથા તેમના પટ્ટધર અનેક લાખ ક્ષત્રિયોને જૈન બનાવનાર.......ગાલા, દેઢિયા–લાલન આદિ અનેક ગોત્રોનાં પ્રતિબોધક ઉપકારી પૂ. દાદાશ્રી જયસિંહસૂરિ, પંદરમાં સૈકામાં થયેલ અનેક ગ્રંથોના સર્જક કવિચક્રચક્રવર્તિ પૂ. આ. શ્રીજયશેખરસૂરિ. મહાપ્રભાવક, પૂ. આ. શ્રી જયકીર્તિસૂરિ, અનેક જિનબિંબ પ્રતિષ્ઠાપક પૂ. આ. શ્રી જયકેશરીસૂરિ આદિ તથા પૂ. દાદાશ્રી કલ્યાણસાગરસૂરિની ચતુર્થ જન્મ શતાબ્દિની પુણ્યસ્મૃતિના અવસરે **શ્રી આર્ય-જય કલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટ** ની સ્થાપના કરેલ છે. પ્રાચીન-અર્વાચીન જૈન સાહિત્યને વ્યવસ્થિત કરી પ્રકાશિત કરવું, દીન અને સાધર્મિકોની ભક્તિ અને ધાર્મિક શિક્ષણને ઉત્તેજના આપવી વિગેરે પવિત્ર ઉદ્દેશોમાં સંસ્થા પ્રગતિ કરી રહેલ છે. પૂ. મુનિશ્રી કલાપ્રભસાગરજી મ. સા. દ્વારા સંપાદિત ૧૪ જેટલા પ્રાચીન–અર્વાચીન ગ્રંથો પ્રકાશિત થઈ ચૂકયા છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ પ્રકાશનો માટે અમને સુંદર અભિપ્રાયો પણ મળી રહ્યા છે. તો કોઈક ગ્રંથોની બે–બે કે ત્રણ આવૃત્તિઓ પણ ખલાસ થવા આવેલ છે.

જ્ઞાન (પુસ્તક) નો દુરુપયોગ ન થાય યા તેના પ્રત્યે બહુમાન ભાવ રહે જેથી વિના નફાથી અને સત્સાહિત્ય પ્રચારનાં ઉદ્દેશથી સામાન્ય કિંમતે જ સાહિત્ય આપીએ છીએ.

પ્રાચીન સાહિત્યોદ્ધારાનાં પ્રકાશનો માટે શ્રી સંઘો જ્ઞાન ખાતામાંથી ઉદારતાપૂર્વક સહાયતા કરે છે, તેમજ અર્વાચીન પ્રકાશનો માટે પણ પુણ્યાત્માઓ ઉદારદિલે આર્થિક સહકાર આપે છે.

શાસન સેવાની પવિત્ર ભાવના છે અને પૂજ્યોનું માર્ગ-દર્શન છે, જેથી આ ટ્રસ્ટ સદૈવ આગળ ધપતું રહેશે એ નિઃશંક છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# એક ભવ્ય યોજના

## આપ સૌ અચૂક લાભ લ્યો.

ભયંકર મોંઘવારીનાં સમયમાં સતત પ્રકાશનકાર્ય ચાલું રાખવું એ આપ સૌનાં સહકારને આભારી હોઈ, ભાગ્યવંતો લાભ લઈ શકે તે માટે અમે એક યોજના વિચારેલ છે. અને તે માટે અમે કેન્દ્રને ટ્રસ્ટ બનાવ્યું છે તથા દાનને ઇન્કમ ટેક્ષ એકઝમ્પટેડ કરાવેલ છે. યોજના આ મુજબ છે.

રૂા. ૫૦૦૧ આપનાર સંસ્થાના **સાહિત્ય સંરક્ષક** બનશે તથા ટ્રસ્ટ તરફથી પ્રકાશિત ભૂત–ભાવિ સાહિત્ય ભેટ મળશે.

રૂા. ૧૦૦૧ આપનાર સંસ્થાના **સાહિત્યભક્ત** બનશે તથા ટ્રસ્ટ તરફથી પ્રકાશિત ભૂત–ભવિષ્ય સાહિત્ય ભેટ મળશે.

સિવાય ૫૦૧–૨૫૧ રૂા. વિ. નાની મોટી રકમો આપનારનું નામ કોઇ એક પુસ્તકમાં આવશે ને તે પુસ્તકો ભેટ અપાશે.

ઉપરોક્ત પદ પામતા દાતાઓના નામ સંસ્થાના સ્વજન તરીકે પ્રકાશિત થનાર (પોકેટ સિરિઝ સિવાય) તમામ સાહિત્યમાં પ્રગટ થશે.

Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust

આપ આ મહાન જ્ઞાનભક્તિનો લાભ લઈ આજે જ આ સંસ્થાનાં સ્વજન બની રહો ! આપની દાનની રકમ આજે જ ચેક, ડ્રાફ્ટ કે મનીઓર્ડરથી કાર્યાલયના સરનામે મોકલી ટ્રસ્ટને સહકાર આપશો. સંસ્થાના સ્વજન બનવામાં આપને બે મોટા લાભ એ છે કે :– (૧) પૂ. સાધુ–સાધ્વીજી ભગવંતે ને તથા શ્રી સંઘના જ્ઞાનભંડારોને તથા લાઇબ્રેરીઓને આ પ્રકાશનો ભેટ અપાય છે, (૨) આપને ઘેર દરેક સાહિત્ય ભેટ મળતાં આપ સપરિવાર સદ્વાંચન દ્વારા આપનાં જીવનમાં જ્ઞાન પ્રાપ્ત કરી શકશો. પુસ્તક પ્રકાશન વિભાગમાં જ્ઞાનખાતાની રકમ લેવામાં આવે છે. તથા સાધર્મિક ફંડમાં પણ આપ યથાશક્તિ ભાગ લઈ શકો છો.

આ નિવેદનની પૂર્ણાહૂતિ કરતાં....આ પ્રસંગે આ સંસ્થાના નામી–અનામી સૌ મહાનુભાવોનો આભાર માનીએ છીએ.


કાર્યાલય :
**શ્રી આર્ય-જય-કલ્યાણ કેન્દ્ર**
ઠે. શ્રી લખમશી ઘેલાભાઇની કું.
૩/ ચીચબંદર રોડ, **મુંબઇ–૯**
ફોન : **૩૩૩૮૬૧–૩૩૩૮૬૨**
તા. ૨૩-૫-૮૦

લી. ટ્રસ્ટી મંડળ
વિશનજી લખમશી સાવલા
ટોકરશીં આણંદજી લાલકા
વેરશીં ખેરાજ હરીઆ
માવજી ધનજી દેઢીઆ
રતનશીં ટોકરશી સાવલા


Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# સંપાદકીય

શ્રી આર્ય–કલ્યાણ–ગૌતમ સ્મૃતિગ્રંથ માટે 'અચલગચ્છનો સંક્ષિપ્ત ઈતિહાસ' નામક લેખનું આલેખન કરવાનું હતું. છેલ્લાં ત્રણ વર્ષથી ઉક્ત ગ્રંથનું સંપાદનકાર્ય ચાલુ હોઈ, તેમ જ અન્ય સાહિત્ય પ્રાપ્તિ, સાહિત્યસંશોધન, વિહારાદિ પ્રવૃત્તિઓ હોઈ, 'અચલગચ્છના સંક્ષિપ્ત ઇતિહાસનું આલેખન શરૂ કરી શકાયું જ નહીં.

પરંતુ શ્રી અખિલભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર ચતુર્વિધ જૈનસંઘનું દ્વિતીય અધિવેશન સં ૨૦૩૬ ના ફાગણ સુદ છઠ્ઠ, સાતમ, આઠમ અને તા. ૭-૮-૯ માર્ચના મુંબઇમાં ભરાઇ રહ્યું હોઇ, આ પ્રસંગે 'અચલગચ્છનો સંક્ષિપ્ત ઈતિહાસ' પ્રગટ થાય તો સારું એ ખ્યાલથી શીવરીમા દાદાશ્રી આર્યરક્ષિતસૂરી નવમ જન્મ શતાબ્દી નિમિત્તે તથા 'અચલગચ્છાધિપતિ આ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર' એ રીતે ઉપાશ્રયના નામકરણ નિમિત્તે થયેલ પંચાહ્નિકા મહોત્સવ દરમ્યાન સં. ૨૦૩૬ મહા સુદ ૫ના આ ગ્રંથનું આલેખન શરૂ કરી શકાયું.

ઉક્ત અધિવેશન સુધીમાં આ ગ્રંથનું આલેખન પૂર્ણ તો થયું. પણ પ્રકાશિત થઈ શક્યું નહિ લખાણ પણ વિસ્તૃત થતું ગયું. અધિવેશન સુધીમાં પ્રકાશિત થઇ જાય માટે ઝડપી છપાઇકામ ચાલુ હતું. જેથી શુદ્ધ પ્રેસકોપી પણ તૈયાર ન કરાતાં મૂળ મેટર પ્રેસમાં મોકલાતું ગયું. આ રીતે એક દોઢ મહિનામાં બીજી અનેક પ્રવૃત્તિઓ વચ્ચે આ ગ્રંથનું આલેખન પૂર્ણ થયું. તેમજ અધિવેશન બાદ અલ્પ સમયમાં આ ગ્રંથનું છપાઈકામ પણ પૂર્ણ થયું.

અચલગચ્છના ઇતિહાસને જાણવા માટે આ ગ્રંથ ખૂબ જ ઉપયોગી થશે. આ લખાણ ચાલુ હતું ત્યાં સુધીમાં એટલે કચ્છ–રાજસ્થાનના વિહારો દરમ્યાન અને સંશોધન દરમ્યાન પ્રાપ્ત થયેલી કેટલીક ઐતિહાસિક વિગતોનો પણ આ ગ્રંથમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અચલ (વિધિપક્ષ) ગચ્છ પ્રવર્તક, પ્રકૃષ્ટ ત્યાગી, પૂજ્ય યુગપ્રધાન દાદાશ્રી આર્યરક્ષિતસૂરિ મ. સા. ની નવસોમી જન્મશતાબ્દી વર્ષની અને આઠસોમી સ્વર્ગવાસ શતાબ્દિ વર્ષની સ્મૃતિના ટાંકણે અને આપણા અનંતોપકારી યુગપ્રભાવક અચલગચ્છાધિપતિ પૂ. પાદ આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ના સૂરિપદના ૨૫ મા વર્ષની સ્મૃતિ નિમિત્તે, આ ગ્રંથ પ્રકાશિત થાય છે, જેથી ખૂબ જ આનંદ થાય છે. આ ગ્રંથના વાંચનથી પરમાત્મા શ્રી મહાવીરદેવ અને ત્યારપછી થયેલા મહાન આચાર્યોના જીવનવૃત્તને અને અચલગચ્છના ઇતિહાસને અનેક ભાવુકો સરળતાથી સમજી શકશે કે 'કેવો ભવ્ય હતો એ ભુતકાળ!'

દરેક પારેગ્રાફના મથાળા સાથે તથા બીજી પણ અનેક વધારે ઐતિહાસિક વિગતો સાથે આ ગ્રંથ શ્રી આર્ય–કલ્યાણ–ગૌતમ સ્મૃતિ-ગ્રંથના પહેલા વિભાગમાં પણ પ્રકાશિત થનાર છે.

આ ગ્રંથ અંગે મારા અનંતોપકારી ગુરુદેવ યુગપ્રભાવક અચલ-ગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંતશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સાહેબે યોગ્ય સુધારા–વધારા તેમજ સૂચનો સૂચવ્યાં છે જેથી એ પૂજ્ય ગુરૂદેવના ઉપકારોને કેમ ભુલાય?

મારા વડીલ ગુરુબંધુ આગમપ્રજ્ઞ પ. પૂ. સ્વ મુનિરાજ શ્રી કીર્તિ-સાગરજી મ. સા. ને આ સ્થળે કેમ ભૂલી શકાય? પૂ. ગુરુદેવશ્રીની આજ્ઞાથી તેઓશ્રી સાથે સં. ૨૦૨૮ થી સં. ૨૦૩૧ સુધીનાં ચાર ચાતુર્માસ અનુક્રમે બાડા, ભુજપુર, રાયણ અને નવાવાસ ગામમાં થયેલાં. તે દરમ્યાનમાં તેઓશ્રીએ મને પ્રાચીન સાહિત્ય–વાચન (પ્રતોના વાચન) અને સંશોધન પ્રત્યે રુચિ જગાડી. તેઓના આ અસીમ ઉપકારોની નોંધ લેતાં હું ગૌરવ અનુભવું છું. તેઓશ્રી ચાલુ સાલે (૨૦૩૬ સંવતમાં) માગસર વદ બીજના વયોવૃદ્ધ ઉમ્મરે સ્વર્ગસ્થ થયા છે. તેઓનું અપ્રમત્ત અને સંયમી જીવન અનેકો માટે પ્રેરણાપ્રદ હતું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ ગ્રંથના આલેખનમાં મુખ્યતયા કચ્છ હાલાર–દેશોદ્ધારક, સાહિ-ત્યોદ્ધારક, અચલગચ્છાધિપતિ પૂ. પાદ સ્વ. આચાર્ય ભગવંતશ્રી ગૌતમ-સાગરસૂરીશ્વરજી મ. સા. ની પ્રેરણાથી અને તેઓશ્રીના સાહિત્યાનુરાગી પ્રશિષ્ય પ. પૂ. સ્વ મુનિરાજશ્રી ધર્મસાગરજી મ. સા. દ્વારા સંપાદિત ‘અંચલગચ્છની મોટી પટ્ટાવલી ભાષાંતર’ ગ્રંથનો આધાર લેવામાં આવેલ છે. અર્થાત્ તે ગ્રંથ પરથી આ ગ્રંથ સંકલિત કરવામાં આવ્યો છે. એ સિવાય વિધિપક્ષ ગચ્છ બૃહત્પટ્ટાવલી પદ્ય, ગચ્છનાયકગુરુ રાસ, મેરુતુંગ-સૂરિ રાસ, અંચલગચ્છ ગુર્વાવલી, કલ્યાણસાગરસૂરિ નિર્વાણરાસ, અંચલ-ગચ્છ દિગ્દર્શન, પ્રતિષ્ઠા લેખસંગ્રહ, પ્રશસ્તિ લેખસંગ્રહ, કલ્યાણસાગર-સુરિ જીવનસૌરભ આદિ ગ્રંથો પણ સહાયક થયા છે. ઉક્ત ગ્રંથોના પ્રેરક લેખકોને પણ આ સ્થળે કેમ ભુલી શકાય?

અચલગચ્છાધિપતિ પૂ. પાદ આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. નાં આજ્ઞાવર્તિની પરમ આરાધક વયોવૃદ્ધા સા. શ્રી મુક્તિશ્રીજીએ પણ પ્રેસકાર્ય અંગે યોગ્ય સૂચનાદિ કરેલ છે. પાલીતાણા "ભરત પ્રિન્ટરી" એ પણ ઝડપી અને સારું છપાઇ કામ કરી આપેલ છે.

નવી આવૃતિ વખતે તથા ઉક્ત સ્મૃતિ ગ્રંથમાં આ ગ્રંથને વિસ્તૃત રુપે અને વ્યવસ્થિત રીતે પ્રકાશિત કરવા વિચારણા છે. જિનાજ્ઞા વિરુદ્ધ કાંઇ લેખન થયું હોય તો ‘મિચ્છામિ દુક્કડં’

સં. ૨૦૩૬
દ્વિતીય જેઠ સુદ–૨
શનિવાર તા. ૧૪–૬–૮૦
જીરાવલ્લી પાર્શ્વનાથ જૈનતીર્થ–ઉપાશ્રય
ઘાટકોપર (પૂર્વ) મુંબઇ–૭૭

લી.
ગુરુચરણ કિંકર
મુનિ **કલાપ્રભસાગર.**

卐


Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પૂ. મુનિ શ્રી કલાપ્રભસાગરજી મ. સા. દ્વારા સંપાદિત-પ્રેરિત

# સા હિ ત્ય ની સૂ ચિ

| પુસ્તકનું નામ | આવૃત્તિ | કુલ નકલ |
|---|---|---|
| ૧ શ્રી પરભવનું ભાતું | ૧-૨ | ૩૦૦૦ |
| ૨ શ્રી જૈન કથા સંદોહ ભાગ-૧ | ૧-૨ | ૨૫૦૦ |
| ૩ ભ. શ્રી મહાવીરદેવ જીવન સૌરભ | ૧-૨-૩ | ૫૫૦૦ |
| ૪ ,, ,, સ્મૃતિ ગ્રંથ | ૧ | ૧૦૦૦ |
| ૫ વિરતિનો સરલ માર્ગ | ૧-૨ | ૪૦૦૦ |
| ૬ વીશસ્થાનકાદિતપ વિધિપૂંજ | ૧ | ૧૫૦૦ |
| ૭ સમ્યક્ત્વ સહિત પાંચ અણુવ્રત (હિન્દી) | ૧ | ૧૦૦૦ |
| ૮ શ્રી શુકરાજ ચરિત્રં (સંસ્કૃત) | ૧ | ૫૫૦ |
| ૯ શ્રી મલયાસુંદરીચરિત્રં ( ,, ) | ૧ | ૫૫૦ |
| ૧૦ શ્રી ચંદ્રધવલભૂપ ધર્મદત્ત ચરિત્રં (સંસ્કૃત) | ૧ | ૧૦૦૦ |
| ૧૧ શ્રી કલ્યાણસાગરસૂરિ સ્મૃતિ વિશેષાંક | ૧ | ૧૧૦૦ |
| ૧૨ શ્રી ,, જ્ઞાનસત્ર ,, | ૧ | ૧૧૦૦ |
| ૧૩ શ્રી ,, જીવન સૌરભ | ૧ | ૨૦૦૦ |
| ૧૪ શ્રી ,, પૂજા સંદોહ | ૧ | ૨૦૦૦ |
| ૧૫ જીવન ઉન્નતિ યાને તીર્થ યાત્રા | ૧ | ૨૦૦૦ |
| ૧૬ દિવ્ય જીવન જીવવાની ચાવી | ૧-૨ | ૭૦૦૦ |
| ૧૭ ચતુર્વિંશતિ જિન સ્તોત્રાણિ સાનુવાદ | ૧ | ૭૫૦ |
| ૧૮ તપથી નાશે વિકાર ! | ૧-૨ | ૭૦૦૦ |
| ૧૯ સચિત્ર સ્નાત્ર પૂજા | ૧ | ૫૦૦૦ |
| ૨૦ પૂ. આ. ગુણસાગરસૂરિ જીવન પરિચય | ૧ | ૫૦૦૦ |
| ૨૧ શ્રી આર્યરક્ષિત જૈન પંચાંગ (૨૦૩૫) | ૧ | ૪૦૦૦ |
| ૨૨ જૈન શાસનમાં અચલગચ્છનો દિવ્યપ્રકાશ( પટ્ટાવલી) | ૧ | ૧૦૦૦ |
| ૨૩ શ્રી કામદેવશ્રાવક ચરિત્રં (અનુવાદસહ) (સંસ્કૃત) | ૧ | ૭૦૦ |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust



મુનિશ્રી કીર્તિસાગરજી મહારાજ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust



સ્વ. સામજી વેલજી મોટાઆસંબીયાવાલાના સ્મરણાર્થે
પૂ. મુનિશ્રી કલાપ્રભસાગરજી મ. સા. ની પ્રેરણાથી
રૂા. ૨૦૦૧ આ પ્રકાશન માટે મળ્યા છે.

Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust

# ભાવિ સાહિત્ય

૨૪ શ્રી ષડ્ દર્શન નિર્ણય
૨૫ શ્રી લિંગનિર્ણય (પરિશિષ્ઠો સહિત) શ્રી કલ્યાણસાગરસૂરિ કૃત
૨૬ શ્રી શ્રાવક વ્રત પ્રવેશિકા
૨૭ સુખી થવું છે ? (બાર વ્રતોનું સ્વરૂપ)
૨૮ વિધિપક્ષ ઢાળીયા સંદોહ અચલગચ્છના પૂર્વાચાર્યો
૨૯ ,, રાસ ,, ,, ,,
૩૦ જૈન કથા સંદોહ ભાગ. ૨ ,, ,,
૩૧ ધર્મ સર્વસ્વાધિકાર પ્રકરણું. (સાનુવાદ) શ્રી જયશેખરસૂરિ કૃત
૩૨ શ્રી ગુણવર્માનૃપ ચરિત્રં (સાનુવાદ) શ્રી માણિક્યસુંદરસૂરિ કૃત
૩૩ શ્રી અચલગચ્છીય જિન સ્તોત્ર સંચય ગચ્છના પૂર્વાચાર્યો.
૩૪ શ્રી આર્યકલ્યાણ ગૌતમ સ્મૃતિ ગ્રંથ (સચિત્ર) પૃ. ૭૦૦
૩૫ શ્રી અચલગચ્છ ઈતિહાસ આલબંબ (ચિત્રો-પરિચય સાથે)
૩૬ શ્રી આર્યરક્ષિતસૂરિ જીવન પરિચય (ગુજરાતી) (પોકેટ બુક)
૩૭ શ્રી કલ્યાણસાગરસૂરિ ,, ,, ,, ,,
૩૮ શ્રી ગૌતમસાગરસૂરિ ,, ,, ,, ,,
૩૯ સિનેમા : પાપોની જનેતા ,, ,,
૪૦ રાત્રી ભોજન: નરકનું પ્રથમ દ્વાર ,, ,,
૪૧ વિચાર સપ્તતિકા (સાનુવાદ) શ્રી મહેંદ્રસિંહસૂરિ કૃત
૪૨ સપ્તતિકા ભાષ્યં (સટીક) શ્રી મેરુતુંગસૂરિ કૃત
૪૩ હિંગુલ પ્રકરણ (સાનુવાદ) મહો. વિનયસાગરજી કૃત

* ઉપરોક્ત કેટલુંક સાહિત્ય તૈયાર છે. તો કેટલુંક હવે તૈયાર થશે.
* આર્થિક સહકાર મળતાં ક્રમશઃ પ્રકાશિત થતું રહેશે.
* આપ સાહિત્યભક્ત યોજનામાં જોડાઇ જઇ સુકૃતનાં ભાગી બનો.
* આપનાં વડીલોની સ્મૃતિ તથા તપના ઉજમણા પ્રસંગે પ્રકાશનમાં લાભ લો !



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## શ્રી આર્ય-જય-કલ્યાણ કેન્દ્રના પ્રકાશન વિભાગમ આર્થિક સહકાર આપનારાઓની

# નામાવલિ

**પૂ મુનિશ્રી કલાપ્રભસાગરજી મ. સા. ની પ્રેરણાથી**

૨૦૦૦ શા સામજી વેલજીના સ્મરણાર્થે મોટા આસંબીયા

૨૦૦૧ પિતાશ્રી વેરશીં જેવત તથા માતુશ્રી લીલબાઈ વેરશીંનાં નવલાખ જાપની સ્મૃતિ તથા ધર્મકાર્યોની અનુમોદના ઉદ્યાપન નિમિત્તે તેમના કુટુંબીજનો તરફથી નીચે મુજબ આર્થિક સહકાર મળેલ છે.

| | | |
|---|---|---|
| ૨૦૧ | શા વેરશીં જેવત | નવાવાશ |
| ૨૦૦ | શા લીલબાઇ વેરશીં | ,, |
| ૨૦૦ | શા મુલચંદ વેરશીં | ,, |
| ૨૦૦ | શા ભવાનજી વેરશીં | ,, |
| ૨૦૦ | શા લખમશીં વેરશીં | ,, |
| ૨૦૦ | શા નાનજી વેરશીં | ,, |
| ૨૦૦ | કસ્તુરબાઇ મુલચંદ | ,, |
| ૨૦૦ | જવેરબાઈ ભવાનજી | ,, |
| ૨૦૦ | જવેરબાઇ લખમશીં | ,, |
| ૨૦૦ | લીલાવંતીબાઇ નાનજી | ,, |

૫૨૫ શા કુંવરજી માલશીં હરીઆ દેવપુર

૨૫૧ શ્રીમતી પાનબાઇ નાનજી પાલણ
વરસીતપ પ્રસંગે ભુજપુર

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૨૫૦ શ્રીમતી નેણુબાઈ વિશનજી રામજી વરસીતપ પ્રસંગે પત્રી
૨૫૦ શા વિશનજી રામજી ધરોડ પત્રી
૧૦૧ શ્રીમતી સાકરબાઈ નાનજી નથુ જ્ઞાનપંચમી
નિમિત્તે નાનાભાડીઆ
૨૫ શા નાગજી શીવજી નાના આસંબીઆ
૧૦૧ શા દેવશીં તેજશીં
૧૦૧ શા ઉમરશીં ઉકેડા પાર્લા
૧૦૧ શા નાનજી ધારશીં પાર્લા
૧૦૧ શા કુંવરજી જેઠાભાઈ વરલી
૧૦૧ સોનબાઇ મુલજી માલશીં હ. મગનભાઇ રાયણ
૧૦૧ શા વિશનજી લીલાધર નંદુ વાંઢ
૧૦૧ શા સુરજી વિજપાર ચુનડી
૧૦૧ શા કુંવરજી જેઠાભાઈ બાડા
૧૦૧ શા લાલજી કાનજી ગઢેરા હ. કલ્યાણજીભાઇ કોટડા
૨૦૧ શા મુલચંદ રવજી કોડાય
૧૦૧ શા ગાંગજી રામજી ”
૧૦૧ શા રવજી કાનજી દેવપુર
૧૦૧ શા રામજી જેઠાભાઇ રાયણ
૧૦૧ શ્રી શીવરી મહિલા મંડળ શીવરી
૧૦૧ શા કલ્યાણજી હીરજી નવાવાસ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૧૦૧ | શા લાલજી જેઠાભાઇ | લાયજા |
| ૧૦૧ | શા સામજી વરજાંગ | દેવપુર |
| ૧૦૧ | શા કેશવજી જેઠાભાઈ | બાડા |
| ૨૫૧ | શ્રી લોઅર પરેલ જૈન સંઘ | મુંબઇ |
| ૩૫૧ | શા રામજી ખેરાજ | ભીંશરા |

**પૂ. મુનિશ્રી કલાપ્રભસાગરજી મ. સા. પૂ. મુનિશ્રી વીરભદ્રસાગરજી મ. સા. ની પ્રેરણાથી શ્રી જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘના ભાઇઓ તરફથી**

**-* મળેલ આર્થિક સહકાર *-**

| | | |
|---|---|---|
| ૩૦૧ | શા ધરમશીં નેણશીં સમસ્ત પરિવાર હર્ષાબેનની અઠાઇ નિમિત્તે. | ફરાદી |
| ૨૦૧ | માયા વસ્ત્રાલય | |
| ૨૦૧ | શા શીવજી ગોવીંદજી | કોટડી |
| ૨૦૧ | શા હેમરાજ ખીમજી રાંભીઆ | તલવાણા |
| ૨૦૧ | સ્વ. કાનજી ઘેલાભાઇના સ્મરણાર્થે હ. સુપુત્રો પ્રેમજીભાઈ, તલકશીંભાઇ | |
| ૨૦૧ | સ્વ. લધીબાઇ શામજીના સ્મરણાર્થે હસ્તક શામજી ખેતશીં | તુંબડી |
| ૧૦૧ | પ્રકાશ સ્ટોર્સ હ. પ્રેમજી બચુભાઇ | |
| ૧૦૧ | શા ભીમશીં વીરજી | |
| ૧૦૧ | મયુર ટ્રાન્સપોર્ટ હ. કુંવરજી વેલજી લાલન | |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૧૦૧ | શા નંદલાલ પ્રેમજી | મોટા આસંબીઆ |
| ૧૦૧ | શા મુરજી આસુના સ્મરણાર્થે હ. લક્ષ્મીબેન | |
| ૧૦૧ | શા કેશવજી નાગશીં દેઢીઆ | બીદડા |
| ૧૦૧ | શા મગનલાલ રવજી સાવલા | મોટા આસંબીઆ |
| ૧૦૧ | શા હંસરાજ ગાંગજી | ,, |
| ૧૦૧ | શા ભવાનજી ઉમરશીં | ,, |
| ૧૦૧ | શા ભવાનજી સામજી | મુંદ્રા |
| ૫૧ | શા હીરજી તેજશીં | |
| ૨૫ | શા આસુભાઈ વેલજી | ગઢશીશા |
| ૧૧ | શા પાસુભાઇ તેજશીં | |

## પૂ. સા. શ્રી પુણ્યોદયશ્રીજી મ. સા. ની પ્રેરણાથી

| | | |
|---|---|---|
| ૧૦૦૧ | શા લખમશીં ઉમરશીંગાલા મોટાઆસંબીઆ | (સાહિત્યભક્ત) |
| ૧૦૦૧ | શ્રીમતી પુરબાઇ ગાંગજી કોડાય | (સાહિત્ય ભક્ત) |
| ૧૧૧૧ | શા જેઠાલાલ મુરજીનાં સ્મરણાર્થે હ. જખીબાઇ | (સાહિત્ય ભક્ત) |
| ૫૦૧ | શ્રીમતી મંજુલાબેન કલ્યાણજી | કપાયા |
| ૧૦૧ | શા લક્ષ્મીચંદ દેવરાજ | નાગલપુર |
| ૧૦૧ | શા હંસરાજ માવજી | મુંબઈ |
| ૧૦૧ | શા દેવજી ચાંપશીં | ,, |
| ૧૦૧ | શા લાલજી દેવજી | ,, |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## પૂ આ. શ્રી અરુણોદયશ્રીજી મ. સા. ની પ્રેરણાથી

૧૦૦૦ શા રામજી મોરારજી પિતાશ્રી વેરશીં જેવત
તથા માતુશ્રી લીલબાઇ વેરશીં જેવતના
નવલાખ જાપ આદિની અનુમોદના નિમિત્તે — બાડા

૪૦૦ શ્રી લાલવાડી કચ્છી જૈન સંઘ
હ. શીવજી સુંદરજી — મુંબઈ

૨૦૦ શા રવિલાલ હેમરાજ હ. સાકરબેન — નાના આસંબીઆ

૧૦૦ શા મગનલાલ હીરજી — ફરાદી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## શ્રી આર્ય-જય-કલ્યાણ કેન્દ્ર (પ્રકાશન વિભાગ) નાં
## —✻ સ્વજનો ✻—

### —: સાહિત્ય સંરક્ષક :—

| | | |
|---|---|---|
| ૧ | લખમશીં ઘેલાભાઇ પરિવાર | નવાવાશ (દુર્ગાપુર) |
| ૨ | શા દામજી મેઘજી | ,, ,, |

### —: સાહિત્ય ભક્ત :—

| | | |
|---|---|---|
| ૧ | શા લખમશીં ઉમરશીં ગાલા | મોટા આસંબીઆ |
| ૨ | શા રતનશીં ટોકરશીં સાવલા | નવાવાશ (દુર્ગાપુર) |
| ૩ | શા હીરજી હંસરાજ ગાલા | મકડા |
| ૪ | શ્રીમતી પુરબાઇ ગાંગજી | કોડાય |
| ૫ | શા જેઠાલાલ મુરજી હ. જખીબાઈ | શેરડી |
| ૬ | શા ટોકરશીં આણંદજી લાલકા | લાલા |
| ૭ | શ્રી પાર્લા અચલગચ્છ જૈન સંઘ | મુંબઈ |
| ૮ | શા મુલચંદ રવજી | કોડાય |
| ૯ | માતુશ્રી અગરીદેવી દ્વારકાદાસ પડાઇયા | બાડમેર |
| ૧૦ | શા માવજી ધનજી | ભુજપુર |

આપ પણ આ યોજનામાં જોડાઇ જઇ સમ્યગ્ જ્ઞાનના સંરક્ષણ ઉદ્ધાર અને પ્રચારના સહભાગી બનો અને કાયમને માટે સાહિત્ય ભેટ મેળવો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# જૈનશાસનમાં
# અચલગચ્છનો
# દિવ્યપ્રકાશ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અનાદિકાળના આ સંસારમાં અનંતાનંત તીર્થંકર ભગવંતો થઈ ગયા, તેઓ તથા અનંતાનંત ભવ્યાત્માઓ સર્વકર્મોથી મુક્ત બની સંપૂર્ણ રીતે રાગદ્વેષથી રહિત થઈ મોક્ષમાં ગયા.

આ અવસર્પિણી કાળમાં વીતરાગ પરમાત્મા શ્રી ઋષભદેવ ભગવાન આદિ ચોવિસ તીર્થંકર ભગવંતો થયા. નીકટના કાળમાં એટલે ૨૫૦૫ વર્ષ પહેલા આ કાળના ચરમતીર્થપતિ પરમાત્મા શ્રી મહાવીરદેવ મોક્ષમાં પધાર્યા. પરમાત્મા શ્રી મહાવીરદેવનો સંક્ષિપ્ત જીવન પરિચય આ મુજબ છે.

પ્રભુ શ્રી મહાવીરદેવનો જન્મ આજથી ૨૫૭૭ વરસ પહેલા ચૈત્ર સુદ ૧૩ ના ક્ષત્રિયકુંડ નગરના સિદ્ધાર્થરાજા અને રાણી ત્રિશલાદેવીને ત્યાં થયેલ. જન્મ વખતે પ્રભુ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનથી યુક્ત હતા. તેઓના જન્મ વખતે ત્રણે ભુવનમાં આનંદ આનંદ વ્યાપી ગયેલ. રાજાની સમૃદ્ધિ, યશ વિગેરે વધવા માંડ્યા જેથી રાજાએ પુત્રનું નામ 'વર્ધમાન' રાખેલ. તેઓની રૂપકાંતિ અનુપમ હતી. તેઓ બાલક્રીડા કરતા હતા ત્યારે એક દેવે તેઓનાં બળની પરીક્ષા કરેલી. તેમાં તેઓ મહા બળવાન અને વીર પુરવાર થતાં તેઓ 'મહાવીર' એવા નામથી પ્રસિદ્ધિ પામ્યા હતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તેઓ યૌવનવય પામ્યા ત્યારે યશોદાદેવી સાથે તેઓનાં લગ્ન થયાં. સંસારના ફલ સ્વરૂપે 'પ્રિયદર્શના' નામે પુત્રી થઇ. તેઓ અઠ્યાવીશ વરસના થયા ત્યારે તેઓનાં માતા પિતા સ્વર્ગસ્થ થયા. નંદીવર્ધન વડીલ બંધુના અતિ આગ્રહથી તેઓ પોતાના ભોગાવલિ કર્મશેષ જાણી બે વરસ ગૃહવાસ રહ્યા. દીક્ષા સમય નજીક જાણી તેઓએ વરસીદાન આપવાની શરૂઆત કરી. સમગ્ર વરસ દરમ્યાન કુલ ત્રણ અબજ, અઠ્યાસી કરોડ, એંસી લાખ સોનામહોરનું દાન આપ્યું.

ત્રીસ વરસની ઉંમરે માગસર વદ ૧૦ (ગુજરાતની કા. વ. ૧૦) પ્રભુએ દીક્ષા સ્વીકારી. તે જ વખતે તેઓને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું.

ભ. શ્રી મહાવીરદેવે પોતાનાં સાધનાની છદ્મસ્થાવસ્થાનાં ૧૨ાા વરસો દરમ્યાન ઉગ્ર તપારાધના કરી. આટલા સમયમાં પ્રભુના કુલ ૩૪૯ પારણાં હતાં. બાકીનાં બધા દિવસો ઉપવાસના હતા. મહાન ઉગ્ર તપશ્ચર્યા કરવાથી 'દીર્ઘતપસ્વી' તથા 'શ્રમણ' કહેવાયા. ઘોર આપત્તિઓમાં પણ નિશ્ચયથી જરાય ડગ્યા નહીં. આંતરના રાગાદિ શત્રુઓ સાથે એક સરખા આત્મપરાક્રમથી લડતા રહ્યા. જેથી 'મહાવીર' કહેવાયા આ સમય દરમ્યાન તેઓએ અનેક દુઃખો અને ઉપસર્ગો સહન કર્યા.

સાડા બાર વર્ષો પર્યંત દુષ્કર્મો સામે સતત ઝઝુમ્યા બાદ ભ. શ્રી મહાવીરદેવ વૈશાખ સુદ ૧૦ ના પાછલા પહોરે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'જંભિય' ગામની નજીકમાં વહેતી ઋજુવાલુકા નદીના તીરે શાલીવૃક્ષની નીચે ગોદોહાસને શુક્લધ્યાન ધરતાં અપ્રતિહત એવા કેવલજ્ઞાન અને કેવલદર્શન પામ્યા. પ્રભુ હવે લોકાલોકના સર્વ પદાર્થોની ભુત–ભવિષ્ય તથા વર્તમાન સ્થિતિ યથાર્થપણે જાણવા લાગ્યા.

પ્રભુએ આત્મસાધના દ્વારા રાગ અને દ્વેષ ઉપર સર્વથા વિજય મેળવ્યો જેથી તેઓ 'જિન' કહેવાયા. જિન બન્યા બાદ ચતુર્વિધ સંઘરૂપી તીર્થનું પ્રવર્તન કર્યું જેથી 'તીર્થંકર' કહેવાયા. 'જિન'ની આજ્ઞા મુજબ ચાલે તેઓ જૈન કહેવાય છે.

પ્રભુએ કેવલજ્ઞાન પ્રાપ્ત થયા બાદ કેવલજ્ઞાન કલ્યાણકને ઉજવવા આવેલા દેવો સમક્ષ પ્રથમ દેશના આપેલી. પણ તે વખતે પર્ષદામાં કોઈ મનુષ્ય ન હતા. બીજા દિવસે વૈશાખ સુદ ૧૧ના અપાપાપુરીમાં દેવરચિત સમવસરણમાં બિરાજી મનુષ્યોને દેશના સંભળાવેલી ત્યારે ઘણાંયે નર–નારીઓ પ્રભુના ઉપદેશથી પ્રભાવિત થયાં હતાં.

આ સમયે તે જ નગરીમાં ઇન્દ્રભૂતિ ગૌતમ વિગેરે અગિયાર પ્રકાંડ વિદ્વાન બ્રાહ્મણો પોતાના વિશાળ શિષ્યપરિવાર તથા ભક્તગણ સાથે યજ્ઞ કરી રહ્યા હતા. દેવો અને મનુષ્યોને સમવસરણ તરફ જતા જોઈ તેઓને ખબર પડી કે સર્વજ્ઞ શ્રી મહાવીર પ્રભુ પધાર્યા છે. શરૂમાં ઇન્દ્રભૂતિ ગૌતમ અહંકારમાં આવી વિચારવા લાગ્યા કે 'એક મ્યાનમાં શું બે તલવાર હોઈ શકે?' તેમ આ દુનિયામાં મારા સિવાય બીજો કોઇ સર્વજ્ઞ નથી. આમ વિચારી તેઓ ભગવાન શ્રી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મહાવીરદેવ સાથે વાદ કરવા તૈયાર થયા. પોતાના શિષ્યો સાથે તેઓ સમવસરણ તરફ આવ્યા પ્રભુને જોતાંજ તેઓ ઠંડાગાર બની ગયા. ઇન્દ્રભૂતિના મનમાં વેદપદોનો પરસ્પર વિરોધીભાવ ને આત્મા છે કે નહીં ? વિગેરે સંશયો હતા. પણ બીજાને પૂછે તો પોતાની અજ્ઞાનતા પ્રગટ થઈ જાય જેથી કોઇને પૂછતા નહીં.

સમવસરણ નજીક ઈન્દ્રભૂતિ ગૌતમને આવેલા જોઇ પ્રભુએ મધુર સ્વરે કહ્યું કે હે ઈન્દ્રભૂતિ ગૌતમ તમે સુખેથી આવ્યાને ? આ શબ્દોથી ગૌતમ ચમકૃત થયા પણ બીજી જ પળે વિચાર્યું કે ઓહ ! વિશ્વપ્રસિદ્ધ એવા મારા નામને કોણ ન જાણે ? મારા મનનાં સંશયોને જાણી તેનું સમાધાન કરે તો તેઓને સર્વજ્ઞ માનું ત્યાં તો પ્રભુએ સામેથી કહ્યું કે હે ગૌતમ ! તમને વેદપદો અંગે જે સંશય છે તેનું સમાધાન પણ એજ પદોમાં છે. એમ પ્રભુએ શ્રીગૌતમનાં સંશયોનું સમાધાન કર્યું. પ્રભુની સર્વજ્ઞતા તેમજ પોતાની અજ્ઞાનતા સમજાતાં તેઓ તરત જ પ્રભુ શરણે આવ્યા અને પ્રભુ પાસે શિષ્ય પરિવાર સાથે દીક્ષા સ્વીકારી.

યજ્ઞમાં ઇન્દ્રભુતિની રાહ જોઇ રહેલા અગ્નિભૂતિ વિગેરે બ્રાહ્મણો પણ ગૌતમ પાછા ન આવવાથી સમવસરણ તરફ પ્રભુ સાથે વાદ કરવા આવ્યા. પ્રભુએ બધાના સંશયોનું સમાધાન કર્યું અને બધા બ્રાહ્મણોએ શિષ્યો સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી. આ રીતે ઇન્દ્રભુતિ ગૌતમ વિગેરે અગિયાર બ્રાહ્મણો તેમજ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તેઓના શિષ્યો સહિત લગભગ ૪૪૦૦ ભાગ્યશાળી આત્માઓએ દીક્ષા લીધી હતી. અગિયારે મુખ્ય શિષ્યોને પ્રભુએ શિષ્યગણુના રક્ષક-મુખ્ય તરીકે 'ગણુધર' બનાવ્યા હતા.

એ જ પર્ષદામાં મહાસતી ચંદનબાળા પણ હાજર હતાં. આ વખતે ચંદનબાળાએ પણ શ્રમણુધર્મનો સ્વીકાર કર્યો હતો. આ પ્રસંગે બીજી પણ કેટલીક સ્ત્રીઓએ દીક્ષા લીધી હતી. પ્રભુએ ચંદનબાળા સાધ્વીજીને એ બધા સાધ્વીજીના ઉપરી તરીકે મૂકી 'પ્રવર્તિની' પદ આપ્યું હતું. આ રીતે પ્રભુએ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી હતી.

## પ્રભુનો ઉપદેશ:-

ભગવાન શ્રી મહાવીરદેવે જગતને ઉત્તમ ઉપદેશ આપ્યો. સાધુધર્મ અને શ્રાવકધર્મ એ બન્ને પ્રકારનો ધર્મમાર્ગ પ્રરૂપ્યો. સાધુજીવન સ્વીકારવા જે આત્માઓ અસમર્થ હોય તેમના માટે શ્રાવકના બાર વ્રતો વગેરે પ્રરૂપ્યાં. અહિંસા, સંયમ અને તપ આચરવાથી જ આત્માનું શ્રેય: થવાનું છે એ શ્રેષ્ઠ માર્ગ પ્રકાશ્યો, જન્મ-મરણુની જંજીરને તોડવા સાચા વાસ્તવિક શાશ્વત સુખને પ્રાપ્ત કરવા અને દુઃખનો અંત આણુવા મૈત્રી-પ્રમોદ-કારુણ્ય અને માધ્યસ્થ આદિ ભાવનાઓ બતાવી. દુનિયાને મોક્ષનો મહાન માર્ગ બતાવી સેંકડો નર-નારીઓને પ્રભુએ મોક્ષમાર્ગના પથિક બનાવ્યા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## પ્રભુનો પરિવારઃ-

ભગવાન શ્રી મહાવીરદેવના ૧૪૦૦૦ (ચૌદ હજાર) સાધુઓ તેમજ ૩૬૦૦૦ (છત્રીશ હજાર) સાધ્વીઓ હતાં. એક લાખ અને ઓગણસાઠ હજાર ઉત્કૃષ્ટ વ્રતધારી શ્રાવકો હતા તેમજ ત્રણ લાખ અઢાર હજાર વ્રતધારી શ્રાવિકાઓની સંખ્યા હતી.

સતત ત્રીસ વર્ષો પર્યંત ધર્મનો ઉપદેશ આપ્યા બાદ ભગવાનશ્રી મહાવીરદેવ પાવાપુરીમાં પધાર્યા. અહીં હસ્તિપાલ રાજાની લેખશાળામાં ઉતર્યા. ત્યાં મલ્લગણના નવ રાજાઓ અને લિચ્છવી ગણના નવ રાજાઓ તેમજ સંખ્યાબંધ શ્રાવક-શ્રાવિકાઓને ૪૮ કલાક પર્યંત એકધારી દેશના આપી.

ગણધર ગૌતમસ્વામીના પોતાના તરફના રાગને નિહાળી તેમજ પોતાનો અંતિમ સમય જાણી ભગવાન શ્રી મહાવીરે દેવશર્મા વિપ્રને પ્રતિબોધવા ગૌતમસ્વામિને મોકલ્યા. ત્યાં તો પ્રભુ પણ નિર્વાણ-મોક્ષપદને પામ્યા.

દેવશર્માને પ્રતિબોધી પાછા ફરેલા ગણધર ગૌતમસ્વામિને રસ્તામાં ખબર પડી કે ભગવાન નિર્વાણ પામ્યા. ખબર પડતાં વેંતજ તેઓ વિલાપ કરવા મંડ્યાં. અંતે વીર....વી....ર વીતરાગ શબ્દનું ચિંતન કરતાં તેઓ કેવલજ્ઞાન પામ્યા.

વિશ્વનો આવો મહાન્ જગદીપક બૂઝાઈ જતાં તેની ખોટ પૂરવા માટે તે રાત્રે ભવ્ય દીપની (આવલિ) પંક્તિઓ રચવામાં આવી એ કાળી રજની હતી આસો વદ અમાવાસ્યાની. તે દિવસથી ભારતની ભૂમિપર દીપાવલિ પર્વ શરૂ થયું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામિ ત્રીસ વર્ષ સુધી ગૃહસ્થાવસ્થામાં રહ્યા, બાર વર્ષ છદ્મસ્થાવસ્થામાં અને ત્રીસ વર્ષ કેવળી અવસ્થામાં આમ કુલ બહોંતેર વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી મુક્તિપદ પામ્યા.

## ૧ શ્રી સુધર્માસ્વામી :—

વર્તમાન કાલીન જૈનાચાર્યોની પરંપરાના નાયક શ્રી આર્ય સુધર્માસ્વામી ભગવંત છે. પરમાત્મા શ્રી મહાવીરદેવ નિર્વાણ-પદ પામ્યા બાદ પ્રભાતે ( વર્તમાનમાં પ્રચલિત નૂતન વરસની નૂતન પ્રભાતે ) પહેલા ગણધર શ્રી ગૌતમસ્વામી પણ કેવલજ્ઞાન પામ્યા હતા.

શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્ત, સુધર્મા, મંડિત, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય અને પ્રભાસ આ અગિયારે ગણધરોમાં ગણધર શ્રી સુધર્મા-સ્વામી દીર્ઘાયુષી હોય તેઓને પ્રથમ ગણનાયક પટ્ટધર તરીકે સ્થાપવામાં આવ્યા હતા.

શ્રી સુધર્માસ્વામી મગધદેશના કોલ્લાગ ગામમાં ધમ્મીલ અને ભદ્દિલાના વિપ્રકુટુંબમાં જન્મ્યા હતા. તેઓ વેદ શાસ્ત્રોના પારંગત હતા પણ અભીમાની હતા. પ્રભુ મહા-વીર દેવ પાસે તેઓના સંશયોનું સમાધાન થતાં તેઓ પ્રભુના દીક્ષિત 'ગણધર' શિષ્ય બન્યા હતા. તેમણે ત્રીસ વરસો સુધી પ્રભુ શ્રી મહાવીર દેવની, બાર વરસો સુધી શ્રી ગૌતમસ્વામીની સેવા કરી હતી, તેઓની કુલ વય બાણુ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વરસની હતી, ત્યારે તેઓ કેવલજ્ઞાની બન્યા હતા. આઠ વરસનો કેવલી પર્યાય પાળી ભગવાન શ્રી મહાવીર દેવના નિર્વાણુ પછી વીસ વરસ બાદ પોતાની સો વરસની ઉમરે તેઓ મોક્ષે પધાર્યા હતા.

## ૨ શ્રી જંબૂસ્વામી :–

આ અવસર્પિણી કાળના છેલ્લા કેવલી ભગવંત શ્રી જંબૂ-સ્વામી મગધની રાજગૃહી નગરીના ઋષભદત્ત અને ધારિણી નામક કોટ્યાધિપતિ દંપતિના પુત્ર હતા.

શ્રી સુધર્માસ્વામી ભગવંતની દેશના સાંભળી તેઓ વૈરાગી બન્યા હતા. દીક્ષાની રજા લેવા જતાં મોહવશ એવા માતા પિતાના અતિ આગ્રહથી આઠ કન્યાઓ સાથે તેઓએ લગ્ન કર્યાં હતાં. બીજા દિવસે સવારે દીક્ષા લઈશ એવી પૂર્વ-શરત મુજબ લગ્નની પ્રથમ રાતે જ જંબુકુમારે પોતાની આઠે પત્નીઓને પ્રતિબોધી હતી. તેમના ઘેર પાંચસો ચોર સાથે ચોરી કરવા આવેલ પ્રભવ નામના વિંધ્યરાજના પુત્ર પણ જંબુકુમાર પોતાની આઠે પત્નીઓને ઉપદેશ આપતા હતા તે સાંભળી પ્રતિબોધ પામ્યા હતા બીજા દિવસે સવારે જંબુકુમારે પોતાના મા–બાપ, આઠે પત્નીઓ, બધા સસરા, સાસુ તથા પ્રભવ સહિત પાંચસો ચોરો સાથે શ્રી સુધર્મા-સ્વામી ભગવંત પાસે દીક્ષા લીધી હતી.

પ્રભુ શ્રી મહાવીરદેવના નિર્વાણ બાદ ચોસઠ વરસો વીત્યે શ્રી જંબૂસ્વામી મોક્ષમાં પધાર્યા હતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**૩ શ્રી પ્રભવસ્વામી :-**

આ પ્રભવ એ વિંધ્યરાજનો પુત્ર હતો પણ પિતાથી અણુબનાવ થતાં તે જંગલમાં ચાલ્યો ગયો હતો, ત્યાં પાંચસો ચોરોનો નાયક બન્યો હતો. શ્રી જંબુસ્વામીના ઉપદેશથી વૈરાગી બની તેમણે ૫૦૦ ચોરો સાથે દીક્ષા લીધી હતી તેઓ જંબૂસ્વામીના પટ્ટધર થયા હતા.

પ્રભુશ્રી મહાવીરદેવના મોક્ષથી તેઓ પંચોતેર વરસે સ્વર્ગસ્થ થયા હતા.

**૪ શ્રી શય્યંભવસૂરિ :-**

આ શ્રી શય્યંભવ ભટ્ટ હિંસક યજ્ઞ કરતો હતો. 'અહો-કષ્ટં' એમ જૈન સાધુઓએ કહ્યું ત્યારે તેને સંશય જતાં યજ્ઞાચાર્યને ધમકીથી પુછ્યું તો જાણવા મલ્યું કે યજ્ઞસ્તંભની નીચે જૈનોના સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથના દિવ્ય પ્રતિમાજી હતા. પ્રતિમાનાં દર્શને પ્રતિબોધ પામી શ્રી શય્યંભવ ભટ્ટે શ્રી પ્રભવસ્વામી પાસે દીક્ષા લીધી હતી.

પોતાના અલ્પાયુષ્યવાળા પુત્ર મનક બાલમુનિની આરાધના માટે તેમણે પૂર્વશ્રુતમાંથી શ્રી દશવૈકાલિક સૂત્રનો ઉદ્ધાર કર્યો હતો.

શ્રી શય્યંભવસૂરિ પ્રભુ શ્રી મહાવીરદેવના નિર્વાણથી અઠ્ઠાણું વરસે સ્વર્ગસ્થ થયા હતા.

**૫ શ્રી યશોભદ્રસૂરિ :-**

આ આચાર્ય ભગવંતશ્રી ગોત્રથી 'તુંગીયાયન' હતા. તેઓ પ્રભુ શ્રી મહાવીરદેવના મોક્ષથી એકસો અડતાલીશ વરસે સ્વર્ગવાસ પામ્યા હતા.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## ૬ શ્રી આર્યસંભૂતિવિજયસૂરિ :-

આ આચાર્ય ભગવંત શ્રી 'માઢર' ગોત્રીય હતા. તેઓનું સંપૂર્ણ આયુ નેવું વરસનું હતું. ભગવાન શ્રી મહાવીરદેવના નિર્વાણથી એકસો છપ્પન વર્ષો વીત્યા બાદ સ્વર્ગસ્થ થયા હતા.

## ૭ શ્રી ભદ્રબાહુસ્વામી :-

અગિયાર અંગો પર નિર્યુક્તિઓના રચયિતા શ્રી ભદ્રબાહુસ્વામી મહાપ્રભાવક હતા. તેઓના દીક્ષા છોડનાર ભાઈ વારાહમિહિરે તેઓ પર અને જૈનધર્મ પર તેનો દ્વેષ પ્રગટ કરેલ. વારાહમિહિર મૃત્યુ બાદ વ્યંતર દેવ થયેલ ને જૈનોમાં મરકી વિગેરે રોગો ફેલાવતો. પણ ઉપદ્રવોની શાંતિ માટે શ્રી ભદ્રબાહુસ્વામીએ 'ઉવસગ્ગહરં' ની રચના કરી.

ભ. શ્રી મહાવીરદેવના મોક્ષ બાદ એકસો સીત્તેર વરસો બાદ તેઓ કુમરગિરિ પર સ્વર્ગસ્થ થયા હતા.

## ૮ શ્રી સ્થૂલભદ્રસ્વામી :-

પાટલીપુત્રના નંદરાજાના મંત્રી શકડાલ અને તેની પત્ની લાછલદેના શ્રીયક અને સ્થૂલભદ્ર આ બે પુત્રો હતા. તથા યક્ષા યક્ષદિન્ના વિગેરે સાત પુત્રીઓ પણ હતી.

સ્થૂલભદ્ર તે નગરની રૂપવતી કોશા વેશ્યામાં અતિ આશક્ત હતો. સ્થૂલભદ્રે આ વેશ્યાને ત્યાં બાર વરસોમાં સાડા બાર કરોડ સોનામહોરો ખર્ચી હતી પણ પોતાના પિતા મંત્રીના રાજકીય મૃત્યુના પ્રસંગથી વૈરાગ્ય પામી સ્થૂલભદ્રજીએ શ્રી સંભૂતિવિજયસૂરિ પાસે દીક્ષા લીધી હતી. બાદ તેઓએ જૈનાગમના અગિયાર અંગસૂત્રોનો અભ્યાસ કર્યો હતો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તે વખતે પડેલા ભીષણ દુષ્કાળના કારણે જૈન શ્રમણોમાં જૈનાગમોનું વિસ્મરણ થવા લાગ્યું હતું પણ ફક્ત શ્રી ભદ્રબાહુ-સ્વામી જ દૃષ્ટિવાદના જાણકાર હતા. આ શ્રી ભદ્રબાહુસ્વામી પાસે શ્રી સંઘે ૫૦૦ મુનિઓને મોકલ્યા હતા પણ ફક્ત એક જ સ્થૂલભદ્ર મુનિ જ અભ્યાસ માટે સ્થિરતા રાખી શકયા હતા. તેઓ પાસે શ્રી સ્થૂલભદ્ર બે વસ્તુ અધિક દશ પૂર્વોનો અભ્યાસ કરી શકયા હતા. પોતાની યક્ષા વિગેરે સાત બહેન સાધ્વીજીઓને ચમત્કાર બતાવવા શ્રી સ્થૂલ-ભદ્રમુનિએ સિંહનું રૂપ કરેલ. શ્રી ભદ્રબાહુસ્વામીએ જ્ઞાનના અભિમાન બદલ શ્રી સ્થૂલભદ્ર મુનિને આગળનો પાઠ આપવા અનિચ્છા બતાવી હતી. શ્રી સંઘના અતિ આગ્રહથી છેવટે શ્રી ભદ્રબાહુસ્વામી ભગવંતે શ્રી સ્થૂલભદ્રમુનિને અર્થ વિના બાકીના ચાર પૂર્વોનો મૂળ પાઠ આપ્યો હતો. તેમજ હવેથી બીજાને તે પાઠ ન આપવા આજ્ઞા ફરમાવી હતી. શ્રી સ્થૂલભદ્રસ્વામી ભગવંત પછીથી શ્રી સંઘના નાયક યુગપ્રધાન બન્યા હતા.

શ્રી સ્થૂલભદ્રસ્વામી ભગવંત ૯૯ વરસની વયે ભ. શ્રી મહાવીરદેવના મોક્ષથી ૨૧૫ વરસો વીત્યા ત્યારે સ્વર્ગવાસ પામ્યા હતા.

### ૯ શ્રી આર્યમહાગિરિ :-

મગધભૂમિના કોલ્લાગ ગામના ઈલાપત્ય ગોત્રીય બ્રાહ્મણ દંપતિ શ્રી રૂદ્રસોમ અને મનોરમાને મહાગિરિ અને સુહસ્તિ નામના બે પુત્રો હતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પાટલીપુત્રમાં અભ્યાસાર્થે જતાં ત્યાં શ્રી સ્થૂલભદ્રસ્વામીના ઉપદેશથી બન્ને ભાઈઓએ દીક્ષા લીધી હતી. બાદ બન્ને મુનિઓ જૈનાગમોના પારંગામી બન્યા હતા. શ્રીસ્થૂલભદ્રસ્વામી ભગવંતે પોતાને ગચ્છનાયક બનાવવા છતાં શ્રી આર્ય મહાગિરિમુનિ વૈરાગ્ય પૂર્વક વિચ્છેદ ગયેલા એવા જિનકલ્પીની તુલ્ય આચરણાઓ કરતા તથા પોતાના બહુલ અને બલિસ્સહ આદિ ચાર શિષ્યો સહ અલગ વિહારો કરતા હતા. અને પોતાનો સમુદાય તથા ગચ્છ વ્યવસ્થા શ્રી આર્યસુહસ્તિને સોંપી દીધેલ.

શ્રી આર્યમહાગિરિ કલિંગદેશના કુમરગિરિ જૈનતીર્થ પર પરમાત્મા શ્રી મહાવીરદેવના મોક્ષ બાદ બસો પીસ્તાલીસ વરસો પસાર થયા બાદ સ્વર્ગસ્થ થયા હતા. તેઓના બહુલ વિગેરે શિષ્યો જિનકલ્પી તુલ્ય આચરણાઓ કરતા હતા જેથી તેઓની શાખાથી જિનકલ્પી મુનિઓની શાખા નીકળી હતી. જે પછીથી દિગંબરોના નામથી પ્રસિદ્ધિ પામી હતી. તથા બલિસ્સહ વિગેરે શિષ્યો સ્થવીર કલ્પના આચારો પાળવાથી તેઓની શાખા 'વાચકગણ'ના નામની પ્રસિદ્ધ થઇ હતી.

## ૧૦ શ્રી આર્યસુહસ્તિસૂરિ :-

આ આચાર્ય ભગવંત શ્રી સંપ્રતિરાજાના આભવ અને પૂર્વ ભવના ગુરુ હતા. સંપ્રતિ રાજાનો જીવ પૂર્વભવમાં ભિખારી હતો. તે ભિખારી રોટલા માટે શેરીએ શેરીએ ભટકતો હતો. ત્યારે જૈન સાધુ પાસે તેણે આહારની માંગણી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કરેલી. સાધુ તેને ગુરુ મહારાજ પાસે લઈ ગયેલા. શ્રી આર્યસુહસ્તિસૂરિ ગુરુદેવે તે ભિખારીને કહ્યું કે તમે જૈન દીક્ષા લ્યો તો જ તમને અમારો આહાર આપી શકીએ. જેથી ભિક્ષુકે દીક્ષા લીધી. દીક્ષા લીધા બાદ ભારે આહાર મળવાથી પેટમાં અજીર્ણ થતાં તે ભિખારી સંયમની અનુમોદના કરતાં મૃત્યુ પામ્યો. એ ભિખારીનો જીવ એ જ અશોકરાજાના કુણાલ નામના અંધપુત્રનો સંપ્રતિ નામે પુત્ર હતો. અનુક્રમે તે રાજા બન્યો હતો.

એક વખત તે ઝરુખામાં બેઠેલ ત્યારે રસ્તા પરથી પસાર થતી રથયાત્રામાં શ્રી આર્યસુહસ્તિસૂરિવરને જોતાં જ સંપ્રતિ-રાજા જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. ને પોતાને ગુરુનો પરિચય આપ્યો હતો. તે દૃઢ જૈન ધર્મી બન્યો હતો. તેમણે વિદેશોમાં જૈન ધર્મનો પ્રચાર કરાવ્યો હતો. આ રાજાએ સવા કરોડ જિનપ્રતિમાઓ, સવાલાખ જિનમંદિરોનું નિર્માણ કરાવ્યું હતું. તેર હજાર પ્રાચીન જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. ગરિબો અને ભિક્ષુકો માટે સાતસો દાનશાળાઓ ખોલી. તેમજ અપૂર્વરીતે સાધર્મિકોની ભક્તિ કરી.

શ્રી આર્યસુહસ્તિસૂરિ પરમાત્મા શ્રી મહાવીરદેવના નિર્વાણ પછી બસો એકાણું વરસો વહી ગયા ત્યારે ઉજ્જૈનીમાં સ્વર્ગસ્થ થયા હતા.

## ૧૧ શ્રી આર્યસુસ્થિત અને સુપ્રતિબુદ્ધાચાર્ય.

આ બન્ને ભાઇઓ હતા. તેઓશ્રીએ આર્યસુહસ્તિસૂરિ પાસે દીક્ષા લીધી હતી. આ બન્ને લગભગ કલિંગદેશમાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વિચરતા હતા. જેથી ત્યાંનો રાજા ભિક્ષુરાજ જૈનધર્મી બન્યો હતો. કલિંગના શત્રુંજયાવતાર અને કુમરપર્વત નામના પ્રસિદ્ધ જૈન તીર્થોમાં આ બન્ને આચાર્યોએ એક કરોડ સંખ્યામાં સૂરિમંત્રનો જાપ કર્યો હતો ત્યારથી તેઓનો ગણ 'કોટિક' નામથી પ્રસિદ્ધિ પામ્યો. તેઓ બન્નેએ પોતાનો પરિવાર શ્રી ઈન્દ્રદિન્નસુરિને જ સોંપેલ. આ બન્ને સૂરિપુંગવો ભગવાન શ્રી મહાવીરદેવના નિર્વાણને ૩૨૭ વરસો વીત્યા બાદ કુમરગિરિ જૈનતીર્થ પર સ્વર્ગસ્થ થયા હતા. ભિક્ષુરાજાએ તે સ્થાન પર તેઓના નામોલ્લેખવાળા બે ભવ્ય સ્તૂપો બંધાવ્યા હતા.

## ૧૨ શ્રી આર્યઇન્દ્રદિન્નસૂરિ

મથુરાના કૌશિક ગોત્રીય સર્વદિન્ન બ્રાહ્મણના પુત્ર ઈન્દ્રદિન્ને શ્રી આર્યસુસ્થિતસૂરિનો ઉપદેશ સાંભળી દીક્ષા સ્વીકારી હતી ને જૈનાગમોના પારંગામી થયા હતા.

તેઓ બહુધા મથુરાના પ્રદેશમાં વિચરતા હતા. તેમના ઉપદેશથી અનેક શ્રાવકોએ જિનપ્રતિમાઓ અને પ્રતિષ્ઠાઓ કરાવી હતી.

પ્રભુ શ્રી મહાવીરદેવના મોક્ષથી ૩૭૮ વરસે શ્રી ઈન્દ્રદિન્ન સૂરિ સ્વર્ગસ્થ થયા હતા.

## ૧૩ શ્રી આર્યદિન્નસૂરિ

શ્રી ઈન્દ્રદિન્નસૂરિની પાટે શ્રી આર્યદિન્નસૂરિ આવ્યા હતા. તેઓ મહાપ્રભાવક હતા. ભ. શ્રી મહાવીરદેવના નિર્વાણથી ૪૫૮ વરસો વીત્યા બાદ તેઓ કાળધર્મ પામ્યા હતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## ૧૪ શ્રી સિંહગિરિસૂરિ

શ્રી આર્યદિન્નસૂરિની પાટે શ્રી સિંહગિરિસૂરિ આવ્યા હતા. મહાપ્રભાવક શ્રી વજ્રસ્વામી ભગવંતના ગુરુ તરીકે તેઓ વિરલ કીર્તિ પામ્યા છે. પ્રભુ શ્રી મહાવીરદેવના નિર્વાણ-બાદ ૫૨૩ વરસો ગયા ત્યારે તેઓ કાળધર્મ પામ્યા હતા.

## ૧૫ શ્રી વજ્રસ્વામી

અવંતીદેશના તુંબવન નગરમાં ધન શ્રેષ્ઠિ રહેતા હતા. તેમનો પુત્ર ધનગિરિ બાલવયથી જ વૈરાગી હતો. પણ મોહવશ વડીલોના અતિ આગ્રહથી યૌવન વયમાં સુનંદા સાથે તેમનાં લગ્ન થયાં હતાં, સુનંદાના ઉદરમાં ગર્ભ રહ્યો ત્યારે ધનગિરિએ કહ્યું કે સુભગે! ભાવિમાં થનારો પુત્ર તારો આધાર થશે. એમ કહી તેમણે સિંહગિરિસૂરિ પાસે દીક્ષા લીધી. શુભપળે સુનંદાએ સૂર્યસમ તેજસ્વી પુત્રરત્નને જન્મ આપ્યો. 'પિતા એ દીક્ષા લીધી છે' એ શબ્દો સાંભળતાં જ તે બાળક જાતિસ્મરણ જ્ઞાનથી વૈરાગી બન્યો. મોહવશ માતા દીક્ષા માટે જલ્દી રજા નહીં આપે સમજી તે બાળક રડવા લાગ્યો. આમ ઘણા મહિના વીતી ગયા. અંતે સુનંદા કંટાળી ગઈ.

એકદા તે બાળકના પિતા ધનગિરિ મુનિ ગોચરી અર્થે પધાર્યા. સુનંદાએ તેમને કહ્યું કે આ તમારો પુત્ર છ માસથી રડ્યા કરે છે, માટે એને લઈ જાઓ. ગુરુની સૂચના મળી હતી કે આજે જે કાંઇ મળે તે લઈ લેવું એ મુજબ આર્ય ધન-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગિરિ મુનિએ ઝોળીમાં તે બાળકને વ્હોરી લીધો અને તરત તે બાળક રડતો બંધ થઇ ગયો. આથી સુનંદા આશ્ચર્ય પામી ધનગિરિ તો ઉપાશ્રયે જઈ તે ઝોળી ગુરુદેવના હાથમાં આપી તેજસ્વી અને વજ્ર જેવા ભારે બાળકને જોઇ કહ્યું કે આ બાળકનું નામ 'વજ્રકુમાર' રાખવું ઉચિત છે. ગુરુએ આ બાળક સાધ્વીજીઓ ને સોંપ્યો. પાલન માટે સાધ્વીજીઓએ આ બાળક શ્રાવિકાઓને સોંપ્યો. બાળ વજ્રકુમાર ધીમે ધીમે મોટો થવા લાગ્યો. સુનંદાને ખબર પડતાં જ તેણી તરત જ પોતાના બાળકને લેવા દોડી ગઈ પણ બાળક પાછો નહીં મળે એમ શ્રાવિકાઓએ કહ્યું. બાદ તેણી રોજ તે બાળકને ધવરાવવા આવતી.

તે નગરમાં પુનઃ શ્રી સિંહગિરિસૂરિ અને ધનગિરિ મુનિ પધાર્યા ત્યારે સુનંદાએ પોતાના પુત્રની માંગણી કરી. ત્યારે ધનગિરિ મુનિએ કહ્યું કે વ્હોરાવેલ બાળક પાછો કેમ સોંપાય ! અંતે આ વાતનો ન્યાય રાજા કરે એ નક્કી થયું, રાજાએ પ્રથમ તક સુનંદાને આપી. વજ્રકુમારને તે સુનંદા મીઠાઇ રમકડાં વિ. બતાવી પોતાના તરફ બોલાવવા લાગી પણ વજ્રકુમાર જરાય ન લોભાયો. અંતે સુનંદા થાકી. પછી રાજાના સૂચનથી ધનગિરિ મુનિએ કહ્યું કે હે વત્સ! જો તારે દીક્ષા જ લેવી હોય તો અમારી પાસે તો આ ધર્મધ્વજ છે તે લે. આ સાંભળી તરત જ વજ્રકુમાર દોડ્યો અને ધર્મધ્વજ–ઓઘો હાથમાં લઇ સભા વચ્ચે હર્ષપૂર્વક નાચવા લાગ્યો અને પિતા એવા ધનગિરિ મુનિના ખોળામાં બેસી ગયો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મારા પતિ, બાળક બધા વૈરાગી છે તો મારે પણ આત્મોદ્ધાર કરવો એ ભાવથી સુનંદાએ પણ દીક્ષા લઈ લીધી.

સાધ્વીઓના ઉપાશ્રયમાં રહેવાથી ત્યાં સ્વાધ્યાય સાંભળતાં જ બાળ વજ્રકુમાર અગિયારે અંગોના પારંગામી થયા હતા આઠ વરસના બાળ વજ્રકુમારે દીક્ષા સ્વીકારી ત્યારે અનેકોનાં હૈયાં પૂલકીત થયાં. તેઓ અનેક શાસ્ત્રોના પારંગામી થયા. ગુરુની સૂચના મુજબ શ્રી વજ્રસ્વામિજીએ પૂર્વોનો અભ્યાસ ભદ્રગુપ્તસૂરિ પાસે કર્યો બાદ શ્રી સિંહગિરિસૂરિએ તેમને પદસ્થ કર્યા. પછી અલ્પ સમયમાં શ્રી સિંહગિરિસુરિ કાળધર્મ પામ્યા.

રૂક્મિણી નામની એક ધનિક કન્યા શ્રી વજ્રસ્વામીના રૂપમાં મુગ્ધ બની પણ પછી શ્રી વજ્રસ્વામીના ઉપદેશથી રૂક્મિણીએ દીક્ષા લીધી.

એકવાર ભયંકર દુકાળ પડવાથી જૈનસંઘને પાટ પર બેસાડી આકાશગામિની વિદ્યાથી વજ્રસ્વામી તે સંઘને સુકાળવાળા બ્રહ્મદ્વીપમાં લઈ ગયા. ત્યાંનો બૌદ્ધધર્મી રાજા જૈનોને તેમની ધર્મક્રિયામાં અંતરાય કરવા લાગ્યો તેમજ તે રાજાએ પ્રભુ-ભક્તિ માટે જૈનોને ફુલો આપવાનું બંધ કર્યું. તે સમયે વજ્રસ્વામી ભગવંત શાસનોન્નતિ માટે વિદ્યાને બળે પદ્મસરોવરનાં લક્ષ્મી-દેવી પાસે ગયા અને હજાર પાંખડીવાળું મનોહર કમળ મેળવ્યું તથા પ્રસિદ્ધ ઉદ્યાનના વીસ લાખ ફુલો લઇ દૈવિક વિમાનમાં



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બેસી બ્રહ્મદ્વીપમાં આવ્યા. જૈનોએ સાનંદ પુષ્પપૂજા કરી. આથી અનેક રાજાઓ અને ગૃહસ્થો આકર્ષાયા અને જૈન બન્યા. ત્યારબાદ શ્રી વજ્રસ્વામી ભગવંત દક્ષિણદેશમાં વિચર્યા.

એક વખત પડિલેહણ કરતાં ખબર પડી કે સૂંઠનો ટુકડો કાન પર ભૂલથી રહી ગયો છે. આ વિસ્મરણ થવાથી તેઓને પોતાનું આયુષ્ય અલ્પ લાગ્યું. તેમણે પોતાના શિષ્ય વજ્રસેનસૂરિને બોલાવીને કહ્યું કે "જ્યારે એક લાખની કિમ્મતવાળી રસોઇમાંથી ભિક્ષા મળશે ત્યારે સુકાળ થશે." તથા પોતાનો સમુદાય પણ તેમને સોંપી દીધો.

શ્રી વજ્રસ્વામી રથાવર્ત પર્વત પર આવી અનશન પૂર્વક પ્રભુના નિર્વાણ બાદ ૫૮૪ વરસે સ્વર્ગસ્થ થયા.

### ૧૬ શ્રી વજ્રસેનસૂરિ

શ્રી વજ્રસ્વામી ભગવંતના પટ્ટધર શ્રી વજ્રસેનસુરિ કોંકણના સોપારક નગરમાં પધાર્યા. તે નગરના જિનદત્તશેઠ અને ઈશ્વરીશેઠાણીને ઘેર જવાથી એક લાખ સોનૈયાથી લેવાયેલા ચોખાની ગોચરી મળી. આમ તો દુકાળમાં અન્ન ન મળવાથી, આ કુટુમ્બ વિષમિશ્ર ભોજન કરી મરી જવાનું પસંદ કરતું હતું અને તે મુજબ ઈશ્વરીશેઠાણી વિષ નાખે તે પહેલાં જ વજ્રસેનસૂરિ પધાર્યા હતા. આથી ઈશ્વરીએ રાજી થઈ ભાવથી ગોચરી વહોરાવી. આચાર્યશ્રીએ ગુરુદેવના શબ્દો ટાંકીને કહ્યું કે કાલથી સુકાળ થશે અને બીજે જ દિવસે ચીન વગેરે દેશોમાંથી પુષ્કળ અનાજનાં વહાણો આવી પહોંચ્યાં અને ચોમેર આનંદ વર્તી રહ્યો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જિનદત્ત શેઠે શ્રી વજ્રસેનસૂરિના ઉપદેશથી અનેક કાર્યો કર્યાં. બાદ પોતાના ચારે પુત્રો વગેરે પરિવાર સહિત દીક્ષા લીધી. આ શ્રેષ્ઠિપુત્રો જે સાધુ બનેલા તેમના નામથી નાગેન્દ્ર, ચંદ્ર, નિવૃત્તિ અને વિદ્યાધર એ ચાર કુલો પ્રસિદ્ધ થયા. ત્યારથી સાધુ સમાચારીમાં ભિન્નતા રહી. આથી શ્રી વજ્ર-સેનસૂરિનું મન દુભાયું પણ પુનઃ તેઓ શાન્ત થયા અને પ્રભુના નિર્વાણથી ૬૨૦ વરસે તેઓ સમાધિપૂર્વક સોપારક નગરમાં કાળધર્મ પામ્યા. તેમનું કુલ આયુષ્ય ૧૨૮ વર્ષનું હતું.

## ૧૭ શ્રી ચંદ્રસૂરિજી

શ્રી ચંદ્રસૂરિ મહાપ્રભાવક આચાર્ય થઈ ગયા. તેમનો પરિવાર ચાંદ્રકુલના નામથી પ્રસિદ્ધ થયો. વિક્રમ સંવત ૧૭૦ મા વર્ષે તેઓ ભરુચમાં પાંચ દિવસના અનશનપૂર્વક કાળધર્મ પામ્યા.

## ૧૮ શ્રી સમંતભદ્રસૂરિ

આ આચાર્ય ઉગ્ર તપસ્વી હતા. તેઓ વૈરાગ્યવશ બની જિનકલ્પી જેવા આચારો પાળવા લાગ્યા. અને સમુદાય, ગચ્છનો ભાર, શ્રી વૃદ્ધદેવસૂરિને સોંપી દીધો. તેમના નાગ-નંદી વગેરે ચાર શિષ્યો પણ જિનકલ્પી જેવા આચારો પાળવા લાગ્યા. તેઓએ મથુરામાં ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. તેઓનો પરિવાર નંદીશાખા નામથી પ્રસિદ્ધ થયો હતો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રી સમંતભદ્રસૂરિ મથુરામાં જ કાળધર્મ પામ્યા હતા. નંદીશાખાના શ્રાવકોએ ત્યાં તેમના નામનો સ્તૂપ પણ કરાવેલો હતો.

## ૧૯ શ્રી વૃદ્ધદેવસૂરિ

તેઓ પ્રથમ કોરંટ ગામમાં ચૈત્યવાસી હતા. તેમણે શ્રી સમંતભદ્રસૂરિ પાસે આગમાભ્યાસપૂર્વક ક્રિયોદ્ધાર કર્યો હતો. વિક્રમ સંવત ૧૮૩માં તેઓ સૂરિપદ પામ્યા હતા. કોરંટના નાહડ મંત્રીને જૈન બનાવી સાચોરમાં જિનાલયો બંધાવ્યાં અને મહાવીરપ્રભુ વગેરે જિનપ્રાતમાઓ ભરાવી હતી. વિ. સં ૨૦૩માં તેઓ સ્વર્ગે ગયા.

## ૨૦ પ્રદ્યોતનસૂરિ

એમના અંગે પટ્ટાવલિમાં વિશેષ માહિતી નથી સાંપડતી. વિ. સં ૨૨૮ના વરસે તેઓ અનશનપૂર્વક ભરુચમાં કાળધર્મ પામ્યા.

## ૨૧ શ્રી માનદેવસૂરિ

કોરંટ નગરમાં જિનદત્ત શ્રેષ્ઠિ અને ધારિણી શેઠાણી એ નામનાં જૈન દંપતી રહેતાં હતાં. તેમને માનદેવ નામનો પુત્ર હતો. તેમણે પ્રદ્યોતનસૂરિ પાસે દીક્ષા લીધી હતી. પછી તેઓ સૂરિ બન્યા હતા. તેમની બ્રહ્મચર્યની દૃઢતાથી જયા અને વિજયા દેવીઓ તેમનું સાન્નિધ્ય કરતી હતી.

તેમના વખતમાં તક્ષશિલા નગરી પર અમુક વ્યંતર દેઓએ મહામારીનો ઉપદ્રવ કર્યો. શ્રી માનદેવસૂરિએ રચેલ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નવા શાંતિસ્તોત્રના પાઠથી તે ઉપદ્રવ શાંત થયો. ત્યારબાદ તક્ષશિલાના લોકો અન્યત્ર રહેવા ચાલ્યા ગયા અને તે નગરીનો મ્લેચ્છોએ નાશ કર્યો. આ માનદેવસૂરિ અતિપ્રભાવક હતા.

તેઓ વીરનિર્વાણ સં ૭૩૧ અને વિ. સં ૨૬૧ માં લગભગ પાંચ દિનના અનશનપૂર્વક રૈવતગિરિ પર કાળધર્મ પામ્યા.

## ૨૨ શ્રી માનતુંગસૂરિ :—

તેઓ વારાણસીના બ્રહ્મક્ષત્રીય હર્ષદેવના માનતુંગ નામે પુત્ર હતા. તેઓએ પ્રથમ માઘનંદી નામના દિગંબર જૈનમુનિ પાસે દીક્ષા લીધેલ. ત્યાં તેમનું નામ મહાકીર્તિ હતું. તેમની એક શ્વેતાંબર જૈનધર્મી બહેને તેમના પાત્રમાં સંમુર્છિમ જીવોત્પતિ દેખાડી. આથી તેઓએ શ્વેતાંબરની દીક્ષા લીધી. ત્યાં તેમનું નામ 'માનતુંગ'મુનિ રહ્યું તેઓએ નાડોલમાં માનદેવસૂરિ પાસે અનેક વિધ વિદ્યાઓનો અભ્યાસ કર્યો.

ઉજ્જૈનીના રાજા ભોજને એમ હતું કે ફક્ત બ્રાહ્મણો જ ચમત્કાર બતાડી શકે છે' તેને રદીયો આપતાં જૈનમંત્રીએ કહ્યું કે અમારા જૈનાચાર્યો પણ આનાથી વિશેષ ચમત્કારો સર્જી શકે છે. રાજાના સૂચનથી જૈનમંત્રી શ્રી માનતુંગસૂરિજીને સભામાં તેડી આવ્યા. શ્રી માનતુંગસૂરિએ તેજ વખતે 'ભક્તામર સ્તોત્ર' રચીને રાજાએ કરેલા ચુમ્માલીસ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બંધનોને તોડી નાખ્યાં. આથી રાજા ભોજ જૈનધર્મી બન્યો. રાજાએ ઉજ્જૈનીના અવંતીપાર્શ્વનાથ જૈનતીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

આ માનતુંગસુરિજીએ અઢાર અક્ષરોના મંત્રથી ગર્ભિત ભયહર (નમિઉણ) નામક સ્તોત્ર રચ્યું. તેઓ વિ. સં. ૨૮૮ લગભગ ઉજ્જૈનીમાં કાળધર્મ પામ્યા.

## ૨૩ શ્રી વીરસૂરિ :–

તેઓ ઉગ્ર તપસ્વી હતા. વિ. સં. ૩૦૦ લગભગમાં નાગપુરના શા સમરશેર શેઠે બંધાવેલા જિનાલયમાં ૩૦૦ જેટલા જિનબિંબોની શ્રી વીરસુરિજીએ પ્રતિષ્ઠા કરાવી, તેઓ વિક્રમ સં. ૩૨૩માં કાળધર્મ પામ્યા.

## ૨૪ શ્રી જયદેવસૂરિ :–

આ આચાર્ય ભગવંતશ્રી અંગે વિશેષ માહિતી પ્રાપ્ત થતી નથી. તેઓ લગભગ વિક્રમ સં. ૩૬૩માં કાળધર્મ પામ્યા હતા.

## ૨૫ શ્રી દેવાનંદસૂરિ :–

તેઓ શ્રી જયદેવસુરિજીની પાટે આવ્યા. તેઓએ અનેક વિધ શાસન પ્રભાવના કરેલ.

## ૨૬ શ્રી વિક્રમસુરિ :–

આ આચાર્યશ્રીના સમયમાં કેટલાક મુનિઓ શ્રમણ સમાચારીમાં ફેરફાર કરીને ચૈત્યવાસી થયા. તે સમય લગભગ વીર સં. ૮૨૨ નો છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૨૭ શ્રી નરસિંહસૂરિ :—

આ આચાર્યશ્રી અતિ મહિમાશાળી હતા. તેઓએ એક યક્ષને પ્રતિબોધી માંસાહારનો ત્યાગ કરાવ્યો હતો.

૨૮ શ્રી સમુદ્રસૂરિ :—

તેઓ સીસોદીયા ક્ષત્રિય કુલમાં જન્મેલા. પટ્ટાવલિમાં આટલો જ તેઓ અંગે ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

૨૯ શ્રી માનદેવસૂરિ :—

તેઓ શ્રી સમુદ્રસૂરિની પાટે થયા. તેઓ એક વખત સૂરિમંત્ર વિસરી ગયા રૈવતાચલ પર ૧૫ દિવસનાં ઉપવાસ કરી તેઓએ અંબિકાદેવીને પ્રત્યક્ષ કરી. અંબિકાદેવી શ્રી સિમંધર સ્વામી ભગવંત પાસે જઈ તેઓની પાસેથી સૂરિમંત્ર લાવીને શ્રી માનદેવસૂરિને આપ્યો.

તેઓ વિક્રમ સં. ૫૭૮માં કાળધર્મ પામ્યા.

તેઓના વખતમાં યાકિની મહત્તરાસુનુ શ્રી હરિભદ્રસૂરિ થયા. શ્રી હરિભદ્રસૂરિએ ૧૪૪૪ ગ્રંથોની રચના કરી હતી. આ હરિભદ્રસૂરિ વિ. સં. ૫૩૫ માં સ્વર્ગસ્થ થયા. તેઓના દરેક ગ્રંથોમાં તેઓએ 'વિરહ' અને પોતાને પ્રતિબોધ આપનાર સાધ્વીજી યાકિની મહત્તરાના 'ધર્મપુત્ર' તરીકે ઉલ્લેખ કરેલો છે.

૩૦ શ્રી વિબુધપ્રભસૂરિ :—

૩૧ શ્રી જયાનંદસૂરિ :—

શ્રી વિબુધપ્રભસૂરિની પાટે શ્રી જયાનંદસૂરિ થયા. તેમના

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વખતમાં શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ થયા. શ્રી જિનભદ્ર ગણિએ સંક્ષિપ્ત જીતકલ્પ, ક્ષેત્રસમાસ, ધ્યાનશતક; બૃહત્-સંગ્રહણી અને વિશેષાવશ્યક ભાષ્ય, વિ. ગ્રંથ રચ્યા છે.

### ૩૨ શ્રી રવિપ્રભસૂરિ :-

આ આચાર્યશ્રીએ વિ. સં. ૭૦૦ માં નાડોલમાં શ્રી નેમનાથપ્રભુની મૂર્તિની પ્રતિષ્ઠા કરેલી છે.

### ૩૩ શ્રી યશોદેવસૂરિ :-

પટ્ટાવલિમાં તેઓનો યશોભદ્રસૂરિ તરીકે પણ નામ નિર્દેશ છે. તેઓના વખતમાં વનરાજ ચાવડાએ અણહીલપુર પાટણ વસાવ્યું. વનરાજ ચાવડાને શ્રી શીલગુણસૂરિએ પ્રતિબોધી જૈનધર્મી બનાવ્યો હતો.

### ૩૪ શ્રી વિમલચંદ્રસૂરિ :-

### ૩૫ શ્રી ઉદ્યોતનસૂરિ :-

તેઓ મહાપ્રભાવક અને વિશાળ શિષ્ય પરિવાર યુક્ત હતા. એક વખત તેઓ આબુતીર્થની યાત્રા કરી પર્વત પરથી ઉતરી ‘ટેલી’ ગામની નજીક શ્રમ દૂર કરવા એક વિશાળ વડવૃક્ષ નીચે બેઠા. તેજ વખતે આકાશમાંથી શાસનદેવીએ કહ્યું કે ‘હે ભગવંત! અહીં જ આપ આપના શિષ્યોને સૂરિપદ આપશો તો આપનો પરિવાર આ વડ વૃક્ષની જેમ વૃદ્ધિને પામશે.’

આ સાંભળી શ્રી ઉદ્યોતનસૂરિએ પોતાના ૮૪ શિષ્યોને યોગ્ય જાણી વિ. સં. ૭૨૩માં સૂરિપદથી અલંકૃત કર્યા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ ઐતિહાસિક પ્રસંગ પરથી તેઓનો ગચ્છ ‘વડગચ્છ’ તરીકે ઓળખાયો. આ ચોર્યાસી સુરિવરોનાં નામ શ્રી અંચલગચ્છની મોટી પટ્ટાવલિ પૃ. ૭૧ પર આપેલાં છે. આ ચોર્યાસી આચાર્યોમાં મુખ્ય શ્રી સર્વદેવસુરિ હતા. તેઓએ સુરિપદ પછી પ્રથમ ચાતુર્માસ શંખેશ્વરતીર્થમાં કર્યું જેથી તેઓના પરિવારમાં થયેલા મુનિઓના ગચ્છ ( ગણ ) નું નામ ‘શંખેશ્વર ગચ્છ’ પ્રસિદ્ધ થયું.

### ૩૬ શ્રી સર્વદેવસૂરિ :—

તેઓ જ્યારે શંખેશ્વરમાં ચાતુર્માસ હતા ત્યારે ભીન્નમાલના સામંતરાજાના પુત્ર વિજયવંત પોતાના મામાને ત્યાં આવેલ. તે શિકાર કરવા જતો હતો ત્યારે શ્રી સર્વદેવસૂરિ ગામ બહાર સ્થંડિલ જઇ ઉપાશ્રય તરફ આવી રહ્યા હતા. પોતાને અપશુકન થયા જાણી વિજયવંતે સૂરિજીને મારવા હાથ ઉગામ્યો, પણ તે સ્થંભિત થઇ ગયો. પોતાની ભૂલ સમજવાથી તે સુરિનાં ચરણોમાં પડ્યો ને ક્ષમા માંગી. પછી શ્રી સર્વદેવસુરિએ તેને પ્રતિબોધ આપી જૈન બનાવ્યો. વિ. સં. ૭૨૩ના માગશર સુદ ૧૦ ના શ્રી સર્વદેવસૂરિ પાસે વિજયવંત રાજાએ સમ્યક્ત્વ સહિત શ્રાવકધર્મના વ્રતો સ્વીકાર્યાં હતાં. વિજયવંત રાજાને પિતા તરફથી લોહીયાણાનું રાજ્ય મળ્યું હતું વિજયવંતે પોતાના નગરમાં શ્રી સર્વદેવસૂરિનું ચાતુર્માસ કરાવ્યું અને તે નગરમાં વિશાળ જિન મંદિર અને ઉપાશ્રય પણ બંધાવેલ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## ૩૭ શ્રી પદ્મદેવસૂરિ :—

આ આચાર્ય ભગવંત શ્રી પ્રકાંડ દાર્શનીક વિદ્વાન હતા. તેઓએ શંખેશ્વર ગામમાં સાંખ્ય દર્શનીઓને વાદમાં પરાજિત કરેલ તેથી તેઓનું બીજું નામ સાંખ્યસૂરિ પ્રસિદ્ધ થયું હતું.

## ૩૮ શ્રી ઉદયપ્રભસૂરિ :—

વિ. સં. ૭૬૪ લગભગ ભીન્નમાલનો જયંતરાજા મૃત્યુ પામ્યો. તે અપુત્રીયો હતો. જેથી લોહીયાણાના રાજા ભાણે ભીન્નમાલનું રાજ્ય પોતાને કબ્જે કર્યું ને તે રાજ્ય ઠેઠ ગંગા નદીના કિનારા સુધી વિસ્તાર્યું. અગિયાર વરસો બાદ નાગેન્દ્ર ગચ્છીય શ્રી સોમપ્રભસૂરિ ભીન્નમાલ પધાર્યા. તેઓ ભાણ રાજાના સંસારી પક્ષે સંબંધી હતા. ભાણરાજાએ વિનંતિ કરતાં તેઓ ત્યાં ચાતુર્માસ રહ્યા. ચાતુર્માસ બાદ શ્રી સોમપ્રભસૂરિના ઉપદેશથી ભાણરાજાએ શ્રી શત્રુંજય-ગિરનાર તીર્થથી સંઘ સહિત યાત્રા કરવાનો વિચાર કર્યો. તથા આ પ્રસંગે પોતાની કુલ પરંપરાના ઉપદેશક શંખેશ્વર ગચ્છીય શ્રી ઉદયપ્રભસુરિને પણ વિનંતિ કરી.

આ સંઘમાં આ મુજબ રસાલો હતો. સાત હજાર રથો, સવા લાખ ઘોડા, દશ હજાર ને અગિયાર હાથીઓ, સાત હજાર પાલખી, પચીશ હજાર ભાર ઉપાડનારા ઊંટ, પચાસ હજાર બળદ અને અગિયાર હજાર ગાડાં હતાં. આ સંઘમાં ભાણ રાજાએ અઢાર કરોડ સોનામહોર ખર્ચી હતી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સંઘપતિને તિલક કોણ કરે ? એ પ્રશ્ન જ્યારે આચાર્યોમાં ચર્ચાયો ત્યારે ભાણુરાજાએ કહ્યું કે અમારા વડીલ વિજયવંત રાજાને જૈન બનાવનાર કુલગુરુ શ્રી સર્વદેવસૂરિની પરંપરામાં આવેલ શ્રી ઉદયપ્રભસૂરિને સંઘપતિને તિલક કરવાનો પ્રથમ હક્ક છે અને તે મુજબજ થયું. ત્યારબાદ સૌએ ભેગા મળી એવી મર્યાદા નક્કી કરી કે 'આજથી માંડીને જે કોઈ આચાર્ય જેને પ્રતિબોધે તે આચાર્યે તે માણસના પુત્ર આદિક સર્વ પરિવારનાં નામો એક વહીમાં લખવા તથા એ પણ નક્કી કરાયું કે કુલગુરુની આજ્ઞા વગર બીજા પાસે દીક્ષા ન લેવી. પ્રતિષ્ઠા, સંઘપતિ તિલક, વ્રતોચાર વિ. કાર્યો કુલગુરુ પાસેથી તેમની સમ્મતિપૂર્વક કરવાં. આમંત્રણ કરવા છતાં જો ન આવે તો બીજા ગુરુ પાસેથી ઉપરોક્ત કાર્યો કરાવવા. ત્યારથી પ્રતિષ્ઠાદિ કાર્યો જેણે કરાવ્યા તેજ તેના કુલગુરુઓ થયા.

આ મર્યાદાનો છેવટનો નિર્ણય ભાણુરાજા વિ. મુખ્ય ગૃહસ્થો અને સર્વે કુલગુરુઓએ મળી વિક્રમ સંવત્ ૭૭૫ ચૈત્ર સુદ ૭ના રોજ શ્રી વર્ધમાનપુરમાં કર્યો. આ લખાણમાં તે વખત મુખ્ય ગચ્છોના પાંત્રીસેક આચાર્યોએ સહી કરી તથા ગૃહસ્થોમાં ભાણુરાજા, શ્રીમાલી જોગા, રાજપૂર્ણ તથા શ્રીકર્ણ વિગેરેએ પણ સાક્ષી કરી.

ભાણુરાજાને ૩૨૫ રાણીઓ હતી, પણ એકે સંતાન ન હતું. પણ કુલગુરુના સુચન મુજબ ઉપકેશનગરના જયમલ્લ નામના ઓશવાળ શ્રેષ્ઠિની પુત્રી રત્નાબાઇ સાથે લગ્ન

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કરતાં રાણા અને કુંભા નામના બે પુત્રો થયા હતા. રત્નાએ લગ્ન પહેલાં શરત કરી હતી કે મારા સંતાનને રાજ્ય મળવું જોઇએ. જે શરત રાજાએ કબુલ રાખેલ. પુત્ર થયા બાદ રાજાએ બાર વ્રત સ્વીકાર્યા, તથા વિ. સં. ૭૯૫ માગસર સુદ ૧૦ રવિવારે એવી ઉદ્ઘોષણા કરાવી હતી કે જે કોઇ જૈનધર્મને સ્વીકારશે તે મારો સાધર્મિક થશે અને તેનું ઇચ્છિત પૂર્ણ કરીશ.

ભિન્નમાલમાં શ્રીમાલ બ્રાહ્મણ જ્ઞાતિના બાસઠ કરોડપતિ શ્રેષ્ઠિઓ રહેતા હતા. ભાણ રાજા તેઓનું ઘણું જ માન રાખતા હતા. એક વખત શ્રી ઉદયપ્રભસૂરિ ભિન્નમાલ પધાર્યા. તેઓએ બાસઠ બ્રાહ્મણ શ્રેષ્ઠિઓને પ્રતિબોધી જૈનધર્મ પાળનાર શ્રીમાળી જ્ઞાતિના શ્રાવકો બનાવ્યા. આ બાસઠ શ્રેષ્ઠિઓ અને તેઓના ગોત્રોનાં નામ વિધિપક્ષ (અંચલ) ગચ્છની મોટી પટ્ટાવલીમાં પૃ. ૮૨ ઉપર અપાયેલાં છે, તથા ભિન્નમાલમાં વસવાટ કરતા પ્રાગ્વાટ બ્રાહ્મણ જ્ઞાતિના આઠ શ્રેષ્ઠિઓએ પણ શ્રી ઉદયપ્રભસૂરિના ઉપદેશથી જૈન ધર્મ સ્વીકારેલ અને તેઓ પ્રાગ્વાટ (પોરવાડ) જ્ઞાતિના શ્રાવકો થયા. આ બન્ને ઘટનાઓ વિ. સં. ૭૯૫ ફા. સુ. ૨ ના દિવસે બની. શ્રી ઉદયપ્રભસૂરિજીએ કુલ ૭૦ ગોત્રના બ્રાહ્મણોને પ્રતિબોધીને 'જૈન' બનાવ્યા હતા.

આ ગોત્રોમાંથી કેટલાક ગોત્રોની વિશેષ હકીકત પટ્ટાવલીમાં આ મુજબ છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## (૧) ગૌતમ ગોત્ર (શ્રીમાલી તથા ઓસવાળ)

**મુખ્ય શાખાઓ :– વૃદ્ધ સજનીય (વીસા), લઘુ સજનીય (દશા)**

પેટા શાખાઓ :– મહોતા, યશોધન, ભણુશાલી, વીસરીઆ, શંખેશ્વરીઆ, પુરાણી, ધુરીયાણી, ભરકીયાણી, ઘટ્ટા છેવટ્ઠાણી, પબાણી, માલાણી, ઘેલાણી.

ભીનમાલમાં પૂર્વ તરફના સમર સંઘ પાડમાં ગૌતમગોત્રીય વિજયશેઠ વસતા હતા. શ્રી ઉદયપ્રભસૂરિએ તેમને જૈન બનાવ્યા. તેઓ ચાર ક્રોડના વ્યાપારી હતા. સં ૧૧૧૧ માં ભીનમાલ નગરીનો બોડીમુગલ મુસલમાની રાજાએ નાશ કરતાં લાખો માણસો માર્યા ગયા. હજારોને કેદ કરી વટલાવી ને મુસ્લીમ બનાવ્યા ને અલ્પ સંખ્યામાં માણસો બીજે ભાગી ગયા. શ્રી વિજયશેઠના વંશજ સહદેએ નાશીને ચાંપાનેરના ભાલેજ નગરમાં વસવાટ કર્યો. તેઓ વિવિધ કરીયાણાનો વેપાર કરતા, તેથી તેઓની ભાંડશાલી (ભણુશાલી) ઓડક થઈ. તે સહદેને યશોધન અને સોમા નામે બે પુત્રો થયા. તે યશોધનને શ્રી વિધિપક્ષ (અંચલ) ગચ્છ સ્થાપક શ્રી આર્યરક્ષિતસૂરિએ સં. ૧૧૬૯ માં પ્રતિબોધી સમ્યક્ત્વી પરમ શ્રદ્ધાળુ શ્રાવક બનાવ્યો. યશોધન એ અંચલગચ્છના પ્રથમ શ્રાવક તરીકે જૈનગ્રંથોમાં વિરલ કીર્તિ પામ્યો છે. યશોધને ભાલેજ વિ. સાત ગામોમાં ભવ્ય જિનાલયો બંધાવ્યા. આજ વંશમાંથી ઉપર જણાવેલ પેટા શાખાઓ નીકળી છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(૨) હરિયાણુ ગોત્ર (શ્રીમાલી) મુખ્ય શાખાઓ વીસા, દશા.

પેટા શાખાઓ :- આંબલીયા, મણિયાર, વહોરા, વીંછીવાડીયા, સહસાગુણા, કકા, ગ્રથલીઆ અને અન્ના આદિ આ વંશનો વંશજોએ અચલગચ્છના આચાર્યોની પ્રેરણાથી શાસન પ્રભાવનાના અનેક કાર્યો કરેલ છે.

(૩) કાત્યાયન ગોત્ર (શ્રીમાલી) પેટા શાખા- સાંડસા, ખંભાયતી, ગોદડીયા વિગેરે

આ ગોત્રના મુખ્ય શ્રાવક શ્રીમલ્લ છે. તે ભીનમાલમાં સાત કરોડનો વ્યાપારી હતો. સં. ૧૧૧૧માં ભીન્નમાલનો નાશ થતાં તેના વંશજો અન્યત્ર રહેવા ચાલ્યા ગયા હતા. આ વંશના ભોરોલ ગામમાં થયેલા શેઠ મુંજાશાહે વિ. સં. ૧૩૦૨ માં અંચલગચ્છની વલ્લભી શાખાના શ્રી પુણ્યતિલક-સૂરિજીના ઉપદેશથી વિશાળ શિખરબંધ જિનાલય અને વાવ બંધાવેલ.

(૪) વંસીયાણુ ગોત્ર શ્રીમાલી મુખ્ય શાખાઓ વીસા, દશા પેટા શાખાઓ- વસા, દાધેલીયા, ગાંધી, દોશી, નાળુયા વિ.

(૫) લાછિલગોત્ર- શ્રીમાલી શાખાઓ વહોરા, પારેખ વિ.

શ્રી વિધિપક્ષ ( અંચલગચ્છ )ની મોટી પટ્ટાવલિમાં પૃ. ૮૪ થી ૧૧૬ સુધી ગોત્રો અને પેટા ગોત્રો તથા તે તે વંશજોએ કરેલા ધર્મનાં પ્રતિષ્ઠાદિ કામ તે અંગેનો વિસ્તૃત ઈતિહાસ છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ રીતે શ્રી ઉદયપ્રભસૂરિજીએ સીત્તેર જેટલા ગોત્રોને પ્રતિબોધી જૈન બનાવ્યા હતા.

તેઓએ નાણકપુર ગામના સંઘના આગ્રહથી શ્રીપ્રભાનંદ મુનિને સૂરિપદ આપ્યું. તે વખતે પ્રભાનંદ મુનિના મામા શ્રી જિનદાસ શ્રાવકે એક લાખ સોનામહોરો ખરચી. આથી શ્રી પ્રભાનંદસુરિજીનો સમુદાય 'નાણક ગચ્છ' થી પ્રસિદ્ધ થયો. નાડોલ સંઘના આગ્રહથી ઉપાધ્યાય શ્રી વલ્લભમુનિને શ્રી ઉદયપ્રભસુરિજીએ સુરિ પદવી આપી શ્રી વલ્લભસૂરિથી 'વલ્લભી ગચ્છ' પ્રસિદ્ધ થયો. આ રીતે ચાલ્યા આવતા શ્રી શંખેશ્વર ગચ્છના નાણક અને વલ્લભી એ બે ગચ્છ નામ પડવાથી કે બે ભાગલા પડવાથી શ્રી ઉદયપ્રભસૂરિ ખુબ જ નારાજ થયા પણ થાય શું? ઉપરોક્ત ઘટના વિ. સં. ૮૩૨ લગભગમાં બની હતી. ત્યારબાદ અલ્પ સમયમાં તેઓ કાળધર્મ પામ્યા.

### ૩૯ પ્રભાનંદસૂરિ :–

આપણે ઉપર જોઈ ગયા કે શ્રી પ્રભાનંદસુરિથી નાણક ગચ્છ ચાલ્યો. એમના ઉપદેશથી નાણકપુરનો રાજા જૈન બન્યો. આ રાજાએ તેઓના ઉપદેશથી સંઘ સહિત શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા કરી. શ્રી પ્રભાનંદસુરિનો શિષ્ય પરિવાર વિશાળ હતો. તેઓ વિ. સં. ૮૮૦ માં દેવપત્તનમાં કાળધર્મ પામ્યા હતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**૪૦ શ્રી ધર્મચંદ્રસૂરિઃ—**

**૪૧ શ્રી સુવિનયચંદ્રસૂરિઃ—**

તેઓ વિ. સં. ૯૨૨ માં સૂરિપદ પામ્યા હતા.

**૪૨ શ્રી ગુણસમુદ્રસૂરિ :—**

તેઓ વિ. સં. ૯૫૭માં સૂરિપદ પામ્યા હતા.

**૪૩ શ્રી વિજયપ્રભસૂરિ :—**

તેઓ વિ. સં. ૯૯૫માં આચાર્ય બન્યા હતા.

**૪૪ શ્રી નરચંદ્રસૂરિ :—**

તેઓ વિ. સં. ૧૦૧૩માં સૂરિ બન્યા હતા.

**૪૫ શ્રી વીરચંદ્રસૂરિ :—**

તેઓ વિ. સં. ૧૦૭૧માં આચાર્ય પદ પામ્યા હતા. તેઓ એક વખત પાલણપુર પધાર્યા. યોગાનુયોગ વડ્ડગચ્છના સોમપ્રભસૂરિ પણ પધાર્યા. શંખેશ્વરગચ્છનો ઉપાશ્રય હોઈ તેઓ એક જ ઉપાશ્રયમાં ઉતર્યા, પણ પરસ્પર વંદન કરવા બાબતમાં તે બન્ને વચ્ચે સંઘર્ષ થયો. તે વખતે શ્રી વીરચંદ્રસૂરિજીને 'સમુદ્ર' નામનો શ્રાવક પોતાના બીજા એક સ્થાનમાં તેડી જઇને ચાતુર્માસ કરાવ્યું. દૃષ્ટિરાગથી તે શ્રાવકે છત્ર અને ચામર સહિત રૂપાનો સુખપાલ તે સૂરિજીને ભેટ આપ્યો ને તે આચાર્ય પ્રમાદને વશ બની પાલખીમાં બેસી જિનાલયે જવા લાગ્યા. આ જોઇ સામંત શ્રાવકે પણ શ્રી સોમપ્રભસૂરિજીને પણ ઉપરોક્ત છત્ર વિગેરે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વસ્તુઓ ભેટ આપીને એ આચાર્યશ્રી પણ પાલખીનો ઉપયોગ કરવા લાગ્યા. આમ પરસ્પર સ્પર્ધામાં સંયમધર્મમાં શિથીલાચારે પ્રવેશ કર્યો ને ધીમે ધીમે ગોચરીમાં પણ આધાકર્મી વિ. દોષયુક્ત આહાર-પાણી વહોરવા લાગી ગયા.

શ્રી વીરચંદ્રસૂરિ વિ. સં. ૧૧૩૩માં કાળધર્મ પામ્યા હતા. તેઓના હસ્તે પદ પામેલા ઉપાધ્યાય શ્રી મુનિ તિલકમુનિ ત્યાંથી જુદા વિચરીને તેઓ પાટણ ગયા. ત્યાં તેઓએ સ્વયં સૂરિ પદવી લીધી. તેમનો પરિવાર 'તિલક' શાખાથી પ્રસિદ્ધ થયો.

## ૪૬ શ્રી જયસિંહ( જયસંઘ )સૂરિ :–

તેઓ પણ પોતાના ગુરુને જોઇ ચારિત્ર જીવનના આચારોમાં શિથીલ હતા. તેમના ગચ્છનો પરિવાર પણ સ્વેચ્છા મુજબ વર્તતાં અંતે ચૈત્યવાસીની જેમ પરિગ્રહ વિગેરેમાં આસક્ત બન્યો. તેઓ વિ. સં ૧૧૬૯ માં વઢવાણ નગરમાં કાળધર્મ પામ્યા હતા.

## ૪૭ વિધિપક્ષ ગચ્છપ્રવર્તક, ત્યાગમૂર્તિ પૂ. દાદા શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ. સા. :–

શ્રી આબુમહાતીર્થની નજીકમાં દંતાણી નગરમાં પ્રાગ્વાટ જ્ઞાતીય શ્રેષ્ઠિ દ્રોણ મંત્રી અને તેમની સુશીલ પત્ની દેદી રહેતાં હતાં. તેઓને વયજા અને સોલ્હા નામના બે પુત્રો હતા.

આ બાળ વયજા એ જ મહાન શાસનપ્રભાવક, વિધિપક્ષ ગચ્છપ્રવર્તક પૂ. દાદા શ્રી આર્યરક્ષિતસૂરિ.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એઓનો જન્મ વિ. સં. ૧૧૩૬ શ્રાવણ સુદ ૯ શનિવાર ની શુભવેળાએ થયેલ. મહોપાધ્યાય શ્રી વિનય સાગરજી ગણિ રચિત 'વિધિપક્ષગચ્છીય બૃહત્પટ્ટાવલિમાં' આ પ્રમાણે ઉલ્લેખ છે.

"ષટ્ત્રિંશદ્દેકાદ્દશ વર્ષકસ્ય સચ્છ્રાવણે માસ્યથ શુકલપક્ષે ।
તિથૌ નવમ્યાં શનિવાસરે ચ પુષ્પ સ્થિતે.....લગ્ને ॥૫॥
ગજેતુ યોગેડથ રવૌ ચ ચંદ્રે સ્વસ્થાનગે મેષગતે ચ રાહૌ ।
ઉચ્ચૈર્ગતે ભુમિસુત........કાસિતે સા સુષુવે સુપુત્રં ॥૬॥

વયજાના જન્મ પહેલાં ગર્ભધાનની રાત્રિએ માતા દેદીએ 'ઉગતા સૂર્યના તેજસ્વી કિરણો' નું સ્વપ્ન જોયેલ.

શ્રેષ્ઠિ દ્રોણ અને માતા દેદી શ્રાવક ધર્મના આચારો પાળવામાં નિપુણ હતા. જૈનાચાર્યોની શિથીલતાથી તેઓનું હૈયું કકળી ઉઠતું. એકદા ૪૬ માં પટ્ટધર શ્રી જયસિંહસૂરિ તે નગરમાં સુખપાલ (પાલખી) માં વિચરતા પધાર્યા. પણ તેઓના સામૈયામાં દ્રોણ અને દેદી ન ગયાં. બીજા દિવસે સૂરિવરે પોતાને આવેલ સ્વપ્નાનુસાર તેઓને બોલાવ્યા ને પુછયું કે કાલે તમે કેમ ન આવેલા? તરત દેદીએ તેજસ્વી શબ્દોમાં જવાબ આપ્યો કે 'આપ શાસનના નાયક બની પાલખી–ગાદી વિગેરે પરિગ્રહ શા માટે રાખો છો? સર્વજ્ઞ ભગવંતોએ તો મૂર્છારહિત ભાવનો જ સાધુધર્મ કહેલ છે."

દેદીનું કથન શાંતિથી સાંભળી શ્રી જયસિંહસૂરિએ કહ્યું કે સુભગે! તમારી વાત સત્ય જ છે પણ આજે રાતે શાસન દેવીએ મને સ્વપ્નમાં આપના બાળક દ્વારા વિધિમાર્ગનું

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રવર્તન થશે એવું સુચન કરેલ છે જેથી તમારો બાળક શાસનને સમર્પિત કરી દેશો. દ્રોણ અને દેદીએ કહ્યું કે જરૂર! અમારા બાળક દ્વારા જિનશાસનની પ્રભાવના થતી હશે તો વિના સંકોચે અમારા બાળકને આપને ચરણે સોંપીશું.

વચજાનો જન્મ થતાં ઉક્ત દંપતિ આનંદિત બન્યાં. તે બાળક મોટો થતા તેનામાં અનેક સદ્‌ગુણો, અનેક શુભ લક્ષણો વિકસી રહ્યા હતાં. પટ્ટાવલિ વિગેરેમાં વચજાનું બીજું નામ 'ગોદુહ' પણ મળે છે....દેદીએ સોલ્હા નામના બીજા પુત્રને પણ જન્મ આપ્યો. વચજા છ વરસનો થયો ત્યારે તેને પંડિતને ત્યાં મુકવામાં આવ્યો.....પણ ભાવિનું નિર્માણ કંઈ જુદું જ હતું.

સં. ૧૧૪૨માં શ્રી જયસિંહસૂરિ પુનઃ દંતાણી પધાર્યા ત્યારે દ્રોણ દેદીએ પોતાના લાલ વચજાને આચાર્યશ્રીને સમર્પિત કર્યો. સં. ૧૧૪૨ના વૈશાખ સુદ ૮ પૂર્વાહ્ન કાળમાં ગુરુ પુષ્યયોગમાં શ્રી જયસિંહસૂરિએ બાળ વચજાને દીક્ષા આપી.

દ્વિસંજ્ઞવર્ષે જયસિંહપાર્શ્વે, વૈશાખમાસે વરશુક્લ પક્ષે।
પૂર્વાહ્નકાલે ગુરુપુષ્યયોગે, ડષ્ટમ્યાં તિથૌ સંયમમાસસાદ॥ ૧૩ ॥

પટ્ટાવલિમાં દીક્ષા પોષ સુદ ૩ ના રાધનપુરમાં થયાની હકીકત મળે છે. વચજાકુમાર સંસારી મટીને મુનિ વિજયચંદ્ર અણગારી બન્યો.

દીક્ષા સ્વીકાર્યા બાદ ગુરુનિશ્રામાં તેઓ વ્યાકરણ, કાવ્ય, છંદ, અલંકાર, ન્યાય આદિમાં અતિ નિપુણ બન્યા. આ અભ્યાસ પૂર્ણ થયા બાદ તેઓએ જિનાગમ વાંચનનો પ્રારંભ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કર્યો. પોતાના ગુરુબંધુ મુનિ રાજચંદ્ર પાસેથી પરકાય પ્રવેશિની આદિ વિદ્યાઓ અને મંત્રોનો પણ અભ્યાસ કર્યો. તેઓ ગુરુકૃપાને પાત્ર બન્યા. અંચલગચ્છની મોટી પટ્ટાવલિમાં તેમને ગુરુએ સં. ૧૧૫૯ માગસર સુદ ૩ના ત્રેવિસ વરસની ઉમ્મરે આચાર્યપદથી અલંકૃત કર્યા. ત્યારબાદ અલ્પ સમયમાં જ તેઓના જીવનમાં વિરાટ પરિવર્તન આણનાર એક વિરલ ઘટના બની ગઈ.

વાત એમ બની કે શ્રી દશવૈકાલિક સૂત્રનું વાંચન-મનન કરતાં તેઓની દૃષ્ટિ એક ગાથાના અર્થમાં સ્થિર બની. તેઓ દ્વિધા અનુભવી રહ્યા. "સીઓદગં ન સેવિજ્જા...." આ ગાથાએ તેઓના મનમાં જાણે ઇતિહાસ સર્જી દીધો. તેઓના મનમાં પ્રશ્ન થયો કે સાધુથી કાચું સચિત્ત પાણી વપરાય નહીં તો આ સાધુની વસ્તીમાં કાચા પાણીના માટલા રખાય છે કેમ? તેઓ તરત જ ઉભા થયા અને ગુરુને પ્રશ્ન પૂછ્યો. ગુરુએ કહ્યું કે વત્સ! આ વિષમકાળમાં આ વિધિ માર્ગ આચરવો મુશ્કેલ છે. આવા ઢીલા નિર્માલ્ય જવાબથી તેઓને સંતોષ ન થયો.

તેઓએ પુનઃ પૂછ્યું કે કોઈ શાસ્ત્રોક્ત વિધિ મુજબ વર્તે તો!

ગુરુએ કહ્યું કે, "તે ધન્યવાદને પાત્ર!"

ગુરુની સંમતિ મળતાં તેઓએ સૂરિપદનો ત્યાગ કર્યો. વાચક લાવણ્યચંદ્રગણિ વીરવંશાનુક્રમમાં નોંધે છે કે-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શિષ્યાસ્તસ્ય ગણેશિતુઃ શ્રુતભૂતો તિષ્ઠન્તઃ આચાર્યતાં ।
વૈરક્ત્યાદ્ ગુરુ નિગ્રહાદથમહો, પાધ્યાયતામાશ્રિતાઃ ॥ ૨૭ ॥

આપણે જોયું કે શ્રી દશવૈકાલિક સુત્રની એક જ ગાથાએ શ્રી આર્ય રક્ષિતસુરિના જીવનને નવો મોડ આપી દીધો. અવિધિએ ગ્રહણ કરાયેલ સૂરિપદ પણ તેમને ક્રિયોદ્ધારમાં ભારરૂપ લાગ્યું. તેઓ હવે વિરાટ ત્યાગમૂર્તિ બનવા થનગની રહ્યા પણ ગુરુએ અતિ આગ્રહ કરતાં તેઓ ઉપાધ્યાય પદે રહ્યા.

દૂષમકાળના નામે શ્રમણજીવનમાં પ્રવેશેલી શિથિલતાને દૂર કરવા તેઓ ઉત્કંઠિત બન્યા. વિધિમાર્ગની પુનઃ પ્રતિષ્ઠા કરવા પોતાને પ્રથમ શું કરવું જોઈએ? એ પૂછતાં ગુરુએ કહ્યું કે "આ કાળ વિષમ છે. શાસ્ત્રોક્ત આચરણાઓ આચરવા અને પ્રરૂપવા માટે એકવાર તો સર્વજ્ઞ એવા શ્રી જિનેશ્વર પ્રભુ દ્વારા પ્રરૂપિત સઘળા સિદ્ધાંતો વાંચી જાઓ. તેમજ જિનાજ્ઞા મુજબ આચારીમાં એકમતિ કરો. આ અંગે ગચ્છનાયક ગુરુરાસમાં આવું વર્ણન છે કે–

કરિ સિજ્જ કિમઈ તઈ? એકમઈ કીજએ,
શુદ્ધ સિદ્ધંતુ તઉ સયલુ વાંચીજએ,
રહુ ગુરુવયણી ઉવજ્ઝયપઉ પાલએ,
નામિ વિજયચંદુ વિહિપક્ખુ અજુઆલયે ॥

ઉપાધ્યાય શ્રી વિજયચંદ્રજી ગુર્વાજ્ઞા મેળવી કેટલાક ક્રિયાપાત્ર મુનિઓ સાથે અલગ વિહાર કરવા લાગ્યા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વિહાર કરતાં તેઓ પોતાના સંસારીપણાના મામા જે દીક્ષા લઇને જૈનાચાર્ય પૂર્ણિમાગચ્છીય શ્રી શીલગુણસુરિજી સાથે વિધિપૂર્વક જિનાગમ વાંચન અને ક્રિયોદ્ધારના શુભ આશયથી વિચરવા લાગ્યા. શ્રી શીલગુણસૂરિએ આગમાદિ ભણાવી વિજયચંદ્ર ઉપાધ્યાયને પોતાના ગચ્છમાં આચાર્ય પદ સ્વીકારવા ખૂબ આગ્રહ કર્યો પરંતુ માલારોપણ આદિ સાવદ્ય પ્રવૃત્તિને જોઇ તેઓએ તે માટે અનિચ્છા બતાવી ત્યારબાદ તેઓ પૂર્ણિમાગચ્છથી દૂર રહ્યા.

બ્રહ્મચર્યના દિવ્ય તેજથી ચળકતા લલાટવાળા અને સંયમના ઓજસથી ઓપતા દેહવાળા યુવાન શ્રી વિજયચંદ્ર ઉપાધ્યાયજી લાટ વિ. દૂર દૂરનાં દેશોમાં વિચરવા લાગ્યા. શ્રી ભાવસાગરસૂરિ પટ્ટાવલીમાં તેઓના ઉચ્ચ સંયમ જીવનની સ્થિતિનો આબેહૂબ ખ્યાલ આ પ્રમાણે આપે છે.

"વિજયચંદ્ર ઉપાધ્યાય પાંચ સમિતિની મર્યાદાવાળા, ત્રણ ગુપ્તિથી રક્ષાયેલા, અપ્રમાદી અને ચરણ-કરણસિત્તેરીના નિયમોથી દૃઢ હતા.. મધ્યાહ્ન સમયે તેઓ ગોચરી અર્થે નીકળતા."

લાટ વિ. ના ઉગ્ર વિહારો દરમ્યાન તેઓએ અનેક પ્રતિકૂલતાઓ સહન કરી. ચોમેર ચૈત્યવાસીઓ અને પાસત્થાઓની બહુલતાથી ક્રિયાઓ આચરણાઓ અંગે પણ ઠીક ઠીક શિથીલતાઓ પ્રવેશી ચુકી હતી. આની અસરથી ગૃહસ્થો પણ સાધુને શુદ્ધ આહાર-પાણી વ્હોરાવવા વિ. બાબતોમાં ગૃહસ્થો અનભિજ્ઞ હતા. શ્રી વિજયચંદ્ર ઉપા-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ધ્યાયજી વિ. વિહારોમાં શુદ્ધ આહાર પાણી પ્રાપ્ત ન થવાથી સમતાપૂર્વક તપોવૃદ્ધિ કરતા પણ અસૂજતા આહાર પાણી ન વ્હોરતા. તેઓને લાગ્યું કે "આચાર શિથિલતા અને અજ્ઞાનતાના મૂળ ખૂબ જ ઉંડા છે. તેને દૂર કરવા જબ્બર પુરૂષાર્થ કરવો પડશે. અંતે તેઓ દૃઢ નિશ્ચયી થયા.

શ્રી વિજયચંદ્ર ઉપાધ્યાયજી (શ્રી આર્યરક્ષિતસુરિ) એ ઉગ્ર તપ અને સાધનાનો માર્ગ પસંદ કર્યો. વિહાર કરતાં તેઓ પાવાગઢ પર્વત પર પરમાત્મા શ્રી મહાવીરદેવના જિન મંદિરમાં જિનબિંબોને વંદનાં કરી સંલેખના કરવાની ઇચ્છાથી તેઓએ ઉગ્ર તપનો આરંભ કર્યો. ઉપવાસ કરતાં તેઓએ એકમાસના ચોવિહારા ઉપવાસ કરી માસખમણનો ઉગ્ર તપ કર્યો.

એક વખત મહાવિદેહક્ષેત્રમાં વિચરતા પરમાત્મા શ્રી સીમંધરસ્વામીભગવંતને શાસનદેવી શ્રી ચક્રેશ્વરીદેવીએ કહ્યું કે પ્રભુ! આ કાળમાં ભરતક્ષેત્રમાં આગમપ્રણીત શુદ્ધમાર્ગ પ્રરૂપના અને આચરણા કરનાર કોઈ મુનિ છે કે નહીં? ભગવાને કહ્યું કે, હા પાવાગઢતીર્થ ઉપર સાગારી અનશન કરી રહેલા શ્રી વિજયચંદ્ર ઉપાધ્યાયજી આગમપ્રણીત વિધિ માર્ગને જાણે છે, આરાધે છે, તેમનાથી વિધિપક્ષનું પ્રવર્તન થશે. મહો. વિનયસાગરજી રચિત બૃહત્પટ્ટાવલીમાં આવું વર્ણન છે.

તસ્મિંશ્ચ કાલેડથ વિદેહવાસે સીમંધરસ્વામીનઃ ઇત્યવોચન્।
શ્રી ભારતે શ્રી વિજયાદિચંદ્રોય વિધિમાર્ગ પ્રકટી કરોતિ ॥૨૦॥

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રી ભાવસાગરસૂરિ રચિત પ્રાકૃત પટ્ટાવલીમાં આ મુજબ છે

કિરિયાઇ ગુણપસંસં ભણુઈ જિણો સાહુવિજયચંદસ્સ
અહુણા ભારહવાસે ઉદ્ધરિયા જેણ મુણિકિરિયા ॥૪૯॥

પ્રભુનાં શ્રીમુખથી ઉપરોક્ત સાંભળી શ્રી ચક્રેશ્વરીદેવી તરત જ પાવાગઢ પર આવી ગુરુને વંદના કરી પ્રશંસા કરતાં કહે છે કે–

ધન્યોડસિ પુણ્યોડસિ ચ દીર્ઘદર્શી પ્રશંસિત: પર્ષદિ તીર્થકૃદ્ભિ:

અર્થાત્ હે પૂજ્ય! આપ અનશન ન કરશો. આપ ખરેખર ધન્ય છો, પુણ્યવાન છો, દીર્ઘદર્શી છો આપ તીર્થંકર પરમાત્મા શ્રી સીમંધરસ્વામી દ્વારા પર્ષદામાં પ્રશંસા કરાયેલા છો. હે પૂજ્ય! આવતી કાલે સવારે ભાલેજથી યશોધન શ્રાવક સંઘ સહિત આવશે તે આપના ધર્મોપદેશથી પ્રતિબોધ પામશે તે આપને કલ્પે તેવું શુદ્ધ અન્ન-જળ વહોરાવશે. આપ પારણું કરશો. આપના હાથે જિનશાસનનો જય જયકાર થશે.' આટલું કહી શ્રી ચક્રેશ્વરીદેવી સ્વસ્થાને ગયાં.

બીજા દિવસની સૂર્યોદય વેળાએ સંઘપતિ યશોધન સંઘ સહિત પર્વત પર આવ્યો. દેવ–ગુરુના દર્શન–વંદન કરી તેણે ગુરુને આહાર પાણીનો લાભ આપવા વિનંતિ કરી. સંઘનું રસોડું તળેટીમાં હોઈ યશોધનના અતિ આગ્રહથી વિજયચંદ્ર ઉપાધ્યાય બીજે પહોરે ગોચરી વહોરવા પધાર્યા. યશોધનના હાથે અન્ન–જળ વહોર્યા બાદ શ્રી વિજયચંદ્ર ઉપાધ્યાયજીએ માસખમણના ઉગ્ર તપનું પારણું કર્યું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

યશોધન પુનઃ ગુરુ પાસે આવ્યો. ગુરુએ યશોધનને ધર્મોપદેશ આપ્યો તથા તે વખતે વધી રહેલી અવિધિથી પણ વાકેફ કર્યો. આથી યશોધન પ્રતિબોધ પામી ચોમેર વ્યાપેલ અવિધિથી હૃદયકંપ અનુભવી રહ્યો.

આપણે જોયું કે શ્રી આર્યરક્ષિતસૂરિના તપોબળથી શાસનદેવી શ્રી ચક્રેશ્વરી પ્રસન્ન થયાં. તેવી જ રીતે શ્રી મહાકાલીદેવી પણ પ્રસન્ન થયાના ઉલ્લેખો પ્રાચીન પટ્ટાવલીઓ માંથી પ્રાપ્ત થાય છે. વીરવંશાવલિકાર નોંધે છે કે 'આર્યરક્ષિતસૂરિને તપસ્વી અને જિતેન્દ્રિય જાણીને મહાકાલી દેવી તેમના ઉપર પ્રસન્ન થયાં. તેમજ પ્રગટ થઇને કહ્યું કે હું તમારા સંઘનું કલ્યાણ કરીશ. શ્રી લાવણ્યચંદ્ર રચિત પટ્ટાવલીમાં ઉલ્લેખ છે કે–

તાન્વીક્ષ્યોગ્રતપઃ ક્રિયાં વિરચયત: પાવાદ્રિશૃંગસ્થિતા: ।
તુષ્ટા તુર્ય જિનેશ શાસનસૂરી શ્રી કાલિકાદ્દાદ્ વરમ્ ॥૨૭॥

ત્વમાર્યંતો રક્ષિત ઈત્યભિખ્યયા ગચ્છસ્તવ સ્તાદ્ વિધિપક્ષસંજ્ઞઃ
ચક્રેશ્વરી ચાહમુભે સ્વઉદ્યતે ભાવત્વકસંઘસમૃદ્ધિકારકે ॥૨૮॥

અર્થાત્ઃ "ગુરુને ઉગ્રતપસ્વી અને ક્રિયાપાત્ર જાણીને ચોથા શ્રી અભિનંદનસ્વામીનાં શાસનદેવી અને પાવાગઢના શીખર પર રહેનારી શ્રી કાલિકા સંતુષ્ટ થઇ અને વરદાન આપ્યું, તથા વધારામાં કહ્યું કે તમે મુનિઓની–આર્યોની સમાચારીથી રક્ષિત છો, માટે જ તમે "આર્ય રક્ષિત"



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

છો. તેમજ તમારા ગચ્છનું નામ "વિધિપક્ષ" થાઓ. ચક્રેશ્વરી તથા હું તમોને સહાયક થશું, તમારા સંઘની સમૃદ્ધિ વધારનારી બનશું.

પાવાગઢતીર્થ પર શ્રી વિજયચંદ્ર ઉપાધ્યાયજી (આર્યરક્ષિતસૂરિ) અને યશોધનનું સુભગ મિલન થયું, અને તે યશોધન વિધિપક્ષ (અચલ) ગચ્છના પ્રથમ શ્રાવક તરીકે પ્રસિદ્ધિ પામ્યો. તેમજ પાવાગઢ તીર્થ પર આ ઐતિહાસિક ઘટના બની હોય અને આ તીર્થ શ્રી આર્યરક્ષિતસૂરિની તપોભુમિ હોય આ ગચ્છના ઇતિહાસમાં આ પાવાગઢતીર્થનું અપ્રતિમ સ્થાન છે. આ સ્થળ શ્રી મહાકાલીદેવીના સ્થાન તરીકે પ્રખ્યાત હોઈ તેમજ ઉપરોક્ત ઘટનાઓ જોતાં શ્રી મહાકાલીદેવી ગચ્છનાં અધિષ્ઠાયિકા તરીકે સ્થાન પામ્યાં એ હકીકત છે.

શ્રી યશોધન સહિત સંઘના આગ્રહથી શ્રી વિજયચંદ્ર-ઉપાધ્યાય ભાલેજ પધાર્યા. ઉપાધ્યાયજીના ગુરુ શ્રી જયસિંહ-સૂરિને પણ યશોધને બહુમાન પૂર્વક ભાલેજ પધરાવ્યા. શ્રી સંઘના આગ્રહથી ભાલેજમાં સં. ૧૧૬૯ માં ચરિત્ર નાયકના ગુરુવર્ય શ્રી જયસિંહસૂરિએ ઉપાધ્યાય શ્રી વિજય ચંદ્રજીને સૂરિપદ આપી શ્રી આર્યરક્ષિતસૂરિ એવું નામ આપ્યું. સૂરિપદ પ્રસંગે યશોધને એક લાખ ટંક ખરચી અનેરો લ્હાવો લીધો. ત્યારબાદ અલ્પ સમયમાં શ્રી જય-સિંહસૂરિ કાળધર્મ પામ્યા. શ્રી આર્યરક્ષિતસુરિના ઉપદેશથી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

યશોધને પોતાના ભાલેજ નગરમાં [illegible]ની યુક્તિ જેવો ભવ્ય અને વિશાળ આદિનાથ પ્રભુનો જિનાલય બંધાવ્યો.

'વિહિપુવ્વં સુપઇટ્ઠા બંભવયસાવએહિં કારવિયા'

અર્થાત્ તેની પ્રતિષ્ઠા અટ્ઠમ તપ તથા બ્રહ્મચર્યના પાલન કરનારા શ્રાવકોના હાથે શાસ્ત્રોક્ત વિધિ મુજબ પ્રતિષ્ઠા કરવામાં આવી.

શ્રી આર્યરક્ષિતસૂરિના ઉપદેશથી શ્રી યશોધને પ્રતિષ્ઠા કરવા માંડી. તેને અટકાવવા શ્રી હેમચંદ્રાચાર્યના ગુરુ સંગમખેડીઆ દેવેન્દ્રસૂરિ, આશાપલ્લીયા મલયચંદ્રસૂરિ, પીપલ્લીઆ શાંતિસૂરિ આદિ મોટા આચાર્યો ત્યાં ભેગા થયા અને જોરશોરથી વિરોધ કરવા લાગ્યા કે આ વળી કેવું નવું તૂત ઉભું કર્યું છે કે શ્રાવક પ્રતિષ્ઠા કરે.

આ વિરોધવંટોળથી પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત વડોદરા, મંદોર, ખંભાત અને નાહપા વિ. ના સંઘો ચિંતીત બની ગયા, પણ જાહેરમાં શ્રી આર્યરક્ષિસૂરિએ આગમના પાઠો ટાંકીને સંઘોને અને લોકોને સમજાવ્યું કે સુવિહિત સાધુઓ પ્રતિષ્ઠા ન કરી શકે. ત્યાં તો શ્રી ચક્રેશ્વરી દેવીએ ત્રણવાર આકાશવાણી કરી કે અહો લોકો ! આ વિધિ માર્ગ સિદ્ધાન્તોક્ત સર્વજ્ઞ કથિત છે અને શાશ્વત છે, એમાં કોઇએ શંકા ન કરવી. એમાં સ્વયં બ્રહ્મા પણ વિઘ્ન કરી શકે એમ નથી. ભાવસાગરસૂરિ રચિત પટ્ટાવલીમાં આ મુજબ છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પાખંડી હરિસણેહિં કઓવસગ્ગા સુનિષ્ફલા જાયા ।
ચક્કેસરિ વયણેણુ વિ જાઓ વિહિપક્ખગણુતિલઓ ॥ ૮૪ ॥

અર્થાત્ પ્રતિષ્ઠા વખતે અનેક પાખંડીઓ અનેક વિઘ્નો કર્યા પણ તે બધા નિષ્ફળ થયા. શ્રી ચક્રેશ્વરીના વચનથી શ્રી આર્યરક્ષિતસુરિ વિધિપક્ષ ગચ્છના નાયક થયા.

આ રીતે ભાલેજ નગરમાં અનેક સંઘો અને વિરાટ માનવ મેદનીની ઉપસ્થિતિમાં 'વિધિપક્ષગચ્છ' ની વિજય-નાદપૂર્વક સ્થાપના અને ઉદ્ઘોષણા થઈ. આથી વિરોધીઓ આગમજ્ઞાન અંગે પોતાની અજ્ઞાનતાથી લજ્જા પામ્યા ભાલેજ નગર સહિત તે પ્રસંગે આવેલા બધા સંઘો આગમતત્ત્વને પામ્યા. તે પછી ખૂબ જ ઠાઠથી પ્રતિષ્ઠાનો મહોત્સવ ઉજ-વાયો. યશોધને આ પ્રસંગે ખૂબ જ ધન ખરચ્યું.

શ્રી આર્યરક્ષિતસૂરિએ સં. ૧૧૬૯ માં આગમમાન્ય ૭૦ બોલની પ્રરૂપણા કરી અને 'વિધિપક્ષગચ્છ'નું પ્રવર્તન કર્યું.

શ્રી આર્યરક્ષિતસૂરિએ પ્રરૂપેલ સમાચારી આગમ માન્ય હોઇ તે વખતના અનેક ભવભીરૂ આચાર્યોએ અને સુવિ-હિત ગચ્છોએ વિધિપક્ષ ગચ્છનો કે તેની સમાચારીનો આદર પૂર્વક સ્વીકાર કર્યો. શંખેશ્વરગચ્છ, વલ્લભીગચ્છ, નાણકગચ્છ, નાડોલગચ્છ, ભીન્નમાલગચ્છ વિગેરે ગચ્છોએ સંપૂર્ણ સમા-ચારી સ્વીકારી. ઝાલોરીગચ્છ, ઝાડાપલ્લીયગચ્છ, આગમગચ્છ પૂર્ણિમાગચ્છ અને સાર્ધપૂર્ણિમાગચ્છના નાયક આચાર્યોએ પણ આ ગચ્છની કેટલીક સમાચારીનો સ્વીકાર કર્યો. જેઓએ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વિધિપક્ષ ગચ્છની સંપૂર્ણ સમાચારીને સ્વીકારી તેઓ શ્રી આર્યરક્ષિતસૂરિના સમુદાયમાં આવી ગયા. તેઓના શ્રાવકો પણ વિધિપક્ષ ગચ્છના અનુયાયી બન્યા.

ભાલેજની પ્રતિષ્ઠા બાદ ત્યાંના આગ્રહથી શ્રી આર્યરક્ષિતસૂરિએ તે સાલનું ચાતુર્માસ પણ ત્યાં કર્યું બાદ તેઓના ઉપદેશથી તેઓશ્રીની નિશ્રામાં શ્રી શત્રુંજય મહાતીર્થનો સંઘ કાઢ્યો આ સંઘમાં શ્રી મહાકાલી દેવીએ બેવાર શ્રી આર્યરક્ષિતસુરિની પરીક્ષા કરી પણ ગુરુને દૃઢ વ્રતવાળા જાણીને શ્રી મહાકાલીદેવીએ પ્રસન્ન થઈને વરદાન આપ્યું, શ્રી શત્રુંજય તીર્થના પગપાળા સંઘની નિર્વિઘ્નતાએ સમાપ્તિ થઇ.

બાદ શ્રી આર્યરક્ષિતસુરિ શુદ્ધરીતે ચારિત્ર પાળતા સર્વત્ર જિનધર્મનો ઉપદેશ આપતા અનુક્રમે વિહાર કરતા બિઉણુપ (બેણુપ) નગરમાં પધાર્યા. સંઘે તેઓનું ભવ્ય સામૈયું કર્યું. ત્યાં તેઓ દરરોજ ધર્મોપદેશ આપવા લાગ્યા.

તે નગરીમાં અઢાર પ્રદેશોમાં વિખ્યાત શ્રીમાલી કપર્દી (કોડી) વ્યવહારી રહેતો હતો તેના પિતાનું નામ શંકાં (વંકા) શાહ હતું. આ કપર્દીની સમૃદ્ધિનો ચીતાર ગચ્છ નાયક ગુરુરાસમાં આ પ્રમાણે છે.

જસ મંદિરી ચઉરાસી બાર ઘર સઇ ઘોડી પંચ વિયાઉ ।
વેલાઉલી અઢારિ વિદીતઉ દાન તણઇ બલિ દૂસમ જિતઉ ॥

શ્રી ભાવસાગરસૂરિ વીરવંશપટ્ટાવલીમાં આ પ્રમાણે ઉલ્લેખ છે—

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તત્થટ્ઠારસવેલાકૂલ સુવિક્ખાય કઉડિ વ્યવહારી ।
ગુરુવયણેણં બુદ્ધો સકુટું બો સાવઓ જાઓ ॥ ૮૬ ॥

આવી સમૃદ્ધિવાળો કોટ્યાધિપતિ કોડી વ્યવહારી શ્રી આર્યરક્ષિતસૂરિના ઉપદેશથી કુટુંબ સહિત પ્રતિબોધ પામ્યો અને શ્રાવક બન્યો. એટલું જ નહીં પણ શ્રી જિનશાસનનો ઉદ્યોત થાય તેમ થયું.

તસ્સ સુયા સમયસિરી ઇગ કોડી ટંકમુલ્લલંકારં ।
પરિહારય ગહિયદિક્ખા પણુવીસસહીહિં પરિવરિયા ॥ ૮૭ ॥

તે કપર્દી વ્યવહારીની સોમાઇ નામે પુત્રી હતી. તે કરોડના મુલ્યનાં સોનાનાં ઘરેણા (આભૂષણો) પહેરતી. શ્રી આર્યરક્ષિતસુરિનો ઉપદેશ સાંભળી સોમાઈએ બધા અલંકારો વિ. તજી પોતાની પચીસ સખીઓ સાથે દીક્ષા લીધી. દીક્ષા લીધા બાદ સોમાઈનું નામ 'સમયશ્રી' રાખવામાં આવ્યું. આ સાધ્વીશ્રી સમયશ્રીજી શ્રી આર્યરક્ષિતસૂરિના સમુદાયના અર્થાત્ શ્રી વિધિપક્ષ (અચલ) ગચ્છના સર્વ પ્રથમ મહત્તરા સાધ્વી તરીકે વિરલ કીર્તિ પામ્યાં. આ દીક્ષા પ્રસંગે બીજા ઘણા ભવ્યાત્માઓએ સાધુ–શ્રાવકનાં વ્રતો સ્વીકાર્યાં. કેટલાક જૈનેતરોએ મિથ્યાત્વનો ત્યાગ કરી જૈન બન્યા હતા.

આ કપર્દી સિદ્ધરાજ જયસિંહરાજાના દંડ નાયક મંત્રી હતા. તેના કાર્યોથી પ્રસન્ન થઈ રાજાએ તેને અઢાર ગામો ભેટ આપ્યાં હતાં. આ મંત્રી કપર્દીના મુખથી સૂરિના ત્યાગમય જીવનની પ્રશંસા સાંભળી રાજા સિદ્ધરાજજયસિંહે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રી આર્યરક્ષિતસૂરિને પાટણ બોલાવી તેઓનું ઘણું જ સન્માન કર્યું. સિદ્ધરાજ જયસિંહ પુત્રકામેષ્ઠિ યજ્ઞ કરાવતા હતા ત્યારે યજ્ઞશાળામાં એક ગાય મૃત્યુ પામી. એ મરેલી ગાયને જીવતી બહાર કાઢવી જોઇએ. એવા વિચારથી રાજાએ શ્રી આર્યરક્ષિતસૂરિને વિનંતિ કરી. શાસનપ્રભાવનાનું કાર્ય જાણી શ્રી આર્યરક્ષિતસૂરિએ પરકાયપ્રવેશિની વિદ્યાથી ગાયને જીવતી બહાર કાઢી. આ પ્રસંગથી ચમત્કુત થયેલ શ્રી સિદ્ધરાજ જયસિંહ રાજાએ શ્રી આર્યરક્ષિતસૂરિને કહ્યું કે આપ આપના વચનમાં અચલ (નિશ્ચલ) છો જેથી આપનો સમુદાય 'અચલગચ્છ' તરીકે પ્રસિદ્ધ થાઓ. શ્રી આર્યરક્ષિતસૂરિના દર્શન માટે શ્રી સિદ્ધરાજ જયસિંહે તેઓની મૂર્તિ ચિત્રપટમાં ચિતરાવી અને પોતાના મહેલમાં ઉચિત સ્થાને તે ચિત્રપટ રખાવ્યો. આ રીતે રાજા જયસિંહ અને શ્રી આર્યરક્ષિતસૂરિના પરિચયમાં મંત્રી કપર્દી નિમિત્ત બનેલ. મંત્રી કપર્દીએ પાટણમાં એક ભવ્ય અને મનોહર જિનમંદિર બંધાવેલ.

એક વખત પરમાર્હત કુમારપાલ રાજાની સભામાં શ્રી હેમચંદ્રસૂરિ, શ્રી આર્યરક્ષિતસૂરિ આદિ ધર્મચર્ચા કરતા હતા. તે વખતે યોગાનુયોગ મંત્રી કપર્દી આવી ચડ્યો. તેણે ઉત્તરાસંગના છેડાથી ભૂમિને પ્રમાર્જીને વસ્ત્રાંચલથી વંદના કરી. વંદનાની આ રીત જોઇ કુમારપાલ રાજાએ આશ્ચર્ય ચકિત બનીને શ્રી હેમચંદ્રાચાર્યને તે વિષે પૂછ્યું કે વંદન કરવાની આ વિધિ શું શાસ્ત્રોક્ત છે? જવાબમાં કલિકાલ સર્વજ્ઞ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રી હેમચંદ્રસૂરિએ કહ્યું કે હા. આ વિધિ શાસ્ત્રોક્ત છે. આ પ્રસંગથી કુમારપાલ રાજાએ કહ્યું કે વિધિપક્ષગચ્છનું બીજું નામ અંચલગચ્છ થાઓ. ઉપરોક્ત ઘટનાઓથી વિધિ-પક્ષગચ્છનું અચલ કે અંચલગચ્છ એવું અપર નામ પ્રસિદ્ધ છે.

શ્રી ભાવસાગરસૂરિ રચિત ગુર્વાવલીમાં આ પ્રમાણે વર્ણન છે–

અહ અન્નયા નરેસો મુહપત્તીએ કરેઈ કિઇકમ્મં ।
વિહિપક્ખ કવડિ સાવય ઉત્તસંગેણ તં વિયરઈ ॥ ૧૦૯ ॥

એયં કિમિઇ નિવેણુય પુટ્ઠો સિરિ હેમસૂરિ વચ્ચેઇ ।
જિણવયણે સા મુદ્દા પરંપરા એસ તુમ્હાણં ॥ ૧૧૦ ॥

તત્તો ભણઇ રાયા પરંપરામગ્ગઓ ય એગત્થ ।
કીરઇ સૂરિ વચ્ચઇ મહિમા સિરિ વિજય ચંદસ્સ ॥ ૧૧૧ ॥

સીમંધર વયણાઓ ચક્કેસરિ કહણ સુદ્ધ કિરિયાએ ।
સિદ્ધન્ત સુત્તરત્તો વિહિમગ્ગં સો પગાસેઈ ॥ ૧૧૨ ॥

પચ્છા નિવેણ તસ્સ વિ અંચલગણ નામ સિરિપહેણ કયં ।
તિમિરપુરે ગંતૂણ વંદઈ સુગુરું સુભત્તીએ ॥ ૧૧૩ ॥

અર્થાત હવે બીજે સમયે કુમારપાલ રાજા મુહપત્તીથી શ્રાવકનું આવશ્યક કર્મ (ગુરુવંદન) કરે છે. ત્યારે વિધિ-પક્ષગચ્છનો કપર્દી શ્રાવક ઉત્તરાસંગ (ખેશ)નો ગુરુવંદનમાં ઉપયોગ કરે છે આ કેવી રીત છે? એમ કુમારપાલ રાજાએ પૂછયું ત્યારે શ્રી હેમચંદ્રસૂરિજીએ કહ્યું કે આ ઉત્તરાસંગ (વસ્ત્રાંચલ) નો ઉપયોગ એ જિનવચન મુજબ જ છે. તમારી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(શ્રાવકો)ની આ જ પરંપરા છે. ત્યારે રાજા કહે છે કે જો આ પરંપરા માર્ગ હોય તો તેને એકત્ર કરીશું. ત્યારે શ્રી હેમચંદ્રસૂરિજીએ શ્રી વિજયચંદ્રસૂરિનો અર્થાત્ શ્રી આર્યરક્ષિતસૂરિનો મહિમા (જિનાજ્ઞાપાલન ગુણ) કહે છે કે શ્રી સીમંધર પ્રભુના વચનથી શ્રી ચક્રેશ્વરી દેવીના કથન મુજબ શુદ્ધ ક્રિયાવાળા શ્રી આર્યરક્ષિતસૂરિજી સિદ્ધાન્તો અને આગમોમાં તલ્લીન રહ્યા છતાં વિધિમાર્ગનો પ્રકાશ કરે છે, પછી કુમારપાલ રાજાએ વિધિપક્ષગચ્છનું અંચલગચ્છ એવું નામ જાહેર કર્યું અને પૂર્ણભક્તિથી તિમિરપુરમાં જઇને તેમણે સુગુરુ એવા શ્રી આર્યરક્ષિતસૂરિને વંદના કરી.

શ્રી આર્યરક્ષિતસૂરિ વિહાર કરતાં સંવત ૧૧૭૨ માં સિંધના પારકરદેશમાં આવેલા સુરપાટણ નગરમાં પધાર્યા. તે વખતે કોઈ દુષ્ટ યક્ષની કુદૃષ્ટિથી તે નગરમાં મરકી રોગ ફાટી નીકળ્યો આથી તે નગરીનો રાજા મહિપાલ અત્યંત ચિંતાતુર હતો મરકીને દુર કરવા રાજાએ અનેક પ્રયત્નો કર્યા પણ ઉપદ્રવની શાંતિ થઇ નહી. તે રાજાનો મંત્રી ધરણા જિનધર્માનુરાગી હતો. પોતાના નગરમાં મહાપ્રભાવક, ઉગ્રતપસ્વી શ્રી અર્યરક્ષિતસૂરિને પધારેલા જાણી રાજાને લઈ મંત્રી ધરણા ઉપાશ્રયે આવ્યો સૂરિજીને વંદના કરી અને ઉપદ્રવની હકીકત કહી આથી શાસન પ્રભાવનાનું નિમિત્ત જાણી શ્રી આર્યરક્ષિતસૂરિએ મંત્રીત જળ આપ્યું. તેનો આખી નગરીમાં છંટકાવ કરવામાં આવ્યો. તરત જ ઉપદ્રવ દૂર થયો. આથી રાજા પ્રતિ-



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બોધ પામ્યો. તેમણે ગુરુચરણે કિંમતી ભેટણું ધર્યું, પણ ગુરુએ તેનો અસ્વીકાર કર્યો. ગુરુની નિઃસ્પૃહતાથી રાજા વિશેષ પ્રભાવિત થયો. તે ધનથી રાજાએ તેજ નગરમાં શ્રી શાંતિનાથ પ્રભુનું જિનાલય બંધાવીને તેની પ્રતિષ્ઠા કરાવી. રાજા મહિ-પાલે પોતાના પુત્ર ધર્મદાસ સહિત જૈન ધર્મ સ્વીકારતાં મંત્રી ધરણાએ પોતાની પુત્રીને રાજકુમાર સાથે પરણાવી રાજા મહિપાલને ઓશવાળ જ્ઞાતિમાં ભેળવી દેવામાં આવ્યા. રાજપુત્ર ધર્મદાસને ચંદેરીનું રાજ્ય મળ્યું હતું અને તેણે સમ્યક્ત્વ સહિત બાર વ્રતો સ્વીકાર્યાં હતાં. આ રાજા ધર્મ-દાસ દીલ્હીના રાજા પૃથ્વીરાજનો ખૂબ માનીતો હતો. ધર્મ-દાસના મુખથી શ્રી આર્યરક્ષિતસૂરિની પ્રશંસા સાંભળી રાજા પૃથ્વીરાજે તેઓને દીલ્હી તેડાવીને તેઓની ભક્તિ કરી હતી. આ વખતે રાજા પૃથ્વીરાજ જૈનધર્મ પ્રત્યે વિશેષ આકર્ષાયો હતો. શ્રી આર્યરક્ષિતસૂરિ ત્યારે દીલ્હીમાં રાજાના આગ્રહથી થોડો વિશેષ સમય સ્થિર રહેલા.

ઉપરોક્ત રાજા મહીપાલના વંશજો મીઠડીઆ ગોત્રથી પ્રસિદ્ધ થયા હતા. તથા પેટાશાખા તરીકે દધિપદ્ર મીઠડીઆ, તાતોલ, પરમાર, ગોખરી અને દેવાનંદસખા દેવાણી, તાલાણી, ભારાણી, સરવાણી, વહોરા વિ. ઓડકો પણ થઇ હતી.

વિ. સં. ૧૨૧૦ માં શ્રી આર્યરક્ષિતસૂરિજી મારવાડમાં આવેલા ભીન્નમાલ નગર પાસેના રતનપુર ગામમાં પધાર્યા. ત્યાંનો પરમાર વંશીય રાજા હમીરજીનો પુત્ર જેસંગદેનું ગમે તે કારણે અપહરણ થઈ ગયું. ઘણી શોધ કરવા છતાં તે ન

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મલ્યો. તે નગરમાં પધારેલા શ્રી આર્યરક્ષિતસૂરિને પ્રભાવક જાણી તેઓને વંદન કરવા ઉપાશ્રયે ગયો અને તેઓને વિનંતિ કરી કે ગમે તે ઉપાયે પણ અમારા જેસંગદેને આપ શોધી આપો. શ્રી આર્યરક્ષિતસૂરિના પ્રયત્નોથી રાજપુત્ર જેસંગદે મળી આવ્યો અને પુત્ર સહિત રાજાએ જૈનધર્મ સ્વીકાર્યો. ગુરુના ઉપદેશથી તેઓને ઓશવાળ જ્ઞાતિમાં ભેળવી દેવામાં આવ્યા. શ્રી આર્યરક્ષિતસૂરિએ જેસંગદે પર વાસક્ષેપ નાખી એવા આશીર્વાદ આપ્યા કે આ રાજપુત્ર કોઈ પણ રોગી માણસ પર હાથ ફેરવશે તેનો રોગ તથા ગમે તેવું વિષ પણ દૂર થશે. તે રાજપુત્ર મોટો થવાથી તેના ગુણોની લોકમાં પ્રશંસા થવા લાગી જેથી રાઉત જેસંગદેના વંશજો સહસ-ગણા ગાંધીથી ઓળખાવા લાગ્યા. રાઉત હમીરે તથા જેસં-ગદેએ બારવ્રતો સ્વીકાર્યાં, રાઉત જેસંગે તો શત્રુંજયતીર્થનો મોટો સંઘ કાઢ્યો. સોના મહોરોની લહાણી કરી, ૮૪ ગચ્છોમાં પહેરામણી કરી, જિનાગમના ગ્રંથો લખાવ્યા, જેસંગદેનાં બીજાં નામો સખતસંઘ તથા માલદે હતાં. માલદે ઉપરથી તેના વંશજો એ નામના ગોત્રથી પ્રસિદ્ધ થયા, માલદેના વંશજો પારકરથી કચ્છ આવીને વસ્યા.

શ્રી આર્યરક્ષિતસૂરિએ તો વિધિમાર્ગનું પ્રવર્તન કર્યું અને પોતાના જ્ઞાન અને તપના બળથી તેનો અભિતઃ પ્રચાર કર્યો. પણ આ પાયાને સુદ્રઢ કરવાનો યશ તેઓના યશસ્વી પટ્ટધર શિષ્ય શ્રી જયસિંહસૂરિને ફાળે જાય છે.

શ્રી આર્યરક્ષિતસૂરિના શિષ્ય પરિવાર અંગે વિશેષ જાણી શકાતું નથી, પણ વિશાળ પરિવાર સૂચવતી સંખ્યા જરૂર

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રાપ્ત થાય છે.તેઓનો કુલ્લ સાધુ સાધ્વીનો પરિવાર ૩૫૧૭ જેટલો હતો. તેમાં ૨૨૦૨ સાધુઓ અને ૧૩૧૫ સાધ્વીજીઓ હતાં. તેમાં ૧૨ આચાર્ય પદ, ૨૦ ઉપાધ્યાય પદ, સીત્તેર પંડિત પદ, ૩૦૦ સાધ્વીજીને મહત્તરા પદ અને ૮૨ સાધ્વી-જીને પ્રવર્તિની પદ આપેલ હતું સાધ્વીઓમાં મૂખ્ય મહત્તરા સાધ્વી સમયશ્રી હતાં. શ્રી જયસિંહસુરિ સિવાય તેઓને અન્ય શિષ્યો કે આચાર્યો વિશે જાણી શકાતું નથી. મોઢેરાની સં. ૧૨૩૫ ની પ્રતિમામાં નિર્દિષ્ઠ શ્રી સંઘપ્રભસૂરિજી તેઓના પરિવારના હોવાનો સંભવ છે.

બાડમેર ( રાજ. )ના એક ગુરાંસા ( વહીવંચા ) પાસેની વહીઓ પૈકીની એક વહીમાંથી એવી નોંધ મળે છે કે શ્રી આર્યરક્ષિતસૂરિના ઉપદેશથી અનેક સ્થળે જિનમંદિરો બંધા-ચેલા એક વખતે તેઓએ ભદ્રેશ્વર વિગેરે ચૌદ સ્થળોમાં પ્રતિષ્ઠા પ્રસંગે ચૌદ રૂપો કરી પોતાની ઉપસ્થિતિ–નિશ્રા આપી હતી.

સં. ૧૦૦૭ માં ભીન્નમાલનો રાજા સોમકરણ અચલગચ્છી વલ્લભી શાખાના શ્રી જયપ્રભસૂરિજીના ઉપદેશથી જૈન બન્યો હતો, પણ સં. ૧૧૧૧માં ભીન્નમાલનો નાશ થતાં તેના વંશજ રાય ગાંગા બાહડમેર જઇને વસ્યા હતા. ત્યાંના રાજા દેવડે રાય ગાંગાના પુત્ર મુનિચંદ્રને 'સેલહોત' પદ આપ્યું હતું. મુનિચંદ્રનો ગુણચંદ્ર નામે પુત્ર હતો. એક વખત શ્રી આર્યરક્ષિતસુરિ બાહડમેર પધાર્યા. તેમના ઉપદેશથી તથા શ્રી જયસિંહસૂરિની પ્રેરણાથી સં. ૧૨૧૬માં ત્યાંના

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સંઘ દ્વારા ગુણચંદ્રને ઓશવાળ જ્ઞાતિમાં ભેળવી દેવામાં આવ્યો. આ વંશના કિરાડુઈ ગામમાં આલ્હા નામે ભાગ્યશાળી પુરુષ થઈ ગયો. તે ગામમાં ઓશવાળોના સાતસો પચીસ ઘરો હતાં. તેમાં આલ્હાનું કુટુંબ 'વડું' કહેવાતું. તેમાં દુષ્કાળ વિ. પ્રસંગોએ આલ્હાએ પુષ્કળ ધન ખરચ્યું જેથી તેઓથી 'વડેરા' ગોત્ર પ્રસિદ્ધિમાં આવ્યું.

એવી જ રીતે એ અરસામાં મંત્રી ભાટા માંડવગઢનો અંચલગચ્છીય શ્રાવક હતો. તેણે સંભવતઃ શ્રી આર્યરક્ષિતસૂરિના ઉપદેશથી શ્રી શત્રુંજય તીર્થ પર જિનબિંબની પ્રતિષ્ઠા કરાવી હતી.

પ્રાગ્વાટ વામંગા ગોત્રીય મંત્રી ખેતલ અને ખેતલદે શ્રી આર્યરક્ષિતસૂરિના પરમ ભક્ત હતા.

શ્રી આર્યરક્ષિતસૂરિએ પ્રવર્તાવેલ વિધિપક્ષ (અચલ) ગચ્છની સમાચારી અંગે સંક્ષિપ્ત નોંધ લેવી અહીં ઉચિત થશે. મુનિ જિનબિંબની પ્રતિષ્ઠા ન કરે, દીપપૂજા, ફળપૂજા, બીજપૂજા, અને બલીપૂજા ન કરવી. અક્ષત પૂજા કે પત્રપૂજા કરી શકાય, સામાયિક સવારે સાંજે એમ બે ટાઈમ બે ઘડીનું કરે, શ્રાવક વસ્ત્રાંચલથી ક્રિયા કરે, ઉપધાન માલારોપણ કરવાં નહીં, નવકારમાં 'હોઇ મંગલં' કહેવું, પૌષધ પર્વ દિવસે કરવું, ચોમાસી પાખી પુનમે કરવી, સંવત્સરી અષાઢી પૂનમથી પચાસમે દિવસે કરવી અને અભિવર્ધિત વરસમાં વીસમા દિવસે કરવી, અધિક માસ પોષ કે આષા-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઢમાં જ થાય, સ્ત્રીઓએ મુનિને ઊભે ઊભે જ વાંદવું, ત્રણ થોય કહેવી, મુનિને વંદન કરતાં એક ખમાસમણ દઈ શકાય વિગેરે.

ઉપરોક્ત સમાચારીનું વર્ણન શ્રી આર્યરક્ષિતસૂરિના પ્રશિષ્યો શ્રી ધર્મઘોષસૂરિ, શ્રી મહેન્દ્રસિંહસૂરિ દ્વારા રચિત શતપદી ગ્રંથમાં આગમપ્રમાણ સહિત કરવામાં આવેલું છે. શ્રી આર્યરક્ષિતસૂરિ દ્વારા પ્રરૂપિત સમાચારી વિધિપક્ષ ( અચલ ) ગચ્છની સમાચારી ભલે હોય પણ તે શ્રી સર્વજ્ઞ ભગવંત દ્વારા શાસ્ત્રોમાં ગુંફિત હોઇ જિનશાસનની જ સમાચારી છે એ હકીકતનો સ્વીકાર કરવો રહ્યો તે વખતે શાસ્ત્ર વિરૂદ્ધ પ્રરૂપણાઓ થઈ રહી હતી તેની સામે શ્રી આર્યરક્ષિતસૂરિએ આગમનું તત્ત્વ રજૂ કરી અપ્રતિમ ઉપકાર કર્યો છે.

વિધિપક્ષ (અચલ ) ગચ્છના પ્રથમ શ્રાવક શ્રી યશોધન ભણુશાલી ખૂબ જ શક્તિશાળી શ્રાવક હતો. શ્રી આર્યરક્ષિત-સૂરિ અને એમના સમાગમ વિશેની વિગતનું પુનરાવર્તન અત્રે અનાવશ્યક છે. યશોધને ભાલેજ ઉપરાંત વડોદરા, નાડપા વિગેરે સાત ગામોમાં સાત જિનાલયો બંધાવ્યાં હતાં. યશોધનના વંશજ મંત્રી સલખૂએ જુનાગઢમાં શ્રી આદિનાથનો વિશાળ જિનાલય બંધાવ્યો. પાટણમાં ચોર્યાસી પૌષધશાળાઓમાં કલ્પ મહોત્સવ ઉજવી ઘણું જ ધન ખરચ્યું યશોધનના વંશ જ ભીમાના ભાઈ ભાણાના સંતાનો કચ્છી ઓશવાળ થયા. સં. ૧૨૯૫ માં રીડાના પુત્ર જીવાશાહે શ્રી શંખેશ્વર તીર્થના જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવેલ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અચલગચ્છ, વિધિપક્ષગચ્છ પ્રવર્તક શ્રી આર્યરક્ષિતસૂરિ ગુજરાત, સોરઠ, સિંધ, મારવાડ, માલવા, ઉત્તર–દક્ષિણ ભારત આદિ પ્રદેશોમાં ઉગ્ર વિહારો કરી તેઓએ જિન શાસનની ઉન્નતિમાં પોતાનો મહત્વનો ફાળો નોંધાવ્યો. તેઓએ સ્થાપેલ અચલગચ્છ વિધિપક્ષ (અંચલ) ગચ્છ બાદ તેઓ લગભગ નવેક શતાબ્દિઓ પસાર થવા છતાં પોતાનું સ્વતંત્ર અને વિશાળ અસ્તિત્વ ટકાવી શકયો એ પરથી એ યુગ-પ્રવર્તક શ્રી આર્યરક્ષિતસૂરિના વિરાટ વ્યક્તિત્વનું અને અપ્રતિહત તપોબળનું સૂચન થાય છે, તેમજ વર્તમાનકાલીન આ ગચ્છની સ્થિતિ જોતાં ભાવિ માટે પણ શ્રી જિનશાસનની ઉન્નતિમાં પોતાનો મહત્ત્વનો હિસ્સો નોંધાવશે. એ દ્વારા ભારતીય અને ધાર્મિક સંસ્કૃતિના રક્ષણ અને સંગઠનમાં સદૈવ આશાસ્પદ રહેશે એ ભાવના રાખવી અનુચિત નથી જ.

શ્રી આર્યરક્ષિતસૂરિ વિ. સં. ૧૨૩૬ માં બનાસકાંઠાના બેણુપમાં સો વરસની ઉંમરે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેમની વિદાયથી ભારતવર્ષે એક યુગપુરુષ ખોયો. શ્રી જિન-શાસને પોતાનો એક આધારસ્થંભ ખોયો.

અહીં એક વાતનો નિર્દેશ કરવો અભિષ્ટ છે કે તપા-ગચ્છની પટ્ટાવલિમાં વિધિપક્ષ ( અચલ ) ગચ્છની સ્થાપના સં. ૧૨૧૩ બતાવવામાં આવે છે જે સર્વથા અસ્વીકાર્ય છે. અનેક ઇતિહાસના સાધનો દ્વારા એ નિર્વિવાદ સિદ્ધ છે કે આ ગચ્છની સ્થાપના સં. ૧૧૬૯ માં થયેલ છે. બીજી વાત એ કે અન્ય ગચ્છોએ આ ગચ્છનું ઉગ્ર ખંડન કરતાં અનેક ગ્રંથો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

લખ્યા છે. પણ આ ગચ્છના કોઈ આચાર્ય કે મુનિએ એકે ખંડનાત્મક ગ્રંથ લખ્યો નથી. આ હકીકત આ ગચ્છ માટે ગૌરવપૂર્ણ અને નોંધનીય છે. વિરોધ કરવા કરતાં જિનાજ્ઞા મુજબ જિનાગમ વિચારો સમ્મત સર્જન કર્યે જવું એ આ ગચ્છના આચાર્યોની વિશિષ્ટ બાજુ છે. 'પ્રવચન પરીક્ષા' અપર નામ 'કુપક્ષ કૌશિક સહસ્રકિરણ' (રચના સં. ૧૬૨૯) નામનો ગ્રંથ પોતાના ગચ્છ સિવાય બીજા બધા ગચ્છોનું ખંડન કરતો ગ્રંથ છે. એના રચયિતા તપાગચ્છના ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી છે.

આ ગ્રંથમાં એવી તો ઉગ્રતાથી ખંડન કરાયું છે કે જેથી જૈન સંઘમાં તે વખતે ખૂબ જ ઉગ્ર વિરોધ વ્યાપી ગયેલ. આથી તપગચ્છના નાયક વિજયદાનસૂરિએ ઉપરોક્ત ગ્રંથને જલશરણ કર્યો અને અમાન્ય ઠરાવ્યો. ઉ. ધર્મસાગરજીને જિનશાસનમાંથી બહિષ્કૃત કરવામાં આવ્યા. તેમને ક્ષમા માંગવી પડી. ઉ. ધર્મસાગરજીના આવા ખંડનાત્મક વલણથી ખુદ તપાગચ્છમાં પણ આણંદસૂર અને દેવસૂર એ બે વિભાગ પડી ગયા. અંતે શ્રી હીરવિજયસૂરિજીએ આજ્ઞાઓ અને બોલો ફરમાવી પરિસ્થિતિમાં સુધારો આણ્યો. આ વિશેષ હકીકત માટે જુઓ પ્રાચીન રાસ સંગ્રહ તેમજ અંચલગચ્છ દિગ્દર્શન પૃ. ૫૫.

આગળ જે વિધિપક્ષ (અચલ) ગચ્છ પ્રવર્તક પૂ. દાદા શ્રી આર્યરક્ષિતસૂરિજીનું જીવન ચરિત્ર આલેખાયું તેઓના જન્મને વિ. સં. ૨૦૩૫માં નવસો વરસ, અને સ્વર્ગવાસને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આઠસો વરસ પૂર્ણ થતાં તેઓની સ્મૃતિ નિમિત્તે તાજેતરમાં અનેક વિધ શાસન પ્રભાવનાનાં કાર્યો થવા પામેલ છે, તથા તેઓની સ્મૃતિમાં એક સચિત્ર સ્મૃતિ ગ્રંથ પણ પ્રકાશિત થનાર છે.

## ૪૮ શ્રી જયસિંહસૂરિ

કોકણદેશના સોપારા પત્તન નગરમાં ઓશવાળ જ્ઞાતીય કોટ્યાધિપતિ 'દ્રોણ' (દાહડ) નામના શેઠ રહેતા હતા. તેમને શીલથી વિભૂષિત 'દેદી' નામે પત્ની હતી. એકદા દેદીએ પોતે 'જિનમંદિર ઉપર સુવર્ણનો કળશ ચડાવે છે.' એવું સ્વપ્ન જોયું. બીજે દિવસે તે નગરમાં વલ્લભીગચ્છના શ્રી ભાનુપ્રભસૂરિ પધાર્યા હતા. તેમને પોતાના સ્વપ્નની વિગત કહી. સૂરિજીએ કહ્યું કે તમને જિનશાસનનો ઉદ્યોત કરનાર મનોહર સુપુત્ર થશે.

સં. ૧૧૭૯ ચૈત્ર સુદ ૯ નાં માતા દેદીએ રૂપવાન, મનોહર એવા પુત્રને જન્મ આપ્યો. સ્વપ્નાનુસાર તે બાળકનું જિન-કલસ નામ રાખવામાં આવ્યું પણ બહુધા તેઓ જેસિંગ-કુમારનાં નામે પ્રસિદ્ધ થયા. જેસિંગ બાલવયથી ખૂબ જ બુદ્ધિશાળી હતો.

એક વખત તે નગરમાં આચાર્ય શ્રી કક્કસૂરિજી પધાર્યા. માત-પિતા સાથે જેસિંગકુમાર પણ વ્યાખ્યાન સાંભળવાં ગયો. જંબૂચરિત્ર સાંભળતા જેસિંગ પણ વૈરાગી થયો અને દીક્ષા લેવા થનગની રહ્યો. પોતાના અંતરની ઇચ્છા તેમણે



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મા–બાપ પાસે મૂકી. મા–બાપે 'હા' પાડી. એ પછી તેઓ તીર્થયાત્રાએ નીકળ્યા. ખંભાત, ભરુચ વિગેરે સ્થળોની યાત્રા કરતા તેઓ અણહિલપુર પાટણમાં આવ્યા. દ્રોણ શ્રેષ્ઠિએ એક લાખ ટંકની કિંમતનો હીરાજડિત સુવર્ણનો હાર રાજા સિદ્ધરાજ જયસિંહને ભેટ આપ્યો. રાજાએ તેઓને પાટણ આવવાનું કારણ પુછયું. ત્યારે દ્રોણે કહ્યું કે અમારા આ બાળકને દીક્ષા લેવાની ઈચ્છા છે. આ સાંભળી શ્રી આર્યરક્ષિતસૂરિનાં પરિચય અને પ્રભાવથી પૂર્વે ચમત્કૃત થયેલા રાજાએ દ્રોણને કહ્યું કે તમે થરાદ જાઓ ત્યાં મહાત્યાગી વિધિપક્ષગચ્છના શ્રી આર્ય-રક્ષિતસૂરિજી બિરાજમાન છે. તમારા બાળકને તેઓ પાસે દીક્ષા અપાવજો. ગચ્છ નાયક ગુરુરાસમાં આ પ્રકારનો ઉલ્લેખ છે.

અણહિલ વાડઈ રાઉ સિદ્ધ નરેસરુ ભેટીયઉ એ ॥ ૪૪ ॥
માગીઉ રાજાદેસુ ચાલીઉ ગજ જિમ ગાજતઉ એ ।
થારાઉદ્રિઇ પ્રવેશ સુકરઈ કુમરુ જયસિંહુ તહિં ॥ ૪૫ ॥

'વસ્તુ' તત્થ આવિઉ આવીઉ કુમર જયસિહ મિત્તિહિં સિઉં ।
આસધરિય ધરિય ભાવુ પોસાલ પત્તઉ ॥ ૪૬ ॥

અર્થાત્ :- પોતાના મિત્રો આસધર આદિ સાથે રાજાની સૂચનાથી જયસિંહ (જેસિંગ) થરાદ આવ્યો અને પૌષધ-શાળામાં ગયો.

થિરપદ્દમ્મિ સમેઓ ગુરુરહિય ઉવસ્સએ પવિટ્ઠોય
સિંહાસણમ્મિ હ્ંસકાલિયસ્સ પુત્થી પવાએઇ ॥ ૯૬ ॥
ઈગવારેણ ય વાયણપુવ્વં ઇગસંધિ લદ્ધિબુદ્ધિઓ
આવડિય સયલસુત્તં નાણાવરણકમ્મઓવસમે ॥ ૯૭ ॥

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જેસિંગ ઉપાશ્રયમાં ગયો ત્યારે શ્રી આર્યરક્ષિતસૂરિ જિનચૈત્યમાં દેવદર્શને ગયા હતા. જેથી તે ત્યાં બેઠો ને ગુરુની રાહ જોવા લાગ્યો. ત્યાં તેમની નજર ઠવણી ઉપર રહેલા શ્રી દશવૈકાલિક સૂત્ર પર પડી. હાથમાં તે ગ્રંથ લઈ વાંચવા લાગ્યો. તેની સાતસો ગાથાઓ ફક્ત એક જ વખત વાંચી જવાથી કંઠસ્થ થઇ ગઇ. ત્યાં તો શ્રી આર્યરક્ષિતસૂરિ પધાર્યા. બાળકની સ્થિરતા અને સ્વાધ્યાયપ્રેમ જોઈ સૂરિજી આશ્ચર્યચકિત થયા. શ્રી આર્યરક્ષિતસૂરિનાં દર્શને જેસિંગ કુમાર આનંદીત થયો. જેસિંગે પોતાની દીક્ષા લેવાની ભાવના જણાવી. અઢાર વરસનાં અને ચળકતા લલાટવાળા આ યુવાન કુમારને જોઈ શ્રી આર્યરક્ષિતસૂરિ પણ હર્ષ પામ્યા. સં. ૧૧૯૭ માં થરાદમાં તેમનો ભવ્ય દીક્ષા મહોત્સવ ઉજવાયો. આ પ્રસંગે દ્રોણશ્રેષ્ઠિએ થરાદમાં સ્વામિવાત્સલ્ય તથા જિનપૂજા વિ. મહોત્સવમાં બે લાખ ટંકનો ખર્ચ કર્યો. જેસિંગ કુમારની દીક્ષા પછી યશચંદ્રમુનિ નામ રાખવામાં આવ્યું.

પટ્ટાવલીમાં વર્ણન છે કે સં. ૧૧૯૩માં જેસિંગની દીક્ષા થઇ અને સં. ૧૧૯૭માં ઉપાધ્યાય પદવી થઈ. નવદીક્ષિત યુવાન મુનિની દેહકાંતિ અદ્ભૂત હતી. સોળ અંગુલ લાંબુ, સાત અંગુલ પહોળું જાણે કુંકુમના તિલકવાળું ન હોય? એવા ઉત્તમલક્ષણો યુક્ત લલાટ પ્રદેશ હતો. તેમની બુદ્ધિ અદ્ભૂત હતી. દીક્ષા લીધા બાદ ફક્ત ત્રણ જ વરસમાં ત્રણ કરોડ શ્લોક પરિમાણનાં ગ્રંથોને તેઓએ જીભને ટેરવે રમતા કરી દીધા હતા. તેઓ વ્યાકરણ, ન્યાય, અલંકાર, છંદ, સાહિત્ય કાવ્ય અને આગમ આદિમાં પ્રકાંડ વિદ્વાન થઈ ગયા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પટ્ટાવલીથી જાણી શકાય છે કે તેઓ એવા પ્રૌઢ પ્રતિભાથી યુક્ત હતા કે જેથી ગુરુએ તેમને પાંચજ વરસમાં ઉપાધ્યાય ગણિપદ આપી પોતાથી અલગ વિહારો કરવાની આજ્ઞા આપી. તેઓ પ્રકાંડ વિદ્વાન હોઈ વાદોમાં પણ તેઓ બીજાઓને પરાજિત કરી દેતા, આથી પ્રસન્ન થઈ રાજા સિદ્ધરાજ જય-સિંહે તેઓને 'યુગપ્રધાન' પદ આપ્યાની હકીકત પણ પટ્ટા-વલીથી જાણી શકાય છે.

સં. ૧૨૦૨માં પાવાગઢતીર્થ નજીકના મંદોરપુરમાં તેઓને ત્યાંના સંઘે સૂરિપદથી અલંકૃત કર્યા ત્યારથી તેઓ શ્રી જય-સિંહસૂરિ તરીકે ખ્યાતિ પામ્યા. આ પ્રસંગે ચંદ્રગચ્છીય શ્રી રામદેવસૂરિ વિ. ની ઉપસ્થિતિ હતી. આ પ્રસંગે રામદેસુરિના ભક્ત રાઉતચંદ્ર શ્રેષ્ઠિએ ધન ખરચી લ્હાવો લીધો. સાથે સાથે વડોદરા, ખંભાત અને નાહપા વિ. ના સંઘોએ પણ લાભ લીધો.

જિનશાસનની પ્રભાવના માટે અને ચારિત્રની શુદ્ધિ માટે શ્રી જયસિંહસૂરિ ઉગ્ર વિહારો કરતા. તેઓ પ્રાયઃ ગામડામાં એક રાત અને નગરમાં પાંચ રાત રહેતા. તેઓની ચારિત્રનિષ્ઠા અને અપરિગ્રહતા જોઈને રાજા સિદ્ધરાજ જય-સિંહ વિસ્મય પામ્યો હતો અને પોતાની સભામાં તેઓની પ્રશંસા કરતો હતો.

સિદ્ધરાજ જયસિંહના મૃત્યુ બાદ કુમારપાલ સં. ૧૧૯૯માં ગુજરાતનો રાજા બન્યો હતો. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્ર-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સૂરીશ્વરજીનાં સદુપદેશથી તે પરમ જૈન બન્યો હતો. આ કુમારપાલ મહારાજા પણ શ્રી જયસિંહસુરિનાં સમાગમમાં આવ્યો હતો.

એકદા મહારાજા કુમારપાલ જિનપૂજા કરતો હતો. આ વખતે કાપડના કેટલાક જૈન વેપારીઓ પણ જિનમંદિરમાં દર્શનાર્થે આવ્યા. તેઓએ રાજાને કહ્યું કે રાજન્! આપનું પીતાંબર પવિત્ર નથી. રાજાએ તેનું કારણ પૂછતાં તેઓએ કહ્યું કે હે રાજન્! આ પીતાંબર અમારા નગરમાં બનેલું છે. અમારા નગરનો રાજા બધા જ વસ્ત્રો પહેલા પોતાની શય્યામાં મુકાવે છે. ત્યાર બાદ જ તેની નિકાસ થાય છે. રાજાએ પોતાના ગુપ્તચરો મોકલી આ વાતની ખાતરી કરાવી લીધી અને મુંગણી પટ્ટણના વણકરોને વસવાટ કરવા આમંત્રણ આપ્યું તથા રાજ્ય તરફથી કેટલીક સગવડો આપી. વણકરોએ શરત પણ કરી કે અમારી સમગ્ર શાલવી જ્ઞાતિ અમારા ઈષ્ટદેવની મૂર્તિઓ તથા અમારા ગુરુ છત્રસેન ભટ્ટારકને પણ સાથે લાવીએ. રાજાએ આ શરત સ્વીકારી લીધી. આ રીતે પાટણમાં શાલવી જ્ઞાતિએ પાટણમાં આવીને વસવાટ કર્યો. આ શાલવીઓની વસ્તીથી પાટણમાં સાતપુરા થયા. આજે પણ શાલવીપાડાના નામથી પ્રસિદ્ધ છે.

આ શાલવીઓ દિગંબર જૈન હતા. તેઓ પોતાની સમાચારી મુજબ રાત્રિપૂજા કરતા. રાજા કુમારપાલને એમ થયું કે આ શાલવીઓ જો 'શ્વેતાંબર જૈન' બની જાય તો સારું. શ્રી હેમચંદ્રસૂરિ સાથે આ વાત અંગે વિચારણા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કરતાં સૂરિજીએ કહ્યું કે વિધિપક્ષ ( અંચલ )ગચ્છના શ્રી જયસિંહસૂરિ મહાપ્રભાવક છે. તેમજ છએ દિગંબરાચાર્ય છત્રસેન ભટ્ટારકને ઘટ સરસ્વતિ સિદ્ધ છે. શ્રી જયસિંહસૂરિ મંત્ર–તંત્રના જાણકાર છે. તેઓ ખંભાત આસપાસના પ્રદેશમાં વિચરી રહ્યા છે. તેઓને તેડી લાવો. તેઓ સમર્થ છે અને આ દિગંબરાચાર્યને જીતી શ્વેતાંબર બનાવી દેશે. આ સાંભળી કુમારપાલ રાજાએ શ્રી જયસિંહસૂરિને પધારવા પોતાના મંત્રી દ્વારા આમંત્રણ મોકલ્યું.

શાસન પ્રભાવનાનું કાર્ય જાણી શ્રી જયસિંહસૂરિ પાટણ પધાર્યા અને તેઓને રાજાએ છત્રસેનને જીતવા વિજ્ઞપ્તિ કરી. ત્યારે જયસિંહસૂરિએ કહ્યું કે અમારે રાજ દરબારે અવાય નહીં. તેઓને અહિં તેડાવો તથા તમે પણ હાજર રહો પછી રાજાએ દિગંબરાચાર્યને તેડાવ્યા અને વાદ અંગે નિર્ણય થયો. બન્ને વચ્ચે એવું ઠરાવવામાં આવ્યું કે જે હારે તે શિષ્યો સહિત જીતનારનો શિષ્ય બની જાય. બન્ને આચાર્યોએ સંમતિ આપી. બન્ને વચ્ચે વાદ ચાલ્યો. છત્રસેન પડદો બંધાવી કુંભની સ્થાપના કરી, ઘટ સરસ્વતી કુંભમાં સ્થાપી અને તે પાસે બેસીને વાદ કરતા, એટલે સરસ્વતી વાદ કરે અને શ્રી જયસિંહસૂરિ પ્રત્યુત્તરો આપતા. દરરોજ સવાપહોર પર્યંત વાદ ચાલતો. આ રીતે છ દિવસો પસાર થઇ ગયા ત્યારે રાજાએ કહ્યું કે પૂજ્ય! હવે જલ્દી જીતી લ્યો. એટલે સાતમે દિવસે શ્રી જયસિંહસૂરિએ પોતાના શિષ્યને શીખવી દઈ ઘટ તોડી નંખાવ્યો અને એકજ પ્રશ્નમાં તે છત્રસેન

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દિગંબરાચાર્યને જીતી લીધો. પાટણનાં જૈનો અને રાજા આનંદી રહ્યા. જૈન શાસનનો જયજયકાર વર્તી રહ્યો. છત્ર-સેન ભટ્ટારક શિષ્યો સહિત શ્રી જયસિંહસુરિનો શિષ્ય બન્યો. બધા શાલીઓ પણ શ્વેતાંબર અંચલગચ્છના બની ગયા. તે દિગંબરની નેમિનાથ પ્રભુજીની પ્રતિમાને કણદોરો (કંદોરો) કરાવી તે પાટણના ત્રીસેરીમાં પધરાવવામાં આવી. તે જિના-લય આજે પણ વિદ્યમાન છે. આ શાલવીઓ શ્રી જયસિંહ-સૂરિના પરમ ભક્ત હતા.

પટ્ટાવલીમાં વર્ણન છે કે ઉક્ત વાદ પ્રસંગે શ્રી હેમ-ચંદ્રસૂરિ, શ્રી દેવસૂરિજી વિ. પણ હાજર હતા. દિગંબરા-ચાર્યને જીતવા બદલ કુમારપાલ રાજાએ શ્રી જયસિંહસૂરિજીને વિજય પત્રિકા લખી આપી હતી. છત્રસેન ભટ્ટારકે ફરીથી જયસિંહસૂરિ પાસે વિધિપૂર્વક દીક્ષા લીધી. અને તેનું નામ 'છત્રહર્ષ' રાખવામાં આવ્યું ત્યારથી અચલગચ્છમાં હર્ષ શાખા અસ્તિત્વમાં આવી. ઉપરોક્ત ઘટના વિ. સં ૧૨૧૭માં થયેલ. તે વરસે રાજા કુમારપાલે શ્રી જયસિંહસૂરિજીને અતિ આગ્રહપૂર્વક ચાતુર્માસ કરાવ્યું. ચાતુર્માસ બાદ કુમારપાલ રાજાનાં આગ્રહથી તેઓ તારંગાતીર્થે પધાર્યા. રાજાએ કરા-વેલ જીર્ણોદ્ધાર બાદ શ્રી જયસિંહસૂરિએ આ તીર્થની સર્વ પ્રથમ યાત્રા કરી હતી. તીર્થનું વિશાળ અને ભવ્ય જિન મંદિર જોઈ તેઓ આનંદ પામ્યા. ત્યાં અલ્પ દિવસો સુધી સ્થિરતા કરી. તેઓનાં ઉપદેશથી દેહલ શ્રેષ્ઠિએ સંઘ સહિત શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી. આ સંઘમાં શ્રી જયસિંહ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સુરિ નિશ્રાદાતા હતા. શત્રુંજય તીર્થની યાત્રા કરી તેઓ ખંભાત પધાર્યા. અહીં તેમના ઉપદેશથી સાંગણશેઠે જ્ઞાનપંચમીનાં ઉજમણામાં ત્રણ લાખ ટંક ખર્ચી જિનાગમો લખાવ્યા. તેમજ તે શેઠનાં આગ્રહથી ત્યાં ચાતુર્માસ રહ્યા. બાદ ગિરનાર તીર્થની યાત્રા કરી. ત્યાંથી તેઓ પ્રભાસપાટણ પધાર્યા. ત્યાં રહેતા અંબાક શ્રેષ્ઠિએ શ્રી જયસિંહસૂરિજીના ઉપદેશથી શ્રી ચંદ્રપ્રભ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ત્યાં ચાતુર્માસ કરી તેઓ કચ્છ પધાર્યા. અચલ ગચ્છના આચાર્યોમાં કચ્છ પધારનારા તેઓ પ્રથમ હતા. કચ્છમાં કેટલાક વરસો રહીને તેઓ વાયટ ( વાગડ ) વિભાગમાં પણ રહ્યા હતા. ત્યાં તેઓએ ધર્મોપદેશ આપી અનેક જૈનેતરોને જૈન બનાવ્યા.

વહીવંચાની નોંધ દ્વારા જાણવા મળે છે કે ભદ્રેશ્વરતીર્થની શ્રી આર્યરક્ષિતસૂરિએ પ્રતિષ્ઠા કરેલી. શ્રી જયસિંહસૂરિએ કચ્છના વિહારો દરમ્યાન ભદ્રેશ્વરતીર્થના જીર્ણોદ્ધાર અંગે પ્રેરણા આપી હશે.

સં. ૧૨૦૮ માં શ્રી જયસિંહસૂરિજી વિહાર કરતા હસ્તિતુંડ નગરમાં પધાર્યા. તે નગરમાં અનંતસિંહ રાઠોડ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે જલોદર રોગથી પીડાતો હતો. નગરમાં પ્રભાવક આચાર્યશ્રીને પધારેલા જાણી રાણીએ પોતાની દાસી દ્વારા કહેણ મોકલ્યું. જવાબમાં સૂરિજીએ કહી મોકલ્યું કે રાજા જો જૈનધર્મનો સ્વીકાર કરે તો રોગ દૂર કરવાનો ઉપાય બતાવીશું. આ સાંભળી જીવિતથી કંટાળેલા રાજાએ તેમ કરવા કબુલાત આપી. બીજા દિવસે રાણી પોતાના

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સ્વામીને પાલખીમાં બેસાડી સૂરિજી પાસે ગઈ. ત્યારે સૂરિજીએ પ્રાસુકજલ મંગાવી તેજલ મંત્રીને આપ્યો. તે પાણીનો પેટ પર લેપ કરવાથી રાજા રોગ રહિત થયો. આથી રાજાએ પરિવાર સહિત જૈનધર્મનો સ્વીકાર કર્યો. તેમજ સમ્યક્ત્વ સહિત શ્રાવકનાં બાર વ્રતો સ્વીકાર્યાં. ગુરુના ઉપદેશથી રાજાને ઓશવાળ જ્ઞાતિમાં દાખલ કરવામાં આવ્યા. તે રાજાના વંશજો 'હત્થુડીયા રાઠોડ' ગોત્રથી પ્રસિદ્ધ થયા. આ વંશજો-માંથી આગળ જતાં 'સંગોઇ' પણ પેટા શાખા નીકળેલ છે.

રાજસ્થાનના કોટડામાં યદુવંશીય સોમચંદ રાજ્ય કરતો હતો. તેની પાસે પાંચ હજાર સુભટોનું સૈન્ય હતું, પણ તે સૈન્ય દ્વારા લુટફાટ કરતો. સં. ૧૨૧૧માં શ્રી જયસિંહસૂરિ પોતાના ૫૦૦ શિષ્યો સાથે ઉમરકોટથી જેસલમેર જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં સોમચંદ મળ્યો અને સૂરિજીને કહ્યું કે તમારી પાસે જે કાંઈ હોય તે આપી દો. પણ સૂરિજી અને સાધુઓ પાસે તો પાતરા અને સાધુજીવનના ઉપકરણો હતાં.

પટ્ટાવલીમાં વર્ણન છે કે તે સોમચંદ સૂરિજીના પ્રભાવથી સ્થંભિત થઈ ગયો. તેની માતા સરૂપદેવી અપરનામ મિણુલ-દેવીએ સૂરિજીની ક્ષમા યાચી. ત્યારે સૂરિજીએ કહ્યું કે જો તે જૈનધર્મ સ્વીકારે, અને લુંટફાટ ન કરવાની પ્રતિજ્ઞા લે તો મુક્ત કરી શકાય. પારકરનો રાણો ચાંદો સાક્ષી બન્યો એટલે સોમચંદને મુક્ત કરાવામાં આવ્યો. એ પછી આચાર્ય પરિવાર સહિત જેસલમેર વિહાર કરી ગયા સોમચંદના



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હૃદયનું પરિવર્તન થતાં તે કુટુંબ સહિત જેસલમેર ગયો. તેણે જૈનધર્મ સ્વીકાર્યો ગુરુના ઉવદેશથી ઓશવાળ જ્ઞાતિમાં ભેળવી દેવામાં આવ્યો. સોમચંદે કોટડામાં પાર્શ્વનાથપ્રભુનું અને પોતાની ગોત્રદેવી વિસલમાતાનું મંદિર બંધાવ્યું તથા સવા મણ સોનાની શાંતિનાથપ્રભુજીની મૂર્તિ ભરાવી. આ બધામાં પાંચ લાખ દ્રવ્ય ખર્ચ્યું. સોમચંદનો પુત્ર ગાલા થયો. મુસલમાનોએ કોટડાનો નાશ કરતાં સિંધમાં ગયો. તેના વંશજો 'ગાલા' ગોત્રથી પ્રસિદ્ધ થયા. સં. ૧૫૫૦ માં ગાલાના વંશજો કચ્છ આવી વસ્યા.

પાવાગઢ-ભાલેજ પાસેના નાપા ગામના વીસા શ્રીમાળી લુણિગે વિ. સં. ૧૨૨૦ માં શ્રી જયસિંહસૂરિના ઉપદેશથી જૈનધર્મ સ્વીકાર્યો. આ લુણિગે ચંદ્રગચ્છીય રામદેવસૂરિના સુરિપદ પ્રસંગે એક લાખ ટંક દ્રવ્ય ખર્ચ્યું. લુણિગના વંશજો લોલાડામાં જઈ વસવાથી તેઓ 'લોલાડિયા' ગોત્રથી પ્રસિદ્ધ થયા.

રત્નપુરના ભંડારી મહેશ્વર સંપ્રદાયના અનુયાયી ગોદા શ્રેષ્ઠિએ સં. ૧૨૨૩ માં શ્રી જયસિંહસુરિના ઉપદેશથી જૈનધર્મ સ્વીકાર્યો. શ્રી જયસિંહસૂરિજીના ઉપદેશથી ગોદા શ્રેષ્ઠિએ શત્રુંજય, ગિરનાર સંઘો કાઢ્યા. તેના વંશજો મહુડીમાં જઈ વસ્યા તેથી તેઓ 'મીઠડીયા' તરીકે પ્રસિદ્ધ થયા ત્યાં નોડા શ્રેષ્ઠિએ જિનમંદિર બંધાવ્યું.

સં. ૧૨૨૪માં શ્રી જયસિંહસૂરિ શંખેશ્વરતીર્થ પાસે આવેલા લોલાડા નગરમાં પધાર્યા. ત્યાં રાઠોડ જાતિના ફણ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ધર નામના ક્ષત્રિયને પ્રતિબોધી મિથ્યાત્વ છોડવી જૈન કર્યા અને ઓશવાળ જ્ઞાતિમાં ભેળવ્યા. ત્યારથી તેમના વંશજો 'પડાઈયા' ગોત્રથી પ્રસિદ્ધ થયા. આ ગોત્રના સમરસીએ સં. ૧૪૫૨માં લોલાડામાં શ્રી શાંતિનાથ ભગવાનનું જિનાલય બંધાવી પ્રતિષ્ઠા કરાવી હતી. આ વંશમાં થયેલા સાચોરના સાદા શેઠથી 'મુમણીઆ' ગોત્ર પ્રસિદ્ધિમાં આવ્યું.

સં. ૧૨૨૫માં શ્રી જયસિંહસુરિ જેસલમેર પધાર્યા. સંઘના આગ્રહથી ત્યાં ચાતુર્માસ કરી તેઓ પારકરદેશ (સિંધ)માં પધાર્યા. તે દેશના ઉંમરકોટમાં તેઓ જ્યારે પધાર્યા ત્યારે પરમાર જ્ઞાતીય મોહણસિંહ તેઓનો ઉપદેશ સાંભળી પ્રભાવીત થયો. સં. ૧૨૨૮માં મોહણસિંહે જય-સિંહસુરિના ઉપદેશથી જૈનધર્મ સ્વીકારતાં તેને ઓશવાળ જ્ઞાતિમાં સંમિલિત કરવામાં આવ્યા. આ મોહણસિંહના પાંચમા નાગપુત્રથી તેના વંશજો 'નાગડા' ગોત્રથી પ્રસિદ્ધ થયા હતા આ ગોત્રમાં જામનગરમાં થયેલા તેજશિશાહે શ્રી શાંતિનાથ પ્રભુનું શિખરબંધ જિનાલય બંધાવ્યું તેમના પુત્ર રાજશીંશાહ અને નેણશીંશાહે તે જિનાલયને ફરતી બાવન દેરીઓ અને ઉપરા ઉપર ત્રણ ચૌમુખજી બાંધ્યા. નાગડા વંશમાં થયેલા શેઠ મુંજા શાહે નગર પારકરમાં પાર્શ્વનાથ પ્રભુનું વિશાળ જિનાલય બંધાવ્યું. આ વંશમાં 'ચોરવાડીયા' નામક ગોત્ર પણ થયેલ છે. 'ચોરવાડીયા' અંચલગચ્છીય શ્રાવકો હતા જેઓ પછીથી પ્રભાસપાટણમાં આવી વસ્યા હતા. તથા ઉદેશીનો પરિવર કચ્છમાં વસ્યો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એકદા કોઇ પરગચ્છના ઈર્ષ્યાળુ શ્રાવકોએ રાજા કુમારપાલના કાન ભંભેર્યા કે આપણે ભાદરવા સુદ ૪ ના દિવસે સાંવત્સરિક પર્વનું આરાધન કરીએ છીએ પરંતુ આપણા નગરમાં કેટલાક સાધુઓ એવા છે કે જેઓ ભાદરવા સુદ ૫ નાં દિવસે સાંવત્સરિક પર્વ આરાધે છે. આવો ધર્મભેદ આ નગરમાં શોભે નહીં. રાજાએ લાંબો વિચાર કર્યા વિના તરત જ આદેશ કર્યો કે 'ભા. સુ. ૫ ને દિવસે સાંવત્સરિક પર્વ આરાધક સાધુઓ અહિંથી વિહાર કરી જાય.'

રાજાનો આ સંદેશો મળવાથીપાંચમના સાંવત્સરિક કરનાર જુદા જુદા ગચ્છના સાધુઓ ત્યાંથી વિહાર કરી ગયા. આ વખતે શ્રી જયસિંહસૂરિ પણ પાટણમાં બિરાજમાન હતા. સૂરિજીએ શ્રદ્ધાળુ શ્રાવક દ્વારા કહી મોકલ્યું કે અમારા ગુરુ પાંચમના દિવસે સાંવત્સરિક પર્વનું આરાધન કરનાર છે. હાલમાં તેઓ વ્યાખ્યાનમાં આવશ્યક સૂત્રના પ્રથમ નવકાર મંત્રનું વિવેચન કરી રહ્યા છે. તે પુરૂં કરીને જાય કે અપૂર્ણ મૂકીને જાય? આ અંગે રાજા સમજી ગયો કે શ્રી જયસિંહસૂરિજી તો પ્રકાંડ વિદ્વાન અને મહાવાદી છે. નવકાર મંત્રનું વિવેચન તેઓ બાર વર્ષે પણ પુરૂં નહીં કરે. આમ વિચારી તે ઉપાશ્રયે ગયો અને શ્રી જયસિંહસૂરિ પાસે ક્ષમા યાચી આ પ્રસંગે શ્રી જયસિંહસૂરિ ચલિત ન થયા અર્થાત્ 'અચલ' રહ્યા જેથી તેઓનો પરિવાર 'અચલ ગચ્છ' ના નામે પ્રસિદ્ધ થયો. આ ઘટના વિ. સં. ૧૨૨૮ લગભગ બનેલ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એકદા શ્રી હેમચંદ્રસૂરિજીએ વાહકગણિની સૂચનાથી જયસિંહસૂરિને કહ્યું કે તમે બેણુપ તટથી સમગ્ર સંઘ એકત્રિત કરી એક સમાચારી કરો. ઉત્તરમાં શ્રી જયસિંહસૂરિએ કહ્યું કે સર્વે ગચ્છો એક થઇને નક્કી કરશે તો અમે પણ તેમજ કરીશું. આવા જવાબથી વાહકગણિ વિચારવા લાગ્યા કે એથી તો આપણામાં જ વિરોધ જાગશે. જેથી વાહકગણિએ એક માણસને તૈયાર કરી એવી ઉદ્‌ઘોષણા કરવા કહ્યું કે 'અંચલગચ્છ વાળા સંઘ બહાર છે. તે માણસે તેમ કરવા હા પાડી ને ઉદ્‌ઘોષણા કરવા લાગ્યો. પણ તેણે ત્રણવાર એમ ઉદ્‌ઘોષણા કરી કે 'વિધિપક્ષ વિના બીજા સર્વે સંઘ બહાર છે.' ઉક્ત ઉદ્‌ઘોષણા કરનારને લાંચ આપવામાં આવી છે એમ કહીને જુદા જુદા માણસોને તૈયાર કરવામાં આવ્યા. પણ બધાએ એવી જ ઉદ્‌ઘોષણા કરી કે 'વિધિપક્ષ વિના બીજા સંઘ બહાર છે.' આથી સૌ મુંઝાયા. એઓમાં પરસ્પર ઘણો જ વિવાદ જાગ્યો. શ્રી જયસિંહસૂરિને મારવા બીજા દુષ્ટ પ્રયત્નો કરવામાં આવ્યા. સૂરિજીને મારવા માટે બેણુપ બંદરે લાઠીધારી માણસો મોકલવામાં આવ્યા. તેઓ ત્યાં જઈ સૂરિજીને જીવરક્ષા માટે ઓઘાથી પીઠને પ્રમાર્જંતા જોઈ પરસ્પર લડીને જમીન પર પડ્યા. અંતે સૂરિજીનુ ચરણામૃત છાંટવાથી બચ્યા.

આ ષડ્‌યંત્ર રચનાર વાહકગણિ પાટણમાં શૂળના મહારોગથી પીડાવા લાગ્યા. શ્રી હેમચંદ્રસૂરિજીએ તેઓને પૂછ્યું કે તમે કોનો અપરાધ કર્યો છે? ત્યારે વાહકગણિએ સત્ય

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વૃત્તાંત કહ્યો. તે વખતે શ્રી હેમચંદ્રસૂરિજીએ કહ્યું કે શ્રી આર્યરક્ષિતસૂરિજીના ચરણોદક વિના આ વ્યાધિ મટે તેમ નથી. તેથી તે જલ મંગાવીને વાહકગણિને નિરોગી કરવામાં આવ્યા. ઉક્ત પ્રસંગો લઘુશતપદી તથા ભાવસાગરસૂરિ કૃત પટ્ટાવલીમાંથી પ્રાપ્ત થાય છે.

શ્રી જયસિંહસૂરિ સં. ૧૨૨૯ માં સિંધુ નદી પાસેના પીલુડા શહેરમાં પધાર્યા. ત્યાંના રાજા રાવજી સોલંકીના બીજા કુંવર લાલણજી કોઢ રોગથી પીડાતો હતો. શ્રી જયસિંહસૂરિના સૂરિમંત્રના પ્રભાવથી તે નિરોગી થયો અને જૈનધર્મ સ્વીકારતાં ઓશવાળ જ્ઞાતિમાં ભેળવી દેવામાં આવ્યા. આ લાલણથી લાલન ગોત્ર પ્રસિદ્ધિમાં આવ્યું રાવજી ઠાકોરે તથા લાલને પીલુડામાં શ્રી શાંતિનાથ પ્રભુનું વિશાળ જિનાલય બંધાવ્યું. શ્રી જયસિંહસૂરિજીએ તેની પ્રતિષ્ઠા કરી અને તે સાલમાં ત્યાં ચાતુર્માસ રહ્યા આ વંશના નગરપારકરમાં ‘જેસાજી’ પ્રતાપી પુરુષ થઇ ગયા, જામનગરમાં વર્દ્ધમાનશાહ, પદ્મસિંહ શાહે વિશાળ જિનાલયો બંધાવ્યા.

વિ. સં. ૧૨૩૧ માં ડીડુજ્ઞાતિય ચૌધરી બિહારીદાસ શ્રી જયસિંહસૂરિજીના ઉપદેશથી જૈનધર્મ સ્વીકારતાં તેના વંશજો ‘સહસગણા ગાંધી’ ગોત્રથી ઓળખાયા. તથા વિ. સં. ૧૨૪૪ માં પુજવાડના રાઉત કટારમલે જયસિંહસુરિનાં ઉપદેશથી જૈનધર્મ સ્વીકારતાં તેના વંશજો કટારીયા ગોત્રથી ઓળખાયા. જયસિંહસૂરિના ઉપદેશથી કટારમલે હસ્તિતુંડ ( હત્થુડીઆ ) માં મહાવીર પ્રભુનો જિનાલય બંધાવેલ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કોટડાનો રાજસેન પ્રસિદ્ધ લુંટારો હતો. તેનું જયસિંહસુરિના ઉપદેશથી જીવન પરિવર્તન થતાં તે જૈન બનતાં ઓશવાળ બન્યો. તેના વંશજો 'પોલડીયા' ગોત્રથી ઓળખાયા.

શ્રી જયસિંહસૂરિ સં. ૧૨૫૫ માં ફરીથી જેસલમેર પધાર્યા. તે વખતે દેવડ ચાવડો જૈનધર્મ સ્વીકારતાં ઓશવાળ બન્યો. તેના પૌત્ર દેઢીયાથી 'દેઢીયા' ગોત્ર પ્રસિદ્ધિમાં આવ્યું. દેવડના પુત્ર ઝામરે એક લાખ સિત્તેર હજાર ટંક ખરચી આદિનાથ પ્રભુનું જિનાલય બંધાવ્યું. વસ્રાદિની લ્હાણી કરી કેદીઓ છોડાવ્યા. ઝામરનો પુત્ર 'દેઢીયા' થયો. તેના વંશજો 'દેઢીયા' ગોત્રથી પ્રસિદ્ધ થયા હતા.

ચરિત્ર નાયક શ્રી સં. ૧૨૫૬માં ચિત્તોડના રાઉત વીરદત્ત ચાવડાને પ્રતિબોધી જૈનધર્મી કર્યો. તેના વંશજો 'નીસર' ગોત્રથી ઓળખાયા. સં. ૧૨૫૭માં શ્રી જયસિંહસૂરિજીના ઉપદેશથી નલવરગઢનો રાજા રણજિત રાઠોડ પ્રતિબોધ પામી 'જૈન' બન્યો. તેમને ઓશવાળ જ્ઞાતિમાં ભેળવી દેતાં તેના વંશજો 'રાઠોડ' ગોત્રથી પ્રસિદ્ધ થયા. સં. ૧૨૫૮ના બાડમેર (રાજ.) પાસેના કોટડાના કેશવ રાઠોડે એ જ સૂરિવરના ઉપદેશથી જૈનધર્મ સ્વીકાર્યો તેના દત્તક પુત્ર છાજેલ પરથી તેના વંશજો 'છાજેડ' ગોત્રથી ઓળખાયા. આ રીતે હત્થુડીઆ રાઠોડ, પડાઈયા, નાગડા, લાલન, ગાલા, દેઢીયા, કટારીઆ, પોલડીઆ, નીસર, છાજેડ, રાઠોડ. લોલાડીયા, મહુડીઆ, સહસ્રગણા ગાંધી વિગેરે. અનેક ગોત્રોને પ્રતિબોધી શ્રી જયસિંહસૂરિજીએ ખૂબ જ ધર્મનો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રચાર કર્યો અને આ ગોત્રોના શ્રાવકોએ કાળસંયોગે સ્થળાંતરો કરવા છતાં પોતાના પ્રતિબોધક અચલગચ્છના આચાર્યોના સદુપદેશથી અનેકવિધ શાસનોન્નતિનાં કાર્યો કર્યાં.

શ્રી આર્યરક્ષિતસૂરિજીએ રત્નપુરના હમીરજીને ઉપદેશ આપી જૈન બનાવ્યો. તેના પુત્ર સખતસંઘથી 'સહસ્રગણા ગાંધી' ગોત્ર પ્રસિદ્ધિમાં આવ્યું. શ્રી શત્રુંજય મહાતીર્થ પર આવેલ અદ્ભુદ્જીની વિશાળ અને ભવ્ય પ્રતિમા સં. ૧૨૪૯માં શ્રી જયસિંહસૂરિજીના ઉપદેશથી ભીનમાલ પાસેના રત્નપુરના રહેવાસી શ્રેષ્ઠિ ગોવિંદશાહ સહસ્રગણા ગાંધીએ પ્રસ્થાપિત કરેલ. આ પ્રમાણે એક લેખ ડૉ. ભાંડારકરને પ્રાપ્ત થયેલ.

वि. १२४९ भिन्नमाल पार्श्वे रत्नपुरवासी सहस्रगणागांधी अदबुद प्रतिमा शत्रुंजये अंचलगच्छे जयसिंहसूरिणा प्रस्थापिता

શ્રી શત્રુંજય તીર્થ ઉપરના અદબુદ દાદા જિનાલયનો જીર્ણોદ્ધાર વિ સં. ૧૬૮૬ માં અચલગચ્છેશ શ્રી કલ્યાણસાગરસુરિજીના સદુપદેશથી થયેલ. જીર્ણોદ્ધાર કરાવનાર શ્રેષ્ઠિ હતા દેવગિરિવાસી શ્રીમાલી ધર્મદાસ.

શ્રી જયસિંહસૂરિજીના ઉપદેશથી સં. ૧૨૧૭ માં કણોની ગામના શ્રેષ્ઠિ જસરાજે એક વિશાળ જિનાલય બંધાવેલ તેમાં ચોવિસ તીર્થંકર દેવોની પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરાવેલ.

ભારતના મુખ્ય શહેરો અને ગામડાઓમાં ઉગ્ર વિહારો કરી શ્રી જયસિંહસુરિજીએ જ ધર્મનો ખૂબ જ પ્રચાર કર્યો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રી આર્યરક્ષિતસૂરિએ પ્રકાશેલ જિનાજ્ઞા સંમત સમાચારીનો શ્રી જયસિંહસુરિએ બહોળો પ્રચાર કર્યો. જેથી જ શતાબ્દિઓ વહી જવા છતાં અચલ ( વિધિપક્ષ ) ગચ્છ ટકી શક્યું છે. અલબત્ત તેઓશ્રી પછીના પ્રભાવક આચાર્યોએ પોતાનો અવિસ્મરણીય હિસ્સો નોંધાવ્યો જ છે.

શ્રી જયસિંહસુરિજી વિ. સં. ૧૨૫૮ માં એંસી વર્ષની ઉંમરે બેણુપમાં સ્વર્ગસ્થ થયા.

તેઓએ રચેલા ગ્રંથો જોકે આજે અનુપલબ્ધ છે. તેનાં નામો અંચલ ગચ્છની મોટી પટ્ટાવલીથી જાણવાં.

## ૪૯ શ્રી ધર્મઘોષસૂરિ :–

મારવાડ અંતર્ગત મહાવપુરનગરમાં શ્રીમાલી જ્ઞાતિના શ્રીચંદ ધનીક શ્રેષ્ઠિ રહેતા હતા. તેઓની પત્નીનું નામ ‘ રાજલદે ’ હતું. તેઓને ત્યાં સં. ૧૨૦૮ માં ધનદત્તકુમારનો જન્મ થયેલ સં. ૧૨૧૬ માં ધનદત્તે શ્રી જયસિંહસૂરિ પાસે હરિવરનગરમાં દીક્ષા સ્વીકારી ધનદત્તનું દીક્ષાનામ મુનિ ‘ ધર્મઘોષ ’ રાખવામાં આવ્યું દીક્ષા બાદ મુનિ ધર્મઘોષે જ્ઞાનયજ્ઞ માંડ્યો. શ્રી આર્યરક્ષિતસૂરિ, શ્રી જયસિંહસૂરિ જેવા મહાપ્રભાવક ગુરુવર્યોની છાયામાં તેઓની જીવન ઘડતર થઈ તેઓ જિનાગમોના પ્રખર અભ્યાસી બન્યા. સં. ૧૨૩૪ માં ભટ્ટોહરિપુરમાં તેઓ સૂરિપદે આરુઢ થયા. આ પ્રસંગે શ્રી જયસિંહસુરિજીએ એકી સાથે વીશ શિષ્યોને સૂરિપદ આપેલ.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રી ધર્મઘોષસૂરિજીના ઉપદેશથી શાકંભરીનો રાજા પ્રથમ રાજ પ્રતિબોધ પામ્યો. તે મદ્યપાન, શિકાર અને વ્યસનોથી મુક્ત થયો. શ્રી ધર્મઘોષસૂરિના ઉપદેશથી આ રાજા શ્રી પાર્શ્વનાથપ્રભુની પ્રતિમાજીને પૂજતો થઇ ગયો. અને જૈન બન્યો.

વિ. સં. ૧૨૪૬માં શ્રીધર્મઘોષસૂરિના ઉપદેશથી મારવાડના ખીમલી નગરમાં ડોડીયા જ્ઞાતિનો રજપૂત રાઉત 'ઓહડી' એ જૈનધર્મ સ્વીકાર્યો. ઓહડીથી બહુલ કે ઓહડ સખા ગોત્ર થયું. ઓહડીએ તીર્થનો સંઘ કાઢ્યો. મંત્રી બાંધવો શ્રી વસ્તુપાલ અને તેજપાલે આ ઓહડીને 'સંઘનરેન્દ્ર'નું બિરૂદ આપેલ.

એકદા શ્રી ધર્મઘોષસુરિ વિહાર કરતા ગંગાનદીના કિનારે મુકતેસર ગઢ પધાર્યા. તે વખતે એવી માન્યતા હતી કે આ સ્થળે જે મનુષ્ય કરવત મૂકાવીને પોતાના જીવનનો અંત આણે તો બીજા ભવમાં ઈચ્છિત મળે. શ્રી ધર્મઘોષસૂરિએ ત્યાં મૃત્યુ માટે આવેલા નાગરજ્ઞાતિના બ્રાહ્મણો વિ. ને ઉપદેશ આપ્યો. માનવભવની દુર્લભતા સમજાવી. આની જાદુઇ અસર થઈ. ત્યાં ઘણાં જ લોકો પ્રતિબોધ પામ્યા અને તેઓએ જૈનધર્મ સ્વીકાર્યો. આ લોકોમાંથી દિનકર ભટ્ટ તો આચાર્ય શ્રીનો પરમ ભક્ત બન્યો.

આ પ્રતિબોધ વખતે લોકોએ ધર્મનો પ્રત્યક્ષ પ્રભાવ બતાવવા સૂરિજીને વિજ્ઞપ્તિ કરી. આથી તેઓએ ૧૦૮ કંબલો મંગાવી. તે ઉપર પદ્માસને બેઠા. માળાનો એક

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એક મણકો ફેરવતા જાય તેમ તેમ તેઓના આસન નીચેથી એક એક કંબલ કાઢી લેવામાં આવતી. આખી માળા પુરી થતાં છેલ્લી કંબલ પણ કાઢી લેવામાં આવી પણ સૂરિજી તો ઉર્ધ્વાસને જ રહ્યા. આથી લોકો પ્રભાવીત થયા અને બધી જ કરવતો નદીમાં પધરાવી દીધી. ત્યારથી કરવત મુકવાની રીત બંધ પડી. દીનકર ભટ્ટ વિગેરે. જૈન ધર્મ સ્વીકારતાં તેમની બ્રાહ્મણ જ્ઞાતિએ તેઓને નાત બહાર કર્યા. આથી ધર્મઘોષસૂરિજીએ દીલ્હીના સંઘને એકત્રીત કરી એવો નિર્ણય કરાવ્યો કે જેમ ક્ષત્રિયો ઓશવાળ જ્ઞાતિમાં સ્થાન મેળવી શકે છે તેમ જૈન એવા બ્રાહ્મણોને પણ ઓશવાળ જ્ઞાતિમાં ભેળવી દેવા સૂરિજીની વાતમાં સૌએ સંમતિ આપી. અલબત્ત બ્રાહ્મણ છતાં જૈન એવા મનુષ્યોને શ્રીમાલી જ્ઞાતિમાં પણ પ્રવેશ અપાયો હતો. ઉક્ત દિનકરભટ્ટની ત્રીજી પેઢીમાં બાપાનંદના પુત્ર દેવાનંદની સંતતિમાં અગિયાર પુત્રો થયા. તેઓ સૌ દીલ્હી આવીને વસ્યા. દેવાનંદ પરથી તેના વંશજો 'દેવાણંસખા' ઓડકથી પ્રસિદ્ધ થયા. એમાંથી જ ગોસલીઆ, ગોઠી, ચોથાણી, વીસલાણી, દેસલાણી, હીરાણી, ભુલાણી, કોકલીયા, મૂલાંણી, અને થાવરાણી વિ. ઓડકો થઇ.

સં. ૧૨૬૫ માં શ્રી ધર્મઘોષસૂરિ જાલોર પધાર્યા. તેમના ઉપદેશથી ચૌહાણ વંશીય ભીમ ક્ષત્રીય જૈન ધર્માનુયાયી થયો. તેનાથી ચૌહાણ ગોત્ર સ્થપાયું. આ ભીમે ડોડગામમાં સૂરિજીના ઉપદેશથી વાસુપૂજ્ય સ્વામીનું જિનાલય બંધાવેલ. સં. ૧૨૬૬ માં ઉક્ત જિનાલયની પ્રતિષ્ઠા પણ શ્રી ધર્મઘોષ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સૂરિજીએ કરી. ડોડ ગામથી ભીમના વંશજો 'ડોડિયાલેચા' ઓડકથી પ્રસિદ્ધ થયા. ચૌહાણ ગોત્રમાંથી ગોપાઉત સુવર્ણ-ગિરા, સંઘવી પાલણપુરા અને સિંધલોરા વિ. ઓડકો થઈ.

જાલોરના સુવર્ણગિરિ તીર્થ ઉપર શ્રી ધર્મઘોષસૂરિના ઉપદેશથી જિનાલયો બંધાયાં હશે એ ચોક્કસ છે. જાલોર પર શ્રી ધર્મઘોષસૂરિનો અવર્ણનીય ઉપકાર છે ગચ્છનાયક ગુરુરાસમાં આ રીતે ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

'જાલઉરી પડીબોહીય બીલ્હ પમુહો ગણહરિ ધમ્મઘોષ સૂરિ'

અર્થાત્ બીલ્હ વિ. ને શ્રી ધર્મઘોષસૂરિએ પ્રતિબોધ આપેલ બીલ્હ જાલોરનો પ્રતિભાશાળી શ્રેષ્ઠિ પુંગવ હશે

મહાપ્રભાવક શ્રી ધર્મઘોષસૂરિ વિ. સં. ૧૨૬૯માં માર-વાડના ભાલાણીનગરમાં પધાર્યા ત્યાના પરમાર ક્ષત્રિય રણ-મલના કુંવર હરિયાને 'જૈન' બનાવ્યો. હરિયા સર્પદંશથી મૂર્છા પામ્યો હતો. પણ તે ધર્મઘોષસૂરિના પ્રભાવે મૃત્યુથી બચી ગયો. આથી રણમલના કુટુંબે જૈન ધર્મ સ્વીકાર્યો. તેના પુત્ર હરિયાથી હરિયા ગોત્ર પ્રસિદ્ધ થયું. હરિયાએ સં. ૧૨૬૯માં ભાલાણીમાં શ્રી શાંતિનાથ પ્રભુનું જિનાલય બનાવ્યું. હરિયા ગોત્રમાંથી સહસગણા, કકા, સાંઈયા, ગ્રથલિયા આ ચાર શાખાઓ થઈ. આ શાખાઓમાંથી મરૂથલીયા, વિજલ, સરવણ, પાંચારીયા, નપાણી, સાઈયા, કપાઈયા, દિન્નાણી, કારાણી, વકીયાણી, પેથાણી, સાયાણી, કાયાણી, હરિયાણી, અભરાણી, ઢાસડીઆ અને હરગણાણી વિ. ઓડકો પ્રસિદ્ધિમાં આવી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રીધર્મઘોષસૂરિ વિહરતા સુવર્ણગિરિના શ્રેષ્ઠિ દેદાશાહના અતિ આગ્રહથી ચિત્તોડ પધાર્યા. દેદાશાહની બહેન મિથ્યાદર્શની હતી. એક ઉત્સવમાં તેણીએ ભોજનમાં વિષ ભેળવ્યું, આ ભોજન મુનિઓને પણ વહોરાવવાનું ષડયંત્ર રચાયેલું, પણ શ્રી ધર્મઘોષસૂરિને આ વાત ધ્યાનબળથી જાણવામાં આવી અને બત્રીસ સાધુઓ મૃત્યથી બચી ગયા.

આ પ્રસંગથી શ્રીધર્મઘોષસૂરિ અંતરથી વિશેષ જાગૃત થયા અને ધ્યાનમાં ચિંતવવા લાગ્યા કે આ વિષમ કાળમાં સાધુઓનો નિર્વાહ કેમ થઇ શકશે ? ધ્યાનના પ્રભાવથી ચક્રેશ્વરીદેવી પ્રગટ થયાં અને કહ્યું કે "હું આજથી વીરપ્રભુનું શાસન જ્યાં સુધી ચાલશે ત્યાં સુધી વિષમ વેળાએ ગચ્છને સહાય કરીશ."

ઝાડાપલ્લીય ગચ્છના શ્રી જયપ્રભસૂરિજીએ ધર્મઘોષસૂરિના સમયમાં અચલગચ્છની સમાચારી સ્વીકારી. તેમજ દિગબંરીય વીરચંદ્રસૂરિને ધર્મઘોષાસૂરિએ વાદમાં પરાજિત કરી તેઓને વલ્લભીશાખામાં સૂરિપદ આપ્યું ઉક્ત આચાર્યોને યોગોદ્વહન કરાવી સિદ્ધાન્તો ભણાવ્યા. આ આચાર્યોએ પ્રતિબોધેલા ગોત્રો અને શ્રાવકો પણ અચલગચ્છની સમાચારી પાળવા લાગ્યા.

એવી જ રીતે વિદ્યાધરગચ્છના નાયક શ્રી સોમપ્રભસૂરિ સિંહપુરમાં ધર્મઘોષસૂરિના શિષ્ય થયા. અને અચલગચ્છની સમાચારી સ્વીકારી. વિદ્યાધરગચ્છના મુનિઓ અને શ્રાવકો પણ અચલગચ્છની સમાચારી પાળતા થયા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આગળ આપણે જોયું કે શ્રી આર્યરક્ષિતસૂરિના ઉપદેશથી મંત્રી કપર્દી આ ગચ્છના મહાન શ્રાવક થયા અને કપર્દીની પુત્રી સોમાઈ આ ગચ્છના 'સમયશ્રી' નામનાં પ્રથમ સાધ્વી થયાં. મંત્રી કપર્દીના વંશજ શ્રેષ્ઠિ નાના વિસલે એક લાખ સોનામહોરો ખરચીને પોતાના એકવીસ મિત્રો સહિત શ્રી ધર્મઘોષસુરિ પાસે દીક્ષા લીધી.

આ ગચ્છના પ્રથમ શ્રાવક યશોધનના વંશજ શ્રેષ્ઠિ જેતાશાહે શ્રી ધર્મઘોષસૂરિના ઉપદેશથી અનેક ધર્મકાર્યો કર્યાં. ભીમાના ભાઈ ભાણુાના વંશજો વીસલદેવના કારભારી હોવાથી 'વિસરીયા મહેતા' કહેવાયા. તથા તેમાંથી એક શંખેશ્વરીયા ઓડક પણ પ્રસિદ્ધ થયેલ.

જીરાવલ્લિ પાર્શ્વનાથ તીર્થમાં અચલગચ્છના આચાર્યોના ઉપદેશથી અનેક શ્રાવકોએ પોતાનો હિસ્સો નોંધાવ્યો છે. સં. ૧૨૬૩ માં ઉપકેશ જ્ઞાતિના શ્રેષ્ઠિ આંબડના પુત્ર જગસિંહ ઉદય ભાર્યા ઉદયાદે તત્પુત્ર નેકો શ્રી ધર્મઘોષસૂરિના ઉપદેશથી જીરાવલ્લિ તીર્થમાં ભવ્ય દેવકુલિકા કરાવી.

શ્રી ધર્મઘોષસૂરિએ સં. ૧૨૬૩માં પ્રાકૃતમાં શતપદી ગ્રંથની રચના કરી. તે ગ્રંથ મહાકવિની કોટિનો હોઇ તેઓના પટ્ટધર શ્રી મહેન્દ્રસિંહસૂરિએ સં. ૧૨૯૪ માં બીજા કેટલાક પ્રશ્નોત્તર ઉમેરી 'શતપદી' અપરનામ 'પ્રશ્નોત્તર પદ્ધતી' ગ્રંથની સરળ સંસ્કૃતમાં રચના કરી.

શ્રી ધર્મઘોષસૂરિએ રચેલ ગ્રંથમાં અંગ, ઉપાંગ, છેદસૂત્ર, મૂલસૂત્ર, નિર્યુક્તિ ભાષ્ય અને પયન્ના વિ. ના આધારે વિધિપક્ષ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(અચલ) ગચ્છની સમાચારી ચર્ચવામાં આવેલી છે. એ ઉપરથી શ્રીધર્મઘોષસૂરિની ગીતાર્થતા, બહુશ્રુતતા અને સિદ્ધાંતનિષ્ઠા જાણી શકાય છે. આ ગચ્છની સમાચારીને સર્વ પ્રથમ અક્ષરદેહ આપનાર તરીકે શ્રી ધર્મઘોષસૂરિનું નામ ઇતિહાસમાં અમર રહેશે.

શ્રી આર્યરક્ષિતસૂરિએ શિથીલાચારને હટાવવા વિધિમાર્ગને પ્રકાશિત કર્યો. શ્રી જયસિંહસૂરિએ અનેક લાખ ક્ષત્રિયો જૈનેતરોને પ્રતિબોધી જૈન કર્યા અને ગચ્છના પાયા સુદૃઢ કર્યા. જ્યારે શ્રી ધર્મઘોષસૂરિએ વિધિમાર્ગની સમાચારીને ભાવિની પેઢી જાણી શકે તે માટે શતપદી ગ્રંથની રચના કરી અતિ મહત્ત્વનું કાર્ય કર્યું. શતપદી ગ્રંથના એકેય વિચારને આજસુધી કોઇ પણ આધાર રહિત કે અશ્રદ્ધેય ઠરાવી શકયો નથી.

ઉક્ત ગ્રંથ સિવાય શ્રી ધર્મઘોષસૂરિએ ઋષિમંડલ પ્રકરણ ગ્રંથની રચના કરી. 'ભત્તિભરનમિર સુરવર'થી શરૂ થતો આ ગ્રંથ પ્રાકૃત પદ્યમાં છે. વિ. સં. ૧૯૯૫ માં ઉક્ત ગ્રંથને પદ્મમંદિરગણી રચિત વૃત્તિ સાથે વિજયોમંગસૂરિજીએ સંપાદિત કરી પ્રગટ કરાવેલ છે. તેઓ પ્રસ્તાવનામાં જણાવે છે કે–

अथ विशेषविचारणायां क्रियमाणायां सत्यां विधिपक्षाञ्चलगच्छनायके जयसिंहसूरि पट्टधरो धर्मघोषसूरिः सम्भाव्यते। एतेन धर्मघोषसूरिणा ऋषिमण्डलस्तव प्रकरणं प्रणीतं स्याद्।

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રી ઋષિમંડલ પ્રકરણ ગ્રંથના રચયિતા અચલગચ્છીય શ્રી ધર્મઘોષસૂરિ છે, એ માટે બીજા પણ ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. આ ગ્રંથ માટે અન્ય ગચ્છના મુનિવરોએ ખૂબ જ આદર પ્રગટ કરેલ છે. અચલગચ્છીય ભુવનતુંગસૂરિ કૃત ટીકા આ ગ્રંથની પ્રથમ ટીકા છે. ત્યારબાદ અન્ય ગચ્છીય મુનિઓએ પણ વિસ્તૃત ટીકાઓ રચી છે, જેમાંથી કેટલીક તો પ્રકાશિત થઈ ગયેલ છે. શ્રી ભાવસાગરસૂરિ 'ગુર્વાવલી'માં જણાવે છે કે શ્રી ધર્મઘોષસુરિએ શતપદી વિગેરે ગ્રંથોની રચના કરેલી. શ્રી ધર્મઘોષસુરિ 'વાદીગજ શાર્દૂલ' મહાકવી વિગેરે બિરૂદોથી પ્રસિદ્ધ હતા.

મહા પ્રભાવક શ્રી ધર્મઘોષસૂરિ પોતાના ગુરુ શ્રીજયસિંહસૂરિની જેમ કચ્છ, ગુજરાત, સિંધ, માળવા, મહારાષ્ટ્ર, મરુદેશ અને સોરઠ ઈત્યાદિ પ્રદેશોમાં અપ્રતિહત વિચર્યા અને બહોળો ધર્મપ્રચાર કર્યો.

સં. ૧૨૬૮ માં ૬૦ વરસની ઉંમરે તેઓશ્રી તિમિરપુરમાં કાળધર્મ પામ્યા. મોટી પટ્ટાવલીમાં તેઓ કચ્છ નાડોણ ગામમાં સ્વર્ગસ્થ થયા હતા એવો ઉલ્લેખ મળે છે.

શ્રી આર્યરક્ષિતસુરિ, શ્રી જયસિંહસુરિ અને શ્રી ધર્મઘોષ સુરિ આ ત્રિપુટી પટ્ટધરોએ અચલ (વિધિપક્ષ) ગચ્છના પાયા સુદૃઢ કર્યા હતા. પછીના પટ્ટધરો અને આચાર્યોને તો ઉક્ત ત્રિપુટીએ પ્રસ્થાપિત કરેલ સમાચારીને અનુસરવાનું હતું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## ૫૦ શ્રી મહેન્દ્રસિંહસુરિ :—

મારવાડના સરનગર (શ્રીનગરમાં શ્રીમાલી જ્ઞાતીય શ્રેષ્ઠિ શ્રી દેવપ્રસાદ અને તેમના પત્ની ક્ષીરદેવી રહેતાં હતાં. સં. ૧૨૨૮ માં માલ ( મહેન્દ્ર ) કુમારને ક્ષીરદેવીએ જન્મ આપ્યો.

આ બાળકે સં. ૧૨૩૭માં ખંભાતમાં શ્રી ધર્મઘોષસૂરિ પાસે દીક્ષા લીધી. નવદીક્ષિત મહેન્દ્રમુનિની બુદ્ધિ તેજ હતી. અલ્પ સમયમાં તેઓ આગમોના અજોડ અભ્યાસી બની ગયા. સં. ૧૨૫૭ માં મહેન્દ્રમુનિ ઉપાધ્યાય પદથી અલંકૃત થયા અને ગુર્વાજ્ઞાથી અલગ વિચરવા લાગ્યા. તે સાલનું ચાતુર્માસ પણ તેઓએ નગરપારકરમાં કરેલું.

સં. ૧૨૬૯ માં ગુરુએ તેઓને સૂરિપદ આપ્યું અને મહેન્દ્રસિંહસૂરિ એવું નામ જાહેર કર્યું ગુરુના કાળધર્મ બાદ સ. ૧૨૬૯ માં તેઓ ગચ્છ નાયક થયા.

તેઓના સમયમાં લાગટ ત્રણ વરસ દુષ્કાળ પડેલો. તે વખતે તેઓ બાડમેર પાસેના કીરાડુનગરમાં ચાતુર્માસ હતા. તેઓના ઉપદેશથી કીરાડુના શ્રેષ્ઠિ આલ્હાએ દુકાળ પીડિતોને ખૂબજ મદદ કરેલી. કીરાડુમાં ઓશવાળોનાં સવા સાતસો ઘરો હતાં. તેમાં આલ્હાનું ઘર 'વડું' કહેવાતું. તેઓ દુકાળમાં પ્રથમ વરસે એક કળશી, બીજે વરસે બે કળશી અને ત્રીજે વરસે ત્રણ કળશી અન્ન આપીને અનેક દુઃખિતોને મદદરૂપ



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

થયા. શેઠ આલ્હાની કીર્તિ સાંભળી અસંખ્ય લોકો તેઓનું ઘર પૂછતા આવતા કે અનાજ કયાંથી મળે છે? ત્યારે લોકો કહેતા કે 'વડેરા' આલ્હા શેઠની દાનશાળામાંથી આ રીતે આલ્હાનાં વંશજો પણ 'વડેરા' તરીકે પ્રસિદ્ધ થયા.

સં. ૧૨૯૫માં શ્રી મહેન્દ્રસિંહસૂરિના ઉપદેશથી શ્રીમાલી ખોડાયણુ ગોત્રીય શ્રેષ્ઠિ જાણાએ ઉસનગરમાં શિખરબંધ જિનાલય બંધાવ્યો તેમાં ચોવિસ તીર્થંકરદેવોની પ્રતિમાજી પણ પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી.

પ્રાગ્વટ શ્રેષ્ઠિ શ્રી હાથીએ શ્રી મહેન્દ્રસિંહસુરિના ઉપદેશથી દહીંથલીમાં આદિનાથપ્રભુનો જિનાલય બંધાવ્યો. સંઘ સાથે શત્રુંજય તીર્થની યાત્રા કરી. વિસલપુર વિ. સ્થળોમાં અઢાર લાખ ટંક ધર્મકાર્યોમાં ખર્ચ્યો. શ્રેષ્ઠિ હાથીને દહીંથલીના રાજા મંડલિકે પોતાના મંત્રી તરીકે રાખ્યા હતા.

શ્રી મહેન્દ્રસિંહસુરિના ઉપદેશથી ચૌહાણ ભીમ રજપૂત જૈનધર્માનુયાયી બન્યો. તેને ડોડ ગામનો અધિકાર મળ્યો હતો જેથી તેના વંશજો 'ડોડીયાલેચા' ઓડકથી ઓળખાયા તેમણે ડોડમાં શ્રી વાસુપૂજ્ય પ્રભુનું વિશાળ જિનાલય બંધાવ્યું અણુપમાં શ્રી મહેન્દ્રસિંહસુરિ પોતાના સોળ શિષ્યો સાથે ચાતુર્માસ રહ્યા હતા. આ જ સ્થળમાં પ્રતિક્રમણમાં તેઓએ અષ્ટોતરી તીર્થમાળાની રચના કરી, સ્તુતિ કરી હતી. આ અષ્ટોતરી તીર્થમાળા આજે પણ આ ગચ્છના પ્રતિક્રમણમાં બોલાય છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તેઓ 'મહાવાદી' હતા. ભીમસેન નામના દિગંબર મુનિને વચનોની ચતુરતાથી જીતી લઈ પોતાનો શિષ્ય બનાવેલ. વાચક લાવણ્યચંદ્રગણિ શ્રી મહેન્દ્રસિંહસૂરિજીએ પૃથ્વીચંદ્ર નામના રાજાને પ્રતિબોધ આપ્યાનો ઉલ્લેખ કરે છે. રોહડના કટારીઆ ગોત્રના શ્રી કરણુના પુત્ર વીરજીએ વિ. સં. ૧૨૯૬ માં ભીનમાલ નજીકના રત્નપુર ગામમાં આ સૂરિજીના ઉપદેશથી શ્રી શાંતિનાથપ્રભુનું જિનાલય બંધાવ્યું હતું. શત્રુંજય તીર્થનો સંઘ કાઢેલ ને ધર્મકાર્યોમાં સાત લાખ સોનામહોરો ખરચેલ.

આ ગચ્છના પ્રથમ શ્રાવક શ્રી યશોધન ભણુશાલીના વંશજ શ્રેષ્ઠિ શ્રી રીડા શાહે સં. ૧૨૯૫ માં શંખેશ્વરજી મહાતીર્થનો શ્રી મહેન્દ્રસિંહસૂરિના ઉપદેશથી જીર્ણોદ્ધાર કરાવેલ. રીડા શેઠના વંશજો શંખેશ્વરથી માંડલ જઈને વસ્યા હતા.

શ્રી મહેન્દ્રસિંહસૂરિની પ્રવચન પટુતાથી આકર્ષાઈ કર્ણાવતીમાં મંત્રી શ્રી વસ્તુપાલ પોતાના ૮૪ સુભટો સહિત તેઓને વાંદવા આવેલ. તેઓની દેશના સાંભળી મંત્રી વસ્તુપાલના બધા સંશયો દૂર થઇ ગયા. એક વખત જાલોરનો સંઘ તેઓને વંદન કરવા આવ્યો. ત્યારે સૂરિજીએ સંઘના ખ્યાસી સંશયો પૂછયા વિના એક જ વ્યાખ્યાનમાં દૂર કર્યો અને બે સંદેહ એકાંતમાં દૂર કર્યા તેઓને આગમો મુખપાઠ હતા. તેઓ આગમોના તલસ્પર્શી અભ્યાસી હતા. જેથી તેઓ 'આગમ કલા મુખ' બિરૂદથી નવાજાયા હતા. એકદા કાસહૃદગચ્છીય શ્રી પાદલિપ્તસૂરિની પરંપરાના પુણ્ય-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તિલકસૂરિ અને વિધિપક્ષ (અચલ) ગચ્છાધિરાજ શ્રી મહેન્દ્ર-સિંહસૂરિ પાટણમાં એકત્રીત થયા. વિદ્યામદથી ગર્વિષ્ઠ બનેલા શ્રી પુણ્યતિલકસૂરિએ ચરિત્ર નાયકને વાદ માટે આહ્વાન આપ્યું. ત્યારે શ્રી મહેન્દ્રસિંહસુરિએ કહ્યું નાહક વાદ કરવાથી શું લાભ? જવાબમાં પુણ્યતિલકસૂરિએ કહ્યું કે જે પરાજિત થાય તે શિષ્ય અને જીતે તે ગુરુ. ચરિત્રનાયકે આ વાતની કબુલાત કરતાં વાદનો પ્રારંભ થયો. એક મુહૂર્તમાં જ ચરિત્ર-નાયકે, શ્રી પુણ્યતિલકસૂરિને જીતી લીધા. આથી શ્રી પુણ્ય-તિલકસૂરિ પોતાને ધન્ય માનવા લાગ્યા અને શ્રી મહેંદ્ર-સિંહસૂરિજીને ગુરુ તરીકે સ્થાપી તેઓને વંદના કરી, ગુરુએ પણ તેઓને શાખાચાર્ય તરીકે સ્થાપ્યા. તેમજ આ ઐતિહાસિક પ્રસંગની યાદી તેમજ શાખાચાર્યના માનમાં તેમના પૂર્વાચાર્ય શ્રી પાદલિપ્તસૂરિ દ્વારા રચિત 'જયઇ નવનલિણ કુવલય' આ શ્રી વીરજિન સ્તોત્રને ગચ્છના તૃતીય સ્મરણ તરીકે સ્થાન આપ્યું આ તૃતીય સ્મરણ અનેક વિદ્યા અને મંત્રોની આમ્નાયો વિ. થી ભરપુર છે. આ સ્તોત્ર ખૂબજ ભક્તિ સિદ્ધિ સભર હોઇ નવદીક્ષિતોને સર્વપ્રથમ તેનું સ્મરણ અને સ્વાધ્યાય કરાવવામાં આવે છે.

શ્રી મહેન્દ્રસિંહસુરિની જેમ તેઓનો શિષ્ય પરિવાર પણ પ્રભાવક હતો. તેઓના શિષ્ય શ્રી ભુવનતુંગસૂરિએ રાઉલ ખેંગાર ૪થા ની સામે જૂનાગઢ નગરમાં તક્ષ નાગને પ્રત્યક્ષ કરીને સોળ ગારૂડીકોના વાદમાં વિજય મેળવેલ. એટલું જ નહીં પણ તે ગારૂડીકોને આજીવન સર્પ પકડાવવાનો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કે સર્પ ખેલવવાનો ધંધો ન કરવા પ્રતિજ્ઞાબદ્ધ કર્યા હતા. આથી રાઉલ ખેંગારે તેઓને ફરમાન લખી આપ્યું હતું, તેમણે સવા લાખ જાળ છોડાવી અને પાંચસો ભાથિઓ ભાંગ્યા. શ્રી ભુવનતુંગસૂરિએ ચોર્યાસી જ્ઞાતીના વણીકો અને ચોર્યાસીગચ્છના યતિઓની ઉપસ્થિતિમાં શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમાને બોલાવી ચમત્કાર બતાવેલો.

શ્રી ભુવનતુંગસૂરિ મંત્રવાદી હોવા સાથે સમર્થ સાહિત્યકાર પણ હતા. તેમણે જૈનાગમોમાંના પયન્ના પર ટીકાઓ રચી (૧) ચઉશરણવૃત્તિ (૨) આતુરપ્રત્યાખ્યાન વૃત્તિ આ બન્ને ટીકાઓની અંતે તેમણે શ્રી આર્યરક્ષિતસૂરિ વિ. નો ઉલ્લેખ પણ કરેલ છે (૩) સંસ્તારક પ્રકિર્ણકાવચૂરિ (૪) શ્રી ઋષિમંડલ પ્રકરણ ટીકા ૪૫૦૦ શ્લોક પ્રમાણ આ ટીકામાં અનેક કથાનકો ગુંથી લેવાયા છે (૫) આદિનાથ ચરિયં (૬) મલ્લિનાથ ચરિયં (૭) સીતા ચરિયં (૮) આત્મસંબોધકુલક.

શ્રી મહેન્દ્રસિંહસૂરિના શિષ્યો પૈકી કવિધર્મ પણ થઈ ગયા. તેમણે સં. ૧૨૬૬ માં પ્રાચિન ગુર્જરમાં ‘જંબુસ્વામિચરિય’ રચેલ છે.

શ્રી મહેન્દ્રસિંહસૂરિએ સં. ૧૨૯૪ માં સરલ સંસ્કૃતમાં ૫૩૪૨ શ્લોક પ્રમાણ શતપદી અપર નામ પ્રશ્નોત્તર પદ્ધતિ સમુદ્ધાર ગ્રંથની રચના કરી. અચલ (વિધિપક્ષ) ગચ્છની સમાચારીને જાણવા માટે આ પ્રમાણ ગ્રંથ છે. તેઓએ ૧૧૧ શ્લોક પ્રમાણ પ્રાકૃતમાં અષ્ટોતરી તીર્થમાળાની રચના કરી હતી. તીર્થ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સાહિત્યમાં સૌ પ્રથમ વિસ્તારવાળી આજ તીર્થમાળા છે. આ તીર્થમાળા પર શ્રી જયકેશરીસૂરિ કૃત અવચુરિ પ્રસિદ્ધ છે. ( ૩ ) વિચાર સપ્તતિકા ( ૪ ) મનઃ સ્થિરીકરણ પ્રકરણ ( ૫ ) સાર સંગ્રહ ( ૬ ) ગુરુગુણષટ્‌ત્રિંશિકા આદિ તેઓએ બીજા અનેક ગ્રંથો રચ્યા હશે.

આ રીતે શ્રી મહેન્દ્રસિંહસૂરિ અજોડ કવિ, મહાવાદી, શુદ્ધ ચારિત્રવાળા, અને ઉગ્ર વિહારી હતા. તેઓ બ્યાસી વરસની જૈફ વયે ખંભાત (તિમિરપુર)માં સં. ૧૩૦૯માં કાળધર્મ પામી સ્વર્ગે સંચર્યા આ ગચ્છ આ આચાર્યશ્રીને કદાપિ ભૂલી શકે તેમ નથી તેમણે રચેલ શતપદી ગ્રંથ આ ગચ્છનો સમાચારી વિષયક આધાર ગ્રંથ છે. તેઓએ રચેલ અષ્ટોતરી તીર્થમાળા અદ્યાપિ પ્રતિક્રમણમાં સ્તવનારૂપે બોલાય જ છે.

## ૫૧ શ્રી સિંહપ્રભસૂરિ :-

તેઓના પિતાનું નામ શ્રીમાલ વંશીય અરિસિંહ અને માતાનું નામ પ્રીતિમતિ હતું તેઓનો જન્મ સં. ૧૨૮૩માં ગુજરાતના વિજાપુરમાં થયેલ. તેઓએ અચલગચ્છની વલ્લભી-શાખાના શ્રીગુણપ્રભસુરિ પાસે સં. ૧૨૯૧માં દીક્ષા સ્વીકારી હતી.

તેઓના વડીલ બંધુ દીક્ષા લેવાનો વિચાર કરતા હતા. પરંતુ દીક્ષા સ્વીકારતી વખતે અચકાતા હતા. તે વખતે ઢીલ થતાં સિંહપ્રભસૂરિએ સિંહની જેમ તૈયાર થઇને દીક્ષા સ્વીકારી હતી. તેમણે પ્રત્યેક સૂત્રોનો અભ્યાસ કર્યો હતો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અને તે સૂત્રોની ઉલટી આવૃત્તિ કરીને દક્ષિણ ભારતના મહાવાદીને જીત્યા હતા. તેઓ ન્યાયશાસ્ત્રમાં નિષ્ણાત હતા. તેઓએ પાટણમાં મિથીલ વિગેરે શૈવ ધર્માનુયાયીઓને પણ વાદમાં જીત્યા હતા.

સં. ૧૩૦૯ માં અચલગચ્છાધિરાજ શ્રી મહેન્દ્રસિંહસૂરિ કાળધર્મ પામતાં ખંભાતના સંઘે પ્રકાંડ વિદ્વાન શ્રી સિંહપ્રભમુનિને તેડાવી સૂરિપદ અને ગચ્છનાયક પદ આપ્યું. ત્યારથી વલ્લભીશાખા મુખ્ય અચલગચ્છમાં વિલીન થઈ ગઇ.

અહીં વલ્લભીગચ્છ અંગેનો સંક્ષિપ્ત ઉલ્લેખ ઉચિત થશે, આપણે આગળ શ્રી ઉદયપ્રભસૂરિ અંગે ઉલ્લેખ કરી ગયા છીએ તેઓને પ્રભાનંદસૂરિ અને વલ્લભસૂરિ નામક બે શિષ્યો હતા. વલ્લભસૂરિથી વલ્લભીગચ્છ ચાલ્યો હતો. વડગચ્છમાં શંખેશ્વરગચ્છ અને તેમાંથી આ પરંપરા નીકળેલ. (૧) વલ્લભસૂરિ સૂરિપદ સં. ૮૩૨ (૨) ધર્મચંદ્રસૂરિ સં. ૮૩૭ (૩) ગુણચંદ્રસૂરિ સં. ૮૬૯ (૪) દેવચંદ્રસૂરિ સં. ૮૯૯ (૫) સુમતિચંદ્રસૂરિ સં. ૯૨૫ (૬) હરિચંદ્રસૂરિ સં. ૯૫૪ (૭) રત્નસિંહસૂરિ સં. ૯૭૦ (૮) જયપ્રભસૂરિ સં. ૧૦૦૬ (૯) સોમપ્રભસૂરિ સં. ૧૦૫૧ (૧૦) સુરપ્રભસૂરિ સં. ૧૦૯૪ (૧૧) ક્ષેમપ્રભસૂરિ સં. ૧૧૪૫ (૧૨) ભાનુપ્રભસૂરિ સં. ૧૧૭૭ (૧૩) પુણ્યતિલકસૂરિ સં ૧૨૦૭ (૧૪) ગુણપ્રભસૂરિ સં ૧૨૫૯ (૧૫) સિંહપ્રભસૂરિ સં. ૧૩૦૯ એ પછી આ શાખા અચલગચ્છમાં વિલીન થઈ ગઇ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ ગચ્છની માન્યતા મુજબ અચલગચ્છની વલ્લભી- શાખાના શ્રી સોમપ્રભસૂરિના સદ્ઉપદેશથી તેઓની નિશ્રામાં મહામંત્રી શ્રી વિમલે 'વિમલવસહી'ની પ્રતિષ્ઠા કરાવી હતી. અચલગચ્છીય પંન્યાસ વિનીતસાગરજી રચિત 'વિમલમેતા'નો શલોકોમાં 'વિધિપક્ષ શ્રાવક કુલ તિલક' વિ. વર્ણન આવે છે. વિમલ મંત્રીશ્વર આમ તો વિદ્યાધર ગચ્છીય શ્રાવક હતો પણ આ વિદ્યાધરગચ્છ પછીથી અચલ (વિધિપક્ષ) ગચ્છમાં વિલીન થઇ ગયો હતો. તે આ મુજબ સં. ૧૨૮૦માં વિદ્યાધર ગચ્છના અધિપતિ શ્રી સોમપ્રભસૂરિએ અચલગચ્છની સમા- ચારીને સ્વીકૃતિ આપી હતી અને તેઓ તથા તેઓનો પરિ- વાર અચલગચ્છના તૃતીય પટ્ટધર શ્રી ધર્મઘોષસૂરિની આજ્ઞામાં રહ્યો હતો.

વલ્લભીગચ્છના શ્રી પુણ્યતિલકસૂરિના સદ્ઉપદેશથી શ્રીમાલી કાત્યાયન ગોત્રીય મુંજા શ્રેષ્ઠિએ ભોરોલમાં સં. ૧૨૦૨ માં નેમનાથ ભગવાનનું ભવ્ય તીર્થરૂપ ૭૨ જિનાલય બંધાવેલ. આજે પણ એ ભોરોલમાંથી પ્રાચિન જિનાલયોનાં અવશેષો પ્રાપ્ત થાય છે. પાસેની વાવ આજે પણ મુંજાવાવ તરીકે પ્રસિદ્ધ છે. બોરીચા, વાહણી, અને પારેખ વિ. ઓડકોનાં શ્રાવકો અચલગચ્છીય હતા.

સં. ૧૩૧૩માં ત્રીસ વરસની વયે શ્રી સિંહપ્રભસૂરિ તિમિર- પુરમાં કાળધર્મ પામ્યા હતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## ૫૨ શ્રી અજિતસિંહસૂરિ :-

મારવાડના ડોડ ગામમાં શ્રીમાળી શ્રેષ્ઠિ શ્રી જિનદેવ શ્રાવકના ઘરે જિનમતીની કુક્ષીથી સં. ૧૨૮૩માં અચલકુમારનો જન્મ થયેલ.

એકદા જિનદેવ-જિનમતી બન્ને અચલકુમારને લઈ તીર્થયાત્રાએ નીકળ્યા. યાત્રાઓ કરતાં તેઓ અનુક્રમે ખંભાત આવ્યા, ત્યારે તે બન્ને જ્વરરોગથી મૃત્યુ પામ્યા નિરાધાર એવા તે બાળકને ખંભાતના સંઘે વલ્લભીગચ્છીય શ્રી ગુણપ્રભસૂરિને સમર્પિત કર્યો. ગુરુની સાથે રહેવાથી બાળકને દીક્ષા લેવાની ભાવના જાગી. સં. ૧૨૯૧માં ગુણપ્રભસૂરિએ અચલકુમારને દીક્ષા આપી અજિતસિંહમુનિ નામ આપ્યું.

શ્રી સિંહપ્રભસૂરિ કાળધર્મ પામતા સં. ૧૩૧૪માં પાટણમાં અજિતસિંહમુનિ સૂરિપદથી અલંકૃત થયા. સં. ૧૩૧૬ માં શ્રી અજિતસિંહસૂરિ વિહાર કરતા અનુક્રમે મારવાડના જાલોર શહેરમાં પધાર્યા. ત્યાંના સંઘે તેઓને ‘ગચ્છનાયક’ પદથી અલંકૃત કર્યા. ત્યાંથી વિહાર કરી તેઓ પુનઃ પાટણ પધાર્યા તેઓએ પંદર શિષ્યોને આચાર્ય ઉપાધ્યાયાદિ પદોથી અલંકૃત કર્યા હતા.

એકદા શ્રી અજિતસિંહસૂરિ જાલોરમાં ચાતુર્માસ બિરાજમાન હતા. ત્યારે તેઓને વંદન કરવા આવતા બધા સંઘો જાલોરના રાજા સમરસિંહને ભેટણું-નજરાણું ધરતા. આથી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાજાને જાણવા મલ્યું કે તેના નગરમાં છઠ્ઠ–અઠ્ઠમ આદિ ઉગ્ર તપારાધના કરનાર આચાર્ય શ્રી અજિતસિંહસૂરિ ચાતુર્માસ બિરાજમાન છે, આથી રાજા સૂરિવરને વંદન કરવા ઉપાશ્રયે આવ્યો. સૂરિજીનો ધર્મોપદેશ સાંભળી ખૂબજ પ્રભાવીત થયો. અને રાજાએ ચારે બાજુ પોતાની આણુવાળા ક્ષેત્રોમાં અમારીની ઉદ્‌ઘોષણા કરાવી, તથા તે રાજા જૈન ધર્માનુયાયી બનતાં ત્યાંની અને તે રાજ્યની પ્રજા ધર્મનાં આચારો પાળવા લાગી એક ઉલ્લેખ મુજબ આ સમરસિંહ રાજાએ શ્રી અજિત-સિંહસૂરિના પંદર શિષ્યોને આચાર્ય–ઉપાધ્યાયાદિ પદો અપા-વેલ. રાજા સમરસિંહ અને અજિતસિંહસૂરિના સમાગમને ઇતિહાસકારોએ પોતાના ગ્રંથોમાં ગૌરવ સાથે નોંધેલ છે. 'મેવાડના ઈતિહાસમાં' ઓઝાજીએ શ્રી અજિતસિંહસુરિના ઉપદેશથી ત્યાંના રાજાએ ચિત્તોડ વિ. મેવાડના પ્રદેશમાં રાત્રીભોજન બંધ કરાવેલ." આવો ઉલ્લેખ કરેલ છે.

એક પટ્ટાવલીમાં એવો ઉલ્લેખ મળે છે કે જાલોર (સુવર્ણગિરિ) ના રાજા સમરસિંહ રાજાને અજિતસિંહ-સૂરિએ પ્રતિબોધીને દેશમાં થતી જીવહિંસા બંધ કરાવી. એટલે ત્યાંના લોકો પરમાર્હત્ કુમારપાલ રાજાના સમયને સંભારવા લાગ્યા.

મહાપ્રભાવક શ્રી અજિતસિંહસુરિના સમયમાં તેઓના ઉપદેશથી ચાણસ્મા જૈનતીર્થ પ્રસિદ્ધિમાં આવ્યું 'વીશા શ્રીમાલી જ્ઞાતિની એક પ્રાચીન વહીમાં આવો ઉલ્લેખ છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

"......પૂર્વિ વર્દ્ધમાનભાઇ જયતા ઉચલી ચાહણુસામિં વાસ્તવ્યઃ સાસરમાહી તવ શ્રી ભટ્ટેવા શ્રી પાર્શ્વનાથ ચૈત્યં કારાપિતં સં. ૧૩૩૫ વર્ષે અંચલગચ્છે શ્રાઅજિતસિંહસૂરિણા-મુપદેશેન પ્રતિષ્ઠિતમ્"

આ ઉલ્લેખથી એ નક્કી થાય છે કે વર્દ્ધમાનના ભાઈ જયતાએ ઉચાળો ભરી પોતાના સસરાનાં ગામ ચાણસ્મામાં નિવાસ કર્યો. ત્યાં તેમણે સં. ૧૩૩૫ માં શ્રી ભટેવા પાર્શ્વ-નાથનું મંદિર બંધાવ્યું. અને અંચલગચ્છીય આચાર્ય શ્રી અજિતસિંહસૂરિના ઉપદેશથી તેની પ્રતિષ્ઠા કરાવી.

ચરિત્રનાયક શ્રીના શિષ્ય શ્રી માણિક્યસૂરિએ સં. ૧૩૩૮માં ૫૦૮ સંસ્કૃત પરિમાણનો શકુનસારોદ્ધાર નામે ગ્રંથ રચ્યો. તેઓના અન્ય શિષ્યો અને આચાર્યોનાં નામ પ્રાપ્ત થતાં નથી.

શ્રી અજિતસિંહસૂરિના વખતમાં તેઓના ઉપદેશથી અનેક જિનમંદિરોનું નિર્માણ અને અનેક જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ થઈ હતી.

આ આચાર્ય શ્રી ના વખતમાં તપાગચ્છની સ્થાપના થઈ. સં. ૧૨૮૫ માં શ્રી જગત્ચંદ્રસૂરિજીએ ઉગ્ર તપ આદર્યું. તેથી મેવાડના રાજાએ તેમને 'તપા' બિરૂદ આપ્યું અને તેમનાથી તપાગચ્છ સ્થપાયો.

પૃથ્વીપટ પર વિચરતા શ્રી અજિતસિંહસૂરિ સં. ૧૩૩૯માં પાટણ પધાર્યા. તેજ વરસે તેઓ દેહથી અસ્વસ્થ થયા. ૫૬ વરસની વયે તેઓ પાટણમાં સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## ૫૩ શ્રી દેવેન્દ્રસિંહસૂરિ :—

પાલનપુરમાં શ્રીમાલી વોહરા શ્રેષ્ઠિ શ્રી સાંતુની પત્ની સંતોષશ્રીએ સં. ૧૨૯૯ માં દેવચંદ્રને જન્મ આપ્યો.

સં. ૧૩૦૬ માં દેવચંદે દીક્ષા સ્વીકારી સં. ૧૩૨૩ માં તેઓ સુરિપદથી અલંકૃત થયા. શ્રી અજિતસિંહસૂરિએ પંદર મુનિઓને પદસ્થ કર્યો તે વખતે આ ચરિત્રનાયક પણ સૂરિપદથી અલંકૃત થયા હોય એ સ્વીકાર્યં લાગે છે.

સં. ૧૩૩૯ માં શ્રી અજિતસિંહસૂરિ કાળધર્મ પામતા શ્રી દેવેન્દ્રસિંહસૂરિ ગચ્છનાયક પદે નિયુક્ત થયા હતા.

શ્રી દેવેન્દ્રસિંહસુરિએ ચિત્રબદ્ધ કાવ્યોવાળી જિનસ્તુતિઓ જૈન મેઘદુતાદિ મહાકાવ્યો રચ્યાનાં ઉલ્લેખો પટ્ટાવલીઓમાંથી પ્રાપ્ત થાય છે. દેવેન્દ્રસિંહસૂરિ અજોડ અને સચોટ વક્તા હતા. તેઓ જયારે વ્યાખ્યાન આપતા ત્યારે વિદ્વાનોનાં મસ્તક ડોલી ઉઠતાં. તેઓના વ્યાખ્યાનનો રસાસ્વાદ માણવા અનેક દેશોથી આવેલા આચાર્યો અને ઉપાધ્યાયો વિગેરેથી આખી સભા ભરાઈ જતી બીજા શ્રોતાઓને તો જગ્યા પણ ન મળતી.

શ્રી દેવન્દ્રસિંહસુરિના વખતમાં સં. ૧૩૨૩ માં સિરોહી (રાજસ્થાન)ના અર્ધશત્રુંજય તુલ્ય અચલગચ્છીય શ્રી આદીશ્વર જિનાલયનું શિલાન્યાસ થયું. અને તેની પ્રતિષ્ઠા પણ સં. ૧૩૩૯ આષાઢસુદિ ૧૩ મંગળનાં થઈ. આ જિનાલય અત્યારે પણ મોજુદ છે. બાજુમાં અચલગચ્છનો ઉપાશ્રય પણ છે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ આચાર્યશ્રીના સમયમાં ભારત ભરમાં અલા-ઉદ્દીન ખિલજીએ ખળભળાટ મચાવી દીધેલ. આથી જૈનતીર્થો અને જૈન સાહિત્યને પણ ખુબજ નુકશાન પહોચેલું.

અણહિલપુર પાટણમાં સં. ૧૩૭૧ માગશર સુદિ ૧૩ના દિવસે તેઓ કાળધર્મ પામ્યા.

## ૫૪ શ્રી ધર્મપ્રભસૂરિ :-

મારવાડના ભીનમાલ નગરમાં શ્રીમાલી શ્રેષ્ઠિ લીંબાશાહની પત્ની વિજલદેની કુક્ષીથી સં. ૧૩૩૧માં ધનરાજનો જન્મ થયો હતો. સં. ૧૩૪૧માં ધનરાજે લઘુવયમાં શ્રી દેવેન્દ્ર-સિંહસુરિ પાસે જાલોરમાં દીક્ષા લીધી હતી. તથા સં. ૧૩૫૯માં આચાર્યપદધારક પણ બન્યા હતા. સં. ૧૩૭૧ માં પાટણમાં જ તેઓ ગચ્છનાયક પદ પામ્યા હતા.

સં. ૧૩૪૫ માં શ્રી ધર્મપ્રભસુરિના ઉપદેશથી ખેરાલુમાં શ્રીમાલી લાછિલ ગોત્રીય વર્દ્ધમાન શ્રેષ્ઠિએ શ્રી ધર્મપ્રભ-સુરિના ઉપદેશથી ભવ્ય જિનાલય બંધાવેલ. આજ શ્રેષ્ઠિએ શ્રી શત્રુંજય તીર્થનો સંઘ કાઢયો. કુલ્લ ત્રણ કરોડ રૂપીઆ વર્દ્ધમાન શેઠે ધર્મકાર્યોમાં ખર્ચ્યા.

આ સમયમાં આ ગચ્છના શ્રાવકોમાં કામસા ગોત્ર પ્રચલિત બન્યું.

ધર્મપ્રભસૂરિના શિષ્ય શ્રી જયાનંદસૂરિએ બાહડમેરમાં પરમાર વંશીય ડાંગર શાખાના સમરથ નામના રજપૂતને પ્રતિબોધી જૈન ધર્માનુયાયી કરેલ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રી ધર્મપ્રભસૂરિ ઉગ્ર વિહારી હતા. તેઓ સિંધના નગર પારકરમાં પધારેલા ત્યારે ત્યાંના પરમાર વંશીય નવ ક્ષત્રીય કુટુંબોને પ્રતિબોધી જીવહિંસાની પ્રતિજ્ઞા કરાવી હતી.

તેઓ ઉગ્ર તપસ્વી અને ક્રિયાપાત્ર આરાધક આત્મા હતા. તેઓનાં ચરણજલથી બધી વ્યાધિઓ નાશ પામી જતી. તેઓ વચન સિદ્ધ હતા. તેઓ સોળમે પહોરે એક ઠામે એક ટંક આહાર પાણી વાપરતા. તથા તેઓ દિવસ તથા રાત્રીનાં નિદ્રા તો કરતા જ નહીં. માટે જ અપ્રમાદી હતા. તેઓ પ્રજ્ઞાતિલકસૂરિના નામે પ્રસિદ્ધ હતા. તેઓના ઉગ્રતમ અને અપ્રમાદી જીવનની રાજસભામાં પણ પ્રશંસા થતી.

શ્રી ધર્મપ્રભસૂરિએ સં. ૧૩૮૯માંપ્રાકૃતમાં ૫૭ શ્લોક પરિમાણની કાલિકાચાર્ય કથા રચી. આ કથાની સુવર્ણચિત્રિત અનેક પ્રાચીન પ્રતો હોઈને જૈનાશ્રિત ચિત્ર કળા જાણવા માટે નમુનો પુરો પાડે છે. ધર્મપ્રભસૂરિકૃત કથાઓને પ્રથમ પ્રકાશિત કરવાનો યશ વિદેશી વિદ્વાનોને ફાળે જાય છે. ડો. લોયમેને તથા ડો. ડબલ્યુ નોર્મન બ્રાઉને સને ૧૯૩૩ માં પ્રકટ કરેલ. આ કથા ‘ નયરમ્મિ ધરા વાસે ’ થી શરૂ થાય છે.

આ ગચ્છના શ્રી આર્યરક્ષિતસુરિના સમયમાં પ્રથમ સાધ્વી સમયશ્રીજી થઈ ગયાં તે આપણે આગળ જોઈ ગયા. પણ ત્યાર બાદ દીર્ઘ સમયને અંતરે અચલગચ્છના સાધ્વીજીનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. શ્રી શાંતિનાથચરિત્ર તથા પર્યુષણા કલ્પ ટિપ્પનકની પ્રત પ્રશસ્તિ મુજબ સં. ૧૩૮૪ ભા. સુ. ૧ શનિવારનાં અચલગચ્છીય સાધ્વી શ્રી તિલકપ્રભાગણીની વિદ્યમાન હતાં.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ચરિત્ર નાયક સં. ૧૩૯૩ ના મહા સુદ ૧૦ નાં આસોટી ગામમાં કાળધર્મ પામ્યા હતા.

## ૫૫ શ્રી સિંહતિલકસૂરિ :-

મારવાડના આદિત્યપુરમાં શ્રીમાલી શ્રેષ્ઠિ આશાધરની પત્ની ચાંપલદેની કુક્ષીથી સં. ૧૩૪૫ માં જન્મ્યા હતા સં. ૧૩૫૨માં તેમણે શ્રી ધર્મપ્રભસુરિ પાસે દીક્ષા સ્વીકારી હતી. સં. ૧૩૭૧માં તેઓ સૂરિપદ પામ્યા હતા. સં. ૧૩૯૩ માં તેઓ ગચ્છનાયક પદ પામ્યા હતો.

શ્રી સિંહતિલકસૂરિના ઉપદેશથી અનેક પ્રતિષ્ઠાઓ થઇ હતી. સં. ૧૩૭૧માં શ્રી સિંહતિલકસુરિનાં ઉપદેશથી ખંભાતના જાજા ગોત્રીય છાહડ શ્રેષ્ઠિએ શત્રુંજય તીર્થને સંઘ કાઢયો હતો. અને ખંભાતમાં શ્રી મહાવીરદેવને જિનપ્રાસાદ બંધાવ્યો હતો. તેઓના સમયની વિશેષ હકિકતો પ્રાપ્ત થતી નથી. તેઓ ગચ્છનાયક પદ પર વિશેષ સમય રહી શકયા નહીં. સં. ૧૩૯૫ ચૈત્ર સુદ ૯ ના પોતાની પાટે શ્રી મહેન્દ્રપ્રભસુરિને નિયુક્ત કરી ૫૦ વરસની ઉંમરે તેઓ ખંભાતમાં કાળધર્મ પામ્યા.

## ૫૬ શ્રી મહેન્દ્રપ્રભસૂરિ :-

શ્રી જીરાવલ્લી મહાતીર્થ નજીકના વડગામમાં વિ. સં. ૧૩૬૩માં તેઓ જન્મ્યા હતા. તેઓના પિતા ઓશવાળ શ્રેષ્ઠિ આભા અને માતા જીવણુ (નિંબિણી) દેવી હતાં. તેઓનું સંસારી નામ મહેન્દ્રકુમાર હતું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મહેન્દ્રકુમારે વઇજલપુરમાં સં. ૧૩૭૫ તેઓએ શ્રી ધર્મપ્રભસુરિ પાસે દીક્ષા સ્વિકારી હતી. તેઓનું નામ મુનિ 'મહેન્દ્રપ્રભ' રાખવામાં આવ્યું હતું. તેઓ ઉગ્ર તપસ્વી શ્રી ધર્મપ્રભસૂરિ અને પ્રકાંડ વિદ્વાન શ્રી સિંહતિલકસુરિની નિશ્રામાં રહી જીવન ઘડતર પામ્યા હતા. સં. ૧૩૯૩માં શ્રી સિંહતિલકસૂરિએ તેઓને સુરિપદથી અલંકૃત કર્યા હતા. સં. ૧૩૯૮ માં મહેન્દ્રપ્રભસૂરિને ખંભાતના સંઘે મહોત્સવ પૂર્વક 'ગચ્છેશ પદ' થી અલંકૃત કર્યા હતા.

શ્રી મહેન્દ્રપ્રભસૂરિએ વિષમ કાળનાં પ્રભાવથી પોતાના ગચ્છને તપ ક્રિયામાં મંદ થયેલો જાણી તેઓ વિચારવા લાગ્યા. તેઓશ્રીએ એકચિત્તે ધ્યાન ધર્યું. આયંબિલ તપની આરાધનાપૂર્વક તેઓએ સળંગ છ મહિના સુધી એક લાખ પ્રમાણ સૂરિમંત્રનો જાપ કર્યો આથી શ્રી ચક્રેશ્વરીદેવી પ્રગટ થયાં અને વરદાન આપ્યું કે ગચ્છની શોભા વધશે તેમ થશે. અનુક્રમે તેઓનો શિષ્ય પરિવાર વધ્યો અને ગચ્છમાં જ્ઞાન–તપની ઉત્સાહભેર આરાધનાઓ થવા મંડી. તેઓશ્રી થોડા જ સમયમાં પાંચસો શિષ્યોના પરિવારથી પરિવરાયેલા શોભવા લાગ્યા.

વિ. સં. ૧૪૨૦ આષાઢ સુદ ૫ ના તેઓએ પોતાના છ અજોડ શક્તિવાન શિષ્યોને સૂરિપદથી વિભૂષિત કર્યા તે છ સૂરિવરોનાં નામ આ પ્રમાણે છે. (૧) ધર્મતિલકસૂરિ, (૨) સોમતિલકસૂરિ, (૩) મુનિશેખરસૂરિ, (૪) મુનિચંદ્રસુરિ (૫) અભયતિલકસૂરિ, (૬) જયશેખરસૂરિ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એકી સાથે છ શિષ્યોને સૂરિપદ અપાયાનો આ પ્રસંગ ખરેખર આહ્‌લાદક છે. શ્રી મહેન્દ્રપ્રભસૂરિનાં સમુદાયના અન્ય આચાર્યોનાં નામ આ પ્રમાણે પ્રાપ્ત થાય છે. (૧) અભયસિંહસૂરિ, (૨) રંગરત્નસૂરિ, (૩) માણિક્યસુંદરસૂરિ, (૪) ચંદ્રપ્રભસૂરિ, (૫) સોમચંદ્રસૂરિ ઈત્યાદિ.

આટલા સમર્થ શિષ્યો અને આચાર્યો હોવા છતાં તેઓના પટ્ટધર તરીકે તેઓના શિષ્ય મહાપ્રભાવક શ્રી મેરુતુંગસૂરિ આવ્યા હતા. તેઓ અંગે આગળ જોઈશું. રાસમાંથી એ પણ જાણવા મળે છે કે તેઓ અનેક આચાર્યો–ઉપાધ્યાયાદિ પદસ્થો તથા વિશાળ સાધુ–સાધ્વીજીના પરિવારથી શોભતા હતા.

તેઓના શિષ્ય કવિચક્રવર્તિ શ્રી જયશેખરસૂરિનો વિશેષ પરિચય આ મુજબ છે. તેઓ ગુજરાતી ભાષાના 'આદ્ય પદ્યકાર કવિ' તરીકે વિરલ કીર્તિ પામ્યા છે. 'શ્રી જયશેખરસૂરિ ફાગુ' પ્રાપ્ત થાય છે. પણ ઉચ્ચ પ્રતિભાસંપન્ન આ આચાર્યશ્રીનાં માત–પિતા તથા જન્મ સ્થળ સંવત ઇત્યાદિ વિશેષ વિગતો અદ્યાપિ પ્રાપ્ત થઈ શકી નથી એ આશ્ચર્યપ્રદ છે પણ ગુજરાતી ભાષાના આદ્ય પદ્યકાર કવિ હોઇ તેઓ ગુજરાતમાં જન્મ્યા હશે એ પ્રતિતીપ્રદ છે. તેઓ બહુધા ગુજરાતમાં વિચર્યા છે અને વિશેષ ગ્રંથ રચના એજ પ્રદેશમાં કરી છે. તેઓ સં. ૧૪૧૦ પહેલા લઘુવયમાં દીક્ષિત થયા હતા. તેઓ 'ગચ્છનાયક' ન હોઈ પટ્ટાવલી-



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઓમાંથી તેઓનો વિશેષ પરિચય પ્રાપ્ત થઇ શકતો નથી. તેઓની વિદ્યમાનતા સં. ૧૪૯૩ સુધી મનાય છે.

શ્રી જયશેખરસૂરિ 'કવિચક્રવર્તિ' 'વાણીદત્તવર' 'મહાકવિ' વિ. બિરૂદોથી અલંકૃત હતા. તેઓ વિ. સં. ૧૪૨૦ આષાઢ સુદ ૫ ના પાટણમાં સૂરિપદને પ્રાપ્ત થયા હતા. ઋષભદેવ પ્રભુના જિનાલયમાં શ્રેષ્ઠિ વોરાએ અષ્ટાહ્નિકા મહોત્સવ કરેલ.

તેઓએ સં. ૧૪૩૬માં પાટણ શ્રી ઉપદેશ ચિંતામણી નામના પ્રાકૃત પદ્ય ગ્રંથની રચના કરી. આ ગ્રંથમાં ચાર વિભાગો પાડવામાં આવ્યા છે. (૧) જિનધર્મ પ્રશંસા, (૨) દુર્લભ માનવભવાદિ ધર્મ સામગ્રી, (૩) દેશ વિરતિ, (૪) સર્વ વિરતિ. આ મૂળ ગ્રંથ ખરેખર સૌએ કંઠસ્થ કરવા જેવો છે. આ ગ્રંથમાં જિનાગમોનો સાર ઠાંસી ઠાંસીને ભરી દેવામાં આવ્યો છે. મૂળ ગ્રંથ સારી રીતે સમજી શકાય માટે તેઓએ બાર હજાર શ્લોક પ્રમાણ 'સ્વોપજ્ઞ ટીકા'ની રચના કરી છે; આ ગ્રંથ દ્વારા તેઓની વિદ્વતા, આચાર નિષ્ઠા, શાસનપ્રેમ અને ઉંડું ચિંતન વિ. જાણી શકાય છે. આ ગ્રંથ આજે ઘણાં સાધુ–સાધ્વીજીઓ ચાતુર્માસ દરમ્યાન વ્યાખ્યાનમાં વાંચે છે. શાસન અને ગચ્છને ચરણે તેઓએ ખરેખર એક અદ્‌ભુત ભેટ ધરી છે. શાસ્ત્રીય સત્યને રજૂ કરવા માટે 'ઉપદેશ ચિંતામણી' એ પ્રમાણ ગ્રંથ ગણાય છે. એ માટે પ્રાચીન ઉલ્લેખો પણ પ્રાપ્ત થાય છે કે–

"ઉપદેશ ચિંતામણી કીઉએ છાજઈ આગમ ઉપમા"

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રી જયશેખરસુરિએ પ્રબોધચિંતામણી, ત્રિભુવનદીપક પ્રબંધ, જૈનકુમારસંભવ મહાકાવ્યં, ધમ્મિલ ચરિત્રં, ' સકલ-સુખ ' નામક બૃહદ્જિનશાંતિ સ્તવ, બૃહદતિચાર ક્રિયા ગુપ્ત સ્તોત્ર, રાવલ્લા સ્તોત્ર, જંબુ–નેમી ફાગુ, કલ્પસુત્ર સુખાવબોધ વિવરણ, ન્યાયમંજરી, ધર્મસર્વસ્વાધિકાર પ્રકરણ, આત્માવ-બોધકુલક, દ્વાત્રિંશિકાત્રયી, અનેક વિનતિઓ, પ્રવાડીઓ અને સ્તોત્રો વિગેરે રચ્યા છે. તેઓનું સાહિત્ય બહુધા પ્રસિદ્ધ અને લોકભોગ્ય રહ્યું છે. તેઓએ રચેલ બૃહદતિચાર ને બૃહદ્જિન શાંતિસ્તવ આજે પણ અચલગચ્છના પાક્ષિક પ્રતિક્રમણમાં બોલાય છે. અન્ય કવિઓએ પોતાની રચના કૃતિઓમાં તેઓના ગ્રંથોનો આધાર લીધો છે.

તેઓના શિષ્ય શ્રી ધર્મશેખરસુરિએ ' જૈનકુમાર સંભવ મહા કાવ્ય ' ની ટીકામાં પોતાના ગુરુ શ્રી જયશેખરસૂરિને યોગી અને ધ્યાની વર્ણવ્યા છે. આ ઉપરથી શ્રી જયશેખર-સુરિના આધ્યાત્મિક જીવનની ઝાંખી થયા વિના નથી રહેતી.

તેઓએ રચેલ ૫૧ જેટલી વિનતીઓ, સ્તોત્રો, લઘુ પટ્ટા-વલી આદિની તેઓના હાથે જ લખાયેલ એક વિરલ હસ્ત લિખિત પ્રત પ્રાપ્ત થાય છે. અંદર ' જયશેખરગણિ કૃત ' એવા ઉલ્લેખથી જાણી શકાય છે કે તેઓ ' ગણિ ' પદથી પણ અલંકૃત થયા હતા. આ પ્રત ખૂબ જ મરોડ અક્ષરોથી અંકિત છે. એ દ્વારા તેઓની લેખન પદ્ધતિનો પણ ખ્યાલ આવે છે. આવું સાહિત્ય પ્રકાશિત થવું આવશ્યક છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રી જયશેખરસૂરિ મહાકવિ શ્રી માણિક્યસુંદરસુરિના વિદ્યાગુરુ હતા. શ્રી જયશેખરસૂરિના શિષ્યોમાં શ્રી ધર્મશેખર-સૂરિ, વાચનાચાર્ય મેરુચંદ્રગણિના નામો પ્રાપ્ત થાય છે. વા. મેરુચંદ્રગણિ ખૂબજ પ્રભાવક હતા. તેઓએ યવનપતિએ કેદ કરેલા અનેક યતિઓને મુક્તિ અપાવી હતી. વાચક મેરુગણિની સૂચનાથી તેઓના ભક્ત વિરાટનગરીના વિદ્વાન્ મંત્રી વાડવે (પંચાયણે) સત્તર ગ્રંથો પર અવચૂરિ રચી હતી. તેમાંથી વૃત્તરત્નાકરાવચૂરી પ્રાપ્ત થાય છે. એ ગ્રંથની પુષ્પિકામાંથી ઉપરોક્ત ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. ઉક્ત અચલ-ગચ્છીય મંત્રીશ્વરે રઘુવંશ, કુમારસંભવ વિ. મહાકાવ્યો, યોગપ્રકાશ, વીતરાગ સ્તોત્ર, વિદગ્ધમુખ મંડન તથા અનેક સ્તોત્ર પર અવચૂરીઓ રચી હતી. વિશેષ માટે જુઓ શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમસ્મૃતિ ગ્રંથ. ઉક્ત મંત્રીશ્વરે એક જિન-બિંબ સં. ૧૫૦૯ વૈ. સુદ ૧૩ શુક્રવારના રોજ ભરાવેલ.

કવિચક્રવર્તિ શ્રી જયશેખરસૂરિ પ્રખર સાહિત્યસર્જક, મહાકવિ ઉપરાંત ઉગ્ર વિહારી પણ હતા. સિંધ, માળવા, ગુજરાત, મરૂદેશ, સોરઠ વિ. પ્રદેશોમાં તેઓ વિચર્યા હતા અને ધર્મોપદેશ આપ્યો હતો.

શ્રી મહેન્દ્રપ્રભસુરિના વખતમાં શાખાચાર્ય શ્રી અભય-સિંહસૂરિ પ્રભાવક આચાર્ય થઈ ગયા. આ ગચ્છની એક સૂરિઓની પટ્ટપરંપરા આ પ્રમાણે પ્રાપ્ત થાય છે. (૧) જિન-ચંદ્રસુરિ, (૨) પદ્મદેવસૂરિ, (૩) સુમતિસિંહસૂરિ, (૪) અભય-દેવસૂરિ, (૫) અભયસિંહસૂરિ, (૬) ગુણસમુદ્રસૂરિ, (૭)

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

માણિક્યકુંજરસૂરિ, (૮) ગુણરાજસૂરિ, (૯) વિજયસિંહસૂરિ (૧૦) પુણ્યપ્રભસૂરિ, (૧૧) જિનહર્ષસૂરિ, (૧૨) ઉપા. શ્રી ગુણહર્ષગણિ. ઉક્ત અભયસિંહસૂરિ શ્રી અભયદેવસૂરિના શિષ્ય હતા. ગોડી પાર્શ્વનાથ તીર્થની પ્રેરણાનું ઉદ્ગમ સ્થાન શ્રી અભયસિંહસૂરિ હતા.

ગોડી પાર્શ્વનાથનું ઐતિહાસિક ચોઢાળીયું તથા બીજા અનેક પ્રમાણોથી જાણી શકાય છે કે વિધિપક્ષગચ્છાધિરાજ શ્રી મહેન્દ્રપ્રભસૂરિના નિર્દેશથી અને શાખાચાર્ય શ્રી અભય સિંહસૂરિના ઉપદેશથી મીઠડીઆ ગોત્રીય પાટણના મેઘાશાહે સં. ૧૪૩૨ ફા. સુ. ૨ ભૃગુવારે શ્રી ગોડી પાર્શ્વનાથનું ભવ્ય બિંબ ભરાવેલ તથા ઘણું ધન ખરચીને પાટણમાં મહોત્સવપૂર્વક જિનમંદિરમાં મૂળનાયક તરીકે પ્રતિષ્ઠા કરાવી હતી. પણ તે વખતે મુસલમાનોના ઝનૂની આક્રમણ થતાં તે પ્રતિમા સં. ૧૪૪૫માં જમીનમાં ભંડારી દેવામાં આવેલ. સં. ૧૪૬૫માં હુસેનખાન સરદારે પાટણ સર કર્યું. તેની ઘોડેસારમાં ખીલો ખોડવા જતાં તે પ્રતિમાજી પ્રગટ થયાં. આથી તે હુસેનખાન પ્રભાવિત થયો. તેની પત્ની મૂળ જૈન કન્યા હતી. તેણી પ્રતિમાને પૂજવા લાગી. આ રીતે સં. ૧૪૭૦ સુધી આ પ્રતિમાજી હુસેનખાનને ત્યાં પૂજાતાં રહ્યાં. સ્વપ્ન સંકેત મુજબ મેઘાશાહે સવાસો દ્રમ્મ આપીને તે પ્રતિમાજી મેળવી લીધા. આ વખતે શ્રી મેરુતુંગસૂરિ પાટ-ણમાં બિરાજમાન હતા. મેઘાશાહે સૂરિજીને વૃતાંત કહીને તે પ્રતિમાજીનાં દર્શન કરાવ્યાં. પ્રતિમાજીના દર્શનથી હર્ષિત

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રયેલ્લા શ્રી મેરુતુંગસૂરિએ કહ્યું કે આ શ્રી ગોડીજી પાર્શ્વનાથ પ્રભુના પ્રભાવક અને દિવ્ય પ્રતિમાજી છે. તેમને તમારા વતન પારકર (સિંધ)માં લઈ જાઓ. ત્યાં ભવ્ય જિનાલય બંધાવી. તેમાં મૂળનાયક પદે સ્થાપવા. આ રીતે સં. ૧૪૭૦માં શ્રી મેરુતુંગસૂરિની પ્રેરણાથી મેઘાશાહ આ દિવ્ય પ્રતિમાજીને પોતાના વતન નગરપારકરમાં લાવ્યા. રસ્તામાં અનેક ચમત્કારો થયા. રસ્તામાં પોઠોને કોઈ જ ગણી શક્યું નહીં. અર્થાત્ ક્યાંયે કર ભરવો પડ્યો નહિ.

વતનમાં પહોંચતા જ શ્રેષ્ઠિ કાજલશાહે હિસાબ માંગ્યો. ત્યારે મેઘાશાહે પ્રતિમાજીના સવાસો દ્રમ્મ પોતાના ખાતે લખવા કહ્યું. પણ પ્રતિમાજીને જોતાં કાજલે તે પ્રતિમાજી પોતાને આપી દેવા માંગણી કરી પણ મેઘાશાહે તે પ્રતિમાજી આપવાની ના પાડી. આટલી જ વાત પરથી તેઓ વચ્ચે કલહનાં બીજ રોપાયાં. મેઘાશાહે તે પ્રતિમાજી પોતાના ઘેર પધરાવ્યાં હતાં. તે પ્રતિમાના દર્શનાર્થે અનેક સંઘો અને ભાવુકો આવવા મંડ્યા. આથી કાજલનું હૃદય વધુ કલુષિત બન્યું. મેઘાશાહની કીર્તિને તેઓ સહી શક્યા નહીં. આમ કરતાં બાર વર્ષો વીતી ગયાં. મેઘાશાહને મહીઓ અને મહેરો નામના બે પુત્રો હતા.

એકદા મેઘાશાહ સ્વપ્નાનુસાર વહેલી સવારે એક વહેલમાં પ્રતિમાજીને પધરાવી, વહેલને બે વાછરડા જોતરી આગળ ચાલવા લાગ્યો. આગળ ચાલતાં વહેલ સ્વપ્નાનુસાર જ્યાં ગહુંલીનું ચિહ્ન હતું ત્યાં વહેલ અટકાવી. ખોદકામ કરતાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ત્યાંથી વિપુલ નિધાન નીકળ્યું. તેમણે એ જ સ્થાને જિનાલયનો પાયો નાંખ્યો ને ત્યાં ગોડીપુર ગામ વસાવ્યું. સિરોહીના ઉસ્તાદ શિલ્પીએ જિનાલયનું કામ ભાવથી સ્વીકારી લીધું. મેઘાશાહની કીર્તિ સાંભળી કાજલશાહ વધુ ઈર્ષ્યાળુ બન્યો.

મેઘાશાહની કીર્તિ સાંભળી તે જમીનના માલીક ઠાકુર ઉદયપાલ તથા ખેતશીં લુણોત મંત્રીએ મેઘાશાહને ખૂબજ ઉત્સાહ આપ્યો. સં. ૧૪૮૨માં જિનાલયનું લગભગ કામ પૂર્ણ થવા આવ્યું હતું, પણ કુદરતની અકળ લીલાને કોણ જાણી શક્યું છે? વિ. સં. ૧૪૯૪ માં મેઘાશાહ કાજલના કપટથી મૃત્યુ પામ્યો. કાજલે પોતાની પુત્રીના લગ્ન પ્રસંગે મેઘાશાહને બોલાવેલ અને મેઘાશાહને દૂધમાં ઝેર આપી મૃત્યુને શરણે કર્યો. કાજલની બહેન મરઘા એ મેઘાશાહની પત્ની હતી. પોતાના પતિના મૃત્યુથી મરઘાને ખૂબ જ આઘાત લાગ્યો. થોડા દિવસ પછી વાત શમી ગઈ. કાજલે પોતાના ભાણેજ અને મેઘાશાહના બન્ને પુત્ર મહિયા અને મહેરા સાથે મળી જિનાલયનું બાકીનું કાર્ય પૂર્ણ કરાવ્યું. કાજલે જિનાલયનો આગળનો ભવ્ય રંગમંડપ કરાવી આપ્યો. સંઘ તરફથી જિનાલયને ફરતી ચોવિસ દેવકુલિકાઓનું નિર્માણ થયું. શિખર પર ધ્વજારોહણ કરતી વખતે કાજલ અને મેઘાશાહના પુત્ર મેહરા વચ્ચે વિવાદ થયેલો. અંતે મહાજનની સલાહ મુજબ કાજલે મૂળનાયક બિંબને ગાદીનશીન કર્યા અને મેહરાએ ધ્વજારોહણ કર્યું. ત્યારબાદ ગોડીજી પાર્શ્વનાથ તીર્થનો મહિમા ખૂબ જ વિસ્તર્યો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગુજરાત, મારવાડ વિ. થી અનેક છ'રી પાળતા સંઘો આ તીર્થની યાત્રાએ આવવા લાગ્યા. કાજલશાહે પોતાની ભુલોનો પશ્ચાતાપ કર્યો અને પોતાનું મન ધર્મમાં જોડ્યું. તથા શત્રુંજય અને ગિરનાર તીર્થનો છ'રી પાળતો સંઘ કાઢ્યો.

એક વખત સિંધ-પારકરમાં જૈનોની જાહોજલાલી હતી. પણ સત્તરમી શતાબ્દિમાં તે દુશ્મનોનું નિશાન બન્યું હતું આ ગોડી જીતીર્થ કે પારકરથી દક્ષિણમાં ભૂજ કચ્છ ૫૦ ગાઉ દૂર હતું. તેમાં ૪૦ ગાઉની હદ પારકરની હતી.

સં. ૧૪૭૨ ફા. સુ. ૨ ના ઉક્ત આચાર્યાદિના નામથી અંકિત લેખવાળા ગોડી પાર્શ્વનાથનાં પ્રતિમાજી બનાસકાંઠાના વાવ ગામમાં હતાં યા છે. વિ. ભદ્રસુરિ જન્મ શતાબ્દિ ગ્રંથમાં વાવના પ્રતિષ્ઠા લેખોમાં આ લેખ નોંધાયેલો છે. આ અંગે વાવના તથા સિંધના એક જૈન ભાઇ સાથે સંપર્ક સાધતાં અનુમાન થાય છે કે આ લેખવાળા પ્રતિમાજી વીરાવાવ, વાવ ગામ યા પાલિતાણામાં છે. આ અંગે વ્યવસ્થિત તપાસ કરવી ઘટે. શ્રી ગોડી પાર્શ્વનાથનાં મૂળ પ્રતિમાજી જે નગરપારકરના ગોડીપુરમાં બિરાજીત કરાયાં હતાં તે હાલ અપ્રગટ મનાય છે. હાલ તો આ પારકર નગર કે ગોડીજી જૈન તીર્થ ભારતના નકશામાંથી બાદ થઇ ગયું છે. તે હાલ પાકિસ્તાન પ્રદેશની ગણુતરીમાં છે. સને ૧૯૭૧ માં ભારત પાકિસ્તાનનું યુદ્ધ થતાં ભારતના જવાનોએ નગર પારકરને જીતી લીધેલું પરંતુ સમાધાન થતાં તે પુનઃ પાકિસ્તાન હસ્તક રહ્યું. આ ગોડીપાર્શ્વનાથનું ચોઢાળીયું અચલગચ્છના

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રાવક શ્રાવિકાઓ દર દશમનાં પ્રતિક્રમણમાં બોલે છે. આ ગચ્છમાં શ્રી ગોડીજીપાર્શ્વનાથનો મહિમા ખૂબ જ વર્ણવાયો છે.

આપણે જોયું કે શ્રી મહેન્દ્રપ્રભસૂરિના નિર્દેશથી અને શાખાચાર્ય શ્રી અભયસિંહસૂરિની પ્રેરણાથી શ્રી ગોડી પાર્શ્વ-નાથનાં બિંબની પ્રતિષ્ઠા થઈ અને શ્રી મેરુતુંગસૂરિની પ્રેરણાથી આ તીર્થની સ્થાપના થઈ.

શ્રી મહેન્દ્રપ્રભસૂરિના સમુદાયના શ્રી રંગરત્નસૂરિના ઉપદેશથી પાટણવાસી શ્રેષ્ઠિ દેવશીએ શ્રી શત્રુંજયતીર્થનો છ'રી પાળતો સંઘ કાઢેલ.

શ્રી મહેન્દ્રપ્રભસૂરિ સં. ૧૪૦૯ માં નાણીગામમાં ચાતુ-ર્માસ બિરાજમાન હતા. એ વરસે વરસાદની ઋતુ હોવા છતાં વરસાદ પડ્યો નહીં. તેઓશ્રીએ ધ્યાનબળથી જાણ્યું કે ચાલીસ દિવસનું વિઘ્ન છે. તેઓ ધ્યાનમાં સ્થિર થયા. ધ્યાનના પ્રભાવથી સારી વૃષ્ટિ થઇ સુકાળ થયો અને લોકો સુખી થયા. એ જ ચાતુર્માસમાં આસો વદ ૮ ના તેઓશ્રી ધ્યાનમાં સ્થિર હતા ત્યારે એક ઝેરી સર્પે ડંશ દીધો. પોતાને સમજ હોવા છતાં તેઓએ ધ્યાન મુકયું નહીં. ધ્યાનનાં પ્રભાવથી દશમે પહોરે તેઓના પુણ્યગાત્રમાં પ્રસરેલું વિષ મુખ દ્વારા વમાઈ ગયું. સવારનાં બધાને સમજ પડતાં સૌ સૂરિજીના પ્રભાવથી ચમત્કૃત થયા. સંઘવી ચુણા આદિ શ્રાવકોએ આ પ્રસંગે વિવિધ વ્રતો સ્વીકાર્યાં અને નાણી ગામમાં મહ મહોત્સવ કર્યો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રી મહેન્દ્રપ્રભસૂરિના ઉપદેશથી શ્રીમાલી વંશીય ભાહા શેઠે સં. ૧૪૯૫ આસપાસમાં શ્રી શત્રુંજય મહાતીર્થ પર પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય બંધાવેલ. શ્રીમાલી ઝાલા શેઠે પણ એ તીર્થ પર શ્રી ઋષભદેવનું જિનાલય બંધાવેલ. આ શ્રેષ્ઠિએ ધર્મકાર્યોમાં અગિયાર કરોડ ખરચીને અપૂર્વ લ્હાવો લીધેલ.

સં. ૧૪૪૧ માં કચ્છ ખાખરના દેઢીઆ ભીમણે ઉક્ત સૂરિજીના ઉપદેશથી શત્રુંજય તથા ગોડીજી તીર્થના છ'રી પાળતા સંઘો કાઢ્યા કચ્છ છાસરાના દેઢીયા રાણાશેઠે શત્રું-જય ગોડીજીના સંઘો કાઢ્યા અને ઘેર આવીને દેશતેડું કરેલું.

શ્રી મહેન્દ્રપ્રભસૂરિના ઉપદેશથી અનેક જિનબિંબો અને જિનાલયોની પ્રતિષ્ઠાઓ થઇ અને અનેક છ'રી પાળતા સંઘો નીકળ્યા.

ચરિત્ર નાયકે રચેલ સાહિત્યમાં એક માત્ર કૃતિ પ્રાપ્ત થાય છે. પ્રભુ જીરીકાપલ્લીથી શરૂ થતું પાર્શ્વનાથ સ્તોત્ર એ એમની જીવંત કૃતિ છે આ શ્રી જીરાવલ્લી પાર્શ્વનાથ સ્તોત્રની ૪૫ કંડીકાઓ છે ને તે ભક્તામર સ્તોત્રની ઝાંખી કરાવે તેવું ભાવસભર-મધુર અને ગેય છે. આ એકજ કૃતિ દ્વારા તેઓની કવિત્વ શક્તિનું દર્શન સ્પષ્ટ છે. આ પરથી એમ લાગે છે કે તેઓએ અન્યકૃતિઓ પણ રચી હશે ઉક્ત સ્તોત્ર પર ઉપા. ધર્મનંદન તથા મંત્રી પંચાનન (વાડવ) કૃત અવચૂરી ટીકા પ્રાપ્ત થાય છે, પ્રાચીન ગુર્જરમાં બાલાવબોધો પણ ઉપલબ્ધ બને છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અનેક પ્રભાવક આચાર્યો અને શિષ્ય મંડળીના નાયક શ્રી મહેન્દ્રપ્રભસૂરિ સં. ૧૪૪૪ કા. સુ. ૧૩ના પાટણમાં કાળધર્મ પામ્યા

## શ્રી મેરુતુંગસૂરિ :-

મારવાડના નાણીગામમાં પ્રાગ્વાટ વંશીય શ્રેષ્ઠિ વયરસિંહ વોરાની સુશીલ પત્ની શ્રીમતી નાલદેવીએ સં. ૧૪૦૩માં વસ્તીગકુમારને જન્મ આપ્યો. શ્રી મેરુતુંગસૂરિ રાસકાર લખે છે કે વસ્તીગના જન્મ પહેલાં માતા નાલદેવીએ સ્વપ્નમાં સહસ્ર કિરણોવાળા સુર્યને પોતાના મુખમાં પ્રવેશતો જોયો. પણ તરત જ ચક્રેશ્વરીદેવીએ આવીને માતાને સ્વપ્નનું ફળ સમજાવ્યું ' અને કહ્યું કે મુક્તિમાર્ગ પ્રકાશક, મહાનયોગીશ્વર એવો મહાન બાળક તમારી કુક્ષીમાં અવતરશે. ' વસ્તીગકુમાર બીજના ચંદ્રની જેમ વૃદ્ધિ પામવા લાગ્યો.

શ્રી મહેન્દ્રપ્રભસૂરિના ઉપદેશથી વૈરાગ્ય પામી તેજસ્વી એવા વસ્તિગે સં. ૧૪૧૦ માં નાણી ગામમાં સંયમ સ્વીકાર્યું. તેમનું નામ મેરુતુંગ મુનિ રાખવામાં આવ્યું. દીક્ષા વખતે તેઓ સાત વરસના જ હતા. ગુરુનાં સાન્નિધ્યમાં નવોદિત બાલમુનિવર એક પછી એક સિદ્ધિઓ પ્રાપ્ત કરવા લાગ્યા. વ્યાકરણ, સાહિત્ય, છંદ, અલંકાર, જયોતિષ, આગમ આદિમાં તેઓ નિપુણ બન્યા.

સં. ૧૪૨૬ માં ગુરુદેવે તેઓને સૂરિપદે આરૂઢ કર્યા. આ પ્રસંગે સંઘપતિ નરપાલ શ્રેષ્ઠિએ ભવ્ય મહોત્સવ કર્યો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હવે તેઓ શ્રી મેરુતુંગસૂરિ તરીકે ખ્યાતી પામ્યા. તેઓ મંત્ર પ્રભાવક પણ હતા. તેઓ અષ્ટાંગયોગ, મંત્રામ્નાયો વિ. માં પણ નિપુણ હતા.

તેઓ વિચરતાં આસાઉલી નગરે પધાર્યા. અહીં યવન-રાજને પ્રતિબોધી અહિંસાનો મર્મ સમજાવ્યો હતો. રાસ-કાર વર્ણવે છે કે–

આસાઉલઈ સાખ યવન રાઉ પડિબોહિઉંએ,
કહતાં લાગઈ પાખ, માસ વાત છઇ તે ઘણીયે.

સં. ૧૪૪૪ માં સૂરિદેવ લોલાડા નગરમાં ચાતુર્માસ રહેલા. તે દરમ્યાન ત્યાંના રાઠોડવંશીય ફુણગર મેઘરાજાને ૧૦૦ મનુષ્યો સહિત પ્રતિબોધિત કર્યો. આ જ સમય દર-મ્યાન ગુજરાતના અધિપતિ મહમ્મદ સુલતાનનું સૈન્ય તે નગર તરફ આવતું હતું. આથી નગરજનો ભયભીત થવા લાગ્યા. ત્યારે શ્રી મેરુતુંગસુરિએ શ્રાવકોએ લાવેલા સવા મણ ચોખાને મંત્રી આપ્યા. જે ચોખા સૈન્ય પર નાખતાં તેઓ ત્યાંથી નાશી ગયા. શ્રી મેરુતુંગસૂરિએ મહમ્મદ સુલ-તાનને શ્રી પાર્શ્વનાથ પ્રભુના પ્રભાવથી પાછો વાળ્યો. અને તેને પ્રતિબોધ આપ્યો. આ પ્રસંગે લોલાડા સંઘે તેઓને વિનંતિ કરી કે 'આપના મુનિવરોને દર સાલ ચાતુર્માસ મોકલવા.' સંઘની વિનંતિનો શ્રી મેરુતુંગસુરિએ સ્વીકાર કર્યો. આ અંગે તામ્રપત્ર થયેલું.

એ જ નગરમાં થયેલ શ્રી મેરુતુંગસૂરિનો બીજો એક પ્રસંગ ઉલ્લેખનીય છે. સાંજના સમયે સુરિજી કાઉસગ્ગ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ધ્યાનમાં સ્થિર ઊભા હતા. તે વખતે કાળા સર્પે તેઓને ડંશ દીધો. પણ આચાર્યશ્રી અચલ જ રહ્યા. કાયોત્સર્ગ બાદ મંત્ર, તંત્ર, કે ગારુડિકાદિ પ્રયોગો કે ઔષધોપચાર આદિ કરવાને બદલે તેઓ શ્રી પાર્શ્વનાથ પ્રભુના પ્રતિમાજી સમક્ષ ધ્યાનસ્થ દશામાં બેસી ગયા. શ્રી જીરાવલ્લી પાર્શ્વનાથ ભગવંતની 'ત્રૈલોક્ય વિજય' નામના મહામંત્રથી અને યંત્રથી સ્તુતિ કરી તેના પ્રભાવથી વિષ અમૃતરૂપમાં પરિણમી ગયું. સવારના સમયે લોકોને જ્યારે આ પ્રભાવની સમજ પડી ત્યારે ત્યાં જૈનધર્મનો ખૂબજ મહિમા પસર્યો ત્યારે અચલગચ્છના આ યશસ્વી આચાર્યશ્રીના ઉપદેશથી અનેક મનુષ્યો જૈન થયા.

લોલાડા નગરના મુખ્ય દ્વાર પાસેના એક બિલ્હમાં ૧૩ હાથ પ્રમાણ લાંબો ભયંકર અજગર રહેતો હતો. લોકોની વિનંતિથી શ્રી મેરુતુંગસૂરિએ શ્રી જીરાવલ્લિ પાર્શ્વનાથ સ્તોત્રથી એ અજગરની તકલીફ દૂર કરી દીધી. અર્થાત્ અજગર જંગલમાં ચાલ્યો ગયો.

એકવાર શ્રી મેરુતુંગસૂરિ પાટણ નજીકમાં પોતાના વિશાળ શિષ્ય સમુદાય સાથે વિચરી રહ્યા હતા. ત્યારે તેઓને યવન સૈનીકો (મુસલમાનો) રસ્તામાં મળ્યા. અને સાધુઓના ઉપકરણો લેવા મંડયા. શ્રી મેરુતુંગસૂરિ તરત જ યવનરાજ પાસે પહોંચ્યા. સૂરિજીના વિશાળ અને તેજસ્વી લલાટને જોઈ યવનરાજ ચમત્કૃત થયો એટલું જ નહીં તેનું હૃદય પરિવર્તન પણ થયું તેણે સુરિજી આદિ સાધુઓ પાસેથી ક્ષમા યાચી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એવી જ રીતે ખંભાત સાચોર અને બાહડમેરમાં તેઓ બિરાજમાન હતા ત્યારે તે નગરો ઉપર શત્રુઓ ત્રાટકેલા પણ શ્રી મેરુતુંગસૂરિના પ્રભાવથી અને ધ્યાનબળથી પલાયન થઈ ગયેલા એકદા શ્રી મેરુતુંગસૂરિ આબુ મહાતીર્થની યાત્રાએ પધારેલા. પાછા ફરતાં સાંજ થઇ જવાથી અંધકાર વ્યાપી ગયો. આથી તેઓ રસ્તામાં ભૂલા પડ્યા પણ વિજળીની જેમ ચમકાર કરતા દેવે પ્રગટ થઇને તેઓને માર્ગ બતાડચો.

એકદા તેઓ બાડમેરમાં ચાતુર્માસ બિરાજમાન હતા. ત્યારે લઘુપોશાળના દ્વાર પાસે એક સાત હાથ લાંબો સર્પ ફરવા લાગ્યો. આ સર્પને જોઈ સાધ્વીઓ પણ નાશ ભાગ કરવા લાગ્યાં પણ શ્રી મેરુતુંગસૂરિના પ્રભાવથી આ વિઘ્ન દૂર થયું.

એક વખત તેઓ ખંભાતમાં ચાતુર્માસ બિરાજતા હતા તે વખતે વ્યાખ્યાન સભામાં પોતાની મુહપત્તિ ચોળવા લાગ્યા. શ્રોતાઓએ મુહપત્તિ ચોળવાનું કારણ પુછયું ત્યારે સુરિજીએ કહ્યું કે શ્રી શત્રુંજય તીર્થના મુખ્ય જિનાલયમાં દીપકની જ્યોતથી ચંદરવો સળગી રહ્યો છે તે અગ્નિને મેં બુઝાવ્યો.' આ વાત સાંભળી ખંભાતના સંઘે શત્રુંજય પર ખાસ માણસો મોકલી આ વાતની તપાસ કરાવી. જાણવા મળ્યું કે ખરેખર શત્રુંજય તીર્થના મુખ્ય જિનાલયમાં ચંદરવો સળગી રહ્યો હતો તે ઓલવાઇ ગયો હતો. તેવી જ રીતે તિમિરપુરમાં લાગેલી પ્રચંડ આગ તેઓના ધ્યાનબળથી ઓલવાઈ ગઇ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મેરુતુંગસૂરિનાં સંસારી બેન ચંદ્રાએ અભિગ્રહ લીધેલો કે સૂરિજીનાં દર્શન કરવાં, પણ સૂરિજી ખૂબ જ દૂર વિચરતા હતા. પણ દેવના પ્રભાવથી બેન ચંદ્રા સૂરિજીનાં દર્શન કરવા ભાગ્યશાળી બની શકી.

ઉપરોક્ત પ્રસંગોથી જાણી શકાય છે કે ગ્રંથકારોએ શ્રી મેરુતુંગસૂરિજીને 'મંત્રપ્રભાવક' 'મહિમાનીધિ' જેવા બિરુદોથી નવાજ્યા છે જે ઉપયુક્ત જ છે. તેઓએ રચેલ મહાપ્રભાવક 'ૐ નમો દેવદેવાય' આ સ્તોત્રની કથા આ મુજબ છે.

શ્રી મેરુતુંગસૂરિ વિહાર કરતા 'વડનગર' પધાર્યા. ત્યાં નાગર બ્રાહ્મણોના ત્રણસો ઘર હતાં, કીન્તુ કોઇએ પણ આહાર-પાણી વહોરાવ્યા નહીં સુરિજી સહિત સાધુઓ તપોવૃદ્ધિ માની સમતાશીલ રહ્યા. એ જ સાંજે નગરશેઠનો પુત્ર સર્પદંશથી મૂર્છા પામ્યો પણ જિન શાસનની પ્રભાવના કરવા માટે શ્રી મેરુતુંગસૂરિજીએ 'ૐ નમો દેવદેવાય' એ સ્તોત્રની રચનાપૂર્વકના પાઠથી નગરશેઠના પુત્રને મૂર્છા રહિત કર્યો. આ પ્રસંગે અનેક નાગર બ્રાહ્મણોએ જૈનધર્મનો સ્વીકાર કર્યો. તે નગરમાં જૈનધર્મનો ખૂબજ મહિમા પસર્યો. નાગર જૈનોએ સૂરિજીને તે સાલનું ચાતુર્માસ પણ ત્યાં જ કરાવ્યું. નાગર જૈનોએ સૂરિજીના ઉપદેશથી વિશાળ જિનમંદિર અને ઉપાશ્રય પણ બંધાવ્યા. શ્રી મેરુતુંગસૂરિના ઉપદેશથી નાગર-જૈનોએ ભરાવેલા જિનબિંબોના લેખો ઉપલબ્ધ થાય છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સં. ૧૪૪૫ ફા. વ. ૧૧ને દિવસે શ્રી મેરુતુંગસૂરિ પાટણમાં 'ગચ્છનાયક' પદે આરુઢ થયા. આ પ્રસંગે શ્રેષ્ઠિ સંગ્રામ સિંહે ખૂબજ ધનનો વ્યય કરી લ્હાવો લીધો. આ પ્રસંગે મુનિ રત્નશેખરજીને સૂરિપદથી અલંકૃત કરવામાં આવ્યા.

એકદા શ્રી મેરુતુંગસૂરિ ખંભાતમાં ચાતુર્માસ બિરાજમાન હતા. ત્યારે શ્રી ચક્રેશ્વરીદેવી તેઓને વંદન કરવા આવી. દેવીએ ગુરુને કહ્યું કે આજથી એકવીશમે દિવસે દિલ્હી પર મોગલો ત્રાટકશે. માટે ત્યાં તમારા ઉપાધ્યાયજી કે જેઓ હાલ દિલ્હીમાં છે તેમને તેડાવી લેવા. સૂરિજીએ તે વાત શ્રાવકોને કરી. ખંભાતના સંઘે વિશ્વાસુ ખેપીયા દ્વારા આ વિગત દિલ્હી કહેવડાવી ત્યાં રહેલા અચલગચ્છીય ઉપાધ્યાયજીએ રાવણ પાર્શ્વનાથની યાત્રા નિમિત્તે શ્રાવકોને પણ સાથે લીધા. આ રીતે અનેકની જિંદગી બચી ગઇ.

એકદા શ્રી મેરુતુંગસૂરિએ ક્ષીણજંઘા–બળવાળા જીરાવલ્લી પાર્શ્વનાથ તીર્થ તરફ ચાલેલા સંઘના કોઈ શ્રદ્ધાળુ શ્રાવકની સાથે સ્તુતિરૂપ ત્રણ શ્લોકો પત્રમાં લખીને મોકલ્યા હતા. અને કહ્યું હતું કે આ પત્ર પ્રભુપ્રતિમા આગળ નમસ્કારરૂપે મૂકવો. તીર્થમાં પહોંચતાં જ તે શ્રાવકે સૂરિજીનો પત્ર પ્રભુ આગળ મૂક્યો. આથી પ્રભુના અધિષ્ઠાયક દેવે સંઘમાં વિઘ્નો –ઉપસર્ગોની શાંતિ માટે સાત ગુટિકાઓ આપી. અને કહ્યું કે આ ગુટિકાઓ શ્રી મેરુતુંગસૂરિજીને આપવી... તે ગુટિકાઓના પ્રભાવથી સંઘમાં ઋદ્ધિ–સમૃદ્ધિની વૃદ્ધિ થવા લાગી આ જ તીર્થમાં ભયંકર મહામારી રોગ ફાટી નીકળ્યો. પણ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રી મેરુતુંગસૂરિ દ્વારા રચિત સ્તોત્રના પાઠના પ્રભાવથી ઉપદ્રવ શાંત થયો.

આજે પણ અચલગચ્છના નવસ્મરણો પૈકીના છઠ્ઠા સ્મરણ તરીકે 'ૐ નમો દેવ દેવાય' આ સ્તોત્રનું સ્મરણ—સ્વાધ્યાય કરાય છે. આ સ્તોત્રની સાથે જ ઉપરોક્ત ત્રણ શ્લોકો પણ પાઠ કરાય છે.

શ્રી મેરુતુંગસૂરિના ઉપદેશથી વીંછીવાડા, કુંઆરોદ્રી, સિંહવાડા, સલખણપુર, પુનાસા, વડનગર આદિ અનેક નગરીમાં જિનાલયોનું નિર્માણ થયું હતું. અનેક જિનબિંબો—ધાતુ-મૂર્તિઓ પણ પ્રતિષ્ઠિત થઇ હતી.

શ્રી મેરુતુંગસૂરિનો શિષ્ય પરિવાર તો વિશાળ હતો જ. એ પરિવારમાં વિદ્વાન એવા આચાર્યો, પદસ્થો અને મુનિઓની સંખ્યા પણ વિશાળ હતી. જયકીર્તિસૂરિ તો તેઓના મુખ્ય પટ્ટધર હતા. તથા માણિક્યશેખરસૂરિ માણિક્યસુંદરસૂરિ, મેરુનંદનસૂરિ, રત્નશેખરસૂરિ, ભુવનતુંગસૂરિ ઉપાધ્યાય ધર્મ-નંદનગણિ આદિ આચાર્ય ઉપાધ્યાયાદિ હતા.

માણિક્યશેખરસૂરિ તો આગમ વિશારદ હતા. તેઓએ આગમો પર રચેલ દીપિકાઓ પ્રસિદ્ધ છે.

માણિક્યસુંદરસૂરિ તો પ્રથમ ગુર્જર ગદ્યકાર મહાકવિ તરીકે વિરલ કીર્તિ પામ્યા છે. તેઓએ રચેલ શ્રી શ્રીધર મહાકાવ્યં, શ્રીધર મહાકાવ્ય' દુર્ગપદ વ્યાખ્યા, પૃથ્વીચંદ્ર



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ચરિત્ર અપર નામ વાગ્વિલાસ ગુર્જર ગદ્યમાં, નેમીનાથ ચરિત ફાગુ, મહાબલ-મલયાસુંદરી ચરિત્રં, ચંદ્રધવલભૂપ-ધર્મદત્ત ચરિત્રં, શુકરાજ ચરિત્રં આદિ ગ્રંથો તેઓશ્રીની વિદ્વતાનાં સાક્ષી છે તેઓશ્રીએ રચેલ ઘણું સાહિત્ય તો હજીયે અપ્રગટ છે.

શ્રી આર્યરક્ષિતસૂરિ, શ્રી જયસિંહસૂરિના વિશાળ સમય-શ્રીજી આદિ સાધ્વી સમુદાય પછી દીર્ઘસમયના આતરે આ ગચ્છના અર્થાત્ શ્રી મેરુતુંગસૂરિના સાધ્વી સમુદાય અંગે ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. સાધ્વી શ્રી મહિમશ્રીને શ્રી મેરુ-તુંગસૂરિએ મહત્તરા પદે સ્થાપિત કર્યાં હતાં. સાધ્વી મહિમ-શ્રીજી દ્વારા રચિત શ્રી ઉપદેશ ચિંતામણીની અવચૂરિ પ્રાપ્ત થાય છે. અવચૂરીને અંતે 'સા. શ્રી મહિમશ્રીયા વીરચીતા' એવો ઉલ્લેખ પણ છે. તેઓ વિદૂષી હતાં.

મેરુતુંગસૂરિના સમુદાયનાં અન્ય સાધ્વી શ્રી મેરુલક્ષ્મીજી રચિત બે સ્તોત્રો પ્રાપ્ત થાય છે. સાથે તેઓ પ્રવર્તિની અને ગણિની હતાં એવો ઉલ્લેખ વિશેષ ધ્યાનાકર્ષક છે. અન્ય સાધ્વી સમુદાય વિશાળ હતો એમાં કોઈ શક નથી.

શ્રી મેરુતુંગસૂરિએ પાટણ, ખંભાત, જંબુસર વિ. અનેક સ્થોળોમાં વિચરી પાંચસો ભવ્ય જીવોને પ્રતિબોધી દીક્ષિત કરેલા. તેઓનાં સાધુ-સાધ્વી સમુદાય અંગે રાસકાર નોંધે છે કે તેઓનો સાધુ-સાધ્વીજીનો વિશાળ પરિવાર જોયો તેની સંખ્યા કોણ કરશે ?

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રી મેરુતુંગસુરિ મહાપ્રભાવક હોઇ ચક્રેશ્વરીદેવી, પદ્માવતીદેવી, જીરાવલ્લી તીર્થનો અધિષ્ઠાયક યક્ષ આદિ તેઓનું સાન્નિધ્ય કરતા. પ્રાચીન પ્રશસ્તિઓમાં ઉલ્લેખ છે કે–

"ચક્રેશ્વરી ભગવતી વિહિત પ્રસાદાઃ
શ્રી મેરુતુંગ ગુરવો નરદેવ વંદ્યા:"

આ ઉલ્લેખોથી જાણી શકાય છે કે દેવો પણ તેઓનું સાન્નિધ્ય કરતા.

શ્રી મેરુતુંગસૂરિજીએ પ્રતિબોધેલા નૃપતિઓ પૈકી સાચોરના રાજા રાઉપાતા, નરેશ્વર મદનપાલ, ઇડરપતિ કુંવર સુરદાસ, જંબુનરેશ રાઉ ગજમલ ગદૂઆ, જીવનરાય આદિ નૃપતિઓને પ્રતિબોધીને શ્રી મેરુતુંગસૂરિજીએ જૈનાચાર્યોમાં ઉત્તમ કોટિનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. હવે શ્રી મેરુતુંગસૂરિના સાહિત્યક્ષેત્રનું નિરીક્ષણ કરીએ.

તેઓએ રચેલ સાહિત્ય જૈન અને ભારતીય સંસ્કૃતિનું મહામૂલુ અંગ છે. અહીં એનો નામોલ્લેખ જ બસ છે.

(૧) ષડ્દર્શન સમુચ્ચય, (૨) મેરુતુંગ વ્યાકરણ, (૩) ધાતુ પારાયણ, (૪) રસાધ્યાય વૃત્તિ, (૫) સપ્તતિભાષ્ય ટીકા, (૬) લઘુશતપદી યા શતપદી સારોદ્ધાર, (૭) કામદેવ ચરિત્રં, (૮) કાતંત્ર વ્યાકરણ બાલાવબોધ વૃત્તિ, (૯) ઉપદેશ ચિંતામણી લઘુવૃત્તિ, (૧૦) નાભાકનૃપ કથા, (૧૧) સુશ્રાદ્ધ કથા, (૧૨) ચતુષ્ક વૃત્તિ, (૧૩) અંગવિદ્યા ઉદ્ધાર, (૧૪) પદ્માવતી કલ્પ, (૧૫) શતકભાષ્ય, (૧૬) નમુત્થુણં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ટીકા, (૧૭) જીરાવલ્લી પાર્શ્વનાથ સ્તોત્ર, (૧૮) સૂરિમંત્ર કલ્પ તથા સારોદ્ધાર, (૧૯) જૈન મેઘદૂત મહાકાવ્યં આદિ અનેક ગ્રંથો.

શ્રી મેરુતુંગસૂરિ ઉગ્રવિહારી અને મહાતપસ્વી હતા. તેઓ નિત્ય રાજયોગ, હઠયોગ અને પ્રાણાયામ કરતા. તેઓ નિત્ય ધ્યાન ધરતા. તેઓ ગ્રીષ્મના તાપમાં કે શિયાળાની કાતીલ ઠંડીમાં નિત્ય કાયોત્સર્ગ કરતા. ગ્રંથકારો તેઓને 'પૂરવરિષિ' જેવા વિશેષણો આપે છે તે યોગ્ય જ છે.

અચલગચ્છના આ યશસ્વી પટ્ટધર તે વખતે જૈન શાસનમાં ઉચ્ચ સ્થાન ધરાવતા હતા એ હકીકત છે, અનેક યવનપતિઓને પ્રતિબોધી જૈન સંસ્કૃતિને છીન્ન-ભીન્ન થતી અટકાવવામાં તેઓનું યશસ્વી પ્રદાન જૈન ઇતિહાસમાં સદૈવ સુવર્ણાક્ષરે અંકિત રહેશે.

પૃથ્વીપટ પર અવિરત વિચરી અનેક ઉપકારો કરી શ્રી મેરુ-તુંગસૂરિ સં. ૧૪૭૧માં પાટણ પધાર્યા. ત્યાં પોતાનું અલ્પાયુષ જાણીને તેઓએ અનશન સ્વીકાર્યું. અંતે એ જ સાલે એટલે સં. ૧૪૭૧ માગસર પૂર્ણિમા ને સોમવારના દિવસે પાછલા પહોરે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું શ્રવણ કરતાં શ્રી અરિહંત-સિદ્ધભગવંતોનું ધ્યાન ધરતાં તેઓ કાળધર્મ પામ્યા.

## ૫૮ શ્રી જયકીર્તિસૂરિ :–

મરુદેશના તિમિરપુરમાં શ્રીમાલી સંઘવી ભૂપાલ શ્રેષ્ઠિ અને માતા ભ્રમરાદેને ત્યાં સં. ૧૪૩૩ માં તેઓનો જન્મ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

થયેલ. તેઓનું મૂળનામ દેવકુમાર હતું. સં. ૧૪૪૪ માં દેવકુમારે શ્રી મેરુતુંગસૂરિ પાસે દીક્ષા સ્વીકારી હતી. નૂતન મુનિનું નામ 'જયકીર્તિ મુનિ' રાખવામાં આવ્યું હતું. જયકીર્તિ મુનિ ખૂબ જ બુદ્ધિશાળી હતા.

અલ્પ સમયમાં તેઓ સર્વ શાસ્ત્રોમાં નિપુણ બની ગયા. સં. ૧૪૬૭ માં ખંભાતમાં ગુરુએ તેઓને યોગ્ય જાણી સૂરિ પદ આપ્યું. તેઓ જયકીર્તિસૂરિના નામે પ્રસિદ્ધ થયા. સં. ૧૪૭૩ વૈ. વ. ૫ ના પાટણમાં તેઓ ગચ્છેશપદે આરૂઢ થયા હતા. આ પ્રસંગે પાટણના સંઘે ભવ્ય મહોત્સવ કર્યો. આ પ્રસંગને અનુલક્ષીને રચાયેલ શ્રી જયકીર્તિસૂરિ ગચ્છેશ પદ ફાગુ પણ પ્રાપ્ત થાય છે.

એકદા તેઓ વિચરતા કંટલી ગામમાં પધાર્યા. ત્યાં ઓશવાળ સહસાક શ્રેષ્ઠિ રહેતો હતો. એકદા તેને ઘેર પકવાન્ન થતું હતું. તેમાં સર્પનું વિષ પડયું. સહસાક અને તેની પત્નીને ઉપવાસ હતો. ત્યાં આવેલ અતિથિ વિગેરે ભોજન કરતાં સૌ મૃત્યુ પામ્યા. ત્યાં પધારેલા શ્રી જયકીર્તિસૂરિને વિનંતિ કરતાં સૂરિજીએ વિષાપહાર મંત્રના પ્રભાવથી સૌને સચેતન કર્યાં. આ પ્રસંગ પરથી સહસાકના વંશજો 'વિષાપહાર ગોત્ર' થી પ્રસિદ્ધ થયા. સહસાકના વંશજ સાલિગે સાચોર તીર્થમાં શ્રી જયકીર્તિસૂરિના ઉપદેશથી મહાવીર પ્રભુનું વિશાળ જિનાલય બંધાવ્યું સં. ૧૪૯૩ જેઠ સુદ ૧૦ નાં તેની પ્રતિષ્ઠા કરાવી. આ પ્રસંગે પચીશ હજાર પીરોજીનો ખર્ચ થયો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રી જયકીર્તિસૂરિના ઉપદેશથી અનેક જિનમંદિરો અને જિનબિંબોની પ્રતિષ્ઠા થયેલી. શ્રી જીરાવલ્લિ તીર્થના ઉદ્ધારમાં તેઓની પ્રેરણા મુખ્ય હતી.

તેઓના શિષ્યોમાં જયકેશરીસૂરિ, શીલરત્નસૂરિ, ઋષિવર્દ્ધનસુરિ, ઉપાધ્યાય લાવણ્યકીર્તિ, ક્ષમારત્નમુનિ આદિના નામો ઉલ્લેખનીય છે. શીલરત્નસૂરિકૃત જૈન મેઘદૂત મહાકાવ્યની ટીકા, સ્તુતિ ચોવિસી આદિ ગ્રંથો ઉપલબ્ધ થાય છે. ઋષિવર્દ્ધનસુરિ રચિત ચૈત્યવંદન ચોવિસી, નલ–દમયંતી રાસ આદિ કૃતિઓ પ્રસિદ્ધ છે.

શ્રી જયકીર્તિસૂરિના સમકાલીન આચાર્યોમાં શ્રી ધર્મશેખરસૂરિ, શ્રી માણિક્યશેખરસૂરિ, શ્રી માણિક્યસુંદરસુરિ, શ્રી માણિક્યકૂંજરસુરિ, માનતુંગસુરિ, ભુવનતુંગસૂરિ, ઉપા. ધર્મનંદનગણિ, પં. મહિનંદનગણિ, આદિનાં નામો ઉલ્લેખનીય છે.

શ્રી મેરૂતુંગસુરિએ શાસનદેવીના પ્રત્યક્ષ આવાગમનનો નિષેધ કરેલ હતો. પરંતુ શાસન રક્ષા માટે શ્રી જયકીર્તિસૂરિએ શત્રુંજય મહાતીર્થ ઉપર ઘણાં વર્ષો સુધી આયંબિલ તપ કર્યું હતું. આથી પ્રસન્ન થઇને મધ્ય રાત્રિએ ચક્રેશ્વરીદેવીએ પ્રકટ થઇને કહ્યું કે ‘હું આપની પાસે આવીશ-પરંતુ આપ મને ઓળખશો નહીં.’ બીજે દિવસે ખંભાતથી સંઘ આવ્યો. તેમાં દેવીએ શ્રાવિકાનુ રૂપ ધારણ કરીને સુવર્ણમુદ્રાથી મિશ્રિત પૌંઆ વહોરાવીને સુરિજીનો મનોરથ પરિપૂર્ણ કર્યો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રી જયકીર્તિસુરિ ઉગ્રતપસ્વી હોવા સાથે સફળ ગ્રંથકાર હતા. તેઓએ રચેલ ગ્રંથોનાં નામ આ પ્રમાણે છે. (૧) ઉત્તરાધ્યયનસૂત્ર દીપિકાવૃતિ (૨) ક્ષેત્રસમાસ ટીકા, સંગ્રહણી-ટીકા, પાર્શ્વદેવ સ્તવ આદિ.

સં. ૧૫૦૦ માં ૬૭ વરસની વયે શ્રી જયકીર્તિસૂરિ પાટણમાં કાળધર્મ પામ્યા હતા.

### ૫૯ શ્રી જયકેશરીસૂરિઃ—

પાંચાલદેશના થાનનગરમાં શ્રીમાલી શેઠ દેવસિંહ અને તેની પત્ની લાખણદેને ત્યાં સં ૧૪૭૧માં ધનરાજનો જન્મ થયો હતો. જન્મ વખતે માતાએ કેશરી સિંહનું સ્વપ્ન જોયું હતું. સં. ૧૪૭૫ માં લઘુવયે બાળક ધનરાજે જયકિર્તીસુરી પાસે દીક્ષા સ્વીકારતાં તેમનું નામ ‘જયકેશરીમુની’ રાખવામાં આવ્યું હતું દીક્ષા બાદ અલ્પદિવસોમાં જ તેઓ જૈનાગમોના પાર ગામી થયા હતા સં. ૧૪૯૪ માં તેઓને ગુરુએ સૂરિપદે આરુઢ કર્યા હતા. ભાવસાગરસૂરિ કૃત પ્રાકૃત પટ્ટાવલી અનુ-સાર ચાંપાનેરના રાજા ગંગદાસના વચનથી તેઓને સૂરિપદે આરુઢ કરવામાં આવ્યા હતા. સં. ૧૫૦૧માં શ્રી જયકેસરી-સૂરિ ‘ગચ્છેશ’ પદધારક બન્યા હતા. આ પ્રસંગે પાવાગઢ તીર્થના શ્રી વીરજિનાલયમાં શાલાપતિ જ્ઞાતીય સંઘવી કાલા-ગરે ભવ્ય મહોત્સવ કર્યો હતો.

એકલા શ્રી જયકેશરીસૂરિ અમદાવાદમાં બિરાજતા હતા. તે વખતે ત્યાંનો બાદશાહ મહિમુંદશાહ જવરરોગથી પીડાતો હતો. અનેક ઉપાયો કરવા છતાં તે રોગમુક્ત ન થયો. જય-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કીર્તિસૂરિને પ્રભાવશાળી જાણી બાદશાહે પોતાને ત્યાં પધારવા વિનંતિ કરી. શાસનપ્રભાવનાનું કારણ જાણી સૂરિજી બાદશાહને ત્યાં પધાર્યા સુરિજીએ 'જવારાપહાર' મંત્ર ભણીને શાસન-દેવીને સ્મરીને પોતાનો રજોહરણ ત્રણ વખત બાદશાહના શિર પર ફેરવ્યો. તરત જ રાજા રોગરહિત થયો. ગુરુએ પોતાનું રજોહરણ પથ્થરની શિલા પર ખંખેર્યું એટલે શિલાના બે ટૂકડા થઈ ગયા. આ પ્રસંગથી બાદશાહ સુરિના ચરણોમાં નમી પડ્યો. આ સૂરિજીના ઉપદેશથી બાદશાહે અમદાવાદમાં ઝવેરીવાડમાં અચલગચ્છીય સાધુઓ માટે ઉપાશ્રય બંધાવી આપ્યો. આજે પણ આ ઉપાશ્રય મોજુદ છે. આ ઉપાશ્રયની નજીક પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય પણ છે.

પાવાગઢના રાજા ગંગરાજેશ્વરની પર્ષદામાં શ્રી જયકેશરી-સુરિ માન ભર્યું સ્થાન ધરાવતા હતા. આ રાજાનો પુત્ર જયસિંહ પણ આ સૂરિજીના સમાગમમાં આવ્યો હતો. ચાંપાનેરના રાજા ઉપરાંત ત્યાંના મંત્રીઓ પણ ઉક્ત સૂરિજીના સમાગમમાં આવેલા અને જિનબિંબો ભરાવેલા.

પાવાગઢ (ચાંપાનેર) ના રાજાઓ અને મંત્રીઓ આ ગચ્છના આચાર્યોના સમાગમમાં આવ્યા હતા તે આપણે જોયું. અચલગચ્છ પ્રવર્તક શ્રી આર્યરક્ષિતસૂરિની તપોભૂમિ તરીકેનું યશ પણ પાવાગઢને ફાળે જાય છે. તેમજ મહાકાલી-દેવીનું સ્થાન પણ પાવાગઢ હોઈ મહાકાલીદેવીને 'અચલ-ગચ્છધિષ્ઠાયિકા' તરીકે સ્થાન મળ્યું છે. આ ઘટનાઓ સુચક ગણી શકાય.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જયકેશરીસૂરિના શિષ્યોમાં સિદ્ધાંતસાગરસૂરિ, કીર્તિવલ્લભ-ગણી, ઉપાધ્યાય મહીસાગરગણી, મહીમેરુગણી, વિ. નામો ઉલ્લે-ખનીય છે. કીર્તિવલ્લભગણીકૃત ઉત્તરાધ્યાયનદીપિકા, ઉપા. મહી-સાગરગણીકૃત ષડાવશ્યક વિવરણ ગ્રંથો ઉપલબ્ધ થાય છે.

અચલગચ્છના આચાર્યોમાં સૌથી વધારે જિનબિંબોના પ્રતિષ્ઠાપક તરીકે શ્રી જયકેશરીસૂરિનું નામ સુવર્ણાક્ષરે લખાશે પ્રાયઃ પ્રત્યેક જિનાલયોમાં તેઓના હાથે પ્રતિષ્ઠિત થયેલ ધાતુમૂર્તિઓ ઉપલબ્ધ થશે જ. આજ સુધીમાં શ્રી જયકેશરી-સૂરિના સેંકડો પ્રતિષ્ઠા લેખો પ્રસિદ્ધિમાં આવ્યા છે. ને ઉપલબ્ધ બનતા રહેશે.

તેઓ આદર્શ જિનભક્ત હતા. જિનભક્તિરૂપે તેઓએ 'ચતુર્વિંશત જિન સ્તોત્ર' રચ્યાં હતાં. જે પ્રકાશિત છે. તેઓએ રચેલ આદિનાથ સ્તોત્ર, સાધારણ જિન સ્તોત્ર પણ ઉપલબ્ધ બને છે.

અંતે સં. ૧૫૪૧ના પોષ સુદિ ૮ના બહુંતેર વરસની ઉંમરે ખંભાતમાં શ્રી જયકેશરીસૂરિ કાળધર્મ પામ્યા હતા.

## ૬૦ શ્રી સિદ્ધાંતસાગરસૂરિ :–

અણહિલપુર પાટણના ઓશવાળ સોની જાવડ અને તેની પત્ની પૂરલદેનાં ઘરે સં. ૧૫૦૬ માં સોનપાલનો જન્મ થયો હતો.

સં. ૧૫૧૨ માં સોનપાલે શ્રી જયકેશરીસૂરિ પાસે દીક્ષા સ્વીકારી હતી. સોનપાલ હવે મુનિ સિદ્ધાંતસાગરજી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તરીકે પ્રસિદ્ધ થયા હતા. અલ્પ સમયમાં તેઓ સિદ્ધાંતોના સાગરના પારગામી થયા હતા.

તેઓ ગણિપદ અને ઉપાધ્યાય પદથી અલંકૃત થયા હતા. સં. ૧૫૪૧ ના પોષ સુદ ૮ ના દિવસે ગચ્છનાયક શ્રી જયકેશરીસૂરિ કાળધર્મ પામતાં એ જ વર્ષે ચતુર્વિધ સંઘે મળીને ફાગણ સુદ ૫નાં દિવસે અમદાવાદમાં સૂરિપદ અને ગચ્છેશ પદે અલંકૃત કર્યા હતા. આ પ્રસંગે શ્રીમાલી હંસ-રાજે ભવ્ય મહોત્સવ કર્યો હતો.

પડાઈયા મંડલિક શ્રેષ્ઠિએ સં. ૧૫૪૮ ના વૈ. વદ ૧૦નાં દિવસે સાચોરમાં શ્રી સિદ્ધાંતસાગરસૂરિના ઉપદેશથી શ્રી સુમતિનાથબિંબની પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રસંગે અગિયાર હજાર પીરોજી ખરચી હતી. કાશ્યપ ગોત્રીય શ્રેષ્ઠિ લોલાએ સૂરિજીના ઉપદેશથી ભીન્નમાલથી શત્રુંજય, ગિરનાર અને જીરાવલા તીર્થ આદિનાં સંઘ કાઢ્યા. આ શ્રેષ્ઠિએ આબૂ તીર્થ પરના અચલગઢના ચૌમુખમાં બે કાઉસગ્ગિયા કરાવ્યા હતા. જેમાં બાવીશ હજાર રૂા. ખર્ચ્યાં હતા.

શ્રી સિદ્ધાંતસાગરસૂરિએ પણ શ્રી ચક્રેશ્વરીદેવીનું આરાધન કર્યું હતું એવો ઉલ્લેખ પ્રાચીન ગ્રંથોમાંથી પ્રાપ્ત થાય છે

ચરિત્રનાયકશ્રી માંડવગઢ તરફ વિચર્યા હતા. માંડવગઢમાં તેઓશ્રીના ઉપદેશથી અચલગચ્છીય સોની ગોત્રના વંશજોએ ૩૦ ઇંચ મોટી ધાતુની શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિમા વિગેરે જિનબિંબો ભરાવ્યાં હતાં. માંડવગઢના મૂળનાયક શ્રી શાંતિ-નાથ પ્રભુના પ્રતિમાજી ખૂબજ ચમત્કારી છે. આ મૂર્તિ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સં. ૧૮૯૮માં ખોદકામ કરતાં ભીલ લોકોને મળી આવી હતી. મૂર્તિને ધાર લઈ જવામાં આવતાં માંડવગઢના રસ્તામાં જ દિલ્હી દરવાજા આગળ જિનમૂર્તિને લઈ જતો હાથી અટકી પડ્યો હતો. પછી સંઘે ત્યાંજ જિનમંદિરનો જીર્ણોદ્ધાર કરાવી તેમાં શાંતિનાથ પ્રભુના પ્રતિમાજીને પ્રતિષ્ઠિત કર્યા હતા.

શ્રી સિદ્ધાંતસાગરસૂરિ સમેત અચલગચ્છના આચાર્યો અને મુનિઓનો માંડવગઢ પ્રદેશ ઉપર ખૂબ જ ઉપકાર છે. તેઓના ઉપદેશથી અનેકવિધ શાસનનાં કાર્યો થયાં હતાં.

સિદ્ધાંતસાગરસૂરિના સમુદાયમાં ઉપાધ્યાય ભાવવર્દ્ધનથી 'વર્દ્ધન' શાખા કમલરુપથી 'રુપ' શાખા અને ધનલાભથી 'લાભ' શાખા અસ્તિત્વમાં આવી હતી.

ઉગ્ર વિહારી શ્રી સિદ્ધાંતસાગરસૂરિ બહુધા ગુજરાત અને માળવામાં વિચર્યા હતા. સં. ૧૫૬૦ માં તેઓ પાટણમાં કાળધર્મ પામ્યા હતા. તેઓ માંડલમાં કાળધર્મ પામ્યાનો પણ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

## ૬૧ શ્રી ભાવસાગરસૂરિ :—

મારવાડના ભીન્નમાલનગરના શ્રીમાલી શ્રેષ્ઠિ સાંગરાજ અને તેની પત્ની શૃંગારદેવીના ઘરે સં. ૧૫૧૬ માં ભાવડકુમારનો જન્મ થયો હતો.

સં. ૧૫૨૦ માં ખંભાતમાં ભાવડકુમારે શ્રી જયકેશરીસૂરિ પાસે દીક્ષા સ્વીકારી હતી. તેઓનું નામ મુનિ ભાવસાગર રાખવામાં આવ્યું હતું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સં. ૧૫૬૦ માં શ્રી સિદ્ધાંતસાગરસૂરિ કાળધર્મ પામતાં માંડલના સંઘે મુનિ ભાવસાગરજીને સૂરિપદ સાથે ગચ્છેશ પદે આરૂઢ કર્યા હતા આ પ્રસંગ વૈ. સુદ ૩ ના થયો હતો. આ અવસરે માંડલના રહીશ શ્રેષ્ઠિ વાઘા અને હરખચંદે ભાવસાગરસૂરિના પદ મહોત્સવ પ્રસંગે ૫૦ હજાર દ્રવ્ય ખર્ચ્યું હતું. ઉક્ત શ્રાવકોએ એજ દિવસે શ્રી શીતલનાથ પ્રભુના બિંબની પ્રતિષ્ઠા કરાવી હતી.

શ્રી ભાવસાગરસૂરિના શ્રમણ પરિવારમાં સોમરત્નસૂરિ, વાચનાચાર્ય શ્રી લાભમંડનગણિ, વાચકનયસુંદરગણિ આદિ નામો ઉલ્લેખનીય છે. અચલગચ્છીય અન્ય મુનિઓ વિનયહંસ ઉપાધ્યાયજી, લાભમેરુમુનિ, લાભશેખર આદિ નામો ઉલ્લેખનીય છે.

શ્રી ભાવસાગરસૂરિના શિષ્ય સુમતિસાગરસૂરિ પણ પ્રભાવક આચાર્ય હતા. પ્રાચીન ગ્રંથકારો તેઓને રચનાની પ્રશસ્તિઓમાં 'ગચ્છનાયક' કહ્યા છે. સુમતિસાગરસૂરિની પરંપરા આ મુજબ છે. (૧) ગજસાગરસૂરિ (૨) પુણ્યરત્નસૂરિ, (૩) ગુણરત્નસૂરિ, (૪) ક્ષમારત્નસૂરિ વિગેરે.

ગજસાગરસૂરિના શિષ્ય પં. લલિતસાગરજીના શિષ્ય પં. માણિક્યસાગરના શિષ્ય પં. જ્ઞાનસાગરજી ઉચ્ચકોટિના કવિ થઈ ગયા. પં. જ્ઞાનસાગરજીએ ગુર્જર ભાષામાં અનેક રાસો રચ્યા. તેમણે શ્રીપાલ રાસ પણ રચ્યો. ૧૭ જેટલા રાસ ચરિત્રો ઉપરાંત તેઓ દ્વારા રચિત સ્તવન ચોવિસી, અર્બુદ ચૈત્ય પરિપાટી આદિ કૃતિઓ પણ પ્રાપ્ત થાય છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભાવસાગરસૂરિના અનેક પ્રતિષ્ઠા લેખો ઉપલબ્ધ છે. ભાવસાગરસૂરિ કૃત ૨૩૧ પ્રાકૃત કંડીકા પ્રમાણ 'વીરવંશાનુક્રમ પટ્ટાવલી' અપર નામ ગુર્વાવલી પ્રાપ્ત થાય છે. આ પટ્ટાવલી અચલગચ્છના ઇતિહાસનું એક મહત્ત્વનું અને વિશ્વાસનીય અંગ બની રહી છે. ભગવાન શ્રી મહાવીરદેવ શ્રી સુધર્માસ્વામીથી લઈ શ્રી સિદ્ધાંતસાગરસૂરિ સુધીના આચાર્યોની ઐતિહાસિક માહિતી ઉક્ત ગુર્વાવલીમાં સંગ્રહીત છે. આ ગ્રંથ આજ દિવસ સુધી અપ્રગટ રહેલ છે. ભાવસાગરસૂરિનું પ્રાકૃત ભાષા પરનું પ્રભુત્વ જોતાં તેઓએ સંસ્કૃત–પ્રાકૃતમાં અન્ય ગ્રંથો પણ રચ્યા હશે.

શ્રી ભાવસાગરસૂરિના સમયમાં અન્ય નવા ગચ્છો અને સંપ્રદાયો સ્થપાયા હતા. જેમાં લોકાશાહે લોકાગચ્છ, કડવાશાહે કડવા ગચ્છ, બીજાશાહે બીજામત, અને પાર્શ્વચંદ્રસૂરિએ પાર્શ્વચંદ્ર ગચ્છ પ્રવર્તાવ્યો. અનેક ગચ્છો અને મતો ઉદ્ભવ્યા હોઈ આવા સમયે શ્રી ભાવસાગરસૂરિએ શુદ્ધ ક્રિયા અને તપનો માર્ગ સ્વીકાર્યો. પટ્ટાવલીમાં તેઓને 'યુગપ્રધાન' કહ્યા છે.

તેઓ સં. ૧૫૮૩ માં ખંભાતમાં સ્વર્ગવાસ પામ્યા હતા.

## ૬૨ શ્રી ગુણનિધાનસૂરિ :–

પાટણના શ્રીમાલી શ્રેષ્ઠિ સંઘવી નગરાજની પત્ની લીલાદેવીની કુક્ષીથી સં. ૧૫૪૮ના માઘ માસમાં સોનપાલનો જન્મ થયો હતો. એકદા શ્રી સિદ્ધાંતસાગરસૂરિ વિહાર કરતા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પાટણ પધાર્યાં. ત્યારે ધર્માનુરાગી ઉક્ત દંપતીએ પોતાનો બાળક સોનપાલ સૂરિજીને સમર્પિત કરી દીધો ને સંવત ૧૫૫૨ માં સોનપાલે પાટણમાં દીક્ષા સ્વીકારી. થોડા જ સમયમાં તેઓ જિનાગમોના અભ્યાસી થયા હતા.

મુનિ ગુણનિધાનને સં. ૧૫૬૫ માં જંબુસરમાં ભાવ-સાગરસૂરિએ સૂરિપદે આરુઢ કર્યો હતા અને સં. ૧૫૮૪માં ખંભાતમાં પ્રાગ્વાટ શ્રેષ્ઠિ વિજજાહર શાહે કરેલ ઉત્સવમાં તેઓ ગચ્છનાયક પદ પામ્યા હતા.

તેઓના વખતમાં થયેલા અચલગચ્છીય શ્રમણોનો ઉલ્લેખ કરવો આવશ્યક છે. ગજસાગરસૂરિ, ઉપાધ્યાય વિદ્યા-સાગર ગણિ, ઉપા. વિદ્યાવલ્લભગણિ, ભાવવર્દ્ધનસૂરિ, કીર્તિ-મેરૂસૂરિ, વાચક રંગતિલકગણિ, વાચક પુણ્યચંદ્રગણિ, મુનિ સંયમમૂર્તિ, મુનિ દયાશીલ, મુનિ વિનયરાજ ગણિ, પં. વિદ્યા શીલ, ઉપાધ્યાય ઉદયરાજ, હર્ષનિધાન(સૂરિ) આદિ અનેક આચાર્યાદિ મુનિવરો વિદ્યમાન હતા. આ નામો તો પ્રશસ્તિ –પ્રતિષ્ઠા લેખો અને ગ્રંથ રચનાઓ પરથી મળી શકયા છે.

ગુણનિધાનસુરિ રચિત ગ્રંથ અદ્યાપિ કોઇ પ્રકાશમાં આવ્યો નથી. તેઓ સં. ૧૬૦૨ માં પાટણમાં ૫૪ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી સ્વર્ગવાસ પામ્યા હતા.

## ૬૩ શ્રી ધર્મમૂર્તિસૂરિ :–

ખંભાતના શ્રેષ્ઠિ હંસરાજની પત્ની હાંસલદેની કુક્ષીથી સં. ૧૫૮૫ પોષ સુદ ૮ નાં એમનો જન્મ થયો હતો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મૂળનામ ધર્મદાસ હતું. ધર્મદાસે સં. ૧૫૯૯ માં ગુણનિધાન-સૂરિ પાસે દીક્ષા લીધી હતી. નૂતનમુનિનું નામ ધર્મદાસ મુનિ રાખવામાં આવ્યું હતું. પણ વડી દીક્ષા વખતે ધર્મમૂર્તિમુનિ એવું નામ રાખવામાં આવ્યું હતું. સં. ૧૬૦૨ માં રાજ-નગરમાં સૂરિપદની પ્રાપ્તિ સાથે તેઓ ગચ્છનાયક પદ પામ્યા હતા.

ગચ્છનાયક બન્યા બાદ તેઓ ગચ્છને ઉન્નતિની દિશામાં લઈ જવા ખૂબજ પ્રયત્નશીલ રહ્યા હતા. તે વખતે અન્ય ગચ્છો અને સંપ્રદાયોના વધતા જતા જોરનાં કારણે સાધુઓમાં શિથિલતા પ્રવેશી હતી પણ શ્રી ધર્મમૂર્તિસૂરિએ પોતાના આજ્ઞાવર્તિ બાવન સાધુઓ અને ચાલીસ સાધ્વીઓ મળીને સં. ૧૬૧૪ માં ક્રિયોદ્ધાર કર્યો હતો. ક્રિયોદ્ધાર સ્થળ તરીકે પટ્ટાવલીમાં શત્રુંજય તીર્થનો ઉલ્લેખ છે.

ક્રિયોદ્ધાર દરમ્યાન અને બાદ તેઓ તપમાં પ્રાયઃ છઠ્ઠુ તપ કરતા. ગચ્છમાં પ્રવેશેલી શિથિલતાને દૂર કરવા તેઓએ સ્વયં જ તપમાર્ગનો સ્વીકાર કર્યો હતો. ધર્મમૂર્તિસૂરિ ખરેખર ત્યાગમૂર્તિ પણ હતા. તેઓના બ્રહ્મચર્યની પરીક્ષાનો એક પ્રસંગ આ મુજબ પ્રાપ્ત થાય છે.

એકદા શ્રી ધર્મમૂર્તિસૂરિ વિહાર કરતા યાત્રાર્થે આબૂ તીર્થે પધાર્યા. ત્યાં નિવાસ કરતી અર્બુદાદેવી રાત્રે અત્યંત લાવણ્યવાન અને સોળે શણગારથી યુક્ત સ્ત્રીનું રૂપ લઈને ધર્મમૂર્તિસૂરિની પરીક્ષા કરવા માટે આવ્યાં. પરંતુ સૂરિજી તો સ્થિર જ રહ્યા. તેઓનાં મનમા અંશ વિકારભાવ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઉદ્દભવ્યો નહીં. આથી દેવી પ્રગટ થયાં અને તેઓને કહ્યું કે હું તમારા ઉપર પ્રસન્ન થઈ છું. સાથે અદ્દશ્યરૂપકારિણી અને આકાશગામિની એમ બે વિદ્યાઓ પણ સમર્પિત કરી.

આગરાના લોઢાવંશીય શ્રેષ્ઠિ શ્રી ઋષભદાસ તથા તેમના પુત્રો મંત્રી બાંધવ કુંરપાલ અને સોનપાલ શ્રી ધર્મમૂર્તિ-સૂરિના પરમ ભક્ત હતા. તેઓએ આગરામાં ધર્મમૂર્તિસૂરિને ચાતુર્માસ કરાવ્યું હતું. સંઘવી ઋષભદાસે ધર્મમૂર્તિસૂરિના ઉપદેશથી બે હજાર યાત્રિકો સહિત શ્રી સમેતશિખરજી મહા તીર્થની યાત્રા કરી હતી.

અમદાવાદનો શ્રીમાલી આભાશેઠ પણ સૂરિજીનો પરમ ભક્ત હતો. તેમણે અમદાવાદમાં ધર્મમૂર્તિસૂરિને ચાતુર્માસ પણ કરાવેલું. ધર્મમૂર્તિસૂરિના ત્યાગ અને તપમય જીવનથી આકર્ષાઈ અમદાવાદના સંઘે તેઓને 'યુગપ્રધાન' પદ આપ્યું હતું. આભા શેઠે તેજ નગરમાં એક જિનમંદિર પણ બાંધ્યું હતું. સં. ૧૬૨૯ના મહા સુદ ૧૩ના પાર્શ્વનાથ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા કરી હતી. આ જિનાલય અત્યારે પણ મૌજુદ છે.

નવાનગર (જામનગર)નો શ્રેષ્ઠિ તેજશી નાગડા પણ ધર્મમૂર્તિસૂરિનો ભક્ત હતો. સૂરિના ઉપદેશથી જામનગરમાં તેમણે બે લાખ સોનામહોરો ખર્ચી શાંતિનાથ પ્રભુનું ભવ્ય અને વિશાળ જિનાલય બંધાવ્યું હતું. જેની પ્રતિષ્ઠા સંવત ૧૬૨૪ પોષ સુદ ૮ નાં થઈ હતી. તેજશી શાહે પાંચ લાખ મુદ્રિકાઓ ખર્ચી શત્રુંજય મહાતીર્થનો સંઘ કાઢ્યો હતો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તેજશીં શાહના પુત્ર રાજશીં શાહે પણ અઢળક નાણું ખરચી પુણ્યોપાજ'ન કરેલું.

મોટી પટ્ટાવલીમાં તેઓનો વિહાર ક્રમ આ મુજબ છે. શ્રી ધર્મ'મૂર્તિસુરિ આબુતીર્થ'ની યાત્રા બાદ સં. ૧૬૧૨ માં સિરોહીમાં ચાતુર્માસ રહ્યા હતા. સં. ૧૬૧૩ માં નવાનગર તેજશીં શાહના આગ્રહથી ચાતુર્માસ રહ્યા હતા. તે એ જ અરસામાં જામનગરમાં તેજશીંશાહે જિનાલય બંધાવવાની શરૂઆત કરી હતી. સં. ૧૬૧૪ માં શત્રુંજય તીર્થ પર ક્રિયોદ્ધાર કર્યો હતો અને વિશાળ પરિવાર સાથે પાલિતાણામાં જ ચાતુર્માસ રહ્યા હતા. ત્યાંથી વિહાર કરી સં. ૧૬૧૫માં અમદાવાદ, સં. ૧૬૧૬માં ઉદયપુર, સં. ૧૬૧૭માં આગરા પધાર્યા હતા. અહીં સમ્રાટ અકબરની સભામાં માનવંતુ સ્થાન પામનાર લોઢા શ્રેષ્ઠિ ઋષભદાસ અને તેમના ભાઈ પ્રેમને શિખરજી મહાતીર્થ'નો સંઘ કાઢ્યો હતો. શિખરજીની યાત્રા કરી ધર્મ'મૂર્તિસૂરિ સં. ૧૬૧૮ માં વારાણશી ચાતુર્માસ રહ્યા હતા. સં ૧૬૨૪ માં જામનગર પધાર્યા હતા. એ જ સાલે નાગડા તેજશીં શાહ કારિત શાંતિનાથ પ્રભુ આદિ પટ જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ હતી. સં. ૧૬૨૮ માં આગ્રા પધાર્યા હતા. અહીં લોઢા ગોત્રીય ઋષભદાસના સુપુત્રો કુંરપાલ સોનપાલે ચાતુર્માસ કરાવ્યું હતું અને ચાતુર્માસ બાદ આગરમાં વિશાળ બે જિનાલયો બંધાવવાનો શુભ પ્રારંભ કરાયો હતો. તેઓએ આગરમાં અચલગચ્છ ઉપાશ્રય પણ બંધાવેલ.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ સમયમાં ધર્મમૂર્તિસૂરિ પાવાપુરી–રાજગૃહી વિ. સ્થળોમાં પધાર્યા હતા સં. ૧૬૨૯ માં અમદાવાદ, ત્યાર બાદ સૂરિજી માંડલ, ખંભાત, સુરત, રાણપુર, વઢવાણ અને પાલીતાણામાં ચાતુર્માસ રહ્યા હતા. સં. ૧૬૪૭ માં પોરબંદર, સં. ૧૬૪૮ માં કચ્છ માંડવી, થઈ પુનઃ નવાનગર પધાર્યા હતા. અને યાદગાર પ્રતિષ્ઠા મહોત્સવો થયા હતા. સં. ૧૬૫૩ માં તેઓ સુરત પધાર્યા હતા. અહીં ચાતુર્માસ પણ રહેલા બાદ તેમની પ્રેરણાથી સંભવનાથ જિનાલયની પ્રતિષ્ઠા પણ થયેલી.

રાજસ્થાન બાડમેરમાં શ્રી ધર્મમૂર્તિસૂરિના ઉપદેશથી મંત્રી કૂંપાએ સં. ૧૬૫૬ લગભગ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનનું ભવ્ય જિનાલય બંધાવ્યું હતું. પંદર હજાર રૂપિયા ખર્ચી ગોડી પાર્શ્વનાથ તીર્થની યાત્રા કરી. સં ૧૬૫૭ માં ધર્મમૂર્તિસૂરિ જેસલમેર પધાર્યા હતા ને ત્યાંના સંઘની વિનંતિથી તે સાલનું ચાતુર્માસ ત્યાં રહેલા. ત્યાં તેમના ઉપદેશથી વડેરા ધનપાલે તથા ઋષભદાસ લાલને પચ્ચીસ હજારનાં ટંકે જિનાગમો લખાવ્યા હતા. અને જેસલમેરના અચલગચ્છીય ઉપાશ્રયનાં જ્ઞાનભંડારમાં રખાવ્યા હતા. સં. ૧૬૫૭ માં તેઓ પારકર પ્રદેશમાં પધાર્યા હતા. ગોડીજી પાર્શ્વનાથ તીર્થની યાત્રા કરી હતી

સં. ૧૬૫૯ માં બાડમેર ચાતુર્માસ રહ્યા હતા. સં ૧૬૬૫ માં મંત્રીબાંધવ કુંરપાલ–સોનપાલની વિનંતિથી શ્રી ધર્મમૂર્તિસૂરિ આગ્રા પધાર્યા હતા. ને ત્યાં જ ચાતુર્માસ રહ્યા હતા. બાદ મંત્રી બાંધવોએ પરિવાર સહિત શ્રી ધર્મમૂર્તિસૂરિની અધ્યક્ષ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તામાં સમેતશિખરજી તીર્થની [illegible]ને સમેત-
શિખરજીતીર્થની પાદુકાઓની દેવકુલીકાઓનો જીર્ણોદ્ધાર પણ કરાવ્યો હતો.

સં. ૧૬૬૬ માં તેઓશ્રી જયપુરમાં ચાતુર્માસ રહેલા. ત્યાંના શ્રેષ્ઠિ જુહારમલ નાગડાએ સૂરિજીના ઉપદેશથી શાંતિનાથ પ્રભુની સુવર્ણમય પ્રતિમા ભરાવીને પ્રતિષ્ઠા કરાવી હતી. શ્રેષ્ઠિએ પત્ની સહિત શ્રાવકના બારવ્રતો સ્વીકાર્યાં હતા. ત્યાંથી સૂરિજી વિહાર કરતા સાદરી પધાર્યા હતા. અહીંના શ્રેષ્ઠિ સમરસિંહે રાણકપુર પંચતીર્થીનો યાદગાર મોટો સંઘ કઢાવ્યો હતો. ધર્મમૂર્તિસૂરિના ઉપદેશથી સંઘવી શ્રી સમરસિંહે રાણકપુર અને વરકણા તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તેમણે યુગાદિદેવ રૌપ્ય પ્રતિમા પણ ભરાવી હતી. ઉક્ત શ્રેષ્ઠિએ સૂરિજીના ઉપદેશથી દીક્ષા સ્વીકારી હતી. તેમનું નામ મુનિ સૌભાગ્ય સાગરજી રાખવામાં આવ્યું હતું. ત્યાંથી સૂરિજી પાલીનગર પધાર્યા હતા. ત્યારે સાચીહર બ્રાહ્મણ નથમલ સંસ્કૃત ભાષાનો પ્રકાંડ વિદ્વાન હતો તે સૂરિજીના પરિચયમાં આવ્યો હતો. તેમણે સૂરિજી પાસે દીક્ષા લીધી હતી તેમનું નામ નાથાગણિ હતું. નાથાગણિના અક્ષરો મોતીના દાણા જેવા થતા હતા. તેમણે જિનાગમાદિને લખીને શ્રુતસેવા કરી હતી.

પાલીથી વિહાર કરી ધર્મમૂર્તિસૂરિ જોધપુર પધાર્યા હતા. અને સં. ૧૬૬૭ ની સાલનું ચાતુર્માસ પણ ત્યાં જ કર્યું હતું. ત્યાંના શ્રેષ્ઠિ સહસમલે નાગોરથી દશ લહીઆઓને તેડાવી અનેક જિનાગમાદિ જૈનગ્રંથો લખાવ્યા હતા. નૂતન જ્ઞાન-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભંડાર કરાવી તે ગ્રંથો સુરક્ષિત રાખવામાં આવ્યા હતા. સં. ૧૬૬૯ નું ચાતુર્માસ તેઓએ પાલનપુરમાં કર્યું હતું. પાલનપુરના નવાબની બીબી કરીમા દીર્ઘ સમયથી જ્વર રોગથી પીડાતી હતી. નવાબનાં આગ્રહથી શ્રી ધર્મમૂર્તિસૂરિના મંત્ર પ્રભાવથી બીબી જ્વર રોગથી મુક્ત થઈ હતી. આથી નવાબ સૂરિજીનો ભક્ત બન્યો હતો. સૂરિજીના ચરણે નવાબે ધરેલ સોનામહોરોથી પાલણપુરમાં અચલગચ્છનો ઉપાશ્રય બાંધવામાં આવેલ.

આ રીતે શ્રી ધર્મમૂર્તિસૂરિ ભારતના લગભગ મુખ્ય સ્થળોમાં અપ્રતિહત વીચર્યા હતા. ધર્મોપદેશ દ્વારા અનેક લોકોને વ્રતો આપી ઉગાર્યા હતા. તેઓએ કરેલ ગ્રંથોદ્ધાર કાર્ય જૈન ઇતિહાસમાં ચીરઃસ્મરણીય રહેશે. અમદાવાદમાં પણ તેઓનાં ઉપદેશથી અચલગચ્છના ઉપાશ્રયમાં વિશાળ જ્ઞાન-ભંડાર સ્થપાયો હતો અને વૃત્તિ-ચૂર્ણી અને ભાષ્ય સહિત જિનાગમો લખાવાયા હતા.

શ્રી ધર્મમૂર્તિસૂરિના પરિવારમાં મહોપાધ્યાય પદધારકો, રત્નસાગરજી, વિનયસાગરજી, ઉદયસાગરજી, દેવસાગરજી, સૌભાગ્યસાગરજી, લબ્ધિસાગરજી, સુરસાગરજી તથા ઉપાધ્યાય પદવીધર સકલમૂર્તિ, નાથાચંદ્ર, માણિકચચંદ્ર, રાજમૂર્તિ, સકલકીર્તિ વિ. હતા.

તેમજ વાચકમુલા, વાચક ડુંગરમુનિ, ધર્મચંદ્રગણિ, પં. ક્ષમાકીર્તિ, પં. રાજકીર્તિ, વા. રત્નચંદ્ર, ઉપા. પુણ્યલબ્ધિ, ઉ. ભાનુલબ્ધિ, વાચક મેઘરાજ, વાચનાચાર્ય કમલશેખરગણિ,

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વા. સત્યશેખરગણિ, વા. વિનયશેખરગણિ, વિવેકમેરુગણિ, પં. મુનિશીલગણિ, પં. ગજલાભગણિ, હર્ષલાભગણિ, આદિના નામો ઉપલબ્ધ થાય છે. શાખાચાર્યોમાં પુણ્યપ્રભસૂરિ, પુણ્યરત્નસૂરિ આદિ નામો પ્રાપ્ત થાય છે.

સાધ્વી સમુદાયમાં સાધ્વી ચંદ્રલક્ષ્મી, સા. કરમાઇ, સા. પ્રતાપશ્રી, સા. વિમલા, સા. કુશલલક્ષ્મી, સાધ્વી વાલ્હા, સા. સુમતિલક્ષ્મી, સા. સહજલક્ષ્મી, સા. પુણ્યશ્રી, સાધ્વી નિર્મળાશ્રી આદિ નામો પ્રાપ્ત થાય છે. તેમજ શ્રી ધર્મમૂર્તિસૂરિએ ક્રિયોદ્ધાર કર્યો તે વખતે ૪૦ સાધ્વીજીઓએ તેઓની સાથે ક્રિયોદ્ધાર કર્યાનો ઉલ્લેખ છે.

ધર્મમૂર્તિસૂરિના આધ્યાત્મિક શાસન દરમ્યાન અનેક ગ્રંથો અને ખાસ કરીને ચરિત્ર પ્રકારના ગુર્જર ભાષામાં રાસોની રચનાઓ થઇ હતી. ધર્મમૂર્તિસૂરિએ ષડાવશ્યકવૃત્તિ, ગુણસ્થાનકમારોહ બૃહદ્‌વૃત્તિ આદિ ગ્રંથો રચ્યાની નોંધ પટ્ટાવલીમાં છે. પણ હાલ આ ગ્રંથો વિદ્યમાન જણાતા નથી. ધર્મમૂર્તિસૂરિએ સંકલિત કરેલ અને લિપિ કરેલ વિચારસાર ગ્રંથ પ્રાપ્ત થાય છે. જેની એક માત્ર પ્રત જોધપુરના રાજસ્થાન પ્રાચ્ય વિદ્યા પ્રતિષ્ઠાનના સંગ્રહમાં છે ધર્મમૂર્તિસુરિ કૃત ગોડી પાર્શ્વનાથ સ્તવન પ્રાપ્ત થાય છે.

અચલગચ્છના મહાન ક્રિયોદ્ધારક પટ્ટધર શ્રી ધર્મમૂર્તિસૂરિ સં. ૧૬૭૦ ના ચૈત્ર સુદ ૯ ના પાટણમાં કાળધર્મ પામ્યા હતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## ૬૪ શ્રી કલ્યાણસાગરસૂરિ :-

સતરમી સદીના ચળકતા સિતારા, જગદ્દગુરુ, યુગવીર, જંગમતીર્થ, યુગપ્રધાનાદિ બિરુદોથી પ્રસિદ્ધ અને શિવસિન્ધુ, શિવોદધિસૂરિ, શુભસાગર, ક્ષેમસાગર આદિ અપર નામોથી પ્રખ્યાત શ્રી કલ્યાણસાગરસુરિનો જન્મ ઉત્તર ગુજરાતના વઢીયાર દેશમાં શ્રી શંખેશ્વર મહાતીર્થની નીકટમાં આવેલ લોલાડા ગામમાં થયો હતો.

પિતાનું નામ શ્રીમાલી નાનીંગ અને માતાનું નામ નામિલદે હતું. તેઓનું મૂળનામ કોડનકુમાર હતું. સં. ૧૬૩૩ના વૈશાખ સુદ ૬ ના બાળ કોડનકુમારનો જન્મ થયો હતો. શ્રી કલ્યાણસાગરસુરિ ગુરુસ્તુતિ તથા શ્રી કલ્યાણસાગરસૂરિ નિર્વાણ રાસમાં આ વિગત ઉલ્લેખાયેલી હોઇ ઉક્ત તિથિ સ્વીકાર્ય છે. પ્રચલિત માન્યતા મુજબ આષાઢ સુદ ૨ ગુરૂવાર તેઓની જન્મતિથિ ઉજવાય છે.

એકદા અચલગચ્છેશ્વર શ્રી ધર્મમૂર્તિસૂરિ વિચરતા લોલાડા નગર પધાર્યા. સંઘે તેઓનું ભવ્ય સામૈયું કર્યું. માતાની સાથે વ્યાખ્યાન સાંભળવા આવેલ બાળ કોડનકુમાર સૂરિજીના દર્શને ખૂબ જ આનંદીત થયો. વ્યાખ્યાન બાદ કોડનકુમાર સૂરિજીનાં ઉત્સંગમાં બેસી તેઓની મુહપત્તિ પોતાના મસ્તકે રાખી હર્ષિત થવા લાગ્યો.

બાળકના તેજસ્વી લલાટને જોઇ ધર્મમૂર્તિસૂરિએ નામિલદે પાસે આ બાળકને જિનશાસન અને પોતાને અર્પણ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કરી દેવાનો પ્રસ્તવ મૂકયો. નામિલદેએ જવાબમાં કહ્યું કે ‘આ બાળક હજી તો નાનો છે. એના પિતાજી પરદેશ ગયા છે. યથાવસરે વાત.’

શ્રી ધર્મમૂર્તિસૂરિ ત્રણ વરસ બાદ વિચરતા પુનઃ લોલાડા પધાર્યા. આ વખતે નાનીંગ શ્રેષ્ઠિ પણ હાજર હતા. આ અવસરે બાળકોડનકુમારને પણ દીક્ષા લેવાની ભાવના ઉત્કટ બની હતી. જિનશાસનાનુરાગી આ દંપતિએ કોડનકુમાર સુરિજીને ચરણે સમર્પિત કરી દીધો. કોડનને લઇ આચાર્યશ્રી ધોળકા નગરે પધાર્યા. અહીં સંઘની વિનંતિથી ઉમંગભેર કોડનકુમારનો દીક્ષોત્સવ ઉજવાયો. સં. ૧૬૪૨ ફા. સુદ ૪ શનિવારે શુભ મુહૂર્તે કોડને દીક્ષા લીધી. મુનિ કલ્યાણસાગરજી એવું નામ રાખવામાં આપ્યું. મોટી પટ્ટાવલી અનુસાર લઘુ દીક્ષા વખતે શુભસાગરજી અને વડીદીક્ષા વખતે કલ્યાણસાગરજી એવું નામ રાખવામાં આવેલ. દીક્ષા પ્રસંગે ધોળકાના શ્રેષ્ઠિ માણેક નાગડાએ પાંચ હજાર ટંકનો ખર્ચ કરી લ્હાવો લીધેલ. સં. ૧૬૪૪ મહા સુદ ૫ નાં પાલિતાણામાં વડીદીક્ષા આપવામાં આવી. સં. ૧૬૪૯ ના મહા સુદિ ૬ રવિવારે મુનિશ્રી કલ્યાણસાગરજીને સૂરિપદથી અલંકૃત કરવામાં આવ્યા. હવે તેઓ શ્રી કલ્યાણસાગરસૂરિ તરીકે પ્રસિદ્ધ થયા. પદોત્સવ પ્રસંગે દીવના મંત્રી શ્રી ગોવિંદશાહે ખૂબ જ ધનનો સદ્વ્યય કરેલ.

આચાર્ય બન્યા બાદ લઘુવયસ્ક છતાં પ્રૌઢપ્રતાપી શ્રી કલ્યાણસાગરસૂરિએ ગુર્વાજ્ઞાથી સર્વ પ્રથમ કચ્છ દેશ પધાર્યા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કચ્છના પ્રવેશ દ્વાર સમા ભદ્રેશ્વર (ભદ્રાવતી) તીર્થમાં શ્રી કલ્યાણસાગરસૂરિજી પધારતા ત્યાંના સંઘે ભવ્ય પ્રવેશ મહોત્સવ કર્યો.

શત્રુંજયતીર્થનો છ'રી સંઘ:—

ભદ્રાવતીમાં પ્રથમ વ્યાખ્યાનમાં જ લઘુવયના આચાર્યશ્રીએ શત્રુંજય મહાતીર્થનો મહિમા તેમ જ છ'રી પાળતા સંઘનો મહિમા અદ્‌ભૂત શૈલીથી વર્ણવ્યો. આચાર્યશ્રીની વાણીના પ્રભાવથી ત્યાં આરીખાણા ગામ (સુથરી પાસેના)થી વ્યાપારર્થે અત્રે (ભદ્રેશ્વરમાં) આવી વસેલા લાલનગોત્રી શેઠ અમરસિંહ શાહનાં સુપુત્રો શેઠ વર્ધમાનશાહ, શેઠ પદ્મસિંહ શાહ આ બાંધવો શત્રુંજય મહાતીર્થનો સંઘ કાઢવા ભાવનાશીલ થયા. દેશ પરદેશ કંકુ છાંટી આમંત્રણાર્થે કંકોત્રીઓ મોકલવામાં આવી. ચારે બાજુથી સેંકડો સાધર્મિક શ્રાવક શ્રાવિકાઓ ભદ્રાવતી આવવા લાગ્યા. તે વખતે રણનો પ્રદેશ ખૂબ ભયંકર હતો. રણમાં સંઘ સહ પ્રયાણ કરવું મુશ્કેલ હતું. આથી શુભ મુહૂર્તે સંઘમાં જોડાયેલા શ્રાવક–શ્રાવિકાઓના સમુદાય સહ સપરિવાર આ બાંધવો દરિયાના માર્ગે વહાણોમાં બેસી "નાગના" બંદરે આવ્યા. શ્રી કલ્યાણસાગરસૂરિજી પણ સાધુ સાધ્વીજીઓનાં વિશાળ સમુદાય સહ રણમાર્ગના કઠીન અને ઉગ્ર વિહારો કરી અનુક્રમે નાગના બંદરે પધાર્યા. ત્યારનું નાગના (નવાનગર) બંદર એ જ આજનું 'જામનગર'........

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાજ સન્માન :—

ત્યાંના રાજાશ્રી જસવંતસિંહજીએ સંઘપતિઓનું ખૂબ જ આદરમાન કર્યું. પંદર હજારની યાત્રિક સંખ્યા ધરાવતા આ સંઘની રક્ષા માટે રાજાએ એકસો શસ્ત્રસજ્જ સૈનીકો અને સંઘમાં ઉપયોગી થાય તેટલા હાથી ઘોડા અને રથાદિ પણ આપ્યા.

સંઘપતિઓના ગુણોથી આકર્ષાઈ રાજાએ સંઘપતિ બાંધવોને કહ્યું કે 'યાત્રાની પૂર્ણાહુતી બાદ તમારે અત્રે આવી વસવું' ઉપરાંત વ્યાપારાર્થે કચ્છના રાજાથી અર્ધું દાણ લેવાનું પણ કહ્યું. આ રીતે રાજાની લાગણી જોઈ સંઘપતિઓએ આ વાતનો સ્વીકાર કર્યો.

સંઘમાં સાથે રસાલો :-

જામનગરથી શુભ દિવસે સંઘનું પ્રયાણ થયું ત્યારે છ'રી પાળતા સંઘમાં શ્રી કલ્યાણસાગરસૂરિ આદિ બસો મુનિવરો, ત્રણસો સાધ્વીજીઓ પધારેલ હતા. પંદર હજાર શ્રાવક શ્રાવિકારૂપ યાત્રિકો હતાં. ઉપરાંત શસ્ત્રધારી એકસે સુભટો, બીસ માણસો બેન્ડવાજા વિ. વગાડનારા, પચીસ ઝાંઝ કાંસીયા સહિત ગીત ગાનારા, પચાસ દાંડિયારાસાદિ નૃત્ય કરનારા, એકસો બિરૂદાવલી બોલનારા ભાટ ચારણો, બસો રસોઈઆ, એકસો કંદોઈ, દોઢસો તંબુઓ (બાંધવા-છોડવા)ની રચના કરનારા, એકસો હજામ, પચાસ લુહાર, પચાસ સુતાર, પચાસ દરજી, નવ હાથી, નવસો ઘોડા, પાંચસો રથો, સાતસો ગાડાઓ, પાંચસો ઊંટો, એક હજાર ખચ્ચરો હતા. પંદર હજાર યાત્રિકોની પથારીઓ, રસોડાનો સામાન, વિશાળ તંબુ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઓના (થાંભલા, પડદાદિ) સાધનો વિ. ઉચકવા માટે ગાડા-ઊંટો, ખચ્ચરો વિ. નો ઉપયોગ થતો તે વખતે મોટરાદિ ઝડપી સાધનોનો યોગ ન હોઈ તંબુ વિ. ના ત્રણથી ચાર સેટ રખાતા જે ઉચકવા ગાડા ઊંટોનો ઉપયોગ થતો. યાત્રિકો તો છ'રી નિયમપૂર્વક ચાલતા.

**સંઘ પ્રયાણનો ક્રમ :—**

આ સંઘમાં સર્વપ્રથમ હાથીપર રખાયેલ મોટો નગારો તથા બીજા હાથી પર લહેરતો ધ્વજ જિનશાસન અને આ મહાન સંઘની યશોગાથા ગાઇ રહેલ હતો, પછી હાથી, ઘોડા, સશસ્ત્ર સુભટો ચાલતા હતા. ત્યારબાદ દેવાધિદેવ ભગવાનશ્રી શાંતિનાથપ્રભુજીની સુવર્ણમય પ્રતિમાથી અલંકૃત સુવર્ણરત્ન જડિત ચાંદીનો રથ જેમાં જિનાલયની રચના કરવામાં આવેલ તે ચાલતો ત્યારબાદ આચાર્યશ્રીની પોથીવાલી સોનાની પાલખી હતી. બાદ હાથી પર સુવર્ણ અંબાડીમાં સંઘપતિઓ બેસતા, ત્યારબાદ આચાર્યાદિ મુનિવરો તથા શ્રાવકો ચાલતા હતા ત્યારબાદ સાધ્વીજીઓ તથા શ્રાવિકાઓ અને પછી વાહન વિહારી શ્રાવક–શ્રાવિકાઓ હતા. આ ક્રમપૂર્વક સંઘનું નિત્ય પ્રયાણ થતું.

**ભયંકર આપત્તિની આગાહી તથા આપત્તિ દૂર કરવા આચાર્યશ્રીને ચિંતા :-**

આજનું મુકામ હતું ભાદર સરિતાના તટે. દૈસિક પ્રતિક્રમણ નિપજ્યા બાદ પહોર નિશા પૂર્ણ થઈ ત્યારે સૌએ સંથારા પોરિસી ભણાવી બાદ દિવસના થાકને દૂર કરવા નિદ્રાધીન થયા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આજની રજની ભયંકર ભાસતી હતી. મધ્ય રાત્રિમાં જાગૃત આચાર્ય ભગવંત શ્રી કલ્યાણસાગરસૂરિ ભૈરવ યુગલને રુવની સાંભળી સચિંત બન્યા. જોયું તો આ પક્ષી યુગલ સંઘપતિઓના તુંબુ ઉપર બેઠેલ હતું. આ અવાજ સંઘના વિઘ્નને સૂચવતું હોઇ આચાર્યશ્રીએ ગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલીદેવીનું સ્મરણ કર્યું. તરત જ પ્રગટ થયેલી ગચ્છાધિષ્ઠાયિકા પાસેથી સંઘપતિઓના મરણાંત કષ્ટને જાણી આચાર્યશ્રીએ વિઘ્ન નિવારણનો ઉપાય જાણી લીધો.

વિનયી સંઘપતિઓ :-

બીજા દિવસે સંઘનાયક આચાર્યશ્રીની આજ્ઞાથી સંઘપતિઓ પૌષધ લઇ તેઓશ્રી સાથે ચાલ્યા, આથી મહાવતો ગુસ્સે થયા ને જૈન સાધુઓ માટે ફાવે તેમ બોલવા લાગ્યા. સંઘપતિઓના આજ્ઞા પાલનરૂપ આ વિનયને સૌ નમી પડ્યા.

પ્રભાવક આચાર્યશ્રી :-

આગળ વધતાં એક હાથણીને જોઇ સંઘપતિઓ જેના પર બેસતા તે હાથી મદોન્મત બન્યો. વૃક્ષની વડવાઇઓમાં સાંકળો ભરાઈ જતાં લાંબા ટાઈમે મુશ્કેલીથી હાથી વશ થયો. આ રીતે આચાર્યશ્રીની સમયસૂચકતાથી સંઘપતિઓ પરનું મરણાંત વિઘ્ન ટળી ગયું. આચાર્યશ્રીના પ્રભાવક નેતૃત્વથી આનંદ વિભોર બની સૌ જિનશાસનનાં વિશેષ અનુરાગી બન્યા.

તીર્થપર જિનાલય નિર્માણ :-

સ્થળે સ્થળે જૈન શાસનની વિજયપતાકા લહેરાવતા ભક્તિ આરાધનાદિથી સ્વજીવનને ધન્ય બનાવતાં સૌ નિર્વિ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કરતાએ એક માસને અંતે શ્રી શત્રુંજય તીર્થે પહોંચ્યા. ચતુર્વિધ સંઘ સહ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયના નાયક દેવાધિદેવ શ્રી આદિનાથ પ્રભુજીની યાત્રા કરી. તેજ દિવસોમાં આચાર્યશ્રીની પ્રેરણા પામી સંઘપતિઓએ તીર્થ પર સં. ૧૬૫૦ માગસર વદ ૯ના નૂતન જિનમંદિરો બંધાવવા ખાત મુહૂર્ત કર્યું. રાજશી શાહ નાગડાએ પણ જિનાલય માટે ખાત મુહૂર્ત કર્યું

જામનગરમાં વસવાટ :—

આ છ'રી સંઘમાં ૩૨ લાખ કોરીઓનો ખર્ચ થયેલ હતો. યાત્રા કરી પાછા ફરતાં વર્દ્ધમાન પદ્મસિંહશાહ બાંધવો રાજાના આગ્રહથી જામનગરમાં આવી વસ્યા. તેઓની સાથે પાચ હજાર ઓશવાળો પણ ત્યાં આવી વસ્યા ત્યારે આ બાંધવો ત્યાં મંત્રીપદે નિયુક્ત કરાયા.

કચ્છમાં શાસન પ્રભાવના :—

આચાર્યશ્રી પુનઃ કચ્છ પધાર્યા ત્યારે કચ્છમાં ધાર્મિક ક્ષેત્રે નવચેતના આણી. સં. ૧૬૫૧ માં આચાર્યશ્રી કચ્છ જખૌમાં ચાતુર્માસ રહેલા ત્યારે મહોપાધ્યાય શ્રી રત્નસાગરજીના સંસારી કાકા રણસિંહ શાહે નાગડાએ શ્રાવકનાં બાર વ્રત સ્વીકાર્યા.

સૌરાષ્ટ્રમાં વિહાર :—

સંવત ૧૬૫૨ માં આચાર્યશ્રી જામનગર પધાર્યા ત્યારે રાયસિંહ શાહ નાગડાએ શત્રુંજય તીર્થનો છ'રી સંઘ કાઢ્યો. તેમાં બે લાખ કોરી ખરચીને પછી આગ્રહપૂર્વક જામનગરમાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આચાર્યશ્રીને ચાતુર્માસ કરાવ્યું. બાદ ગિરનાર તીર્થ તથા સૌરાષ્ટ્રમાં વિચરી સં. ૧૬૫૩ નું ચોમાસું પ્રભાસ પાટણ કર્યું.

**કચ્છના રાજાને પ્રતિબોધ, અમારી પાલન, દીક્ષા પ્રતિષ્ઠાના કાર્યો :—**

સંવત ૧૬૫૪ માં કચ્છના પાટનગર ભુજ નગરમાં પધાર્યા વાત રોગથી પીડાતા કચ્છના મહારાઓ (રાજા) ભારમલ્લ (પ્રથમ) ને મંત્રિત જળથી રોગ રહિત કરી, પ્રતિબોધી આચાર્યશ્રીએ જૈન ધર્માનુરાગી બનેલા રાજા દ્વારા કચ્છભરમાં પર્યુષણ પર્વના આઠ દિવસો દરમ્યાન અમારી (અહિંસા) પળાવવાનું ફરમાન બહાર પડાવેલ, રાજાએ પ્રસન્ન થઈ આચાર્યશ્રીના ઉપદેશથી 'રાજવિહાર' નામે જિનાલય બંધાવ્યું. રાજાએ રાજમહેલમાં જે પાટ ઉપર આચાર્યશ્રીને બિરાજમાન કરેલ તે પાટ આજે પણ ભુજના અચલગચ્છ ઉપાશ્રયમાં વિદ્યમાન છે. સં. ૧૬૫૪ થી સં. ૧૬૬૭ પર્યંતમાં આચાર્યશ્રી કચ્છમાં વિચરી ૭૫ પુરૂષો અને ૧૨૭ સ્ત્રીઓને પરમ પવિત્ર દીક્ષા આપી અને તેર પ્રતિષ્ઠાઓ કરાવી આ રીતે કચ્છની ભૂમિ પર એમણે મહાન ઉપકાર કર્યો. ભુજમાંડવીના જિનાલયો પણ આચાર્યશ્રીની પ્રેરણાથી નિર્મિત થયેલા છે. વચ્ચે સં. ૧૬૬૫ માં જામનગરથી રાયશીંશાહે શત્રુંજય તીર્થનો સંઘ કાઢેલ.

**જામનગરમાં અધશત્રુંજય તીર્થ જિનાલય નિર્માણ પ્રેરણા :—**

સં. ૧૬૬૮ વૈ. સુ. ૩ નો રાયશીંશાહે સૂરિજીની પ્રેરણાથી વિશાળ જિનાલય બંધાવવાનું ખાતમહૂર્ત કરેલ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સં ૧૬૬૮ શ્રાવણ સુદ ૫ ના આચાર્યશ્રીના ઉપદેશથી અને પદ્મસિંહ શાહની ભાર્યા કમલાદેવીની પ્રેરણાથી ઉક્ત બાંધવોએ જામનગરમાં મહોત્સવપૂર્વક બહુંતેર જિનાલયવાળા મહાન્ જિનાલયનો પાયો નાખ્યો, આ જિનાલય બંધાવવમાં છસો કારીગરો સલાટો રોકવામાં આવેલા. જિનાલય બાંધતાં આઠ વરસ પસાર થયેલા.

પાલનપુરના નવાબને પ્રતિબોધ :—

સં. ૧૬૬૯ માં આચાર્યશ્રી પોતાના વયોવૃદ્ધ ગુરૂદેવ આ. શ્રી ધર્મમૂર્તિસુરિને વંદનાર્થે પાલનપુર પધાર્યા ને ગુરૂદેવ સાથે જ ચાતુર્માસ રહ્યા. ત્યાંના નવાબની વિનંતીથી નવાબની પત્ની કરીમા બેગમ જે જવર રોગથી સંતપ્ત હતી તેણીનો રોગ નિવારવા આચાર્યશ્રીએ મહોપાધ્યાય શ્રી રત્નસાગરજીને રાજમહેલે મોકલ્યા. મંત્ર પ્રભાવથી બેગમ રોગ રહિત બની, નવાબ અને બેગમ માંસાહાર ત્યાગી બન્યા. નવાબે ત્યાં એક ઉપાશ્રય પણ બંધાવી આપ્યો.

ગચ્છનાયક પદ :—

સં. ૧૬૭૦ માં યુગપ્રધાન દાદાશ્રી ધર્મમૂર્તિસૂરીશ્વરજી કાળધર્મ પામતાં પાટણના સંઘે શ્રી કલ્યાણસાગરસુરિને પોષવદ ૧૧ ના 'ગચ્છેશ' પદથી અલંકૃત કર્યા હતા. આચાર્યશ્રી સંઘના આગ્રહથી ત્યાં જ ચાતુર્માસ રહ્યાં.

આગરામાં છ'રી સંઘ, અંજનશલાકા, ચાતુર્માસ :—

સંવત ૧૬૭૧ વૈશાખ સુદ ૩ ના આગરામાં યુગપ્રધાન આચાર્યશ્રી ધર્મમૂર્તિસૂરિના ઉપદેશથી લોઢા ગોત્રીય

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રી કુરપાલ-સોનાપાલ મંત્રી બાંધવોએ નિર્મિત કરેલ બે જિન-મંદિરોમાં ૪૫૦ નુતન જિનપ્રતિમાજીઓની શ્રી કલ્યાણ-સાગરસૂરિએ અંજનશલાકા સહ પ્રતિષ્ઠા કરીને...ત્યાં જ ચાતુર્માસ રહ્યા. આચાર્યશ્રીની પ્રેરણાથી આગરામાં બન્ને બાંધવોએ ઉપાશ્રય બંધાવ્યો. ચોમાસા બાદ આચાર્યશ્રી સાથે આ મંત્રી બાંધવોએ સમ્મેત શિખર-પાવાપુરી આદિ તીર્થોની ભાવપૂર્વક યાત્રા કરેલ. સમ્મેતશિખરાદિ તીર્થોનાં જીર્ણોદ્ધારમાં સાત લાખ સોનૈયા ખર્ચી મહાન લાભ ઉપાર્જિત કરેલ. બાદ આચાર્યશ્રી વારાણસી (કાશી) પધાર્યા. ઉક્ત મંત્રી બાંધવોએ શત્રુંજય તીર્થનો સમ્પૂર્ણ સંઘ કાઢેલ.

આગરામાં ચમત્કાર, જહાંગીર બાદશાહને પ્રતિબોધ :-

આ બાજુ દુર્જનોથી ભંભેરાયેલ દીલ્હીના જહાંગીર મુગલ બાદશાહે પોતાના મંત્રીઓ લોઢા વંશીય કુરપાલ, સોનાપાલ બાંધવોને કહ્યું કે તમારા જિનમંદિરમાં રહેલ દેવ દશ દિવસમાં જો કોઇ ચમત્કાર નહીં દેખાડે તો આ દેવા-લયોના ભુક્કા બોલાવી દઈશ.

આ વાતથી બન્ને બાંધવો સચિંત બન્યા અને શિઘ્રવેગી ઊંટથી સોનપાલ કાશી પહોંચ્યા, આચાર્યશ્રીને આગરામાં બનેલ વિગત સંભળાવી. આચાર્યશ્રીએ આશ્વાસન આપતાં કહ્યું કે તમો ચિંતા છોડી દો, હું જાતે જ ત્યાં પહોંચી આવીશ.

ગુરૂદેવ પર શ્રદ્ધાવાળા સોનપાલ આગર આવ્યા. આટલા દિવસોમાં વિહાર કરીને આગરા પહોંચવું અશક્ય હોઈ પૂ. આચાર્યદેવશ્રી કલ્યાણસાગરસૂરિ પાદલેપ કરી આકાશગામીની

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વિદ્યાના પ્રયોગદ્વારા આગરા પહોંચ્યા આ વિદ્યા તથા અદ્દશ્ય કારિણી વિદ્યા તેમનાં ગુરૂદેવ પૂ. આ. શ્રી ધર્મમૂર્તિસૂરિજીએ આપેલા.

દશમાં દિવસે જહાંગીર બાધશાહ જિનાલયોમાં આવી પહોંચ્યો, ત્યારે આચાર્યશ્રીએ કહ્યું કે, તમે નમન કરો તો આ દેવ તુરત જ ચમત્કાર બતાવશે. રાજાએ શિર ઝુકાવ્યું કે આચાર્યશ્રીના પ્રભાવથી ગચ્છાધિષ્ટાયીકા શ્રી મહાકાલી દેવીએ જિનપ્રતિમામાં પ્રવેશી પ્રતિમાજીનો હાથ ઉંચો કરી 'ધર્મલાભ' આપ્યો આ દશ્ય જોતાં જ બાદશાહના મુખમાંથી ઉદ્‌ગાર નીકળ્યા કે :- "જૈનકા દેવ સચ્ચા જૈન કા સેવડા ઈલમકી ખાણ" આચાર્યશ્રીના પ્રભાવથી બાદશાહે દશ હજાર સોના મહોરો મંત્રી બાધવોને આપી મંત્રી બાંધવોએ આ સોનામહોરો ધર્મના માર્ગે સદ્‌વ્યય કરી

યુગપ્રધાન પદ :-

કાશીથી વિહાર કરતા અનુક્રમે પૂ. આચાર્યશ્રી ઉદયપુર પધાર્યા ત્યાંના શ્રીસંઘની અતિ આગ્રહભરી વિનંતિથી સં. ૧૬૭૨ નું ચાતુર્માસ ત્યાં રહ્યા એમની મહાનતાથી પ્રેરાઇને ભારતનાં જૈન સંઘોએ એમને "યુગપ્રધાન" પદથી વિભુષિત કર્યા.

અનેક જિનાલયોની પ્રતિષ્ઠા :-

સંવત ૧૬૭૩ નું ચોમાસું અમદાવાદ કર્યું, ત્યારબાદ સં. ૧૬૭૪નું ચોમાસું વઢવાણ કર્યું, ત્યાંથી વિહાર કરી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રી શત્રુંજય તીર્થ પર સંઘવી શ્રી વર્દ્ધમાન પદ્મસિંહ શાહ કારિત જિનાલયોની આચાર્યશ્રીએ પ્રતિષ્ઠા કરી.

સંવત ૧૬૭૫ માં આચાર્યશ્રી રાયશી શાહની વિનંતીથી જામનગર પધાર્યા. ત્યાં રાયશી શાહે ભરાવેલ ૩૦૨ જિનબિંબોની અંજનશલાકા કરાવીને પોતે બંધાવેલ જિનાલય-દેરીઓમાં પ્રતિષ્ઠા કરાવી. સં. ૧૬૭૬ વૈશાખ સુદ ૩ બુધવારના આચાર્યશ્રીએ મંત્રી બાંધવ વર્દ્ધમાન-પદ્મસિંહ શાહ કારિત મહાન જિનાલયોમાં શાંતિનાથ પ્રભુ આદિ ભવ્ય જિનબિંબોની પ્રતિષ્ઠા કરી સં. ૧૬૭૮ માં આચાર્યશ્રી પુનઃ જામનગર પધાર્યા, ત્યારે ઉક્ત બાંધવોએ ૭૨ દેરીઓમાં ૫૦૧ જિનબિંબોની અંજનશલાકા-પ્રતિષ્ઠા કરાવી. આ જિનાલયોમાં બન્ને બાંધવોએ મલી સાત લાખ મુદ્રિકાઓ ખર્ચી. સૂરિજીની પ્રેરણાથી ઉક્ત બાંધાવોએ મોડપુર, છીકરીમાં પણ જિનમંદિરો બંધાવ્યા.

શ્રી રાયશી શાહના ભાઈશ્રી નેણુશી શાહે આચાર્યશ્રીના ઉપદેશથી જામનગરમાં એક ભવ્ય ઉંચા શિખરવાળું ચૌમુખ જિનાલય બંધાવ્યું. તેમાં સંભવનાથ પ્રભુ આદિ ભવ્ય જિનબિંબોની આચાર્યશ્રીના હસ્તે પ્રતિષ્ઠા કરાવી. રાયશી શાહ અને નેણુશી શાહના જિનાલયોનો પ્રવેશ દ્વાર એક જ રાખ્યો. અંદર શ્રી નેમિનાથની ચોરીવાળો જિનાલય બંધાવી તેમાં મૂળ નાયક નેમિનાથને બિરાજમાન કર્યા. અંદરની ચોરીના કારણે એકજ પ્રવેશ દ્વારવાળા બન્ને જિનાલયો "ચોરીવાળા" દેરાસરના નામથી પ્રસિદ્ધ છે.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સં. ૧૬૭૮ નુ ચાતુર્માસ જામનગર કરી. સં. ૧૬૭૯ કચ્છ માંડવીમાં ચાતુર્માસ રહ્યા બાદ ભુજ પધાર્યા ત્યારે રાજ્ય તરફથી તેઓશ્રીનું ઐતિહાસિક સામૈયું થયું.

સં. ૧૬૮૦ કોઠારા (અબડાસા) સં. ૧૬૮૧ અંજાર, સં. ૧૬૮૨ ભદ્રેશ્વર આ રીતે ચાતુર્માસ કર્યા. આચાર્યશ્રીના ઉપદેશથી વર્દ્ધમાન પદ્મસિંહ શાહે ભદ્રેશ્વર તીર્થનો દોઢ લાખ મુદ્રિકાઓથી જીર્ણોદ્ધાર કરાવ્યો અને પ્રતિષ્ઠા કરાવી. સાધર્મિકોના ઉદ્ધારમાં સાત લાખ મુદ્રિકાઓ ખર્ચી તેમ જ નવપદ જ્ઞાનપંચમીના ઉજમણામાં પાંચ લાખ મુદ્રિકાઓ ખર્ચી તથા અરિષ્ટ રત્ન નીલ માણિક્ય રત્નાદિની ભવ્ય પ્રતિમાઓ ભરાવી આચાર્યશ્રીની પ્રેરણાથી ઉકત બાંધવોએ ગિરનાર, તારંગા, આબુ, સમેતશિખર, શત્રુંજય આદિ તીર્થોના જીર્ણોદ્ધારમાં કે પગથિયા બંધાવવામાં લગભગ ૧૨ લાખ મુદ્રિકાઓનો સદ્વ્યય કર્યો. ઉપરાંત પાવાપુરી, ચંપાપુરી, રાજગૃહી, વારાણસી, હસ્તિનાપુર, વિ. તીર્થોની યાત્રા કરી.

સં. ૧૬૮૩ માં મુંદરા, સં. ૧૬૮૪ માં અધોઈ, સં. ૧૬૮૫ ભદ્રેશ્વર, સં. ૧૬૮૯ પાલનપુર, સં. ૧૬૯૦ અમદાવાદ, સં. ૧૬૯૧ માં ભુજ, સં. ૧૬૯૨ માં ખાખર, સં. ૧૬૯૩ માં મુંદરા, સં. ૧૬૯૪ માંડવી, સં. ૧૬૯૫ રાધનપુર, સં. ૧૬૯૬ ખેરવા, સં. ૧૬૯૭ બિકાનેર, સં. ૧૬૯૮ જેસલમેર તથા સં. ૧૬૯૯માં બાડમેર થઇ નગરપારકર ચાતુર્માસ કરી જાલોર (રાજસ્થાન) પધાર્યા ત્યાં મરકી રોગ વ્યાપેલ હતો તે આચાર્યશ્રીના પ્રભાવથી શાંત થયો. સં. ૧૭૦૦ જાલોર, સંવત

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૧૭૦૧ જોધપુર, સં. ૧૭૦૨ ઉદયપુર, સં. ૧૭૦૩ જોટાણા, સં. ૧૭૦૪ માંડલ, સં. ૧૭૦૫ ખંભાત, સં. ૧૭૦૬ સુરત, સં. ૧૭૦૭ નવસારી, સં. ૧૭૦૮ જંબુસર, સં. ૧૭૦૯ ભરૂચ, સં. ૧૭૧૦ ગોધરા પંચમહાલ, સં. ૧૭૧૧ વડનગર, સં. ૧૭૧૨ અમદાવાદ, સં. ૧૭૧૩ સાદડી, સં. ૧૭૧૪ નાંદલઈ, સં. ૧૭૧૫-૧૬ પાટણ આ રીતે ચાતુર્માસ રહ્યા.

વચ્ચે સં. ૧૬૯૭ ફા. સુ. ૩ ને શુક્રવારે સૂરિજીના ઉપદેશથી રાયશીં શાહે જામનગરમાં દ્વિતીય પ્રતિષ્ઠા કરાવેલી. રાયશીં શાહે ગોડીપાર્શ્વનાથ તીર્થનો પણ સંઘ કાઢ્યો. અને આ પ્રસંગે ભારતભરના અચલગચ્છીય સંઘોના પ્રત્યેક ઘરોમાં લ્હાણો કરી. રાયશીં શાહનાં પત્ની સીરીઆદેએ ગિરનાર તીર્થનો સંઘ કાઢ્યો.

સં. ૧૬૯૦ માં અમદાવાદમાં ઓશવાળ વડેરા જસુ પારેખનો પુત્ર લીલાધર શાહે કલ્યાણસાગરસૂરિનાં ઉપદેશથી શાંતિનાથ પ્રભુની સુવર્ણમય પ્રતિમા ભરાવી તથા જયશેખરસૂરિ રચિત કલ્પસૂત્ર સુખાવબોધ વિવરણની સચિત્ર પ્રત સુવર્ણાક્ષરે લખાવી. સં. ૧૭૧૨ માં સંઘવી લીલાધર પારેખે શત્રુંજય થઇ ઉના, દેવવાડા, અજાહરા, કોડીનાર, માંગરોલ, જૂનાગઢ, ગિરનાર, ત્યાંથી અનુક્રમે શંખેશ્વર, માંડલ, વિરમગામ થઇ પાછા અમદાવાદ આ રીતે ઉભી સોરઠનો સંઘ કાઢ્યો. સંઘવી લીલાધરે વા. સુખલાલ પાસે દીક્ષા સ્વીકારી હતી. સંઘવી લીલાધરનાં પુત્રે શ્રી ગોડીજી તીર્થનો સંઘ કાઢ્યો હતો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રી કલ્યાણસાગરસૂરિની પ્રેરણાથી સં. ૧૬૭૭ માં કચ્છ-ભુજમાં મહારાઓ ભારમલના મંત્રી રાજ્યાધિકારી વોરા ધારશીં શ્રેષ્ઠિએ અચલગચ્છનો ઉપાશ્રય બંધાવેલ સં. ૧૬૭૫ વૈ. સુ. ૧૩ શુક્રવારે અમદાવાદના શ્રીમાલી ભવાન અને રાજલદેના સુપુત્રો ખીમજી અને સુખજીએ શત્રુંજય તીર્થની મૂળટૂંકમાં ચૌમુખ જિનાલય બંધાવેલ. સં. ૧૬૮૩ ના મહાસુદ ૧૩ સોમવારે સુરિજીની પ્રેરણાથી શ્રાવિકા હીર-બાઇએ અમદાવાદના પોતાના પૂર્વજ મંત્રી ભંડારી સ્થાપિત ચંદ્રપ્રભુ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો. શ્રાવિકા હીરબાઇએ સંઘ સહિત શત્રુંજય તીર્થની નવાણું યાત્રા કરેલી.

સં. ૧૬૮૬ માં શ્રી કલ્યાણસાગરસૂરિની પ્રેરણાથી શ્રીમાલી લઘુશાખીય શ્રેષ્ઠિ હાસુજી તુકજીએ શત્રુંજય તીર્થ પરના અદ્ભુદજીના વિશાળ જિનમંદિરોનો કોટ સહિત જીર્ણોદ્ધાર કરાવ્યો.

ખંભાતના શ્રેષ્ઠિ નાગજી, પદ્મસિંહ સમેત અનેક શ્રેષ્ઠિઓ શ્રી કલ્યાણસાગરસૂરિના પરમભક્ત હતા. શ્રેષ્ઠિ મંત્રી નાગજી શાહે ખંભાતમાં મુનિસુવ્રત પ્રભુનું વિશાળ જિનાલય તથા ધર્મમૂર્તિસુરિ શોભ, વિ. કરાવ્યા હતા. ભીનમાલના ચાતુર્માસ દરમ્યાન ઉપાધ્યાય દેવસાગરજી ગણિવર્યે ખંભાતમાં ચાતુ-ર્માસ બિરાજમાન શ્રીકલ્યાણસાગરસૂરિજીને સંસ્કૃત શ્લોકબદ્ધ વિસ્તૃત પત્ર લખ્યો હતો. તેમાં ભીનમાલ ગોડીજીતીર્થ અને ખંભાત અંગેનાં વર્ણનો અને ગચ્છનો પ્રચાર ખાસ ધ્યાન ખેંચે છે. શ્રેષ્ઠિ શ્રી નાગજી શાહ અંગે તેમાં વર્ણન છે કે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તેઓની કીર્તિ પારકર, મેવાડ, માળવા આદિમાં ગુંજતી હતી. ઉક્ત શ્રેષ્ઠિઓએ ખંભાતમાં જિનબિંબ પ્રતિષ્ઠા, ઉપાશ્રય નિર્માણ, ગ્રંથલેખન આદિ કાર્યોમાં અઢળક ધન ખર્ચ્યું હતું.

જામનગરના રાજા લાખાજી કલ્યાસાગરસૂરિના પરમ ભક્ત હતા. વિનયસાગરજીકૃત પટ્ટાવલીમાં ઉલ્લેખ છે કે જામલાખાજીએ સૂરિજીની નવાંગપૂજા કરી હતી.

શ્રી કલ્યાણસાગરસૂરિના શિષ્ય પરિવારમાં અમરસાગરસૂરિ, વિનયસાગરસૂરિ, મહો. રત્નસાગરજી મહો. દેવસાગરજી, પં. ભાવશેખરગણિ. વા. વિજયશેખરગણિ, વા. વિજયમૂર્તિગણિ, સુમતિહર્ષગણિ, મુનિ થાનજુ, આદિ અનેક નામો પ્રાપ્ત થાય છે. શ્રી કલ્યાણસાગરસૂરિજીની પ્રૌઢપ્રતિભા અને પ્રભાવક નેતૃત્વથી તે વખતે ગચ્છમાં સાધુ સમુદાય વિશાળ હતો. તેઓનાં શિષ્યોએ રચેલા ગ્રંથરચનાનાં સ્થળોથી જાણી શકાય છે કે અચલગચ્છીય શ્રમણો પણ તે વખતે ભારતના મુખ્ય પ્રદેશોનાં વિસ્તારમાં વિચરતા હતા.

તેઓનાં શિષ્ય મહો. વિનયસાગરજી પ્રકાંડ વિદ્વાન હતા. વિદ્વચ્ચિંતામણી ગ્રંથની પ્રશસ્તિના ‘તેષાં શિષ્યૈઃ વરાચાર્યૈઃ-સૂરિ વિનયસાગરૈઃ’ આવા ઉલ્લેખ પરથી લાગે છે કે તેઓ સૂરિપદ ધારક હશે... પટ્ટાવલી સમેત પ્રમાણ ગ્રંથોમાં તેઓનો ‘સૂરિ’ તરીકે ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી જેથી આ હકીકત સંશોધનીય છે. તેઓની કૃતિઓ આ મુજબ છે. (૧) વૃદ્ધચિંતામણિ યાને વિદ્વચ્ચિંતામણી ગ્રંથ (૨) અનેકાર્થ રત્નકોષ ગુર્જર પદ્યમાં, ( ૩ ) ભોજ વ્યાકરણ સંસ્કૃતપદ્યમાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મહારાઓ ભારમલ્લના કુંવર ભોજરાજની તુષ્ટિ માટે એની વિનંતિથી ૨૦૨૮ શ્લોક પ્રમાણનો આ પદ્યબદ્ધ વ્યાકરણગ્રંથ છે. (૪) વિધિપક્ષગચ્છ બૃહત્પટ્ટાવલી. આ ગ્રંથ અલ્પસમય પહેલા જ પ્રાપ્ત થયો છે. પ્રાયઃ પ્રથમાદર્શ પ્રત હોય. આ પ્રતની અન્ય નકલો શોધવી ખૂબ જ જરૂરી છે. આ ગ્રંથ પાંચ ઉલ્લાસોમાં વિભક્ત છે. અને સંસ્કૃત પદ્યબદ્ધ છે. ગચ્છપ્રવર્તક શ્રી આર્યરક્ષિતસુરિથી માંડી શ્રી કલ્યાણસાગરસૂરિ સુધીના ગચ્છનાયકોનાં જીવનવૃત એમાં વર્ણાયેલો છે. (૫) હિંગુલ પ્રકરણ (૬) નામમાલાપૂર્તિ વિગેરે. મહો. વિનય સાગરજીના સૌભાગ્યસાગરજી ગણિ આદિ અનેક શિષ્યો હતા.

શ્રી કલ્યાણસાગરસૂરિના વખતમાં થયેલા મહોપાધ્યાય શ્રી દેવસાગરજી ગણિવર્ય પણ પ્રકાંડ વિદ્વાન હતા. ગચ્છનાયક શ્રી કલ્યાણસાગરસૂરિને તેમણે લખેલા સંસ્કૃત–પદ્યમાં નિબદ્ધ બે ઐતિહાસિક પત્રો પ્રસિદ્ધિમાં છે, તેઓની યાદગાર કૃતિ તો છે વ્યુત્પત્તિ રત્નાકર. શ્રી હેમચંદ્રસૂરિ રચિત અભિધાન ચિંતામણી કોષની વ્યાખ્યા રૂપે ૧૮૦૦૦ શ્લોક પરિમાણની વૃત્તિ છે.

કલ્યાણસાગરસુરિનાં વખતમાં થયેલા અચલગચ્છીય શ્રમણોમાં શ્રી સુમતિહર્ષ ગણિ, વા. ભુવનરાજ. વા. ધનરાજ વિગેરેએ જ્યોતિષ ગ્રંથો પર ટીકાઓ રચી છે.

વાચક વિજયશેખરગણિ, વા. વિવેકશેખરગણિના શિષ્ય હતા. તેઓએ કયવન્નારાસ, ત્રણ મિત્ર ચોપાઇ, સુદર્શનરાસ,

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ચંદ્રલેખા રાસ, ચંદરાજા રાસ, ઋષિદત્તા રાસ, ગૌતમસ્વામીનો નાનો રાસ આદિ ગ્રંથો રચ્યાં છે.

વાચક ભાવશેખર ગણિએ, ધન્નાઅણુગાર રાસ, રુપસેન રાસ, વિગેરે કૃતિઓની રચના કરી.

શ્રી કલ્યાણસાગરસુરિના સમયના સાધ્વીજીઓના કેટલાક નામો પ્રાપ્ત થાય છે. સા. પદ્મલક્ષ્મી, સા. વિદ્યાલક્ષ્મી, સા. ગુણશ્રી, સા. લક્ષ્મીશ્રીજી. વિમલશ્રીજી, નયશ્રીજી, રૂપશ્રીજી, ક્ષીરશ્રીજી, યશશ્રીજી, સુવર્ણશ્રીજી આદિ.

શ્રી કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી નિર્મિત જિનાલયો અને જિનપ્રતિમાજીઓના પ્રશસ્તિ લેખો, શિલાલેખો પ્રાપ્ત થાય છે. જે દ્વારા તેઓનાં વિહાર પ્રદેશો અંગે અનુમાન કરી શકાય છે.

શ્રી કલ્યાણસાગરસૂરિની કૃતિઓ ઠીક પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. તેઓ આદર્શ જિનભક્ત હતા. તેઓએ પ્રસંગોપાત રચેલ લગભગ વીસ જેટલા સ્તોત્રો જે સંસ્કૃતમાં નિબદ્ધ છે તે પ્રાપ્ત થાય છે. ઉપરાંત શ્રી પાર્શ્વનાથ અષ્ટોત્તરશત નામ, લિંગ નિર્ણય ગ્રંથ, મિશ્ર લિંગકોષ આ ગ્રંથોનાં પણ કલ્યાણ-સાગરસૂરિ જ રચયિતા છે. આ કૃતિઓ સંસ્કૃતપદ્યમાં છે. લિંગનિર્ણય ગ્રંથ વિવરણ, શાંતિનાથ ચરિત્ર, સુરપ્રિય ચરિત્ર, વીસ વિહારમાન સ્તવન વિગેરે ગ્રંથો પણ તેઓએ રચ્યાનો પટ્ટાવલીમાં ઉલ્લેખ છે. કલ્યાણસાગરસૂરિ કૃત ગુર્જર પદ્યમાં સ્તુતિ ચોવિસી અને સ્તવનાદિ કૃતિઓ પણ પ્રાપ્ત થાય છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મહાપ્રભાવક, યુગપ્રધાન, આ. શ્રી કલ્યાણસાગરસૂરિ ભારતના મુખ્ય નગરો અને ગામોમાં અપ્રતિહત વિચર્યા. તેઓનાં ધર્મોપદેશથી અનેકવિધ શાસન પ્રભાવક ઐતિહાસિક શુભકાર્યો થયા.

સં. ૧૭૧૭ માં તેઓ કચ્છ પધાર્યા. તે સાલનું ચાતુર્માસ પણ ત્યાં જ કર્યું. પંચ્યાસી વરસની જૈફ ઉમરે પહોંચેલા શ્રી કલ્યાણસાગરસૂરિ જીવનના છેલ્લા શ્વાસ સુધી પોતાની આરાધના અને આવશ્યક ક્રિયામાં કુશળ હતા. આ વયમાં પણ તેઓ શિષ્યોને વાચના આપતા.

કચ્છ ભૂજમાં જ ચાતુર્માસ દરમ્યાન આસો સુદ ૧૩ ગુરુવારનાં તેઓશ્રી કાળધર્મ પામ્યા. વાચક લાવણ્યચંદ્રકૃત કલ્યાણસાગરસૂરિ નિર્વાણ રાસ' પ્રાપ્ત થાય છે. સંભવતઃ લાવણ્યચંદ્ર ગણિ ચરિત્રનાયકના કાળધર્મ વખતે કચ્છ-ભૂજમાં જ ઉપસ્થિત હતા.

શ્રી કલ્યાણસાગરસૂરિની વિદાયથી સંઘે એક પ્રભાવક આચાર્યને ગુમાવ્યા. તેઓશ્રીની શાનદાર અંત્યેષ્ટિ કાઢવામાં આવી.

તેઓશ્રી કાળધર્મ પામ્યે શતાબ્દિઓ વહી જવા છતાં તેઓશ્રીનું મંગલ-પવિત્ર નામ આજે પણ અનેરો આહ્લાદ જન્માવે છે. તેઓશ્રી પછી આ ગચ્છના શ્રમણ સમુદાયમાં અને ગચ્છનાયકોમાં (સાગર) શબ્દ કાયમ રહ્યો છે. આ એક હકીકત છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રી કલ્યાણસાગરસૂરિનાં કાળધર્મ વખતે શેઠ વર્ધમાન શાહના પુત્ર જગડુશાહે પાંચ હજાર મુદ્રિકાઓ ઉછાળી દાન કર્યું. ભૂજના તથા બીજા અનેક શહેરો તથા ગામના સંઘોએ અઠ્ઠાઇ મહોત્સવ કર્યો. અગ્નિસંસ્કાર સ્થળે શ્રી અમરસાગરસૂરિનાં ઉપદેશથી ભવ્ય સ્તૂપ (થોભ) અને ચરિત્રનાયક શ્રીની ચરણપાદુકાઓની સ્થાપના કરવામાં આવી. આ સ્તૂપનાં સ્થળે દાદા શ્રી ગૌતમસાગરજી મ. સા. ની પ્રેરણાથી ભવ્ય ગુરુમંદિર અને દાદાશ્રીની ભવ્ય પ્રતિમાજી પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા.

તેઓશ્રીનાં શિષ્ય મહોપાધ્યાય રત્નસાગરજી પણ ખૂબ જ સમર્થ અને ક્રિયાપાત્ર મહાપુરુષ હતા. કુશળ મંત્રીની જેમ ગચ્છ અને સમુદાયની વ્યવસ્થામાં તેઓ સક્રિય રહેતા. વિદ્યમાન શ્રમણ સમુદાય પણ તેઓની પરંપરાનો જ છે. તે આ પ્રમાણે (૧) મહોપાધ્યાય રત્નસાગરજી (૨) ઉપાધ્યાય મેઘસાગરજી (૩) ઉપાધ્યાય વૃદ્ધિસાગરજી (૪) ઉપા. હીરસાગરજી (૫) ઉપા. સહજસાગરજી (૬) માનસાગરજીગણિ (૭) રંગસાગરજી ગણિ (૮) ફતેહસાગરજી (૯) દેવસાગરજી (૧૦) સ્વરૂપસાગરજી (૧૧) ગૌતમસાગરસૂરિ (જેમણે ક્રિયોદ્ધાર કરી ગચ્છના ઉદયમાં પોતાનો અદ્વિતીય ફાળો નોંધાવ્યો).

૫. પૂ. દાદાશ્રી કલ્યાણસાગરસૂરિનાં ગુરૂમંદિરો :–

શ્રી સિદ્ધગિરિ પર શ્રી આદીશ્વરદાદાજીની ટુંકમાં અષ્ટાપદજીના દેરાસર પાસે ટાંકાપર દેરી નં. ૧૫૧ માં પાદુકા જોડી છ છે ( ૨ ) તથા આગલા મંડમની ઉત્તર બાજુ શ્રી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગૌતમસ્વામીજીની દેરી છે. તેમાં ગોખલામાં ( આરીયામાં ) પાદુકાઓ છે. ( ૩ ) સિદ્ધગિરિની તલાટી પર બાબુના દેરાસરની પછવાડે ભમતીની દેરીઓમાં કચ્છ વરાડીયાના શા ગેલા માણેક તથા દેવજી માણેકે નીચેના ચોકમાં આરસની દેરી કરાવી તેમાં આ આચાર્યશ્રીની ભવ્ય પ્રતિમાની સ્થાપના કરી છે. ( ૪–૫ ) નવાનગર ( જામનગર ) માં શેઠ વર્ધમાનના અને શેઠ રાયસીના એ બંને દેરાસરોમાં પાદુકાઓની સ્થાપના છે. (૬–૭) તથા મીઠડીયા વોરા અજરામલના દેરાસરમાં દક્ષિણ તરફની આરસની દેરીમાં તથા અચલગચ્છ ઉપાશ્રયમાં આરસની દેરીમાં એમ બે ઠેકાણે ભવ્ય પ્રતિમાઓની સ્થાપના છે. ( ઉપાશ્રયની દેરીમાં આચાર્યશ્રીની પ્રતિમા ઉપર આરસની અભેરાઇ પર શ્રી મહાવીરદેવની ભવ્ય નાની પ્રતિમા છે. ) (૮) અણહીલપુર પાટણમાં સાલવીપાડાની ત્રીશેરીમાં શ્રી નેમિનાથ પ્રભુના દેરાસરમાં વિ. સં. ૧૭૧૫ માં પાદુકાની સ્થાપના થઈ છે. (૯) કચ્છ–ભદ્રેશ્વર તીર્થ દેરાસરની ભમતીમાં પાદુકાની સ્થાપના છે. (૧૦) કચ્છ–ભુજનગરમાં એ આચાર્યશ્રીના દેહના અગ્નિ સંસ્કારના સ્થળે સં. ૧૭૧૮ માં ત્યાંનાં સંઘે સ્થૌભ (સ્તુપ)નો શિખરબંધ મંદિર કરાવી તેમાં પાદુકાની સ્થાપના કરી.

ત્યારબાદ એ ગુરુમંદિરનો જીર્ણોદ્ધાર કરાવી સં. ૧૯૭૩ માં પરમ ઉપકારી અચલગચ્છ મુનિ મંડલાગ્રેસર પૂજ્ય દાદાશ્રી ગૌતમસાગરજી મ. સા. ના ઉપદેશથી કચ્છ–વરાડીઆના શા ગેલા માણેક તથા દેવજી માણેકે કોરી પાંચસોના ચડાવા પૂર્વક ભવ્ય મોટી પ્રતિમાની સ્થાપના કરી. આ ઉપરાંત

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

માંડવી, અંજાર, તેરા,નલીયા, જખૌ, લાલા, જસાપુર, વારાપધર, વરાડીયા, સાંચરા, સુથરી તીર્થ સાંધાણ, વીઢ, દેઢીઆ,હાલાપુર, કોટડી, કોટડા, દેવપુર, ગઢ, ગોધરા, મેરાઉ, ડોણ, તલવાણા, મોટાઆસંબીયા, વિગેરે કચ્છના ગામોમાં તથા મોટી ખાવડી, નવાગામ, દલતુંગી, ગોરખડી, મોડપુર, દાંતા વિગેરે હાલારના ગામોમાં કેટલેક ઠેકાણે મોટી દેરીયોમાં અને કેટલેક ઠેકાણે દેરીઆકાર આરીયાઓમાં આચાર્યશ્રીની પ્રતિમાઓની સ્થાપના થયેલ છે. મુંબઈમાં ભાંડુપ, ખારેક બજાર અને માટુંગાના કચ્છી જૈન દેહાસરોમાં આ આચાર્યશ્રીની પ્રતિમાઓની સ્થાપના થયેલ છે. ઉપરોક્ત પ્રતિમાઓની સ્થાપનાઓમાંથી ઘણીખરી સ્થાપનાઓ અચલગચ્છાધિપતિ અચલગચ્છ મુનિમંડલાગ્રેસર સુવિહિત શિરોમણી પ. પૂ દાદાસાહેબ શ્રી ગૌતમગાસરજી મ. સાના ઉપદેશથી થયેલ છે.

દાદા શ્રી કલ્યાણસાગરસૂરિની પ્રતિમાજીઓ :-

પૂ અચલગચ્છાધિપતિ આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ની પ્રેરણાથી આ સ્થળોમાં પણ પ્રતિષ્ઠિત થયેલ છે. સમેતશિખરજી તીર્થ, પાલિતાણામાં કેશવજી નાયક ધર્મશાળા, નાગલપુર ગામ નાગલપુર વિદ્યાપીઠ, કોઠારા, બાડમેર, ભીનમાલ, ભાતબઝાર આદિનાથ જિનાલય, લાલવાડી સુવિધિનાથ જિનાલય ઘાટકોપર જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલય, નાલાસોપારા, વિગેરે.

દાદા શ્રી કલ્યાણસાગરસુરિનું જીવનચરિત્ર જાણવા ઉદયસાગરસુરિકૃત રાસ, અમરસાગરસુરિ રચિત સંસ્કૃત પટ્ટાવલી,

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તથા શ્રી વર્દ્ધમાન પદ્મસિંહ ચરિત્રમ્ વિગેરે ગ્રંથો અત્યુપયોગી છે. ન્યાયસાગરજી, ફૂલચંદજી, હંસરાજ કૃત કલ્યાણસાગરસૂરિની પૂજાઓ પણ પ્રસિદ્ધ છે.

દાદા શ્રી કલ્યાણસાગરસૂરિ આદિની સ્મૃતિ નિમિત્તે વિદ્યમાન અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ની મંગલ પ્રેરણાથી સં ૨૦૩૦ માં શ્રી આર્ય રક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ દ્વારા શ્રી કલ્યાણ-ગૌતમ-નીતિ જૈન તત્ત્વજ્ઞાન શ્રાવિકા વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી જેમાં જૈન કન્યાઓ વિધવા-ત્યક્તા બેનો વિગેરે ધાર્મિક-તત્ત્વજ્ઞાનની તાલીમ મેળવી રહી છે.

સં. ૨૦૩૩-૩૪ દરમ્યાનમાં અચલગચ્છાધિપતિ દાદાશ્રી કલ્યાણસાગરસૂરિની ચતુર્થ જન્મ શતાબ્દિની સ્મૃતિ નિમિત્તે વિદ્યમાન અચલગચ્છાધિપતિ પૂ. આચાર્ય ભગવંતશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણાથી ભારત ભરમાં ઠેરઠેર ભવ્ય મહોત્સવો, આરાધનાઓ, અઠ્ઠમતપ, આયંબિલ તપ, જાપ અનુષ્ઠાનો, પુસ્તક વિતરણ. પુસ્તક પ્રકાશન રંગોળી, તેઓશ્રીનું જીવન ચરિત્ર પ્રકાશન આદિ થયા હતા. તેઓશ્રીની નિશ્રામાં તથા તેઓશ્રીનાં આજ્ઞાવર્તિ સાધુ-સાધ્વીજીઓ તથા ગચ્છના સાધુ-સાધ્વીજીઓની નિશ્રામાં રાજસ્થાન-કચ્છ-ગુજરાત-સૌરાષ્ટ્ર-મુંબઈ મહારાષ્ટ્ર આદિમાં પણ ભવ્ય મહોત્સવો આરાધનાપૂર્વક થયા હતા.

મુંબઈમાં કચ્છી વિશા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન દ્વારા ભાત બજાર, લાલવાડી અને ઘાટકોપર જિના-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

લયોમાં તથા શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન અને શ્રી અનંતનાથજી મહારાજ અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ દ્વારા ખારેક બજાર અને ભાંડુપના જિનાલયોમાં અને મુલુંડમાં ભવ્ય વરઘોડાનાં આયોજનો અને મહોત્સવો થયા હતા. ઉક્ત મહોત્સવ મુનિ કલાપ્રભસાગરજી, મુનિ મહાભદ્રસાગરજી ઠાણા ૪ ની નિશ્રામાં ઉજવાયા હતા. ત્યાંના સંઘોએ પણ આ પ્રસંગે ખૂબ જ લાભ લીધેલ.

દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ. સા. ની ચતુર્થ જન્મ શતાબ્દિની સ્મૃતિ નિમિત્તે શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ હસ્તકના 'દાદાશ્રી કલ્યાણસાગરસૂરિ ગ્રંથ પ્રકાશન કેન્દ્ર' દ્વારા દસ જેટલા ગ્રંથો બહાર પડી ચૂકયા છે. તથા શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન અલ્પ સમયમાં જ થનાર છે. આ સ્મૃતિ ગ્રંથમાં ભગવાન શ્રી મહાવીરદેવથી માંડી વિદ્યમાન અચલગચ્છાધિપતિશ્રીનું જીવનવૃત તથા જૈનધર્મ અને અચલગચ્છને સ્પર્શતા સંશોધનાત્મક લેખો, સંસ્કૃત, ગુજરાતી અને હિન્દીમાં પ્રકાશીત થશે. આ સ્મૃતિ ગ્રંથમાં ગચ્છનાયક આચાર્યાદિના તથા ભારતભરના પ્રાપ્ત ગચ્છના જિનાલયો, ત્યાંના મૂળનાયક ભગવંતો, તથા ઐતિહાસિક હસ્તલિખિત પ્રતોની પ્રશસ્તિઓનાં મળી લગભગ ૧૦૦ જેટલા ચિત્રો (બ્લોકો) હશે. કચ્છ પાલિતાણા છ'રી સંઘ તથા સં. ૨૦૩૫ માં પાલિતાણા થયેલ ઐતિહાસિક નવાણું યાત્રાનાં તથા મહોત્સવોનાં પ્રસંગ ચિત્રો પણ આવશે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દાદાશ્રીની સ્મૃતિમાં શ્રી આર્ય-જય-કલ્યાણ કેન્દ્રની પણ સ્થાપના કરવામાં આવેલ છે. આ કેન્દ્ર હસ્તક પંદર જેટલા પ્રાચીન, અર્વાચીન પ્રકાશનો પ્રગટ કરવામાં આવ્યા છે. દાદા શ્રી કલ્યાણસાગરસૂરિ કૃત વ્યાકરણ વિષયક શ્રી લિંગ નિર્ણય ગ્રંથ (પરિશિષ્ઠ-શબ્દકોશ વિવરણ સહિત) પણ પ્રકાશિત થનાર છે. તથા દાદાશ્રીનાં ફોટાઓ, સ્ટીકરો પણ પ્રકાશિત કરવામાં આવ્યા છે.

બાડમેર (રાજસ્થાન) માં સં. ૨૦૩૨-૩૩માં વિદ્યમાન અચલગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં દાદા શ્રી કલ્યાણસાગર-સૂરિની ચતુર્થ જન્મશતાબ્દિની સ્મૃતિ રુપે ભવ્ય મહોત્સવ, વ્રત પ્રચાર સંસ્કૃતિ સમારોહ, હિન્દીમાં અણુવ્રતોની પુસ્તિકા પેંફ્લેટો, હિન્દીમાં કલ્યાણસાગરસૂરિ જીવન ચરિત્ર વિગેરે પ્રકાશિત થયા.

દાદાશ્રીની ચતુર્થ જન્મશતાબ્દિની સ્મૃતિ પ્રસંગે શ્રી. ક. વિ. ઓ. દેરાવાસી જૈન મહાજન (મુંબઈ) તરફથી દાદા શ્રી કલ્યાણસાગરસૂરિ પૂજા સંગ્રહ, દાદાશ્રી કલ્યાણસાગરસૂરિ જીવન સૌરભ પુસ્તકો પણ પ્રકાશિત કરવામાં આવ્યા છે.

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈનસંઘનું મુખપત્ર વીતરાગ સંદેશ અને શ્રી ક. દ. ઓ. પ્રકાશ સમીક્ષા આ બન્ને માસિકો દાદાશ્રી કલ્યાણસાગરસૂરિની ચતુર્થ જન્મશતાબ્દિની સ્મૃતિ નિમિત્તે વિશેષાંક રૂપે પ્રકાશિત થયા હતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દાદાશ્રીની ચતુર્થ જન્મશતાબ્દિની સ્મૃતિ નિમિત્તે શ્રી ઘાટકોપર કચ્છી અચલગચ્છ જૈન સંઘ તરફથી મુનિ શ્રી કલાપ્રભસાગરજીની પ્રેરણાથી સં. ૨૦૩૩ માં તેઓશ્રીની નિશ્રામાં દાદા કલ્યાણસાગરસુરિ જૈન ધાર્મિક જ્ઞાનસત્ર (પહેલું) ની મંગલ શરૂઆત થઇ ત્યારબાદ બીજા ચાર જ્ઞાનસત્રો અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. મુંબઈ પધારતાં તેઓશ્રીની નિશ્રામાં પાલાગલી હાઈસ્કૂલ, ઘાટકોપર, પાલાગલી હાઈસ્કૂલ, તથા ચીંચબંદર ક. વિ. ઓ. દેરાવાસી જૈન મહાજન (નવી મહાજન વાડી) માં રાખવામાં આવ્યા હતા. દાદાશ્રી કલ્યાણસાગરસુરિ જૈન જ્ઞાનસત્રનું સંચાલન શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ' કરી રહી છે.

ઉપરોક્ત વિગતોથી જાણી શકાશે કે શતાબ્દિઓ વહી જવા છતાં દાદાશ્રી કલ્યાણસાગરસુરિનું નામ આ ગચ્છમાં કેવું આહ્લાદક અને ઐકયતાપ્રેરક છે!!! દાદાશ્રી કલ્યાણસાગરસુરિની વિદાય પછી ગચ્છની સ્થિતિ ધીમે ધીમે પલટાઈ રહી હતી. પણ વર્તમાનમાં શાસન અને ગચ્છની દિનપ્રતિદિન ઉન્નતિ થઇ રહેલ છે.

## ૬૫ શ્રી અમરસાગરસૂરિ:—

મેવાડના ઉદયપુરનગરમાં શ્રીમાલી ચૌધરી ચોધાની પત્ની સોનાની કુક્ષીથી સં. ૧૬૯૪માં અમરચંદ્રનો જન્મ થયો હતો. સં. ૧૭૦૫ માં અમરચંદ્રે શ્રી કલ્યાણસાગરસ્સુરિ પાસે દીક્ષા સ્વીકારી હતી. સં. ૧૭૧૫માં ખંભાતમાં અમરસાગરજીને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સૂરિપદથી અલંકૃત કરવામાં આવ્યા હતા. સં. ૧૭૧૮માં ગચ્છનાયક શ્રી કલ્યાણસાગરસૂરિ કચ્છ ભુજમાં કાળધર્મ પામતાં શ્રી અમરસાગરસૂરિ ગચ્છેશ પદે આરુઢ થયા હતાં.

શ્રી અમરસાગરસુરિની પ્રેરણાથી સં. ૧૭૧૬ મહા વદ ૪ ના દીવબંદરના પ્રાગવટ મંત્રી માલજીએ પોતાની સ્રી સાથે ચતુર્થવ્રત સ્વીકાર્યું. આ પ્રસંગે મંત્રી માલજીએ સ્વામીવાત્સલ્યાદિ સુકૃતોમાં ઘણું જ ધન ખર્ચ્યું. તેમણે શ્રી શાંતિનાથ પ્રભુની રૂપાની તથા ઉત્તમ પાષાણુની ૧૧ પ્રતિમાજીઓ ભરાવી અને શ્રી અમરસાગરસૂરિના ઉપદેશથી શ્રી શત્રુંજય તીર્થ પર નાનકડું ભવ્ય જિનાલય બંધાવી સં. ૧૭૧૭ માગસર વદ ૧૩ ના પ્રતિષ્ઠા કરાવી. સૂરિજીની પ્રેરણાથી સંઘસહિત શત્રુંજય મહાતીર્થની યાત્રા પણ કરી. મંત્રી માલજીએ ધર્મકાર્યોમાં એક લાખ દ્રમ્મનો સદ્‌વ્યય કર્યો.

સં. ૧૭૨૩ માં ગચ્છનાયક શ્રી અમરસાગરસૂરિ બાહડમેર પધાર્યા. અને ત્યાંના સંઘના આગ્રહથી ત્યાં જ ચાતુર્માસ રહ્યા. બોહડ ગોત્રીય શ્રેષ્ઠિ જોરાવરમલ્લે ગુરુની સુંદર ભક્તિ કરી, ધર્મ કાર્યોમાં ઘણું ધન ખર્ચ્યું. અમરસાગરસુરિના ઉપદેશથી બાહડમેરના ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયનો જીર્ણોદ્ધાર પણ થયો.

સં. ૧૭૨૫ માં તેઓ પાલિતાણા પધાર્યા. ત્યાં લાલન ગોત્રી વર્દ્ધમાન શાહના પુત્ર ભારમલ્લે કુંટુબ સહિત યાત્રા કરી અને સૂરિના ઉપદેશથી શત્રુંજય તીર્થ પર કલ્યાણસાગરસૂરિની ચરણપાદુકાની દેવકુલિકામાં સ્થાપના કરી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સં. ૧૭૨૧ માગસર સુદ ૫ ના અમદાવાદના સંઘવી લીલાધર પારેખના સુપોત્રોએ ગોડીપાર્શ્વનાથ તીર્થ અને આબુ મહાતીર્થ આદિનો મોટો સંઘ કાઢયો હતો. પ્રાયઃ આ સંઘ તેઓશ્રીની નિશ્રામાં નીકળેલ. લાવણ્યચંદ્ર ગણિ અમરસાગરસૂરિ અંગે કલ્યાણસાગરસૂરિ નિર્વાણ રાસમાં આ પ્રમાણે ભાવો વ્યક્ત કરે છે.

"તસુ પટોધર અધિક વિરાજઇ, બિરૂદ ઘણાં જસુ છાજઇજી
ભટ્ટારક જિણ શાસણ ચંદા, અમરસાગરસૂરિંદાજી ॥ ૨ ॥
યુગપ્રધાન સકલગુણગેહ, જંગમતીરથ જેહાજી
વિચરઉ ભવિક કમલ પ્રતિબોધઉ, રવિ જિમ અઘ તિમિર ઉધઉજી ॥ ૩ ॥

શ્રી અમરસાગરસૂરિ માટે યુગપ્રધાન, સકલગુણગેહ, જંગમતીરથ આવા વિશેષણો પરથી તેઓનાં જીવનનોપરિચય મળી રહે છે. અમરસાગરસુરિથી શ્રીપૂજ્ય ગોરજીઓની પરંપરા ચાલી આ વાત અસ્વીકાર્ય છે અલબત તે વખતે રાજકીય સ્થિતિ ડામાડોળ હતી જેની અસર દૂરગામી રહી. આથી જૈનધર્મ અને બધા ગચ્છોને ઘણું જ ભોગવવું પડયું હતું. એ હકીકત છે. પવિત્ર મુનિવરોને ગોરજીઓ કહી ત્યાગધર્મનો દ્રોહ કરવો કદાપિ ઉચિત નથી. અમરસાગરસૂરિ પછી થયેલા કેટલાક આચાર્યો અને મુનિવરોએ રચેલ કૃતિઓ દ્વારા તેઓનાં ત્યાગમય જીવન અંગે જાણી શકાય છે.

હકીકતમાં ગોરજીઓની પરંપરા જેવું હતું જ નહીં, પણ શ્રમણોમાં પ્રવેશેલી શિથિલતા જ્યારે ડેરા–તંબૂતાણી તેઓમાં

૧૧

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સ્થિર થઈ ત્યારે એ જ શ્રમણો સમાજને આધ્યાત્મિક નેતૃત્વ પૂરું પાડવાને બદલે જનરંજન અને મનોરંજન માટે અન્ય વૈદકીય, ભૂસ્તર જ્યોતિષાદિ પ્રવૃત્તિઓમાં પડી ગયા હતા. આ જાતના શિથિલ શ્રમણ જીવનની શરૂઆત ઉદયસાગરસૂરિ પછી થઇ હશે એમ અનુમાન કરી શકાય છે. ત્યાર પછીના આચાર્યો અને શ્રમણો શ્રીપૂજ કે ગોરજી તરીકે સંબોધાયા હોય એ સ્વીકાર્ય લાગે છે. ઘણાં કહે છે કે ગોરજીઓએ જૈનધર્મ ટકાવી રાખ્યો પણ આ મિથ્યાવચન છે. જિનવચન વિરુદ્ધ કથન કરનારને શાસ્ત્રકાર ભગવંતોએ ઉત્સુત્રભાષી અને પાપી કહ્યો છે. ગોરજીઓએ જૈનધર્મને ટકાવી રાખ્યો કે જૈનધર્મની શાનને ઝાંખપ લગાડી? ગોરજીઓ જ સ્વયં તીર્થંકર દેવોની આજ્ઞાનુસાર પૂર્વાચાર્યોની જેમ જો ત્યાગમય જીવન જીવતે તો અનેક દીક્ષાઓ છ'રી સંઘો, તપ, ત્યાગ, આરાધના આદિ અનેક ધર્મ અને આધ્યાત્મની શુભ પ્રવૃત્તિઓ થાત. આ વાતનો વિસ્તાર આટલો જ બસ થશે.

શ્રી અમરસાગરસૂરિ જિનાગમોનાં પારગામી હતા તથા અધ્યાપન કાર્યમાં ઉદ્યમી હતા. સમેતશિખરજી આદિ મહા-તીર્થોની યાત્રા કરી હતી. આથી સૂચિત થાય છે કે તેઓ ઉગ્રવિહારો કરી ભારતનાં મુખ્ય કેન્દ્રોમાં વિચર્યા હતા.

શ્રી અમરસાગરસૂરિ કચ્છ પધાર્યા હતા. તે વખતે તેઓનાં શ્રમણ પરિવારનો વિહાર કચ્છ તરફ વિશેષ હતો.

તેઓનાં વખતમાં ધર્મમૂર્તિસુરિ શિ. ભાગ્યમૂર્તિ શિ. ઉદય-સાગરજી શિ. ઉપા. દયાસાગરજી, વા. પુણ્યસાગરજીએ 'જયઇ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નવનલિકા કુવલય.... નામક વીર જિનસ્તોત્ર અપર નામ ત્રીજ સ્મરણુ ઉપર તથા મેરુતુંગસૂરિ કૃત જીરાવલ્લા પાર્શ્વનાથ સ્તોત્ર ૐ નમો દેવ દેવાય નામક છઠ્ઠા સ્મરણુ ઉપર ટીકાઓ રચી. ઉક્ત પુણ્યસાગરજીનાં શિ. પદ્મસાગરજીકૃત જીવાભિગમ સુત્ર ઉપર ટીકા પ્રસિદ્ધ છે.

ગજસાગરસૂરિ શિ. લલિતસાગરજી, શિ. માણિક્યસાગરજીનાં શિષ્ય જ્ઞાનસાગરજીએ ગુર્જરભાષામાં ૧૭ જેટલા રાસચરિત્રો રચ્યા. ચૈત્યપરિપાટી, સ્તવન ચોવિસી વિ. ગ્રંથો પણુ રચ્યા. વા. નેમસાગરજી શિ. શીલસાગરજી, શિ. અમૃતસાગરજીએ રાત્રિભોજન પરિહારરાસ રચ્યો. ચંદ્રશાખાના માનચંદ્રગણિ જ્યોતિષનાં પ્રકાંડ વિદ્વાન હતા. તેમણે જ્યોતિષ વિષયક ગ્રંથો પણુ રચ્યા.

અમરસાગરસૂરિના વખતમાં વા. લક્ષ્મીચંદ્રગણિના શિષ્ય વાચક લાવણ્યચંદ્રગણિ થયા. તેઓએ રચેલ વીરવંશાનુક્રમ સંસ્કૃત પટ્ટાવલી, ગોડી પાર્શ્વનાથનો રાસ, સાધુગુણભાસ, તથા કલ્યાણુસાગરસૂરિ નિર્વાણુરાસ વિગેરે કૃતિઓ રચી. અચલગચ્છની પાલિતાણીય શેખર શાખામાં થયેલા જ્ઞાનશેખરગણિ શિ. નયનશેખરજીએ ૯૦૦૦ શ્લોક પરિમાણુની યોગ રત્નાકર ચોપાઇ નામક વૈદ્યક ગ્રંથ રચ્યો.

તેઓનાં વખતમાં થયેલા મુનિ શ્રી હીરસાગરજીના ઉપદેશથી રાધનપુરમાં શામળા પાર્શ્વનાથનું અચલગચ્છીય જિનાલય તથા અચલગચ્છના ત્રણુ ઉપાશ્રય બંધાયા તેઓનો રાધનપુર

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઉપર સારો ઉપકાર છે. તેની સ્મૃતિ રૂપે ત્યાં હીરસાગર શેરી પણ છે. ત્યાંના નવાબ સાથેની તથા તેઓનાં ચમત્કારોની અનુશ્રુતિ અત્યારે પણ પ્રસિદ્ધ છે.

એ જ અરસામાં લાલનગોત્રીય શ્રેષ્ઠિ વર્દ્ધમાન શાહનો સુપુત્ર જગડૂશાહ 'મહાદાનવીર' તરીકે પ્રસિદ્ધ હતો. તેમણે ધર્મકાર્યોમાં ઘણું જ ધન ખર્ચ્યું.

શ્રી અમરસાગરસુરિ અડસઠ વરસની વયે સં. ૧૭૬૨ માં ધોળકામાં કાળધર્મ પામ્યા હતા.

## ૬૬ શ્રી વિદ્યાસાગરસૂરિ :—

કચ્છ ખીરસરા બંદરની દશા ઓશવાળ જ્ઞાતીય નાગડા ગોત્રીય શ્રેષ્ઠિ કર્મસિંહની ભાર્યા કમલાદેવીની કુક્ષીથી સં. ૧૭૪૭ના આસો વદ ૩ ને દિવસે વિદ્યાધરકુમારનો જન્મ થયો હતો.

સં. ૧૭૫૬ ના ફા. સુ. ૨ નાં વિદ્યાધરે અમરસાગરસૂરિ પાસે દીક્ષા સ્વીકારી. તેમનું નામ મુનિ શ્રી વિદ્યાસાગરજી રાખવામા આવ્યું. નૂતનદીક્ષિત બાલમુનિની વય ફક્ત નવ જ વરસની હતી. સં. ૧૭૬૨ શ્રાવણ સુદ ૧૦ ના ધોળકામાં તેઓ સૂરિપદથી અલંકૃત થયા હતા. આ પ્રસંગે સૂરતના શ્રેષ્ઠિ કપૂરચંદજીએ, અમદાવાદના શ્રેષ્ઠિ વર્દ્ધમાન પારેખે તથા અન્ય શ્રેષ્ઠિઓએ ખૂબ જ ધન ખર્ચ્યું. સં. ૧૭૬૩ કા. વ. ૪ બુધવારે માતર તીર્થમાં 'ગચ્છેશ' પદ પામ્યા. લઘુવયમાં જ અર્થાત્ માત્ર ૧૬ વરસની ઉંમરે સૂરિપદ અને ગચ્છેશપદ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પામ્યા હતા. ગચ્છેશ પદ વખતે સૌભાગ્યચંદ્ર વડેરાએ ઘણું જ ધન ખરચીને અનેરો લ્હાવો લીધો. માતરના સંઘના આગ્રહથી શ્રી વિદ્યાસાગરસૂરિજી ત્યાં જ ચાતુર્માસ રહ્યા ત્યાં વ્યાખ્યાનમાં તેઓએ વિશેષાવશ્યક (સટીક) ગ્રંથ વિશદ વ્યાખ્યા પૂર્વક સંભળાવ્યું.

સં ૧૭૬૫ માં શ્રી વિદ્યાસાગરસૂરિએ સુરતમાં ચાતુર્માસ કર્યું. ત્યાંના શ્રેષ્ઠિ કપુરચંદ સિંઘાએ સૂરિજીની અનન્ય ભક્તિ કરી. તથા સર્વ ગચ્છના સાધુઓને વસ્ત્ર–પાત્ર વહોરાવ્યા. સકલ સંઘમાં સાકર ભરેલ પિત્તળની થાળીની લ્હાણી કરી. તથા સૂરિજીની પ્રેરણાથી ચંદ્રપ્રભુ આદિ અનેક જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી. સં. ૧૭૬૬ ના અમદાવાદના ચાતુર્માસ દરમ્યાન શ્રેષ્ઠિ વર્ધમાન પારેખ તથા તેઓની પત્ની રૂકમણીએ સ્વામીવાત્સલ્ય, લ્હાણુ વિગેરે ધર્મકાર્યોમાં વિપુલ ધન ખર્ચ્યું. સૂરિજીના ઉપદેશથી ભગવાનદાસ શ્રેષ્ઠિએ શ્રી સંભવનાથ આદિ સાત બિંબો ભરાવી સં. ૧૭૭૩ વૈશાખ સુદ ૫ નાં મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી. ભગવાનદાસે સંઘ સહિત શત્રુંજય મહાતીર્થની યાત્રા કરી અને સાતે ક્ષેત્રોમાં ખૂબ જ ધન ખર્ચ્યું.

ત્યારબાદ કચ્છના પ્રથમ પટ્ટધર શ્રી વિદ્યાસાગરસૂરિ કચ્છ પધાર્યા. ત્યારે કચ્છની પ્રજાએ સૂરિજીનો ઉમંગભેર પ્રવેશ મહોત્સવ ઉજવ્યો. કચ્છ ભૂજનાં શ્રેષ્ઠિ ઠાકરશીં ટોડરમલ્લે ધન ખરચી લ્હાવો લીધો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આપણે આગળ જોઇ ગયા કે પરમત્યાગી પૂ. યુગપ્રધાન શ્રી કલ્યાણસાગરસુરિએ કચ્છના મહારાઓ ભારમલ્લ (પ્રથમ) ને પ્રતિબોધેલ. ત્યાર બાદ રાજાએ સુરિજીનાં ઉપદેશથી કચ્છમાં અમારિપાલન વિ. નાં ફરમાનો પણ બહાર પાડેલ. શ્રી વિદ્યાસાગરસૂરિએ પણ કચ્છના મહારાઓ ગોડજીની રાજસભામાં માનવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું. મહારાવ ગોડજીને પ્રતિબોધી અહિંસામય જૈનધર્મ સમજાવ્યો. સૂરિજીની પ્રેરણાથી પર્યુષણના પંદર દિવસો દરમ્યાન રાજાએ અમારિ (અહિંસા)ની ઉદ્‌ઘોષણ કરાવી. વાચક નિત્યલાભગણિ વિદ્યાસાગરસુરિ રાસમાં લખે છે કે-

જૈન ધરમ અજૂઆલવા, દેશના ધરમની દીધ ।
પ્રતિબોધ્યા રાઓ ગોડજી, જીવદયા ગુણ લીધ ।।
પરવ પંજૂસણે પાલવી, પનર દિવસની અમાર ।
ધર્મશાસ્ત્ર દેખાડીને, કીધો એ ઉપગાર ।।

તે વખતે કચ્છમાં સ્થાનકવાસી સંપ્રદાયનો પ્રચાર વિશેષ હતો. કચ્છમાં મૂર્તિપૂજક સંપ્રદાયનાં સાધુઓનો વિહાર અલ્પ હતો. આવા સમયમાં લોકાગચ્છીય ઋષિ મૂલચંદ કચ્છ આવ્યા હતા. સ્થાનકવાસી સંપ્રદાયના ધર્મદાસજીના બાવીસ શિષ્યો જુદા જુદા પ્રદેશોમાં વિચરવા લાગ્યા અને 'બાવીસ ટોળા' એવા નામથી ઓળખાયા. આ બધામાં મૂલચંદઋષિ મુખ્ય હતા.

વિદ્યાસાગરસૂરિએ ઋષિ મૂલચંદને મહારાઓ ગોડજીની સભામાં બોલાવ્યા અને તેમની સાથે શાસ્ત્રાર્થ કર્યો. જૈનાગમોમાંથી અનેક પાઠો બતાવી વિદ્યાસાગરસૂરિજીએ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રતિમા સ્થાપના અંગે સિદ્ધિ કરી બતાવી. ઋષિ મૂલચંદ આ ચર્ચામાં ટકી શકયા નહીં. તેઓનો ઘોર પરાજય થયો. આ સંવાદ સં. ૧૭૭૫ માં થયો હોવાનું અનુમાન કરી શકાય છે. વાચક નિત્યલાભ આ પ્રમાણે રાસમાં જણાવે છે કે–

ઋષિ મૂલચંદ કચ્છ દેશમાં, દેવ–ગુરુનો પ્રત્યનીક,
કુમતિ મોટો કદાગ્રહી, પ્રતિમોત્થાપક તહકીક;
તેહને તિહાંથી કાઢીઓ, તેડી રાય હજૂર;
શાસ્ત્ર તણી ચરચા કરી, માન કર્યા ચકચૂર.

કચ્છમાં તે વખતે જો આ ઘટના ન બનતે ચોમેર મૂર્તિ અને મૂર્તિપૂજાનો વિરોધ પ્રસરી ઉઠતે. ઋષિ મૂલચંદજી પણ પોતાનો પરાજય થવાથી કચ્છમાં રહી શકયા નહીં. વિદ્યાસાગરસૂરિ કચ્છનાં વિહારો દરમ્યાન કચ્છનાં મુખ્ય શહેરોમાં પણ ચાતુર્માસ કર્યો. તેઓનાં ઉપદેશથી કચ્છ અંજારમાં સં. ૧૭૭૬ માં તેઓશ્રીની નિશ્રામાં શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલયની પ્રતિષ્ઠા થઇ. ત્યારબાદ તેઓએ ગોડીજી તીર્થની પણ યાત્રા કરી. સં. ૧૭૮૧ માં તેઓ ખંભાત અને સૂરત તરફ વિચરતા હતા. સં ૧૭૮૫ માં શાલવીઓના આગ્રહથી વિદ્યાસાગરસૂરિ પાટણ પધાર્યા હતા. સાલવીઓએ સૂરિજીની ખૂબ જ ભક્તિ કરી. મંત્રી વિમલના સંતાનીય શ્રેષ્ઠિ વલ્લભદાસે તથા માણેકચંદે પણ સૂરિજીની ખૂબ જ ભક્તિ કરી. એ જ વર્ષે માગશર સુદ ૫ ના દિવસે ઉક્ત શ્રેષ્ઠિઓએ સૂરિજીના ઉપદેશથી જિનબિંબો ભરાવી પ્રતિષ્ઠાદિ મહોત્સવો કર્યા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ત્યારબાદ વિદ્યાસાગરસૂરિ દક્ષિણ ભારતમાં પણ વિચર્યા. ત્યાંના વિહારોથી અને ધર્મોપદેશથી અનેક શાસન પ્રભાવનાનાં શુભ કાર્યો થયા. જાલના-બુરહાનપુર વિગેરે શહેરોમાં પણ તેઓનાં ધર્મોપદેશની અસર દીર્ઘ સમય પર્યંત રહી. બુરહાનપુરમાં વિદ્યાસાગરસૂરિની પધરામણીથી સ્થાનકવાસી ઋષિ રણછોડ ત્યાંથી વિહાર કરી ગયા. બુરહાનપુરના સંઘની વિનંતિથી સૂરિજી તે સાલ ત્યાં જ ચાતુર્માસ રહ્યા. અને વ્યાખ્યાનમાં વિશેષાવશ્યક ગ્રંથ પર વિવરણ કર્યું. ત્યાંના સંઘના મુખ્ય શ્રેષ્ઠિ કસ્તુરશાહ, ભોજાશાહ, દોશીદુર્લભ વિ. પ્રતિબોધ પામ્યા. સં. ૧૭૮૭ નું ચાતુર્માસ પણ ત્યાં જ કર્યું. સં. ૧૭૮૮ માં વિદ્યાસાગરસૂરિએ શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ તીર્થની યાત્રા કરી. ત્યાંથી ઔરંગાબાદ પણ પધાર્યા. ઔરંગાબાદમાં અનેક ધર્મપ્રવૃતિઓ થઈ. આ વિહારો દરમ્યાન સુરતના સંઘની વિનંતિઓ ઉપરાઉપર આવ્યા જ કરતી હતી. સુરતના સંઘની વિનંતિથી સૂરિજી સુરત પધાર્યા. શ્રેષ્ઠિ ખુશાલશાહે ભવ્ય પ્રવેશ મહોત્સવ ઉજવ્યો. સુરતના સંઘના આગ્રહથી મુનિશ્રી જ્ઞાનસાગરજીને સં. ૧૭૯૭ ના કા. સુ. ૩ રવિવારે સૂરિપદથી અલંકૃત કરવામાં આવ્યા. નૂતન સૂરિવર્યનું નામ ઉદયસાગરસૂરિ રાખવામાં આવ્યું. આ પ્રસંગે શ્રેષ્ઠિ ખુશાલચંદ, મંત્રીબંધુ ગોડીદાસ, જીવનદાસ આદિએ ઘણું ધન ખર્ચ્યું. એ વખતે સુરતમાં અચલગચ્છનો વિશેષ પ્રચાર હતો. એક જૈનેતર વિદ્વાન મણીલાલ વ્યાસ નોંધે છે કે સં. ૧૭૦૦ થી ૧૮૦૦ સુધીમાં સુરતના આગેવાનો મોટે ભાગે અચલગચ્છના પ્રભાવ હેઠળ હતા. અચલગચ્છનાયક આચાર્યો અને મોટા પ્રતિષ્ઠિત સાધુઓ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અહીં ચાતુર્માસ રહેતા. વીસા શ્રીમાલી આગેવાનો અચલ-ગચ્છના અનુરાગી હતા. હરિપુરામાં ભવાનીનાં વડની પાસે અચલગચ્છનો ઉપાશ્રય બાંધવામાં આવ્યો હતો. સુરતનાં અગ્રેસરોનું ભરૂચ વિગેરે ગામો પર સારૂં વર્ચસ્વ હતું. વિશેષ માટે જુઓ શ્રીમાળી વાણીઆ જ્ઞાતીભેદ પૃ. ૨૨૨.

શ્રી વિદ્યાસાગરસૂરિનાં વખતમાં અચલગચ્છની સાગર-શાખા, પાલિતાણીય શાખા, મેડપાટી શાખા, વિગેરેમાં અનેક મુનિવરો થઈ ગયા. મેડપાટી શાખાનાં મુનિવરોનો રાજસ્થાન તરફ વિશેષ વિહાર હતો. ભીનમાલ, નગર, બાડમેર, પાલી, ગુંડોચ, નાડોલ, નાડલાઈ, સાદડી, જાલોર, દાસપા, પાદરા વિગેરે સ્થળોમાં મેડપાટી શાખાનાં મુનિવરોનો સવિશેષ ઉપકાર છે. સાગર પાલિતાણીય, લાભ વિ. શાખાઓનાં મુનિવરોનો વિહાર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને પારકર તરફ હતો.

શ્રી વિદ્યાસાગરસૂરિનાં ઉપદેશથી ગ્રંથોદ્ધાર પ્રવૃત્તિ સારા પ્રમાણમાં થયેલી. આપણે આગળ જોયું કે વિદ્યાસાગરસૂરિએ કચ્છના રાજાની સભામાં ઋષિ મૂલચંદને પરાજિત કરેલા. તે પરથી તેઓની વિદ્વતાનો પરિચય મળી રહે છે. દેવેન્દ્ર-સુરિ કૃત 'સિદ્ધપંચાશિકા' ગ્રંથ ઉપર તેમણે સં. ૧૭૮૧માં ૮૦૦ શ્લોક પ્રમાણ ગુજરાતી વિવરણ ગ્રંથ રચ્યો. નારકી પ્રશ્નોત્તર નામનો વિસ્તૃત ગ્રંથ એમણે રચ્યા હોવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તેઓએ રચેલ સંસ્કૃત મિશ્ર હિન્દીમાં ગોડી પાર્શ્વનાથ સ્તવન, પાર્શ્વનાથ સ્તવન પણ પ્રાપ્ત થાય છે. તેઓનાં વખતમાં વા. વિનયલાભ, શિ. વા. મેરુલાભ, વા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સહજ સુંદરગણિ, શિ. વા. નિત્યલાભ પણ ઉચ્ચકોટિના કવિ થઇ ગયા. તેમણે રચેલ કૃતિઓનાં નામ આ પ્રમાણે છે. (૧) પૃથ્વીચંદ્ર રાસ, (૨) નેમનાથ બાર માસ, (૩) વિદ્યાસાગરસુરિ રાસ, (૪) સ્તવન ચોવિસી, (૫) ચોવિસીનાં પ્રકીર્ણ સ્તવનો, (૬) ચંદનબાળા સજ્ઝાય, (૭) ભગવાન મહાવીરદેવ પંચ કલ્યાણક ચોઢાળીયું તેમજ પ્રકીર્ણ કૃતિઓ. વાચક નિત્યલાભ કૃત કચ્છી સ્તવનો પણ પ્રાપ્ત થાય છે. જે કચ્છી સાહિત્યમાં સૌથી પ્રાચીન માની શકાય. વિશેષ શોધ કરતાં કચ્છીમાં રચાયેલ સાહિત્ય કદાચ મળી રહે એ શક્ય છે.

વિદ્યાસાગરસૂરિનાં ઉપદેશથી ખંભાતમાં પ્રતિષ્ઠિત થયેલી ગોડી પાર્શ્વનાથની પ્રતિમા હાલ રિલોદ્રતીર્થના જિનાલયમાં મૂળનાયક તરીકે છે આ મૂર્તિ ચમત્કારી છે.

કચ્છના પ્રથમ અચલગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિદ્યાસાગરસૂરિ સં. ૧૭૯૭ ના કાર્તિક સુદ ૫ મંગળવારે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

## ૬૭ શ્રી ઉદયસાગરસૂરિ :–

જામનગરમાં ઓશવાળ વ્યવ્હારી શાહ કલ્યાણની ભાર્યા જયવંતીની કુક્ષીથી સં. ૧૭૬૩ ના ચૈત્ર સુદી ૧૩ ના દિને ગોવર્દ્ધનકુમારનો જન્મ થયો હતો. સં. ૧૭૭૭ માં વિદ્યાસાગરસુરિ કચ્છ ભૂજમાં બિરાજમાન હતા ત્યારે ગોવર્દ્ધન સહ મા-બાપ સુરિજીનાં દર્શને ઉપાશ્રયમાં આવ્યા. બાળકનો તેજસ્વી ભાલ પ્રદેશ જોઈ સૂરિજીએ કહ્યું કે આ બાળક

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભાવિમાં મહાન થશે. ગુરુની વાણી સાંભળી માત-પિતા આનંદિત થયા. તેઓએ ગુરુને જણાવ્યું કે આ બાળક આપને જ વહોરાવીએ છીએ.

સં. ૧૭૭૭ માં સૂરિજીએ આ બાળકને દીક્ષા આપી, જ્ઞાનસાગરજી એવું નામાભિધાન કર્યું. દીક્ષા બાદ મુનિ જ્ઞાનસાગરજીએ જ્ઞાનયજ્ઞ આરંભ્યો. અલ્પ સમયમાં તેઓ અનેક શાસ્ત્રોનાં અભ્યાસી બની ગયા. આગળ આપણે જોઈ ગયા તેમ મુનિ જ્ઞાનસાગર પોતાના ગુરુ વિદ્યાસાગરસૂરિ સાથે દક્ષિણ ભારતમાં જાલના, ઔરંગાબાદ, બુરહાનપુર વિ. પ્રદેશોમાં વિચર્યા. સુરતમાં પણ વિચર્યા. ગુરુની સાથે તેઓએ પણ સર્વત્ર ધર્મોપદેશ આપી યશ કીર્તિ સંપાદિત કરી.

બુરહાનપુરના શ્રેષ્ઠિઓ કસ્તુરચંદભાઇ, ભોજાભાઈ, દોશી દુર્લભભાઈ વિ. ના આગ્રહથી મુનિ જ્ઞાનસાગરજીએ સં. ૧૭૮૬–૮૭ માં ભાવપ્રકાશ અપરનામ છ ભાવ સજ્ઝાય તથા સમકિત સજ્ઝાય અપરનામ વીર જિન સ્તવન આ તત્ત્વ-ગર્ભિત કૃતિઓ રચી. તેમણે હિન્દી અને મરાઠીમાં નેમનાથ ભગવાનનાં ગીતો રચ્યા.

સુરતમાં વિદ્યાસાગરસૂરિએ સં. ૧૭૯૭ ના કાર્તિક સુદિ ૩ ને રવિવારે મુનિશ્રી જ્ઞાનસાગરજીને સૂરિ પદવી આપી. સાથે નામ પણ ઉદયસાગરસૂરિ એવું રાખ્યું આ પ્રસંગે સૂરતના સંઘે ખૂબ જ ધન ખર્ચ્યું. કા. સુ. ૩ નાં પદ મહોત્સવ ઉજવાયો અને કા. સુ. ૫ નાં વિદ્યાસાગરસૂરિ કાળધર્મ પામ્યા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગુરુની સ્મૃતિ નિમિત્તે સુરતના હરિપુરામાં આવેલા ભવાની-વડ પાસેના અચલગચ્છીય ઉપાશ્રયમાં વિદ્યાસાગરસૂરિની ચરણપાદુકાઓ સ્થાપવામાં આવી.

સુરતના સંઘે સં. ૧૭૯૭ ના માગશર સુદિ ૧૩ ના દિવસે ઉદયસાગરસૂરિને 'ગચ્છનાયક' પદે બિરાજમાન કર્યા. તેઓ પ્રથમ હાલારી પટ્ટધર થયા.

ઉદયસાગરસુરિના ઉપદેશથી જામનગરના વર્દ્ધમાનશાહ–પદ્મસિંહ શાહ કારિત જિનાલયો તથા અન્ય જિનાલયોનો સં. ૧૭૮૭માં લાલન ગોત્રીય તલકશીંએ જીર્ણોદ્ધાર કરાવ્યો અને સં. ૧૭૮૮ ના શ્રાવણ સુદ ૭ ગુરુવારે સર્વે જિનબિંબોની પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી. આ કાર્યમાં મંત્રી તલકશીંએ એક લાખ કોરી ખરચી. અડધો લાખ કોડી કચ્છ માંડવીથી વલમજી લાલને પણ મોકલાવેલી. ઉક્ત બન્ને શ્રેષ્ઠિવર્યો. વર્દ્ધમાનશાહ-પદ્મસિંહશાહના વંશ જ હતા. મંત્રી તલકશીંએ જામનગરમાં એક પૌષધશાળા પણ બંધાવી. ઉદયસાગરસૂરિ નવસારી પણ પધારેલા. ત્યાં પારસીઓને પણ તેઓએ જૈનધર્મનું તત્ત્વજ્ઞાન સમજાવી પ્રભાવિત કરેલા.

ઉદયસાગરસૂરિની પ્રેરણાથી સુરતના આગેવાન શ્રેષ્ઠિ ખુશાલ-શાહે શત્રુંજય તીર્થનો સંઘ કાઢ્યો હતો. તીર્થની યાત્રા બાદ સુરિજીએ પાલિતાણામાં અલ્પ સમય સ્થિરતા કરી. પાલિતાણાનાં શ્રાવકો તથા ઝવેરીઓ સૂરિજીના અનન્ય ભક્ત બન્યા સૂરિજીએ પાલિતાણાનાં સ્થાનકવાસીઓને પ્રતિબોધી જિનપ્રતિમાનાં દર્શન–પૂજન કરતા કર્યા. સુરત સંઘના આગ્ર-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હથી ઉદયસાગરસૂરિ પાછા સુરત પધાર્યા અને ત્યાં ચાતુર્માસ કર્યું. વડોદરાનાં શ્રેષ્ઠિ તેજપાળે સૂરિજીનાં ઉપદેશથી ધર્મકાર્યોમાં ખૂબ જ ધન ખર્ચ્યું. ગોધરા (પંચમહાલ) ની ચાતુર્માસ માટે વિનંતિ હતી પણ અમદાવાદ સંઘના અતિઆગ્રહથી તેઓ અમદાવાદ પધાર્યા. અમદાવાદનાં સંઘે સૂરિજીનું ભવ્ય સામૈયું કર્યું. ત્યાંનાં સંઘની આગ્રહભરી વિનંતિથી તેઓ ત્યાં જ ચાતુર્માસ રહ્યા. શ્રેષ્ઠિવર્યો, ખુશાલચંદ, જગજીવનદાસ, હરખચંદ, પ્રેમચંદ, હીરાચંદ આદિએ નવાંગપુજા, પ્રભાવનાદિમાં ખુબ જ ધન ખર્ચ્યું.

અમદાવાદ બાદ કચ્છના સંઘની આગ્રહભરી વિનંતિથી ઉદયસાગરસુરિ કચ્છ પધાર્યા અને કચ્છમાં ધર્મોપદેશ આપી અનેકવિધ શાસન પ્રભાવનાનાં કાર્યો કર્યા.

ઉદયસાગરસૂરિનાં શિષ્યોમાં કીર્તિસાગરસૂરિ, ઉપાધ્યાય કીર્તિસાગરજી, ઉપાધ્યાય દર્શનસાગરજી આદિ મુખ્ય હતા. ઉપા. દર્શનસાગરજીએ આદિનાથ રાસ, પંચ કલ્યાણક સ્તવન ચોવિસી, સમેત ગ્રંથો રચ્યા. ઉપા. દર્શનસાગરજી નલીયાના ઔદિચ્ય બ્રાહ્મણ હતા. મૂળનામ દેવશંકર હતું. તેઓએ સં. ૧૮૦૩ પોષ સુદ ૩ ના દીક્ષા સ્વીકારી હતી. સં. ૧૮૦૮ માં ઉપાધ્યાય પદધારક બન્યા હતા.

સં. ૧૮૦૪ માં સુરતના શ્રીમાલી શ્રેષ્ઠિ કચરાભાઈ કીકાએ શત્રુંજય તીર્થનો સંઘ કાઢ્યો હતો. તેમાં ઉદયસાગરસૂરિ ઉપરાંત અન્ય ગચ્છના મુનિવરો પણ સામેલ થયેલા. શ્રેષ્ઠિ કચરાના પુત્ર તારાચંદે પણ શત્રુંજયતીર્થનો સંઘ ઉદયસાગર-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સૂરિની નિશ્રામાં કાઢેલો સૂરિજીનાં ઉપદેશથી તારાચંદે શત્રું-જય તીર્થ ઉપર શિખરબંધ જિનાલય બંધાવેલું. સં. ૧૮૨૧ ના માગસર સુદ ૭ સોમવારે શ્રેષ્ઠિ કચરા કીકાએ ગોડી પાર્શ્વ-નાથ તીર્થનો પણ સંઘ કાઢેલો. જેમાં ઉદયસાગરસૂરિ પણ સામેલ હતા. સુરતના શ્રેષ્ઠિ શ્રી ભુખણદાસે પણ તીર્થનો સંઘ કાઢ્યો ને ધર્મ કાર્યોમાં ખૂબ જ ધન ખર્ચ્યું.

ઉદયસાગરસૂરિ અચ્છા ગ્રંથકાર પણ હતા. તેઓનાં ગ્રંથો આ પ્રમાણે છે. (૧) વર્દ્ધમાન દ્વાત્રિંશિકા અવચૂરિ, (૨) ક્ષેત્ર-સમાસ વિવરણ (૩) સ્નાત્રપૂજા પંચાશિકા, (૪) ચોત્રીસ અતિશય છંદ (૫) ભાવ પ્રકાશ (૬) સમકિતની સજઝાય (૭) અંતરીક્ષ સ્તોત્ર (૮) ગોડી પાર્શ્વનાથ સ્તોત્ર (૯) ગુણવર્મા રાસ (૧૦) ષડાવશ્યક સજઝાય વિગેરે. આ ગ્રંથો દ્વારા તેઓની અસાધારણ વિદ્વતાનો પરિચય મળી રહે છે.

સૂરતના સંઘપર ઉદયસાગરસુરિનો વિશેષ ઉપકાર છે. તેઓનું મૃત્યુ પણ સુરતમાં જ થયું. તેઓ સં. ૧૮૨૬ માં આસો સુદ ૨ ના સર્વ ૬૩ વરસનું આયુ ભોગવી સમાધિ પૂર્વક કાળધર્મ પામ્યા.

## ૬૮ શ્રી કીર્તિસાગરસૂરિ :—

કચ્છના દેશલપુર ગામમાં વિસા ઓશવાળજ્ઞાતીય શ્રેષ્ઠિ માલસિંહની પત્ની આસબાઇએ સં. ૧૭૯૬ માં કુંવરજીને જન્મ આપ્યો હતો. સં. ૧૮૦૯ માં કુંવરજીએ ઉદયસાગર-સૂરિ પાસે દીક્ષા લીધી હતી. તેમનું કીર્તિસાગર નામ રાખવામાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આવ્યું હતું. સં. ૧૮૨૩ માં સુરતમાં આચાર્યપદે આરુઢ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ખુશાલચંદ શાહે તથા શ્રેષ્ઠિ ભૂખણદાસે છ હજાર રૂપિયા ખર્ચી લ્હાવો લીધો હતો. સં. ૧૮૨૬ માં તેઓને અંજારમાં 'ગચ્છેશ' પદથી અલંકૃત કરવામાં આવ્યા હતા. અને સં. ૧૮૪૩ ભાદરવા સુદ ૬ ના તેઓ કાળધર્મ પામ્યા હતા.

કીર્તિસાગરસૂરિના સમયમાં શ્રમણોમાં શિથીલતા વધી રહી હતી. અને તેઓ 'ગોરજી' એવું સ્વાંગ ધરી રહ્યા હતા. કચ્છની સેંકડો પોષાળોમાં સ્થિરવાસ કરી તેઓ લૌકિક પ્રવૃત્તિઓમાં પડી ગયા હતા.

કીર્તિસાગરસુરિના વખતમાં અમદાવાદમાં શેખપાડામાં અચલગચ્છીય શ્રાવકોએ પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય બંધાવ્યું. અમદાવાદ રતનપોળમાં આવેલ શાંતિનાથ જિનાલય પણ અચલગચ્છીય શ્રાવકોએ બંધાવ્યું છે. ગુજરાતમાં માંડલ પણ અચલગચ્છનું કેન્દ્ર હતું ને હાલ પણ છે. ત્યાંનો અચલગચ્છીય સાધુઓનો ઉપાશ્રય કીર્તિસાગરસૂરિનાં ઉપદેશથી બંધાયેલ છે.

## ૬૯ શ્રી પુણ્યસાગરસુરિ :-

વડોદરાના પ્રાગ્વાટ શાહ રામસીની પત્ની મીઠીબાઇની કુક્ષીએથી સં. ૧૮૧૭ માં પાનાચંદનો જન્મ થયો હતો. સં. ૧૮૨૪ માં પાનાચંદ કીર્તિસાગરસૂરિનાં શ્રાવકપણે શિષ્ય થયો અને સં. ૧૮૩૩માં કચ્છ ભૂજપુરમાં દીક્ષા લીધી. નામ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પુણ્યસાગરજી રાખવામાં આવ્યું. સં. ૧૮૪૩માં કીર્તિસાગરસૂરિ કાળધર્મ પામતાં સુરતમાં જ તેઓ સૂરિ અને ગચ્છેશ પદ ધારક બન્યા. આ પ્રસંગે લાલચંદે દ્રવ્ય ખરચી મહોત્સવ કર્યો. સં. ૧૮૭૦ માં કા. સુ. ૧૩ ના પાટણમાં તેઓ કાળધર્મ પામ્યા.

પુણ્યસાગરસૂરિકૃત સ્તવનો અને પ્રતિષ્ઠા લેખો પ્રાપ્ત થાય છે.

## ૭૦ શ્રી રાજેન્દ્રસાગરસૂરિ :-

[૧]તેઓશ્રી અંગે વિશેષ માહિતી ઉપલબ્ધ બની શકી નથી. તેઓ સુરતમાં જન્મ્યા હતા અને સં. ૧૮૯૨ માં કચ્છ માંડવીમાં કાળધર્મ પામ્યા હતા. પણ અનુમાન કરી શકાય છે કે પુણ્યસાગરસૂરિ સં ૧૮૭૦ માં કા. સુ. ૧૩ ના કાળધર્મ પામ્યા હતા. ત્યાર બાદ તેઓ સૂરિ અને ગચ્છેશ પદ ધારક બન્યા હતા.

રાજેન્દ્રસાગરસૂરિનાં ઉપદેશથી મંજલ (નખત્રાણા) ના જિનાલયનું નિર્માણ અને પ્રતિષ્ઠા થઇ. હાલ આ શિલાલેખ મંજલના જિનાલયના નીચેનાં હોલમાં લગાડાયેલ છે. તેઓનાં વખતમાં ભૂજના અચલગચ્છીય ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયનો જીર્ણોદ્ધાર થયો તથા સં. ૧૮૮૯ શ્રાવણ સુદી ૯ ના મુંબઇ ખારેક બઝાર (કાથા બઝાર) માં શેઠ નરશીં નાથા આદિ અચલગચ્છીય શ્રાવકોએ અનંતનાથ જિનાલયની પ્રતિષ્ઠા કરાવી.

---

૧. રાજેન્દ્રસાગરસૂરિ ભાસ ઉપલબ્ધ થાય છે. પણ આ લેખન વખતે તે સન્મુખ ન હોઈ તે ભાસની વિગતો અંગે ઉલ્લેખ કરવો અશકય બને છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## ૭૧ શ્રી મુક્તિસાગરસૂરિ –

માળવાદેશના ઉજ્જૈની નગરીમાં ઓશવાળ શાહ ખીમચંદની પત્ની ઉમેદબાઈએ સં. ૧૮૫૭માં મોતીચંદને જન્મ આપ્યો હતો. મોતીચંદને સં. ૧૮૬૭ના વૈ. સુ ૩ નાં દીક્ષા અને સં. ૧૮૯૨ વૈ. સુ. ૧૨નાં પાટણમાં આચાર્યપદ સાથે ગચ્છનાયકપદ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રેષ્ઠિ નથુ ગોકુળજીએ મહોત્સવ કર્યો હતો. ત્યાર બાદ તેઓ મુક્તિસાગરસૂરિ તરીકે પ્રસિદ્ધ થયા હતા.

મુક્તિસાગરસૂરિ સં. ૧૮૯૩ માં પાલિતાણા પધાર્યા. અહીં તેઓનાં ઉપદેશથી શ્રેષ્ઠિ ખીમચંદ મોતીચંદે શત્રુંજય તીર્થપર ટૂંક બંધાવી તથા મુક્તિસાગરસૂરિનાં હાથે સાતસો જિનબિંબોની અંજનશલાકા સહ પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યાંથી વિહાર કરતા તેઓ નલીયા(કચ્છ) પધાર્યા. અહીં નાગડાગોત્રીય દશા ઓશવાળ જ્ઞાતિના શ્રેષ્ઠિ શ્રી નરશી નાથા રહેતા હતા. આ શ્રેષ્ઠિએ નલીયામાં શ્રીચંદ્રપ્રભુ ભગવાનનું વિશાળ શિખરબંધ જિનાલય બંધાવ્યું. સં. ૧૮૯૭ ના મહાસુદ ૫ નાં સુરિજીની નિશ્રામાં ઉક્ત જિનાલયમાં જિનપ્રતિમાજીઓની પ્રતિષ્ઠા કરવામાં આવી. શેઠ નરશી નાથાએ સમસ્ત લઘુવૃદ્ધ ઓશવાળ જ્ઞાતિમાં ઘરદીઠ સાકર ભરેલી એક થાળી તથા એક રૂપિયાની પ્રભાવના કરી. તેમણે બે મેળાઓ કરી બાવન ગામના મહાજનોને જમાડ્યા.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શેઠ નગરશીંનાથાએ શત્રુંજય તીર્થ પર ભવ્ય ટૂંક બંધાવી તેમાં ચરિત્રનાયકની નિશ્રામાં ચંદ્રપ્રભુની પ્રતિષ્ઠા કરાવી નલીયા તથા સુથરીના જિનાલયોમાં રૂપાનાં કમાડો ચડાવ્યા. મુંબઈમાં ખારેક બજારમાં આવેલ શ્રી અનંતનાથ પ્રભુનાં જિનાલયના વિકાસમાં શેઠ નરશીં નાથાની ભાવનાઓ ભરાયેલી પડી છે. સં. ૧૮૯૦ ના શ્રાવણ સુદ ૯ નાં અનંતનાથ જિનાલયની પ્રતિષ્ઠા મુક્તિસાગરસૂરિની નિશ્રામાં કરવામાં આવી. તે વખતે ચરિત્રનાયક સૂરિપદ ધારક ન હતા. શ્રેષ્ઠિ નરશીં નાથાએ માંડવીમાં ધર્મશાળા અને જિનાલય બંધાવ્યા. પાલિતાણામાં ઉક્ત શ્રેષ્ઠિની સ્મૃતિમાં વીરજીશેઠે નરશીંનાથા ધર્મશાળા બંધાવી. આ ધર્મશાળામાં ચંદ્રપ્રભુ જિનાલય પણ બાંધવામાં આવ્યું. તેમણે પાલિતાણામાં ગોડી પાર્શ્વનાથ જિનાલય સામેના અચલગચ્છીય ઉપાશ્રયનો જીર્ણોદ્ધાર પણ કરાવ્યો.

તેમના વંશજ હરભમશેઠે પણ નરશીં નાથાની જેમ ધર્મકાર્યોમાં વિપુલ ધન ખર્ચ્યું.

સં. ૧૯૮૭ માં પારોલામાં તેમણે શાંતિનાથપ્રભુનું જિનાલય બંધાવ્યું. સં. ૧૯૧૮ માં નલીયામાં અષ્ટાપદજીનું ભવ્ય જિનાલય બંધાવ્યું. ઉદેપુરમાં શીતલનાથ જિનાલય, અમરાવતી, શીરપુર, અને કુમઠામાં પણ જિનાલય-ધર્મશાળા વિ. બંધાવ્યા. શેઠ નરશીં નાથા દશા ઓશવાળ જ્ઞાતીમાં 'જ્ઞાતી શિરોમણી' તરીકે કીર્તિ પામ્યા છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સં. ૧૯૦૫ ના મહાસુદ ૫ ના રોજ શેઠ જીવરાજ રતનશીંએ કચ્છ જખૌમાં શ્રી મહાવીરપ્રભુનો વિશાળ જિનાલય બંધાવ્યો. તેની પ્રતિષ્ઠા પણ મુક્તિસાગરસૂરિની નિશ્રામાં કરવામાં આવી. જખૌનાં વિશાળ વંડાના જિનાલયોનાં સમુહને જીવરાજ શ્રેષ્ઠિના પોતાના પિતાનાં નામથી 'રત્નટૂંક' કહેવાય છે. અબડાસાની સુથરી પંચતીર્થીમાં આ રત્નટૂંક જખૌતીર્થની ગણના થાય છે. જીવરાજશેઠે કચ્છ અંજારમાં પણ સં. ૧૯૨૧ માં સુપાર્શ્વનાથ જિનાલય બંધાવ્યું. જામનગરમાં વિશાળ જમીન ખરીદી અજિતનાથ જિનાલય અને ઉપાશ્રય બંધાવ્યા. તે હાલ જીવરાજ રતનશીંનાં વંડા તરીકે ઓળખાય છે.

મુક્તિસાગરસૂરિનાં સમયમાં સુથરી તીર્થ વિશેષ પ્રસિદ્ધિ પામ્યું. સં. ૧૮૯૬માં ધૃતકલ્લોલ પાર્શ્વનાથના કાષ્ટગૃહ મંદિર પાસે શિખરબંધ જિનાલય બાંધવામાં આવ્યું અને વૈ. સુ. ૮ ના પ્રતિષ્ઠા કરવામાં આવી.

સં. ૧૯૦૯ માં અચલગચ્છીય શેઠ કુટુંબના વારુણ પ્રેમજીના વંશજોએ સાવરકુંડલામાં અચલગચ્છ જિનાલય બંધાવ્યા. અચલગચ્છીય મુનિ ભાવસાગરજીના ઉપદેશથી સં. ૧૮૫૦ આસપાસમાં ભાવનગરમાં ગોડી પાર્શ્વનાથ જિનાલય, ઉપાશ્રય અને જ્ઞાનભંડાર બાંધવામાં આવ્યા.

આ જ અરસામાં કચ્છ ભુજપુરમાં અચલગચ્છીય શ્રેષ્ઠિ ચાંપશીં ભીમશીંએ સં. ૧૮૯૭ માં ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય બંધાવ્યું. જેની પ્રતિષ્ઠા ફા. સુ. ૩ ના અચલ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગચ્છાધિપતિ શ્રી મુક્તિસાગરસૂરિની નિશ્રામાં કરવામાં આવી. એ જ વરસોમાં નાના આસંબીઆ મોટા આસંબીઆ, બાયઠ, કુંદરોડી, વિંજાણ, તેરા, આધોઇ, વડાલામાં પણ શિખરબંધ જિનાલયો બંધાયા અને તેની પ્રતિષ્ઠાઓ થઇ. આ વખતમાં કચ્છ એ અચલગચ્છનું મુખ્ય કેન્દ્ર બન્યું હતું. ગુજરાત મારવાડ વિ. તરફ અચલગચ્છીય શ્રમણોનો વિહાર અલ્પ હતો.

મુક્તિસાગરસૂરિના સમયમાં કચ્છમાં વિશેષ સંખ્યામાં ગોરજીઓએ પોશાળો સ્થાપી તપગચ્છમાં હીરવિજયસૂરિ પછી ચાર પેઢી બાદના પટ્ટધરો 'શ્રીપૂજ' કહેવાયા. અને જૂદા જૂદા સ્થળે ગાદીઓ સ્થાપીને રહ્યા. ખરતરગચ્છ અચલગચ્છમાં પણ આવું જ બનવા પામ્યું. અચલગચ્છમાં ઉદયસાગરસૂરિ પછી ગચ્છનાયકો શ્રીપૂજ કહેવાયા. અને શ્રમણોમાં શિથિલાચાર પ્રવેશતાં ધીમે ધીમે તેઓની પરંપરાના શ્રમણો ગોરજી કહેવાયા.

મુક્તિસાગરસૂરિએ રચેલ કૃતિઓમાં ભવાટવી સજઝાય, જ્ઞાનપંચમી ચોઢાળીયું તથા અનેક સ્તવનો પ્રાપ્ત થાય છે.

મુક્તિસાગરસૂરિએ સં. ૧૮૯૮ માં જામનગર, સં. ૧૯૦૨ માં જખૌ, સં. ૧૯૧૦ માં ભુજપુરમાં ચાતુર્માસ કર્યો હતા. તથા સં. ૧૮૯૩ ના ચૈત્રવદ ૨ ના મુક્તિસાગરસૂરિએ પાવાગઢની યાત્રા કરી હતી.

મોટી પટ્ટાવલીમાં ઉલ્લેખ છે કે મુક્તિસાગરસૂરિ ૫૭ વર્ષનું આયુષ્ય ભોગવી સં. ૧૯૧૪ માં કાળધર્મ પામ્યા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## ૭૨ શ્રી રત્નસાગરસૂરિ —

કચ્છના મોથારા ગામમાં વિશા ઓશવાળ જ્ઞાતીય શાહ લાડણ પચાણનાં પત્ની જૂમાબાઈની કુક્ષીથી સં. ૧૮૯૨ માં તેઓનો જન્મ થયો હતો. સં. ૧૯૦૫ માં યતિદીક્ષા લીધી હતી. સં. ૧૯૧૪ માં મુક્તિસાગરસૂરિ કાળધર્મ પામતાં તેઓ આચાર્ય અને ગચ્છેશ તરીકે પ્રસિદ્ધ થયા હતા. સં. ૧૯૨૮ ના શ્રાવણ સુદ ૨ ના ૩૬ વરસની વયે સુથરીમાં કાળધર્મ પામ્યા હતા.

રત્નસાગરસૂરિ બહુધા કચ્છમાં રહ્યા હતા. સાધનો દ્વારા તેઓ મુંબઈ પણ આવેલા. રત્નસાગરસૂરિની પ્રેરણાથી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતીના મુકુટમણિ શ્રેષ્ઠિ શ્રી કેશવજી નાયક દંડે અનેકવિધ ધાર્મિક કાર્યો કર્યાં.

સં. ૧૯૧૪ માં પોતાના વતન કચ્છ કોઠારામાં શ્રેષ્ઠિ કેશવજી નાયક, શ્રેષ્ઠિ વેલજી માલુ, શ્રેષ્ઠિ શિવજી નેણશી આ ત્રણે જણાએ મળી ઉત્તુંગ જિનાલય બંધાવવાનો પ્રારંભ કર્યો. અને સં. ૧૯૧૮ મહાસુદ ૧૩ ને બુધવારે ગચ્છાધિપતિ શ્રી રત્નસાગરસૂરિના ઉપદેશથી પ્રતિષ્ઠા થઈ. મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનને શ્રેષ્ઠિ કેશવજી નાયકે બિરાજીત કર્યો પ્રતિષ્ઠા પ્રસંગે ભવ્ય મહોત્સવ ઉજવવામાં આવ્યો. આ ઉત્તુંગકાય જિનાલય કચ્છ સાભરાઈના સલાટ નથૂની દેખરેખ હેઠળ કચ્છી કારીગરોએ નિર્માણ કર્યું. તે વખતે કચ્છ પર પ્રાગમલ્લજી મહારાઓનું રાજય હતું. જિનાલયોનાં સમુહને કલ્યાણટૂંક કહેવાય છે. મુખ્ય મેરુપ્રભ જિનાલય સાત ગભારા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

યુક્ત તથા ઉપર ત્રણ ચૌમુખ અને તે ઉપર પાંચ શિખર તથા રંગમંડપ અને મુખ મંડળ ઉપર ચારે બાજુ સામણી તેમજ જિનાલય નીચે મોટું ભોયરૂં કરવામાં આવ્યું હતું. આ પ્રતિષ્ઠા વખતે ઉક્ત ત્રણે શ્રેષ્ઠિઓએ મળીને મુંબઇથી શત્રુંજયનો સંઘ કાઢ્યો શત્રુંજયથી આ સંઘ કોઠારા આવ્યો. અને રત્નસાગરસૂરિની નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ અનેરા ઉલ્લાસ સાથે ઉજવાયો. અન્ય શ્રેષ્ઠિઓએ પણ કલ્યાણ ટૂંકના ગઢમાં નાના જિનાલયો અને દેવકુલિકાઓ બંધાવી. જાણે એક મોટો પહાડ ઉભો કરાયો ન હોય એવી ઘટ્ટ બાંધણીનું આ જિનાલય સમગ્ર કચ્છમાં વિશાળતા, ભવ્યતામાં પ્રથમ નંબરે છે. આ તીર્થરૂપ જિનાલય અબડાસા-સુથરીની પંચતીર્થીમાં ગણાય છે.

કોઠારાની પ્રતિષ્ઠા વખતે શ્રેષ્ઠિ કેશવજી નાયકે સંઘ સાથે શત્રુંજય તીર્થની યાત્રા કરેલી. તે વખતે જ ગિરિરાજ પર બે ટૂંકો અને ગામમાં કોટ બહાર ધર્મશાળા કરવા મનોરથ જાગતાં તે માટે તે તે સ્થળે જમીન લઇ ખાતમુહૂર્ત કર્યો હતા. મકરાણાથી સુંદર આરસ મંગાવી હજારો જિન પ્રતિમાજીઓ તૈયાર કરાવી. અન્ય શ્રેષ્ઠિઓએ પણ જિનબિંબો ભરાવ્યા. પાલિતાણામાં આ પ્રસંગે બારદિવસનો ભવ્ય મહોત્સવ ઉજવાયો. સં. ૧૯૨૧ મહાસુદ ૭ ને ગુરુવારે એક ઘટી ચોવિસ પળે સાતેક હજાર જિનબિંબોને શ્રી રત્નસાગરસૂરિએ સોનાના અમીથી અંજન કરી પ્રાણ પ્રતિષ્ઠા કરી. મહાસુદ ૧૩ ને બુધવારે નરશીં કેશવજી નામથી શત્રુજંય તીર્થ ઉપર

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બંધાયેલ ટૂંકમાં શ્રી અભિનંદનસ્વામી આદિ જિનબિંબોને પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા તથા પાલિતાણામાં કેશવજી નાયક ધર્મશાળામાં પણ જિનાલયમાં, ઋષભાનન, ચંદ્રાનન, વર્દ્ધમાન અને વારિષેણ આ ચાર શાશ્વતા ચતુર્મુખ જિનબિંબોની પ્રતિષ્ઠા કરવામાં આવી. સં. ૧૯૨૮માં એ જ તીર્થ ઉપર વાઘણપોળ પાસે શ્રી અનંતનાથ ટૂંક બંધાવી પ્રતિષ્ઠા કરવામાં આવી. આ ટૂંક ' કેશવજી નાયકની ટૂંક તરીકે પ્રસિદ્ધ છે. કેશવજી શેઠે અંજનશલાકામાં સર્વ મળી પંદર લાખ રૂા. ખર્ચ્યા આ પ્રસંગની સ્મૃતિ માટે તેમણે આણંદજી કલ્યાણજીની પેઢીમાં એક લાખ રૂા. સાધારણ ખાતામાં ભરી સૌને આશ્ચર્યચકિત કરી દીધા. મહાવદ ૧ નાં કેશવજી શેઠને સંઘપતિની માળ પહેરાવી તિલક કરવામાં આવ્યું.

સંઘ સહિત કેશવજી નાયકે ગિરનાર મહાતીર્થની યાત્રા કરી. અહીં જિનાલયો માટે કોટ બંધાવવાની આવશ્યક્તા હોઇ ૪૫૦૦૦ રૂા. નાં ખર્ચે તે કામ પુરું કરાવી આપ્યું. કેશરીયાજી તીર્થનો સંઘ કાઢ્યો. સમેતશિખરજીમાં બે દેવકુલિકાઓનો જીર્ણોદ્ધાર કરાવી પ્રતિષ્ઠા કરાવી. તેમણે વાલકેશ્વરમાં પોતાના બંગલા પાસે જિનમંદિર બંધાવ્યું. મોટી ખાવડી તથા જશાપુરમાં જિનાલય ઉપાશ્રય બંધાવ્યા. અચલ ગચ્છીય શ્રાવક શ્રેષ્ઠિ શ્રી ભીમશી માણેકે જૈન સાહિત્યના મુદ્રણમાં ખૂબ જ પ્રયત્નો કર્યો. તેમાં કેશવજી નાયકે તેમને આર્થિક રીતે ખૂબ જ સહાયતા કરી. કેશવજી શેઠના પત્ની વીરબાઇનાં નામથી વીરબાઈ પાઠશાળા, જ્ઞાનભંડાર, વીરજિન

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જિનાલય આદિ બંધાયા. કેશવજી શેઠનાં પુત્ર નરશીંભાઈએ પણ ધર્મોન્નતિમાં ઘણું જ ધન ખર્ચ્યું.

શ્રી રત્નસાગરસૂરિના સમયમાં કચ્છ અબડાસાનાં શહેરો અને ગામડાઓમાં તથા મોખા, વડસર, કાંડાકરા, બારોઇ બાંડીઆ, ડુમરા, કોડાય, ચીઆસર, કોટડીમહાદેવપુરી, પત્રી વિગેરે ગામોમાં જિનાલયો બંધાયા. ઉક્ત જિનાલયોમાં તથા તીર્થોની દેવકૂલિકાઓમાં ૧૯૨૧ ની પાલિતાણામાં થયેલ અંજનશલાકાનાં પ્રતિમાજીઓ બિરાજીત કરવામાં આવ્યા છે. માનકુવા, નાગલપુર, બીદડા, લાલવાડી, ભાતબજાર, ઘાટકોપર ઉપરીયાળા, મૂછાળામહાવીર આદિ જિનાલયોમાં પણ ઉક્ત પ્રતિમાજીઓ બિરાજીત છે. ઉપરોક્ત જિનાલયોની હકીકતોથી એ નક્કી થાય છે કે તે વખતે અચલગચ્છના શ્રાવકો શ્રીમંત હતા. ઉકત જિનાલયો સાથે કચ્છના પ્રત્યેક ગામડાઓમાં એક થી બે કયાંક ત્રણ પણ ઉપાશ્રયો છે.

## ૭૩ શ્રી વિવેકસાગરસૂરિ :—

કચ્છ નાના આસંબીઆનાં વિશા ઓશવાળ શાહ ટોકરશીંનાં પત્ની કુંતાબાઇની કુક્ષીથી સં. ૧૯૧૧ માં વેલજીભાઈનો જન્મ થયો હતો. તેઓ બાલવયથી રત્નસાગરસૂરિ સાથે રહ્યા હતા. સં. ૧૯૨૮ માં રત્નસાગરસૂરિ કાળ કરતાં યતિદીક્ષા લીધી, બાદ કચ્છ માંડવીમાં જ આચાર્ય અને ગચ્છનાયક પદ પામ્યા હતા. સં. ૧૯૪૮ ના ફા. સુ. ૩ ગુરુવારે મુંબઈમાં જ કાળધર્મ પામ્યા હતા. તેઓએ યતિ સમુદાય સાથે સિદ્ધગિરિ–પાવાગઢની યાત્રા કરી હતી. ત્યાંથી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તેઓ મુંબઈ આવ્યા હતા. યતિ સમુદાય વહાણુ માર્ગે કચ્છ ગયો. સં. ૧૯૨૮ માં અનંતનાથ જિનાલયમાં ચાતુર્માસ રહ્યા. સં. ૧૯૩૨ માં કેશરીયાજીની સંઘ સાથે યાત્રા કરી. તેઓનો યતિસમુદાય વાહન–વહાણુ વિગેરે સાધનોનો મુસાફરીમાં ઉપયોગ કરતો હતો. સં. ૧૯૩૪ માં તેઓની નિશ્રામાં ઉનડોઠની પ્રતિષ્ઠા થઈ. સં. ૧૯૩૯ માં જામનગરમાં ચાતુર્માસ રહેલા. તે વખતે તેમના વ્યાખ્યાનમાં જામવિભાજી પણુ આવતા. સં. ૧૯૪૦ થી ૧૯૪૮ સુધી તેઓ મુંબઈમાં રહ્યા. સં. ૧૯૪૮ માગસરમાં ભીમજી શામજીએ કેશરીઆજીનો સંઘ કાઢેલો. ત્યાર બાદ તેઓ ઝામરાની બિમારીમાં પટકાયા. જિનેન્દ્રસાગર સમેત યતિઓએ સારી સુશ્રુષા કરી. આ જીવલેણુ બિમારીમાંજ તેઓ સ્વર્ગવાસ પામ્યા.

વિવેકસાગરસૂરિના સમયમાં વિશા ઓશવાળ હેમરાજ ભીમશીંએ કચ્છ કોડાયમાં સં. ૧૯૩૦ માં સદાગમ પ્રવૃતિ શરૂ કરી. સં. ૧૯૩૨ માં તેમણે ફંડ કરાવી વિશાળ જ્ઞાનભંડાર તૈયાર કરાવ્યો. અનેક પ્રાચીન ગ્રંથોનો સંગ્રહ પણુ કરવામાં આવ્યો. અનેક પ્રતો લિપિબદ્ધ કરાઇ, આનાં કારણે પ્રાચીન જ્ઞાનભંડાર તરીકે કચ્છ કોડાયના ઉક્ત જ્ઞાનભંડારની ગણુના થવા લાગી.

કચ્છ સુથરીના શ્રેષ્ઠિ સર વશનજી ત્રીકમજી નાઇટ એ જ અરસામાં થઇ ગયા. તેમણે સન્માર્ગે વિપુલ ધનના સદ્‌વ્યય દ્વારા કીર્તિને ઉજ્જવળ કરી. સાયરા, બારસી, આકોલા વિ. માં જિનાલયો બંધાવ્યા. જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ દ્વારા ગચ્છનું

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કેટલુંક સાહિત્ય પ્રકાશિત કરાવ્યું. સુથરીના શ્રેષ્ઠિ શ્રી ખેતશીં ધુલ્લા પણ મહાદાનવીર શ્રેષ્ઠિ થઈ ગયા. જિનાલયોનાં જીર્ણો-દ્ધાર પાછળ તેમણે લાખો રૂપિયા ખર્ચેલા. સં. ૧૯૬૩ માં તેમણે બાવન ગામોનાં સંઘોને નિમંત્રી જ્ઞાતી મેળો કર્યો. અને સાતટંક મિષ્ટાન્ન ભોજન કરાવ્યું. સં. ૧૯૭૨ માં હાલા-રમાં પણ જ્ઞાતી મેળો કર્યો. ઉદેપુર, વણથલી, ચાલીસગાંવ, ખંડવા, આકોલા, શિકારપુર વિગેરે સ્થળોએ ઉપાશ્રયો બંધાવી આપ્યા. ખંડવા અને ઉજ્જૈનમાં જેસંગપુરામાં પાર્શ્વનાથ પ્રભુના જિનાલયો બંધાવી આપ્યા.

લીંબડીમાં ખેતશીં શાહે શાંતિનાથ પ્રભુનું શિખરબંધ જિનાલય બંધાવી આપેલું. મુંબઈમાં નવપદજીનાં ઉજમણા વખતે ૮૦,૦૦૦ રૂા. ખર્ચ્યા. એમના પુત્ર હીરજીશાહે પૂનાની ભાંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઇન્સ્ટીટયૂટની લાયબ્રેરીને રૂા. ૫૦,૦૦૦ નું દાન આપ્યું. તથા પ્રાચીન જૈન સાહિત્યનાં ગ્રંથો માટે રૂમ બંધાવી આપ્યો. જેના ઉપર એમના નામની આરસની તખ્તી લગાડવામાં આવી.

આ અરસામાં નવીનાર, સુજાપુર, મોટારતડીઆ, નાના-રતડીઆ, રેલડીઆ, મંજલ, ભૂવડ, ફરાદી, દુર્ગાપુર (નવાવાશ) આરીખાણા, તુંબડી, ગુંડીઆરી, વાંકી, દેશલપુર, વિથોણ, મેરાઉ, રાપર, ગઢવાળી, રાયણ, તલવાણા વિ. સ્થળોમાં જિના-લયો બંધાયા. અને તેના પ્રતિષ્ઠાદિ મહોત્સવો પણ ઉજવાય.

વિવેકસાગરસુરિનાં હસ્તે ગૌતમસાગરજીએ સં. ૧૯૪૦ માં માહિમ મુંબઇમાં યતિદીક્ષા સ્વીકારી. ગૌતમસાગરજીએ સુવિ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હિત માર્ગને પુનર્જીવીત કરી અને શાસન અને ગચ્છના ઇતિહાસમાં મહત્ત્વનુ પૃષ્ઠ ઉમેર્યું. એ અંગે આપણે આગળ જોઈશું.

## ૭૪ શ્રી જિનેન્દ્રસાગરસૂરિ :–

કચ્છ ગોધરાના વિશા ઓશવાળ જ્ઞાતીય શા કલ્યાણજી જીવરાજની પત્ની લાછલબાઇની કુક્ષીથી સં. ૧૯૨૯માં જેસિંઘભાઈનો જન્મ થયો હતો. જેસિંગનો પિતા સ્વયં વૈરાગી હતા અને તેમને દીક્ષા લેવાની ભાવના હતી. આથી તેમણે પોતાનો બાળક વિવેકસાગરસૂરિને સોંપી દીધો. સં.- ૧૯૪૦માં વિવેકસાગરસૂરિએ મુંબઈમાં ચાતુર્માસ કરેલું, તે વખતે જેસિંગને પંડીતો પાસે અભ્યાસ કરાવવામાં આવ્યો. સં. ૧૯૪૮માં વિવેકસાગરસૂરિ જીવલેણ માંદગીમાં પટકાયા. ત્યારે ગાદી વારસદારનો પ્રશ્ન ઉપસ્થિત થયો પણ ઘણી આનાકાનીને અંતે જેસિંગને ગાદીપતિ બનવા હા પાડવી પડી. સં. ૧૯૪૮ના મહા વદ ૧૧ ના જેસિંગે યતિદીક્ષા લીધી ને જિનેન્દ્રસાગર બન્યા. સં. ૧૯૪૮ના મ. સુ. ૩ ના વિવેકસાગરસૂરિ કાળધર્મ પામ્યા બાદ શ્રાવણ સુદ ૧૦ ના મુંબઇમાં તેમનો પાટમહોત્સ ઉજવવામાં આવ્યો. ત્યારથી તેઓ ગચ્છનાયક અને સુરિ તરીકે પ્રસિદ્ધ થયા.

મુંબઇમાં કલુષિત વાતાવરણના કારણે તેઓ સં. ૧૯૫૧માં કચ્છ આવ્યા. કચ્છમાં ભીન્ન ભીન્ન સ્થળે તેઓ ચાતુર્માસ રહ્યા. સં. ૧૯૭૭માં રેલ્વેમાર્ગે મુંબઇ ગયેલા. પચીસ દિવસની સાધારણ માંદગીને અંતે જિનેન્દ્રસાગરસૂરિ સં. ૨૦૦૪

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કા. વ. ૧૦ ના કચ્છ ભુજપુરમાં પોતાની પોશાળમાં જ સ્વર્ગસ્થ થયા. જિનેન્દ્રસાગરસુરિની વિદાયથી શ્રીપુજ ગોરજી ઓની પરંપરાનો પણ અંત આવ્યો. પરમત્યાગી, પરમ તપસ્વી; ચારિત્રવંત, સુવિહિતશિરોમણિ તરીકે પ્રસિદ્ધ થયેલા અનેક સાધુ સાધ્વીજીઓનાં નાયક શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજીએ શુન્યમાંથી વિરાટનું સર્જન કર્યું. એ અંગેની વિસ્તૃત સમજ પ્રસ્તુત છે.

## ૭૫ શ્રી ગૌતમસાગરસૂરિ :-

કચ્છ હાલાર દેશોદ્ધારક, મહાન ક્રિયોદ્ધારક, સુવિહિત-શિરોમણી જેવા બિરૂદોથી પ્રસિદ્ધ પૂ દાદા શ્રી ગૌતમસાગર સૂરિશ્વરજીનો જન્મ સં. ૧૯૨૦માં મારવાડના પાલીનગરમાં થયો હતો. તેમના પિતાનું નામ ધીરજમલ્લજી અને માતાનું નામ ક્ષેમલદે હતું. જ્ઞાતે તેઓ શ્રીમાલી બ્રાહ્મણ હતા. સં. ૧૯૨૫માં મારવાડમાં ભયંકર દુકાળ પડ્યો. શિષ્યોની પ્રાપ્તિ અર્થે કચ્છથી દેવસાગરજી, અભેચંદજી, વીરજી, અને નાનચંદજી આ ચાર યતિઓ કચ્છ દેશથી પાલી આવ્યા. તેઓને કુલ આઠ શિષ્યોની પ્રાપ્તિ થઈ તથા શ્રીમાલી બ્રાહ્મણ ધીરમલ્લે મિત્રતાથી પ્રેરાઈ પોતાની પત્નીની સલાહથી પોતાનો પુત્ર ગુલાબમલજી યતિ દેવસાગરજીને સમર્પિત કર્યો. બાળ ગુલાબ-મલનાં શુભ લક્ષણો જોઈ દેવસાગરજી ખૂબ જ પ્રસન્ન થયા. નવ બાળકોને લઇ ઉક્ત યતિઓ કચ્છ આવ્યા અને પોત-પોતામાં શિષ્યોની વાટણી કરી લીધી. તેમાં યતિ દેવસાગ-રજી હસ્તક ગુલાબમલજી તથા કલ્યાણજી એમ બે બાળકો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાખવામાં આવ્યા. યતિ દેવસાગરજી પણ આ બાળકોને લઈ નાના આસંબીઆ આવ્યા. અહીં દેવસાગરજીએ કચ્છ ભુજની પોશાળ સંભારતા પોતાના શિષ્ય સ્વરૂપસાગરજીને પોતાની પાસે બોલાવી આ બન્ને બાળકોને તેઓનાં ગૃહસ્થ શિષ્ય બનાવ્યા. ગુલાબમલ્લજીનું નામ જ્ઞાનચંદ્ર રાખ્યું. જે પછીથી ગૌતમસાગરજી નામે પ્રસિદ્ધ થયા.

અહીં દેવસાગરજી તથા સ્વરૂપસાગરજીની પૂર્વે થયેલા મહોપાધ્યાય રત્નસાગરજી આદિનો સંક્ષિપ્ત પરિચય આ મુજબ છે.

આપણે આગળ જોયું કે ૬૪ મા પટ્ટધર શ્રી કલ્યાણ સાગરસૂરિના મહોપાધ્યાય રત્નસાગરજીગણિ કુશળ મંત્રી જેવા શિષ્ય હતા. આ રત્નસાગરજી મ. સા. નો જન્મ સં. ૧૬૨૬ પોષ સુદ ૧૦ નાં કચ્છ જખૌમાં થયો હતો. તેઓ દશા ઓશવાળ નાગડા ગોત્રીય આસુ શ્રેષ્ઠિની પત્ની કર્માદેવીના પુત્ર હતા. મૂળ નામ રતનશીં હતું. બાળક સાત વરસનો થયો ત્યારે માતપિતા મૃત્યુ પામ્યાં. કાકા રણશીંએ આ બાળકને ઉછેર્યો. સં. ૧૬૩૫ માં ધર્મમૂર્તિસૂરિ જખૌ પધારતાં કાકાએ બાલ રતનશીંને વહોરાવ્યો. સં. ૧૬૪૧ મહાસુદ ૨ નાં દિવસે ગુરુએ તેમને દીવબંદરમાં દીક્ષા આપી. મુનિશ્રી રત્નસાગરજી એવું નામાભિધાન કર્યું. સં. ૧૬૪૪ વૈ. સુ. ૩ નાં વડીદીક્ષા આપતી વખતે તેમને શ્રી કલ્યાણ સાગરસૂરિનાં શિષ્ય કરી દેવામાં આવ્યા. ત્યારબાદ તેઓ મહોપાધ્યાય અને સં. ૧૬૪૮ માં 'મુનિમંડલ નાયક' પદે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સ્થાપિત કરવામાં આવ્યા. ત્યારબાદ તેઓ ધર્મમૂર્તિસૂરિ કલ્યાણસાગરસૂરિની વિશેષ કૃપા મેળવી. ગુરુવર્યોએ તેમને અનેક વિદ્યામંત્રો આપ્યા. તેઓ ચારિત્રનિષ્ઠ અને ક્રિયાપાત્ર મહાત્મા હતા સં. ૧૬૫૪ ફા. સુ. ૩ ના મહોપાધ્યાયજીએ પ્રતિષ્ઠા કરાવી ત્યારે મિઠડીયા શ્રેષ્ઠિ સ્વરૂપચંદે દશ હજાર રૂા. ખર્ચી ભવ્ય જિનબિંબો ભરાવ્યા. સં. ૧૬૫૫માં રાધનપુરથી બુહડગોત્રીય શ્રેષ્ઠિ શ્રી મેઘણે મહોપાધ્યાયજીના સદ્ ઉપદેશથી શ્રી શંખેશ્વરજી મહાતીર્થનો સંઘ કાઢ્યો હતો અને ત્રણ જિનબિંબો ભરાવી ચૈત્ર સુદ ૧૩ ના પ્રતિષ્ઠા કરાવી. આ પ્રસંગે શ્રેષ્ઠિ મેઘણે સ્વામિવાત્સલ્ય કર્યું હતું. મહોપાધ્યાયજીની પ્રેરણાથી સં. ૧૬૫૫ માં ખંભાત અને ભરૂચમાં પ્રતિષ્ઠાઓ થઇ. સાધ્વી શ્રી ગુણશ્રીજી દ્વારા મહોપાધ્યાયજીની ગહુલી પ્રાપ્ત થાય છે. તેમાં તેઓનું સમગ્ર સંક્ષિપ્ત જીવન વણી લેવામાં આવ્યું છે. મહોપાધ્યાયજીનાં મંત્ર પ્રયોગ પ્રભાવથી પાલનપુરના નવાબની બેગમનો છ માસી તાવ દૂર થયો. સં. ૧૭૨૦ ના પોષ સુદ ૧૦ ના દિવસે કપડવંજમા કાળધર્મ પામ્યા મહોપાધ્યાયજીનાં મેઘસાગરજી, સુમતિસાગરજી, વિબુદ્ધસાગરજી, અને સુરસાગરજી વિગેરે શિષ્યો હતા. આ ચારમાં મેઘસાગરજી મુખ્ય શિષ્ય હતા.

(૨) ઉપાધ્યાય મેઘસાગરજી :– સં. ૧૬૭૦માં સાધ્વી વિમલશ્રીજીએ મારવાડના વાલોત્તર ગામમાં ઉપાધ્યાય મેઘસાગરજીની મારવાડી ભાષામાં ગહૂલી રચી. ઉપાધ્યાયશ્રી મેઘસાગરજી પ્રાગ્વાટ જ્ઞાતિમાં સં. ૧૬૫૩ ના કારતક સુદિ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૨ ના જન્મ્યા હતા. સં. ૧૬૬૬ ના ફા. સુ. ૩ ના મહો. રત્નસાગરજી પાસે દીક્ષા લીધી હતી. સં. ૧૬૭૦ના મહા સુદ ૪ ના વાલોત્તર ગામમાં તેઓ ઉપાધ્યાય પદવીધર બન્યા હતા. આ પદ પ્રસંગે લુણીઆ ગોત્રના શ્રેષ્ઠિ સૂરજમલે સાતસો દામ ખર્ચ્યો હતા. ઉપા. મેઘસાગરજીના વૃદ્ધિસાગરજી, કનકસાગરજી, મનરુપસાગરજી વિગેરે શિષ્યો હતા. ઉપા. મેઘસાગરજી સં. ૧૭૩૩ જેઠ સુદ ૩ ના બાડમેર (મારવાડ) માં કાળધર્મ પામતા સંઘે વૃદ્ધિસાગરજીને એમની પાટ પર સ્થાપ્યા હતા. (૩) ઉપાધ્યાય વૃદ્ધિસાગરજી:– મારવાડના કોટડા ગામના પ્રાગ્વાટ જેમલની પત્ની સિરિઆદેની કુક્ષીથી સં. ૧૬૬૩ ચૈત્ર વદ ૫ ના વૃદ્ધિચંદનો જન્મ થયો હતો. વૃદ્ધિચંદે સં. ૧૬૮૦ ના મહાવદ ૨ ના મેઘસાગરજી પાસે દીક્ષા સ્વીકારી હતી. તેમનું વૃદ્ધિસાગરજી નામ રાખવામાં આવ્યું હતું. સં. ૧૬૯૩ ના કારતક સુદ ૫ નાં તેઓ મારવાડના મેડતાનગરમાં ઉપાધ્યાય પદથી અલંકૃત થયા. તેમને હીરસાગર, પદ્મસાગર, અમીસાગર વિગેરે શિષ્યો હતા. તેઓ સં. ૧૭૭૩ ના આષાઢ સુદ ૭ ના કચ્છ નલીયામાં કાળધર્મ પામ્યા. (૪) ઉપાધ્યાય હીરસાગરજી :– તેઓનો જન્મ મારવાડના સોજીતરામાં ઓશવાળ શ્રેષ્ઠિ ઉત્તમચંદની ભાર્યા જસીબાઈની કુક્ષીથી સં. ૧૭૦૩ ના કાર્તિક સુદ ૭ ના હીરાચંદનો જન્મ થયો હતો સં. ૧૭૧૫ ના વૈશાખ સુદ ૩ નાં તેઓ દીક્ષા લેતાં તેમનું નામ હીરસાગરજી રાખવામાં આવ્યું હતું. સં. ૧૭૨૭ નાં કાર્તિક સુદ ૧૫ નાં નલીયામાં ઉપા-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ધ્યાય બન્યા હતા. સં. ૧૭૭૩ માં ગુરુ કાળધર્મ પામતાં તેમની પાટ સંભાળી હતી. ઉપા. હીરસાગરજી મંત્રવાદી હતા. સં. ૧૭૬૭માં નગરપારકરમાં ચોમાસું હતા. ત્યારે ત્યાંના ઠાકોરે ત્યાં તળાવ બાંધવા દરેકને પાંચ સૂંડલી માટી ઉપાડવાનો આદેશ કર્યો. પણ હીરસાગરજીએ તેમ ન કરતાં ઠાકોરે તેમને પકડવા સૈનીકો મોકલ્યા પણ તેઓના મંત્ર પ્રભાવથી સિંહ પ્રકટ થતાં સૈનીકો નાસી છૂટયા અને ઠાકોરે માફી માગી. પશ્ચાતાપરૂપે ઠાકોરે તે તળાવ કિનારે છત્રીયુક્ત ચોતરો કરાવી ગુરુની પાદુકા સ્થાપેલી. હીરસાગરજીએ ઠાકોરને પ્રતિબોધી માંસ–દારૂ ન લેવાની પ્રતિજ્ઞા આપી હતી. નગરપારકરના લાલન જેસાજીના સંતાનીય શ્રેષ્ઠિ ભીમાજીએ ઉપા. હીરસાગરજીના ઉપદેશથી લોદ્રવાજીનો સંઘ કાઢ્યો. જેમાં ૪૦૦ ઉંટ હતા. માર્ગમાં પાણીના અભાવે સંઘ અંતે મુશ્કેલીમાં મુકાયો. હીરસાગરજીને સંઘપતિએ વિનંતી કરતા તેમણે મંત્રપ્રભાવથી જલધારા પ્રગટાવી હતી. હીરસાગરજીએ ઉપા. દર્શનસાગરજી પાસે ભાષા પિંગળનો અભ્યાસ કરેલો. તેઓ અચ્છા પદ્યકાર હતા. ઉપા. હીરસાગરજી સં. ૧૭૮૨ના ચૈત્ર સુદ ૩ ના સોજીતરામાં કાળધર્મ પામ્યા હતા. તેમના શિષ્ય સહજસાગરજીએ સં. ૧૮૦૪માં કા. સુ. ૨ ના સોજીતરામાં રહીને ગુરુનું જીવનચરિત્ર લખ્યું. (૫) ઉપાધ્યાય સહજસાગરજી :– તેમના જીવનવૃત અંગે વિશેષ માહિતી ઉપલબ્ધ થઈ શકતી નથી. સં. ૧૭૮૧માં પર્યુષણના દિવસે મુદરામાં રહીને શિતલનાથ સ્તવન રચ્યું. તેમણે ગુબાંવલી સ્તવન નામની કૃતિ રચી હતી. (૬) ગણિમાનસાગરજી :– તેમણે સં. ૧૮૪૬-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કા. વ. ૫ શનિવારે ૭૭૦ શ્લોક પરિમાણનો 'રહસ્ય શાસ્ત્ર' ગ્રંથ રચ્યો. (૭) ગણિરંગસાગરજી (૮) ગણિ ફતેહ સાગરજી (૯) દેવસાગરજી (૧૦) સ્વરૂપસાગરજી (૧૧) ગૌતમસાગરસૂરિ.

આપણે આગળ જોયું કે મહોપાધ્યાય રત્નસાગરજીની પરંપરામાં યતિ દેવસાગરજી, યતિ સ્વરૂપસાગરજી થયા. તેઓએ મારવાડ પાલીથી શ્રીમાલી બ્રાહ્મણના પુત્ર ગુલાબ-મલ્લને જ્ઞાનચંદ્ર તરીકે પોતાની પાસે રાખ્યા. એ પણ આપણે જોઈ ગયા.

યતિ દેવસાગરજી પાસે તેરાના યતિ તારાચંદે શિષ્યોની માંગણી કરી. ત્યારે દેવસાગરજીએ સં. ૧૯૨૭નું ચાતુર્માસ ઉતરતાં પુનઃ મારવાડ જવાનું નક્કી કર્યું. પાવાગઢની યાત્રા કરી દેવસાગરજી પાલનપુર પહોંચ્યા પણ બિમાર થતાં કા. સુ. ૧૩ નાં કાળધર્મ પામ્યા. આ વખતે સ્વરુપસાગર પોતાના બન્ને શિષ્યો સાથે કાકાગુરુ હેમસાગર પાસે સાભ-રાઈની પોશાળમાં હતા. ગુરુના આકસ્મિક અવસાનથી એમને ખૂબ જ દુઃખ લાગ્યું.

યતિ દેવસાગરજીનું નાના આસંબીઆ સંઘ ખૂબ જ માન રાખતો. પ્રયાણ વખતે દેવસાગરજીએ પોતાના શિષ્ય-પ્રશિષ્યો સાચવવા સંઘના વ્રતધારી શ્રાવક નથુ ખીઅરાજ તથા ગેલા દેશર વિ. આગેવાનોને ભલામણ કરેલ. સંઘના આગ્રહથી સ્વરૂપસાગર પોતાનાં શિષ્યોને લઈ નાના આસંબીઆ



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આવ્યા. અહીં સંઘ તેઓનું સારી રીતે બહુ ભાવથી લાલન પાલન કરવા લાગ્યો. જ્ઞાનચંદ સ્વભાવથી શાંત અને આરાધક આત્મા હતો. તેમણે ગુરુની ખૂબ જ પ્રીતિ પ્રાપ્ત કરી. સં. ૧૯૨૮ સુધી સ્વરૂપસાગર શિષ્યો સાથે ભૂજ અને નાના આસંબીઆ રહ્યા. દરમ્યાનમાં ગચ્છનાયક શ્રી રત્નાસાગરસૂરિ સં. ૧૯૨૮ શ્રા. સુ. ૨ ના સુથરીમાં સ્વર્ગવાસ પામ્યા. તેમના શિષ્ય વેલજીભાઈ દીક્ષા લેતાં ને ત્યારબાદ માંડવીમાં ગચ્છનાયક પદ પ્રાપ્ત થતાં વિવેકસાગરસૂરિ તરીકે પ્રસિદ્ધ થયા.

વિવેકસાગરસૂરિના માગસર સુદ ૫ ના પાટ મહોત્સવ પ્રસંગે સ્વરૂપસાગર શિષ્યો સાથે માંડવી આવ્યા. આ બધા યતિઓને આગ્રહ કરતાં, તેઓ વિવેકસાગરસૂરિ સાથે સૌ શત્રુંજય તીર્થની યાત્રાએ આવ્યા. ત્યાંથી સૌ પાવાગઢ ગયા. ત્યાંથી સૌ મુંબઈ આવ્યા. સૌ યતિઓ સાથે સ્વરૂપ સાગર તથા જ્ઞાનચંદ (ગૌતમસાગર) પણ સાથે હતા. વિવેકસાગરસૂરિનું મુંબઈ ચાતુર્માસ નક્કી થતાં ઘણા ખરા યતિઓ વહાણ માર્ગે સં. ૧૯૨૯ ના વૈશાખ માસમાં કચ્છ પાછા આવ્યા. રસ્તામાં સમુદ્રમાં તોફાન જાગ્યું. વહાણ જાણે હમણાં જ ભાંગી પડશે. એ રીતે મોજા વહાણ સાથે અથડાવા લાગ્યા, આ વખતે સ્વરૂપસાગરજી પણ જ્ઞાનચંદ કલ્યાણજી સાથે એજ વહાણમાં હતા. સમુદ્રના ઉપદ્રવને શાંતિ કરવા તેઓએ (કચ્છ) ગોધરાના (હાલ મૂળનાયક) શ્રી ઋષભદેવ કેશરીયાજીનું સ્મરણ કર્યું. આ માનતા ફળી પણ ખરી ને ઉપદ્રવ શાંત થયો. સૌએ જાણે નવો જન્મ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રાપ્ત કર્યો હોય એ રીતે આનંદીત થયા. અઠાવીસમા દિવસે સૌ યતિઓ કચ્છના માંડવી બંદરે આવ્યા અને સૌ પોત-પોતાની પોશાળો—સ્થાનોમાં ગયા સ્વરૂપસાગરજી પણ શિષ્યો સાથે ગોધરાના ઋષભદેવ દાદાનાં દર્શન કરી નાના આસં-બીઆ આવ્યા. સં. ૧૯૨૯–૩૦ ના બંન્ને ચાતુર્માસ સાંધાણમાં કર્યા ચોમાસામાં કલ્યાણજી ખૂબ જ બિમાર થયો પણ ગચ્છાધિષ્ઠાયિકા મહાકાલીની માનતાથી પાછો સ્વસ્થ થયો.

સં. ૧૯૩૧ ભુજપુર, સં. ૧૯૩૨ કોઠારા, સં. ૧૯૩૩ ગોધરા (કચ્છ) આ રીતે ચાતુર્માસ કર્યા. સં. ૧૯૪૦ ના બાડાના ચાતુર્માસ દરમ્યાન સ્વરૂપસાગરજીનો સાત વરસનો બીજો એક શિષ્ય જેનું નામ લાલજી હતું તે માંદો પડ્યો. પણ ગચ્છાધિષ્ઠાયિકાની માનતાથી સ્વસ્થ થયો.

હવે માનતા ઉતારવાની ઇચ્છાથી સ્વરૂપસાગરજીએ પોતાના શિષ્યો સાથે પાવાગઢની યાત્રા કરી. ત્યાંથી મુંબઈ ગયા. ત્યાં ગચ્છનાયક વિવેકસાગરસૂરિએ સ્વરૂપસાગરજીને કહ્યું કે આ તમારા શિષ્ય જ્ઞાનચંદને હવે દીક્ષા આપો. જ્ઞાન-ચંદની ઇચ્છા થતાં તેની યતિદીક્ષા સં. ૧૯૪૦ વૈ સુ. ૧૧ ના મુંબઈના માહિમ ઉપનગરમાં થઈ. જ્ઞાનચંદનું નામ ગૌતમ-સાગરજી રાખવામાં આવ્યું. ગૌતમસાગરજી દીક્ષા વખતે જ રાત્રીભોજન અને કંદમૂળ ત્યાગ એવી પ્રતિજ્ઞાઓ સ્વીકારી. તે વખતે યતિઓ, ગોરજીઓ રાત્રીભોજન કે કંદમૂળ ભક્ષણની પ્રવૃત્તિ કરતા હશે જેથી જ ગૌતમસાગરજીને આ નિયમો સ્વીકારવા પડ્યા હશે. દીક્ષા બાદ ગૌતમસાગરજીનું મન સંવેગી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દીક્ષા લેવા ઉત્સુક હતું. પોતાના ગુરુ સ્વરૂપસાગરજીના મુખેથી વ્યાખ્યાનો સાંભળતા સાંભળતા ગૌતમસાગરજી જૈનધર્મનું અને સર્વ વિરતિ (દીક્ષા)નું સ્વરૂપ સમજ્યા અને ગુરુ સાથે દરેક સ્થળે ધર્મોપદેશ આપવા લાગ્યા. સં. ૧૯૪૧ નું ચાતુર્માસ દેવપુર થયું. ત્યાં ગૌતમસાગરજીની ત્યાગરૂપ મનોવૃત્તિ જાણી સંઘમાં હર્ષ થયો. સં. ૧૯૪૨ નું ચાતુર્માસ મુંદ્રા નગરમાં ગૌતમસાગરજીએ એકાકીપણે કર્યું ત્યારબાદ શત્રુંજય– ગિરનારની યાત્રાઓ પણ કરી.

સં. ૧૯૪૩ ગોધરા, સં. ૧૯૪૪–૪૫ શેરડી, આ રીતે ચોમાસા કર્યાં. ત્યારબાદ પુનઃ શત્રુંજયતીર્થની નવાણુયાત્રા કરી તેઓ પાછા કચ્છ આવ્યા ત્યારે પગરખા ન પહેરવા એક વખત ભોજન કરવું, ભૂમિ પર શયન કરવું, વિગેરે અભિગ્રહો લીધા. ને ખુબ જ સુંદર જીવન જીવવા લાગ્યા. આ વખતે અન્ય ગચ્છના સાધુઓ તેઓને પોતાનો શિષ્ય કરવા અનેક પ્રયત્નો કરતા પણ ગૌતમસાગરજી પોતાના મનમાં દેવસાગરજી– સ્વરુપસાગરજીના ઉપકારોને કદી પણ ભૂલતા નહીં

સં. ૧૯૪૬નું ચાતુર્માસ બીદડા ગામમાં કર્યું. ત્યારે ગૌતમસાગરજીએ વિચાર્યું કે યતિનો માર્ગ ગોરજીનો માર્ગ ન યોગી ન ભોગીનો છે. તે અસત્ય માર્ગ છે. તેઓના ગુરુનો તેમના પર ખૂબ જ મોહ હતો. સ્વરુપસાગરજી સુથરી તરફ ગયા ત્યારે ગૌતમસાગરજી માંડવી બંદરથી આગબોટથી જામનગર ગયા. ત્યાં તીર્થયાત્રા કરી પાછા કચ્છ આવ્યા ને સ્વરુપસાગરજીનાં દર્શન કરી બીદડા આવ્યા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હવે તેઓ સંવેગી દીક્ષા લેવા એકદમ થનગની રહ્યા હતા. પોતાની પાસે રહેલ પરિગ્રહ તેમને હૈયામાં ખુંચવા લાગ્યો. અંતે પોતાની પાસે રહેલ પોશાળનો બધો કબ્જો, અને પટારાની ચાવી વિગેરે પોતાના ગુરુભાઈ લાલજીને આપી, પરિગ્રહથી મુક્ત થયા. ત્યાંથી દુર્ગાપુર થઈ ગોધરાના ઋષભદેવ કેશરીયાજીની યાત્રા કરી અને એક કોરીની કેશર ચડાવી. ત્યાંથી પાછા દુર્ગાપુર આવી શ્રેષ્ઠિ શ્રી આસુભાઈ વાઘજી પાસેથી પાત્રાની જોડી લીધી. સ્થાપનાજી વિગેરે સાધુના ઉપકરણો પોતાના લીધા માંડવી બંદરથી આગબોટમાં બેસી વેરાવળ, પ્રભાસપાટણ, અને શત્રુંજયતીર્થની યાત્રાઓ કરી. ત્યાંથી માંડલ આવ્યા. અહીં અચલગચ્છના ઉપાશ્રયમાં ઉતર્યા. કેટલાક દિવસ સ્થિરતા કરી.

સં. ૧૯૪૬ના ફા. સુ. ૮ ના પાલી આવ્યા અહીં પાર્શ્વચંદ્ર ગચ્છીય મુનિ ભાઈચંદજીએ અલ્પ સમય પહેલાંજ ક્રિયોદ્ધાર કર્યો હતો. તેમની સાથે ગૌતમસાગરજીએ પોતાને ક્રિયોદ્ધાર કરવો છે એવો પ્રસ્તાવ મુકયો. ગચ્છ અને ગુરુનું નામ બદલાવવા ઠીક દબાણ કરવામાં આવ્યું પણ તેઓ મક્કમ રહ્યા. અંતે મુનિશ્રી ભાઈચંદજીએ ક્રિયોદ્ધાર કરાવવા હા પાડતા સં. ૧૯૪૬ ફા. સુ. ૧૧ના ગૌતમસાગરજીએ પોતાની જ જન્મભૂમિ પાલી શહેરમાં નવલખા પાર્શ્વનાથપ્રભુના બાવન જિનાલય મંદિરમાં નાણુ સમક્ષ ક્રિયોદ્ધાર કર્યો. અને પોતાના ગચ્છ અને ગુરુના નામથી વાસક્ષેપ નખાવ્યો. ત્યારથી તેઓ સંવેગી મુનિ ગૌતમસાગરજી બન્યા. મુનિશ્રી ગૌતમસાગરજીએ આ બધી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હકીકતો પોતાના ગુરુદેવ શ્રી સ્વરૂપસાગરજીને લખી. ત્યાંથી વિહાર કરતા મુનિશ્રી ગૌતમસાગરજી, મુનિશ્રી ભાઇચંદજી સાથે પાલણપુર આવ્યા ત્યાંથી પાટણ આવ્યા. પાટણમાં ફોફલીયા પાડામાં આવેલ અચલગચ્છના ઉપાશ્રયમાં પણ રહેલા. તે સાલનું ચાતુર્માસ પણ પાટણ કર્યું. ચાતુર્માસ દરમ્યાન અચલગચ્છનાયક વિવેકસાગરસૂરિએ મુનિશ્રી ગૌતમસાગરજીને પત્ર લખેલો. મુનિશ્રી ગૌતમસાગરજીએ પણ સંતોષજનક પ્રત્યુત્તર લખ્યો.

ચાતુર્માસ બાદ મુનિ શ્રી ભાયચંદજી સાથે ચરિત્રનાયક સિદ્ધગિરિ આવ્યા. અહીં યાત્રા કરી એકલાજ કચ્છ આવ્યા. ને સં. ૧૯૪૭ ફાગણ અમાસના કચ્છ દુર્ગાપુર (નવાવાસ) પહોંચ્યા. સં. ૧૯૪૭ ના વૈશાખમાં પોતાના ગુરુ સ્વરુપ સાગરજીને મળવા નાના આસંબીયા તરફ વિહાર કર્યો અને મોટા આસંબીઆ આવ્યા. પોતાના સંવેગી શિષ્ય પોતાને મળવા આવે છે એ સમાચાર મલ્યા ત્યારે યતિ સ્વરૂપસાગરજી સ્વયંજ નાના આસંબીયાથી વિહાર કરી મોટા આસંબીયા આવ્યા.

દીર્ઘ સમય બાદ ગુરુ-શિષ્યનું મિલન થતાં બન્નેનાં નેત્રો હર્ષાશ્રુથી છલકાય ગયાં. પોતાના શિષ્યને સંવિજ્ઞ મુનિ તરીકે જોઇ સ્વરૂપસાગરજી ખૂબજ હર્ષિત થયા. મુનિ શ્રી ગૌતમસાગરજીએ કહ્યું કે પૂજ્ય! આપ અંશે ખેદ માં કરશો મેં ગુરુ તરીકે આપનું નામ અને ગચ્છ તરીકે અચલગચ્છનું નામ રાખ્યું જ છે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગુરુદેવે મુનિશ્રી ગૌતમસાગરજીની પીઠ થાબડી અને વધારામાં કહ્યું કે તમે ચારિત્રમાં સફળતા મેળવજો. સ્વરૂપસાગરજી પણ શાંતપ્રકૃતિવાળા, દયાળુ અને ભવભીરૂ મહાત્મા હતા. પોતાના શિષ્ય ગૌતમસાગરજીને સંવેગી સાધુ જીવનમાં અંશે પણ વિઘ્ન પાડયું નહીં.

પૂ. મુનિશ્રી ગૌતમસાગરજીએ સં. ૧૯૪૮નું ચાતુર્માસ કોડાયમાં કર્યું. આ ચાતુર્માસમાં ખૂબ જ સુંદર વિદ્યાભ્યાસ કર્યો. તથા એકાંતરા ઉપવાસ કર્યા. ચોમાસા બાદ તેઓએ સુથરી તીર્થની યાત્રા કરી પાર્શ્વચંદ્રગચ્છીય મુનિશ્રી કુશલચંદ્રજી કચ્છ આવ્યા છે સાંભળી ચરિત્રનાયક તેઓને બીદડામાં મલ્યા. ત્યારે કુશલચંદ્રજીએ પૂછ્યું કે શું તમે અમારી સાથે રહેશો ? ત્યારે પૂ. ગૌતમસાગરજીએ કહ્યું કે હું તમારી આજ્ઞા પ્રમાણે તમારી સાથે વિચરીશ અને ત્યાં સુધી તમારી ક્રિયા કરીશ અને કોઇપણ પ્રસંગે અલગ વિચરીશ ત્યારે હું અચલગચ્છની સમાચારી પ્રમાણે ક્રિયા કરીશ. ત્યારે કુશલચંદ્રજીએ કહ્યું કે આ રીતે ન થાય. અમારા શિષ્ય બનો તો જ સારૂં થાય અને જો શિષ્ય તરીકે ન રહેવા ઈચ્છતા હો તો એકલા વિચરો.

આ ઘટના બાદ પૂ. ગૌતમસાગરજી મ. સા. નાના આસંબીઆ આવ્યા. અહીંના સંઘના આગેવાનો શા વેરશી નથુ તથા શા ઉમરશી કેશવજીને બધી હકીકત કહીને એકલવિહારી અંગે પૂછ્યું. જવાબમાં ઉક્ત શ્રેષ્ઠિઓએ કહ્યું કે આપને ગચ્છ અને ગુરુનું નામ ન લોપવું જોઇએ. ગુરુનું

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નામ લોપનારને ગુરુદ્રોહી કહ્યા છે. તમે અલગ વિચરશો તો અચલગચ્છનો તમે ઉદ્ધાર કરી શકશો. તથા સાધુ-સાધ્વી સમુદાયની વૃદ્ધિ કરી શકશો. સાધુ-સાધ્વીની વૃદ્ધિ થતાં ભારત ભરના અચલગચ્છના શ્રાવક-શ્રાવિકાઓમાં ધર્મની વૃદ્ધિ થશે. જૈન સંઘના પ્રૌઢ આગેવાનોની સલાહને શુભ-શુકન માની તેઓ મુંદ્રા આવ્યા. ત્યાં જૈન પાઠશાળામાં અભ્યાસ કરતા અને એકાંતરા ઉપવાસ કરતાં થોડો સમય સ્થિર રહ્યા.

સં. ૧૯૪૮ ના ફા. સુ. માં ખરતરગચ્છના મયાચંદજી વિહાર કરતા કચ્છ પધાર્યા. મુનિ ગૌતમસાગરજીને તપ-ક્રિયા પાત્ર જાણીને તેમને ખૂબ જ અભ્યાસ કરવા જણાવ્યું. મુનિ મયાચંદજી માંડવી, સુથરી વિ. થઇ વૈશાખ વદમાં ભુજ પધાર્યા. ત્યાં તેઓએ ભૂજના શ્રાવકો સમક્ષ પૂ. દાદા શ્રી કલ્યાણ-સાગરસૂરિજી તથા અચલગચ્છના સુવિહિત મુનિ ગૌતમ-સાગરજીના ગુણોની પ્રશંસા કરી. આથી ભૂજના સંઘે શા ગોવિંદજી જેરાજ મપારા સાથે ચાતુર્માસ માટે મુનિશ્રી ગૌતમ-સાગરજીને વિનંતિપત્ર મોકલ્યો.

મુનિશ્રી ગૌતમસાગરજી મુંદ્રાથી વિહાર કરી માનકુવા પધાર્યા. અહીં ભૂજના સંઘે જિનાલયમાં પૂજા ભણાવી. સ્વામિ-વાત્સલ્ય કર્યું. માનકુવાનાં પ્રત્યેક જૈનોનાં ઘરે સાકરની લાણી કરી. ત્યાંથી વિહાર કરી મુનિશ્રી ગૌતમસાગરજી ભુજ પધાર્યા. વરસો બાદ કચ્છના પાટનગરમાં સુવિહિત મુનિની પધરામણી થતી હોઇ ત્યાંના સંઘે ઉમળકાભેર સામૈયું કર્યું. અચલ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગચ્છના મોટા ઉપાશ્રયમાં સં. ૧૯૪૯નું ચોમાસું ભૂજમાં કર્યું. દાદાશ્રી કલ્યાણસાગરસૂરિનો પાટ કે જે સં. ૧૬૫૪માં પ્રથમ ભારમલ્લજીએ અચલગચ્છ જૈન સંઘને ભેટ આપેલો તે પાટ પર બિરાજી મુનિશ્રી ગૌતમસાગરજી મધુર ધ્વનીથી વ્યાખ્યાન આપતા.

આ સમયે અચલગચ્છનાયક શ્રી મુક્તિસાગરસૂરિના શિષ્યણી સાધ્વીશ્રી દેવશ્રીજીનાં શિષ્યા સાધ્વીશ્રી દયાશ્રીજી સુથરીમાં ચાતુર્માસ હતાં. તેમની પાસે સુથરીના શા. ઉભાઇયાભાઇ ( ઉ. વ. ૩૦ ) એ પોતાને દીક્ષા લેવી છે એવી વાત કરી. જેથી દયાશ્રીજીએ પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી ઉપર પત્ર લખી આપ્યો. ઉભાયાભાઇ ભૂજ આવ્યા અને મુનિશ્રી ગૌતમસાગરજી પાસે રહી દીક્ષાની તાલીમ લેવા લાગ્યા.

ચાતુર્માસ બાદ ભૂજના શ્રેષ્ઠિ મૂળચંદ ઓધવજીની પત્ની પુત્રીબાઇએ સંઘને કહ્યું કે પૂ. ગૌતમસાગરજી મ. સા. એકલા છે મુમુક્ષુ ઓભાઇયાભાઇની દીક્ષા ભૂજના આંગણે થતી હોય તો દીક્ષાના મહોત્સવમાં પાંચસો કોરી આપું. સંઘને પણ આ વાત ઉપયુક્ત લાગી. મુનિશ્રી ગૌતમસાગરજીએ પણ માંડવી ( કચ્છ ) બિરાજતા મુનિશ્રી મયાચંદજીને ભુજ પધારવા વિનંતી કરી. આથી મુનિશ્રી મયાચંદજી ભુજ પધાર્યા.

મુનિ શ્રી મયાચંદજીએ મુનિ શ્રી ગૌતમસાગરજીને કહ્યું કે તમે યોગોદ્વહન કરો અને વડીદીક્ષા સ્વીકારો. તો તમારા સાધુ–સાધ્વી પરિવારને પણ દીક્ષા–વડીદીક્ષા વિગેરે આપવામાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તમને અનુકુળતા થશે. આ રીતે મુનિ શ્રી ગૌતમસાગરજીએ યોગોદ્વહન શરૂ કર્યાં અને માગસર વદ ૧૦ ના વડીદીક્ષા સ્વીકારી.

ઉમાઇયાભાઈનો પણ દીક્ષા મહોત્સવ શાનદાર રીતે ઉજવાયો. ગચ્છના ઉદયનો પ્રારંભ થઈ ચૂકયો હતો. મહા સુદ ૧૦ના મુનિશ્રી મયાચંદજીએ ઉભાઇયાભાઇને દીક્ષા આપી મુનિશ્રી ગૌતમસાગરજીના શિષ્ય કર્યા. ભાવી અચલગચ્છનાયકના પ્રથમ શિષ્યનું નામ 'મુનિશ્રી ઉત્તમસાગરજી' રાખવામાં આવ્યું.

પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી મ. સા. પોતાના શિષ્ય સાથે વિહાર કરી દેવપુર પધાર્યાં. અહીંના ઉમરબાઈ મુલા તેજાને દીક્ષા લેવાની ભાવના થઈ. ત્યાંથી તેઓશ્રી ચીઆસર પધારતાં ત્યાંના શા ગેલાભાઇ લખુના પુત્ર ગોવરભાઇને દીક્ષા લેવાની ભાવના જાગી. ગોવર પણ ગૌતમસાગરજી મ. સા. સાથે ચાલ્યો.

ચરિત્રનાયકશ્રી અનુક્રમે સુથરી તીર્થે આવ્યા. ભુજથી શા. માણેકચંદ રંગાજી સાથે જ હતા. ભુજના દાદાશ્રી કલ્યાણસાગરસૂરિના સ્તૂપના જીર્ણોદ્ધાર માટે ગામોગામ ટીપમાં રકમો લખાવાનું ચાલુ જ હતું. સુથરી પહોંચ્યા ત્યાં સુધીમાં ૮૫૦ કોરીની રકમ એકત્રીત થયેલી. તે રકમ ભુજના માણેકચંદભાઈ લઈ ગયા ને ત્યાં સ્તૂપમંદિરનો જીર્ણોદ્ધાર કાર્ય ચાલુ થયો. સુથરીથી મુનિશ્રી ગૌતમસાગરજી સાંધાણ પધાર્યાં ત્યાં વૈ. સુ. ૧૫ ના ત્યાંના રામઇયા ભગતની સુપુત્રી અને કચ્છ કોઠારા ના શા. પત્રામલની વિધવા સોનબાઇને પૂ. ગૌતમ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સાગરજીએ કહ્યું કે તમે દીક્ષા લ્યો. ત્યારે સોનબાઈએ કહ્યું કે મારી અવસ્થા પચાસ વરસની છે. બીજી કોઇ સાધ્વીની સહાય હોય તો હું દીક્ષા લેવા તૈયાર છું. ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું કે તમોને સહાય કરવા માટે તમારે યોગ્ય મુમુક્ષુ ઉંમરબાઇ છે. તેઓ હાલ સુથરીમાં સાધ્વી શ્રી દયાશ્રીજી પાસે જ્ઞાનાભ્યાસ કરી રહ્યાં છે.

ચરિત્રનાયકશ્રી પુનઃ સુથરી પધાર્યા. અહીં બન્ને મુમુક્ષુ બેનો સોનબાઇ અને ઉંમરબાઇ એકબીજાને મળીને આનંદ પામી. ગોવરભાઈ તથા બન્ને મુમુક્ષુ બેનોનું દીક્ષા મુહૂર્ત જેઠ સુદી ૧૦ નું આવ્યું. દીક્ષાની ચર્ચામાં સુથરીના લાખબાઇને પણ સાધ્વીશ્રીદયાશ્રીજી પાસે દીક્ષા લેવાની ભાવના જાગી આમ સુથરીનાં આંગણે સં. ૧૯૪૯ના જેઠ સુ. ૧૦ ના એક સાથે ચાર મુમુક્ષુઓએ દીક્ષા લીધી. ગોવરભાઇને ગુણસાગરજી નામ આપી. ચરિત્રનાયકે પોતાના શિષ્ય કર્યા. અને સોનબાઈ તથા ઉંમરબાઇને દીક્ષા આપી. તેઓના શિવશ્રીજી, ઉત્તમશ્રીજી એવા નામ રાખી પોતાના શિષ્યણી અર્થાત્ આજ્ઞાવર્તી સાધ્વીજી તરીકે સ્થાપ્યા. તેમ જ લાખબાઈને લક્ષ્મીશ્રીજી નામ આપી સાધ્વીજી દયાશ્રીજીનાં શિષ્યા કર્યાં. દીક્ષાના આ મહોત્સવ પ્રસંગે શા હોશાભાઈ ખીયશીં કરમણે ધન ખરચી ખૂબ જ લાભ લીધો.

સં. ૧૯૫૦ નું ચાતુર્માસ નલીયા રહ્યા. સાધ્વી શ્રી દયાશ્રીજી ઠાણા ચારે પણ નલીયા ચોમાસું કર્યું. ચાતુર્માસ બાદ પૂજ્યશ્રી ચતુર્વિધ સંઘ સાથે તેરા પધાર્યા. મોટા સામૈયા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સાથે તેઓનું સ્વાગત કરવામાં આવ્યું. અહીં મુનિશ્રી ગુણ-સાગરજી, તથા સાધ્વીશ્રી શિવશ્રીજી, ઉત્તમશ્રીજીને યોગ કરાવી વડીદીક્ષા આપી. આ પ્રસંગે અઠ્ઠાઇ મહોત્સવ કરી સંઘે અનેરો લાભ લીધો. ત્યાંથી વિહાર કરી કચ્છના મુકુટ-મણી એવા ભદ્રેશ્વર મહાતીર્થની યાત્રા કરી. આ પ્રસંગે અનેક ગામોના સંઘો પોતપોતાના ગામમાં ચાતુર્માસ કરવા વિનં-તિઓ કરવા લાગ્યા. પણ છેવટે નવાવાશ (દુર્ગાપુર) નાશા પાસુભાઈ વાગજી, શા આસુભાઈ વાગજી, અને શા પુનશી આસુ આદિના અતિ આગ્રહથી સં. ૧૯૫૧ નું ચોમાસું નવાવાશ રહ્યા.

પૂ. ગૌતમસાગરજી મ. ની પ્રેરણાથી સં. ૧૯૫૧ મહા સુદ ૫ ના સા. શ્રી કનકશ્રીજી, સાધ્વી શ્રી રત્નશ્રીજીની દીક્ષા કચ્છ ગોધરામાં થઈ. ચૈત્ર સુદ ૧૩ ના સાધ્વી શ્રી નિધાનશ્રીજીની દીક્ષા થઇ. સં. ૧૯૫૨ નું ચાતુર્માસ કચ્છ માંડવીના ત્રણે સંઘોની વિનંતિથી માંડવીના મોટા ઉપાશ્રયમાં કર્યું. આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીનો ધર્મોપદેશ સાંભળવા ખૂબ જ સંખ્યામાં લોકો એકત્રીત થતા.

ત્યારબાદ પૂજ્યશ્રીએ આ પ્રમાણે ચાતુર્માસ કર્યાં. સં. ૧૯૫૩ મુંદ્રા, સં. ૧૯૫૪ નાના આસંબીઆ, સં. ૧૯૫૫ પાલિતાણા, સં. ૧૯૫૬ પાલિતાણા, સં. ૧૯૫૭ માંડલ (ઉ. ગુ.) બાદ આબુ આદિ અનેક તીર્થોની યાત્રાઓ કરી સં. ૧૯૫૮ જામનગર, બાદ હાલારમાં વિચરી ખૂબ જ ધર્મો-પદેશ આપ્યો. સં. ૧૯૫૯ મોટીખાવડી, સં. ૧૯૬૦ જખૌ,

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સં. ૧૯૬૧ ભુજ, સં. ૧૯૬૨ સુથરી, સં. ૧૯૬૩ વરાડીઆ સં. ૧૯૬૪ ભુજ, સં. ૧૯૬૫ માંડલ, સં. ૧૯૬૫ ના વૈ. સુ. ૫ ના કચ્છ કોટડીના નાગજી તેજપાળને અમદાવાદ પાસેના સરખેજ ગામમાં દીક્ષા આપી 'નીતિસાગરજી' નામ રાખી પોતાના શિષ્ય કર્યા. સં. ૧૯૬૬ પાલિતાણા, અમદાવાદમાં દાનસાગરજી, મોહનસાગરજી અને ઉમેદસાગરજીને દીક્ષા આપી. અને તે તે સંવતોમાં તે તે સ્થળે ચોમાસાં કર્યાં.

અચલગચ્છના સુવિહિત મુનિવરોમાં સર્વ પ્રથમ મુંબઈ પધારનારા પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી મ. સા હતા. સં. ૧૯૬૭ માં મુંબઈ પધાર્યા અને તે સાલનું ચાતુર્માસ પણ ક. વિ. ઓ. જૈનમહાજનના ઘાટકોપર ઉપાશ્રયમાં કર્યું. તેઓના સદુપદેશથી મુંબઈમાં ખૂબ જ શાસન અને ગચ્છની ઉન્નતિ થઈ પૂજ્યશ્રી વ્યાખ્યાનમાં ઉત્તરાધ્યયન સૂત્ર, મલયાસુંદરીચરિત્ર પર પ્રવચનો આપતા. સં. ૧૯૬૭ મહા સુદ ૧૦ ભાયખલાના મોતીશાના જિનાલયમાં છ બ્હેનોને દીક્ષા આપી. દીક્ષાની ક્રિયા તેઓના સુવિનીત શિષ્ય પૂ. મુનિશ્રી નીતિસાગરજીએ કરાવી. મુંબઈમાં અચલગચ્છમાં દીક્ષાનો આ પ્રસંગ પ્રથમ હોઈ ક. વિ. ઓ. જૈન મહાજન તથા ક. દ. ઓ. જૈન મહાજન તથા ગચ્છના શ્રેષ્ઠિઓએ ધન ખરચી ખૂબ જ લ્હાવો લીધો.

સં. ૧૯૬૮ નું ચાતુર્માસ ખડક (મુંબઈ) માં આવેલ કચ્છી. દ. ઓ. જૈન મહાજનવાડીમાં કર્યું. ચાતુર્માસ બાદ પૂજ્ય શ્રી કચ્છના વિહારનો વિચાર કરતા હતા પણ શ્રી ક.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દ. ઓ. જૈન સંઘની અતિ આગ્રહભરી વિનંતિથી વધુ એક વરસ મુંબઇમાં ચાતુર્માસ કરવાનો નિર્ણય થયો. ભાંડુપમાં ક. દ. ઓ. જૈન મહાજનવાડીમાં બાપઠના ખેરાજ પુંજાના ભત્રીજા ધનજીભાઇને સં. ૧૯૯૮ ના મહા વદ ૧૧ સોમવારે દીક્ષા આપી ધર્મસાગરજી નામ રાખી નીતિસાગરજીના શિષ્ય કર્યા. આ પ્રસંગે શ્રી ક. દ. ઓ. જૈન સંઘ તરફથી સ્વામી વાત્સલ્ય કર્યું. સં. ૧૯૯૯ નું ચાતુર્માસ ખડક પર આવેલ ક. દ. ઓ. જૈન મહાજન વાડીમાં કર્યું. ચોમાસા બાદ કચ્છના વિહારનો તેમણે નિર્ણય જ કરી લીધો. પણ શ્રી ક. દ. ઓ. જૈન સંઘે ફરી એક વધારે ચાતુર્માસ કરવા વિનંતિ કરી પણ પૂજ્યશ્રીએ કહ્યું કે મુંબઇમાં ત્રણ ચાતુર્માસ થયા. ત્યારે સંઘે કહ્યું કે તો આપે દર સાલ આપણા ગચ્છના સાધુ–સાધ્વીજીના ચાતુર્માસ આપવા. ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું કે ચાતુર્માસ ઉતરતાં તમારે પત્ર લખવો તો ક્ષેત્રસ્પર્શનાએ મોકલીશું. આ પ્રસંગે શેઠ ખેતશી ખીયશીએ કહ્યું કે અમારે શત્રુંજય તીર્થનો સંઘ કાઢવો છે. સંઘ પાલિતાણા પહોંચે તે વખતે આપ પણ પાલિતાણા પધારો. પૂજ્યશ્રીએ કહ્યું કે જેવી ક્ષેત્ર સ્પર્શના.

પૂજ્યશ્રીએ મુંબઈથી વિહાર કર્યો. તે સં. ૧૯૯૯ પોષ વદ ૩ ના પાલિતાણા પધાર્યા. શેઠ ખેતશી ખીયશીએ મુંબઇથી રેલ્વે દ્વારા કાઢેલ સંઘ પણ પાલિતાણા આવી ગયેલ. પૂજ્યશ્રીનાં દર્શન-વંદન અને વાણી શ્રવણથી સૌ ધન્ય બન્યા. પાલિતાણાથી વિહાર કરી ભચાઉ આવ્યા. અહીંની સ્થિરતાથી ધર્મોપદેશથી ખૂબ જ ધર્મોન્નતિ થઈ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ત્યાંથી વિહાર કરતા પૂજ્યશ્રી અંજાર આવ્યા. અહીં સ્થાનકવાસી મુનિ રવિચંદ્રસ્વામી પોતાના શિષ્યાદિ સહ પૂ. મુનિશ્રી ગૌતમસાગરજીને વાંદવા આવ્યા ને પોતાનો શિષ્ય કરવા વિનંતિ કરી. પૂજ્યશ્રીએ રવિચંદ્રનું નામ રવિસાગરજી, તથા રવિચંદ્રના શિષ્યોનાં નામ કપુરસાગર, ભક્તિસાગર નામ રાખ્યાં. રવિસાગરજીને પોતાના શિષ્ય કર્યો. ને કપુરસાગરજી, ભક્તિસાગરને રવિસાગરજીના શિષ્ય કર્યા. પણ સાત દિવસ બાદ રવિસાગરજી શિષ્યો સાથે ત્યાંથી વિહાર કરી ગયા અને પોતાનું રવિચંદ નામ રાખી અચલગચ્છના સમુદાય તરીકે વિચરવા લાગ્યા.

સં. ૧૯૭૦ નું ચોમાસું કચ્છ ભુજ કર્યું. આ વખતે સંઘે પણ ભુજનાં દાદા કલ્યાણસાગરસૂરિના સ્તૂપમંદિરનો બાકી રહેલ જીર્ણોદ્ધાર શરૂ કરાવ્યો. અને દાદાશ્રી કલ્યાણ-સાગરસૂરિની આરસની ભવ્ય મૂર્તિનું કામ પણ કારીગરને અપાયું. સં. ૧૯૭૧નું ચાતુર્માસ માંડવી કર્યું. ત્યારબાદ ચૈત્ર માસમાં ગઢશીશામાં ઉજમણા પ્રસંગે પધાર્યા. તે વખતે ગઢ-શીશા સંઘે જિનાલય આગળના ચોકમાં દેવકૂલિકા બંધાવી. તેમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી દાદાશ્રી કલ્યાણસાગરસૂરિની પ્રતિમા પ્રતિષ્ઠિત કરી. સં. ૧૯૭૨નું ચાતુર્માસ સુથરી કર્યું. ચોમાસા બાદ વૈશાખમાં જિનાલયની તથા નૂતન દેવકૂલિકાની પ્રતિષ્ઠા પ્રસંગે ગોધરા પધાર્યા. સં. ૧૯૭૩નું ચોમાસું તેરાગામમાં કર્યું. પૂજ્યશ્રીના સદુપદેશથી તેરાસંઘમાં કુસંપ હતો તે દૂર થયો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભુજસંઘની વિનંતિથી પૂજ્યશ્રી ભુજ પધાર્યા. અહીં મહા વદ ૮ ગુરુવારે સ્તૂપમંદિરમાં દાદાશ્રી કલ્યાણસાગરસૂરિજીની ભવ્ય પ્રતિમાજી બિરાજીત કરવામાં આવી. આ પ્રસંગે ચરિત્ર-નાયકશ્રીનાં ગુરુ યતિશ્રી સ્વરૂપસાગરજી ઉપસ્થિત રહેલા અને પ્રતિષ્ઠાદિ ક્રિયા પણ તેમણે કરાવેલ.

સં. ૧૯૭૪માં સુથરી, સં. ૧૯૭૫માં ગોધરા ચાતુર્માસ કર્યા. ત્યારબાદ ભુજ તાલુકા, ભચાઉ તાલુકામાં વિચરતા રણ ઉતરી પાલિતાણા પધાર્યા. સં. ૧૯૭૫ વૈ. વ. ૧૧ રવિ. નાં બાબુ ધનપતસિહની ટૂંકમાં દેવકૂલિકાઓમાં જિનબિંબો તથા દાદાશ્રી કલ્યાણસાગરસૂરિજીની પ્રતિમા પ્રતિષ્ઠિત કરી. સં. ૧૯૭૬નું ચાતુર્માસ પાલિતાણા કર્યું. દરમ્યાનમાં મુનિ નીતિ-સાગરજી, મુનિ દાનસાગરજી અને મુનિ ધર્મસાગરજીને પૂજ્યશ્રીએ શ્રી ઉત્તરાધ્યયન અને શ્રી આચારાંગસૂત્રના યોગ કરાવ્યા. મુનિ ધર્મસાગરજીએ નવાણું યાત્રા કરી.

પૂજ્યશ્રી પોતાના શિષ્ય નીતિસાગરજી, પ્રશિષ્ય ધર્મ-સાગરજી સહિત વિહાર કરી શિહોર, વરતેજ, ભાવનગર, ઘોઘા, તલાજા, દાઠા, મહુવા વિ. તીર્થોની યાત્રા કરી સાવરકુંડલા પધાર્યા. અહીં નીતિસાગરજી, ધર્મસાગરજીને ઉવવાઇસુત્ર આદિ ઉપાંગોના યોગ કરાવ્યા ત્યારબાદ જુનાગઢ અને ગિરનાર-તીર્થની યાત્રા કરી. ત્યાંથી સોરઠ, વણથલી, છત્રાશા, વાડોદર, ધોરાજી, મોટીમારડ, ઉપલેટા, પાનેલી વિગેરે વિહારો કર્યા. ફા. વ. ૭ ના ગોરખડી પધાર્યા. ફા. વ. ૧૨ ના વિહાર કરી વડાલા, ખરબા, લાલપુર થઇ ચૈ. સુ. ૨ ના હાલારના દબાસંગ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગામમાં પધાર્યા. અહીં સા. મંગલશ્રીજીનો દીક્ષામહોત્સવ ખૂબ જ ભવ્યતાથી ઉજવાયો. ત્યાંથી નવાગામ થઈ જામનગર પધાર્યા. લાખાબાવળ થઈ પુનઃ નવાગામ પધાર્યા. અહીં ચંદ્રપ્રભુ જિનાલયની પ્રતિષ્ઠા થઈ. આ સમયે તેઓ હાલાર પ્રદેશમાં વિચર્યા. સં. ૧૯૭૭માં જામનગર ચાતુર્માસ કર્યું. બાદ કનસુમરા, ચેલા, ભલાસણ, જામવણથલી, ધ્રોલ, ટંકારા, મોરબી-માલીયા થઇ કચ્છ વાગડમાં પધાર્યા. કટારીઆ, લાકડીયા, આધોઈ, ભચાઉ વિ. થઈ ભદ્રેશ્વર તીર્થ પધાર્યા. અહીં કચ્છના સંઘોએ મળી ગચ્છાધિપતિ પૂજ્યશ્રીનું ભવ્ય સામૈયું કર્યું. ત્યાંથી ગાંગજી ખીમરાજ કારીત નવપદના ઉજમણામાં મોટા આસંબીઆ પધારી નિશ્રા આપી. સં. ૧૯૭૮નું ચાતુર્માસ માંડવી કર્યું.

ચાતુર્માસ બાદ સુથરી પંચતીર્થીની યાત્રા કરી. વેજબાઈ દેવજી વેલજી કારિત નવપદના ઉજમણા પ્રસંગે રેલડીઆમંજલ પધાર્યા. ત્યાંથી જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે વેશાખમાં દેવપુર પધાર્યા સં. ૧૯૭૯નું ચોમાસુ સાંયરા ગામે કર્યું. બાદ સં. ૧૯૭૯ ના મહા સુદ ૮ ના લાયજા જિનાલયના પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધાર્યા. અહીં રવજી સોજપાળ સમેત સંઘના આગેવાનોએ પૂજ્યશ્રીની ખૂબ જ ભક્તિ કરી. અહીંથી માંકબાઈ પદ્દુ પાંચારીઆ કારિત નવપદજીના ઉજમણા પ્રસંગે રાયણ પધાર્યા. અનુક્રમે વિહાર કરતા તેઓ વૈ. વ. ૧૩ ના ડુમરા પધાર્યા.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સં. ૧૯૮૦ નું ચોમાસુ સુથરી કર્યું. બાદ ભૂજ થઈ, વાગડના ગામડાઓમાં વિહાર કરતા રણ ઉતર્યા અને વાલંભા ગામે ચૈત્રી ઓળી કરી. બાદ જોડીઆ વિગેરે ગામોમાં ધર્મો-પદેશ આપતા પૂજ્યશ્રી જામનગર પધાર્યા અને સં. ૧૯૮૧ નું ચોમાસું જામનગર કર્યું. ફરી સંઘને અતિ આગ્રહ થવાથી સં. ૧૯૮૨ નું ચાતુર્માસ પણ જામનગર રહ્યા. ખંડવા સંઘના આગ્રહથી પૂજ્યશ્રીએ પોતાના સુવિનીત શિષ્ય પૂ. મુનિશ્રી નીતિસાગરજીને ખંડવા ચાતુર્માસ મોકલ્યા. પૂ. મુનિશ્રી ગૌતમ-સાગરજીએ ચાતુર્માસ બાદ કચ્છમાં દીક્ષિત થયેલા મુનિ મતિ-સાગરજીને વડીદીક્ષા આપી. તથા મુનિ ક્ષાંતિસાગરજીને પણ દીક્ષિત કર્યા. દબાસંગ ગામથી સં. ૧૯૮૨ ના માગસર સુદ ૫ થી એક મહિનામાં દશ તિથિઓના ઉપવાસ કરવા શરૂ કર્યા. પણ પછીથી એકાંતરા ઉપવાસ શરૂ કર્યા. ચેલા ગામમાં ચૈત્રી ઓળી કરી. સં. ૧૯૮૨ વૈ. સુ. ૩ થી વીશ સ્થાનક તપની શરૂઆત કરી. સં. ૧૯૮૩ નું ચોમાસું પણ જામનગર રહ્યા. ચાતુર્માસ બાદ ખંડવાથી પોતાના શિષ્ય નીતિસાગરજીને પોતાની પાસે બોલાવ્યા અને ખંડવા સંઘની આગ્રહ ભરી વિનંતિથી મુનિશ્રી ધર્મસાગરજીને ખંડવા મોકલ્યા. તથા મુનિશ્રી ક્ષાંતિસાગરજીને ચાતુર્માસ માટે મુંબઈ મોકલ્યા. સં. ૧૯૮૪ નું ચાતુર્માસ પણ જામનગર કર્યું.

ચાતુર્માસ બાદ ધર્મસાગરજી પણ ખંડવાથી વિહાર કરી પોતાના દાદાગુરુ-અને ગુરુદેવશ્રીને હાલારના નવાગામમાં મળ્યા. નવાગામમાં જ પૂજ્યશ્રીએ પૂ. નીતિસાગરજી તથા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પૂ. ધર્મસાગરજીને સૂયગડાંગ સૂત્રના યોગ કરાવ્યા. યોગ પૂરા થયા બાદ મોટીખાવડી થઇ પડાણા પધાર્યા. અહીં પૂ. મુનિરાજ ગૌતમસાગરજીની પ્રેરણાથી જિનાલય બંધાયું પડાણાથી મોટીખાવડી, નવાગામ, લાખાબાવળ અને નાગોડી થઇ જામનગર પધાર્યા. અહીં મુનિશ્રી નીતિસાગરજી, મુનિશ્રી ધર્મસાગરજીને ઠાણાંગ, સમવાયાંગ, રાયપસેણી, જીવાભિગમ અને પન્નવણા અને મહાનીશીથ સૂત્રના મોટા યોગ કરાવ્યા. સં. ૧૯૮૫નું ચાતુર્માસ પણ જામનગરમાં જ કર્યું. બાદ પુનઃ કચ્છ પધાર્યા અને સં. ૧૯૮૬નું ચાતુર્માસ ભૂજમાં કર્યું. સં. ૧૯૮૭નું ચાતુર્માસ જામનગર કર્યું. સં. ૧૯૮૮–૮૯ અને ૯૦ના ચાતુર્માસ પણ જામનગર કર્યા સં. ૧૯૯૧માં મોટીખાવડી, સં. ૧૯૯૨, સં. ૧૯૯૩, સં. ૧૯૯૪ આ ચાતુર્માસ પણ જામનગર રહ્યા.

સં. ૧૯૯૩ના ચૈત્ર વદ ૮ ના કચ્છ દેઢીઆમાં મુમુક્ષુ ગાંગજી લાલજીએ દીક્ષા સ્વીકારી. તેમનું નામ ગુણસાગરજી રાખવામાં આવ્યું અને નીતિસાગરજીના શિષ્ય જાહેર કરવામાં આવ્યા. સં. ૧૯૯૫ જેઠ સુદ ૩ ના જામનગરમાં મુનિશ્રી ગુણસાગરજીની વડીદીક્ષા પૂ. મુનિશ્રી ગૌતમસાગરજીની નિશ્રામાં થઈ. પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી સં. ૧૯૯૫, સં. ૧૯૯૬માં પણ જામનગર ચાતુર્માસ રહ્યા. જામનગરના ઉપરોક્ત ચાતુર્માસો દરમ્યાન પૂ. મુનિશ્રી ગૌતમસાગરજીની પ્રેરણાથી અનેક ગ્રંથો લખાયા. જામનગરમાં મોટું જ્ઞાનભંડાર સ્થપાયું. તેમ જ ગચ્છોપયોગી અનેક ગ્રંથો પ્રકાશિત કરાવ્યા. આ ગ્રંથોના સંપાદનમાં મુનિશ્રી ધર્મસાગરજીએ સારી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દીલચસ્પી લીધેલ. મુનિશ્રી ધર્મસાગરજી, પોતાના દાદા ગુરુ-દેવ પૂ. મુનિરાજશ્રી ગૌતમસાગરજીની આજ્ઞાથી બાડમેર (રાજસ્થાન) ચાતુર્માસ પધારેલા. બાડમેરના ચાતુર્માસ પછી તેઓશ્રીએ જેશલમેર, બીકાનેરની યાત્રાઓ પણ કરેલી. પણ તેઓશ્રી એ જ અરસામાં રાજસ્થાનમાં કાળધર્મ પામ્યા હતા. અચલગચ્છના આ મુનિશ્રી જો વધારે સમય રહ્યા હોત તો અનેક સંશોધિત સાહિત્ય સવિશેષ પ્રકાશમાં આવત.

સં. ૧૯૯૬ના જામનગર ચાતુર્માસ બાદ પૂ દાદાશ્રી ગૌતમ-સાગરજી મ. સા. કચ્છ પધાર્યા અને સં. ૧૯૯૭નું ચાતુ-ર્માસ ભૂજ રહ્યા. ભુજમાં જ પોતાના સુવિનીત શિષ્યશ્રી નીતિસાગરજી તથા શ્રી નીતિસાગરજીનાં શિષ્યશ્રી ગુણસાગરજીના શિષ્યશ્રી ચંદ્રસાગરજી તથા મારવાડમાં શ્રી ધર્મસાગરજી આ ત્રણે મુનિવરોનો અલ્પ–અલ્પ સમયનાં આંતરે કાળધર્મ થવાથી પૂ. ગૌતમસાગરજી મ. સા. ને ઘણો જ આઘાત લાગ્યો. આ વખતે શ્રી નીતિસાગરજીનાં શિષ્યશ્રી ગુણસાગરજી (હાલ-આચાર્યશ્રી) એ પૂજ્યશ્રીને ખૂબ જ સાંત્વન આપ્યું અને તેઓશ્રીના મનને સાતા ઉપજાવી.

સં. ૧૯૯૭ પોષ વદ ૧૨ ના નલીયા જિનાલયના શતા-બ્દિ મહોત્સવ પ્રસંગે પૂજ્યશ્રી ઉપસ્થિત રહ્યા. સં. ૧૯૯૮નું ચોમાસુ ગોધરા ગામમાં કર્યું.

સં. ૧૯૯૮ મહા સુદ ૫નાં મેરાઉ ગામે પૂજ્યશ્રીએ પોતાના સેવાભાવી વિદ્વાન, પ્રખરવક્તા પ્રશિષ્ય મુનિશ્રી ગુણસાગરજીને ઉપાધ્યાય પદથી અલંકૃત કર્યા. ફા. સુ. ૩

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મંગળવારે તેઓશ્રીની નિશ્રામાં મુંદ્રાથી ભદ્રેશ્વર તીર્થનો છ'રી પાળતો સંઘ નીકળ્યો. સં. ૧૯૯૯નું ચોમાસું મોટા આસંબીઆ કર્યું. સં. ૨૦૦૦નું નલીયામાં ચાતુર્માસ થયું. સં. ૨૦૦૧ નલીયા, સં. ૨૦૦૨ દેવપુર આ રીતે ચાતુર્માસ થયા.

પૂજ્યશ્રી હવે અતિવૃદ્ધ થયા હતા. તેઓશ્રીનું દેહ અતિ અશક્ત બન્યું હતું. ઠેઠ લઘુવયથી દીક્ષિત થઇ ઉગ્ર વિહારો કરી તેમણે અભિતઃ શ્રી જિનશાસન અને ગચ્છનો જયજયકાર કરાવ્યો હતો. તેઓશ્રીનાં ભગીરથ પ્રયાસો અને સચોટ પ્રેરણાઓથી અનેક સાધુ-સાધ્વીજીઓની દીક્ષાઓ થઈ હતી. તેમણે પોતાના જીવનમાં શકય હોય ત્યારે એકાંતરા ઉપવાસ નહીં તો નિત્ય એકાસણા. આ તપ તો ચાલુ જ રાખ્યો હતો. એકાસણામાં પણ અભિગ્રહપૂર્વક અમુક જ દ્રવ્યો વાપરતા. આધાકર્મી આહારનો પ્રસંગ ન આવે તે માટે સતત કાળજી રાખતા. પોતાની પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાઓ જાગૃતિપૂર્વક કરતા. પોતાની કાયા વૃદ્ધ હોઇ શેષ જીવન વિશેષ આરાધનાપૂર્વક પસાર થાય તે માટે તેઓ પાલિતાણામાં સ્થિરવાસ કરવાની ભાવના રાખતા હતા, પણ સુથરીના સંઘની અતિ આગ્રહભરી વિનંતિથી તેઓ સં. ૨૦૦૩, સં. ૨૦૦૪, સં. ૨૦૦૫ આ ત્રણે વરસ સુથરીમાં ચાતુર્માસ રહ્યા હતા.

સં. ૨૦૦૩ માગસર વદ ૧ સોમવારે અચલગચ્છાધિપતિ પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સાહેબે પોતાનો આજ્ઞાવર્તિ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સાધુ-સાધ્વી સમુદાય અર્થાત્ સંઘાડાની સર્વ જવાબદારી પૂ. ઉપાધ્યાયજી શ્રી ગુણસાગરજી ગણિવર્યને સોંપી.

સં. ૧૯૪૮ના ફાગણ સુદ ૩ ના અચલગચ્છ નાયક શ્રીપૂજ શ્રી વિવેકસાગરસૂરિ કાળધર્મ પામ્યા તે પહેલા સં. ૧૯૪૮ મહા વદ ૧૧ નાં ગોધરાનાં જેસિંગભાઈએ યતિદીક્ષા લીધી હતી. તે જિનેન્દ્રસાગરજી સં. ૧૯૪૮ ના શ્રાવણ સુદ ૧૦ ના ગચ્છેશ બન્યા હતા. ત્યારથી જિનેન્દ્રસાગરજી 'અચલગચ્છાધિપતિ શ્રી જિનેન્દ્રસાગરસૂરીશ્વરજી' તરીકે પ્રસિદ્ધ હતા.

આપણે આગળ જોઇ ગયા કે પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી મ. સાહેબે સં. ૧૯૪૬ ફા. સુ ૧૧ ના પાલીનગરમાં ક્રિયોદ્ધાર કર્યો. વિવેકસાગરસૂરિનાં કાળધર્મ અને જિનેન્દ્રસાગરજીના પાટ મહોત્સવ વખતે પરમત્યાગી, સુવિહીત શિરોમણી પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી મ. સા. હજી ઘણાં સંઘો અને આગેવાનોમાં અપરિચીત જ હતા. તેઓ કચ્છ પધાર્યા. તેઓનાં ભગીરથ પ્રયાસોથી ગચ્છમાં નવચેતના પ્રગટી, સાધુ-સાધ્વી સમુદાયમાં દિનપ્રતિદિન વૃદ્ધિ થઇ રહી. ખુદ જિનેન્દ્ર-સાગરસૂરિ પણ તેઓનું માન જાળવતા. એકદા પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી મ. સાહેબે પ્રેરણા કરતાં શ્રીપૂજ શ્રી જિનેન્દ્ર-સાગરસૂરિએ પંચપ્રતિક્રમણ પુસ્તક, શતપદીભાષાંતર ગ્રંથ અને ભૂજના સ્તૂપમંદિરના જીર્ણોદ્ધાર આદિ માટે આર્થિક સહાયતા કરેલ. જિનેન્દ્રસાગરસુરિ શ્રીપૂજ હોઈ ત્યાગી સાધુ-સાધ્વી સમુદાય તેઓની આજ્ઞામાં કેમ રહે? પણ તે સાધુ સમુદાય

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સુવિહીત-શિરોમણી પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી મહારાજ સાહેબની આજ્ઞામાં રહેતો હતો. અને ચાતુર્માસાદિ પણ તેઓની આજ્ઞા પ્રમાણે થતા હતા. ઉપરોક્ત શ્રીપૂજ જિનેન્દ્રસાગરસૂરિ સં. ૨૦૦૪ ના કા. વ. ૧૦ ના ભુજપુર મુકામે કાળધર્મ પામ્યા હતા. જિનેન્દ્રસાગરસુરિની વિદાયથી શ્રીપૂજ અને યતિસંસ્થાનો યથોચિત અંત આવ્યો હતો. તેઓની વિદ્યમાનતામાં પણ પૂ. મુનિશ્રી ગૌતમમાગરજી મ. સાહેબે ગચ્છોન્નતિ માટે અનેક પ્રયત્નો કર્યા હતા. જિનેન્દ્રસાગરસૂરિના કાળધર્મ બાદ અને પહેલા પણ પૂ. મુનિશ્રી ગૌતમસાગરજીને સૂરિપદ અને ગચ્છેશ પદ માટે વિનંતિઓ થવા લાગી પણ પુજ્યશ્રી નિસ્પૃહતાપૂર્વક ના પાડતા હતા.

ચરિત્રનાયકશ્રીએ સંવત ૨૦૦૬-૨૦૦૭ ના ચાતુર્માસ ગોધરા કર્યા. સં. ૨૦૦૭ માં રાયણના જિનાલયના સુવર્ણ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહ્યા. અને આંખે ઝામરવાનું ઓપરેશન કરાવ્યું. સં. ૨૦૦૮ માં ગોધરા તથા બાડાના જિનાલયોનાં સુવર્ણ મહોત્સવોમાં નિશ્રા આપી. સં. ૨૦૦૮નું ચાતુર્માસ બીદડા કર્યું. આ ચાતુર્માસ દરમ્યાન અનેક સંઘો તેઓનાં દર્શનાર્થે આવ્યા. જિનાલયનાં સુવર્ણ મહોત્સવ પ્રસંગે સં. ૨૦૦૯ ના મહામાસમાં રામાણીઆ પધાર્યા અહીં કચ્છના સંઘોએ આગેવાનોએ પુનઃ પરમત્યાગી ગણનાયક પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મહારાજ સાહેબને સૂરિપદ અને ગચ્છેશ પદ માટે વિનંતિ કરી. આ વખતે ક્ષમાનંદજી પણ ઉપસ્થિત હતા. તેમણે પણ પૂ. શ્રી ગૌતમસાગરજીને ગચ્છેશ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પદ માટે વિનંતિ કરતાં કહ્યું કે જિનેન્દ્રસાગરસુરિ સં. ૨૦૦૪ માં કાળધર્મ પામ્યા છે, તેમજ ગચ્છમાં આપ જ વિશાળ સાધુ–સાધ્વી સમુદાયના નાયક છો. આપે સૂરિપદ અને ગચ્છેશપદ માટે હા પાડવી જ પડશે.

ત્યારે પૂજ્યશ્રીએ ક્ષમાનંદજીને કહ્યું કે તમે જ દીક્ષા સ્વીકારો અને પાત્રતા કેળવો તો તમે જ ગચ્છનાયક બની શકો. ત્યારે ક્ષમાનંદજીએ કહ્યું કે હું તો દીક્ષા લેવા અશક્ત છું પણ આપ જ ગચ્છનાયકપદ માટે યોગ્ય છો. તેમ જ સંઘના આગેવાનોએ પણ ફરી ફરી એ જ વિનંતિ કરી. અંતે પૂજ્યશ્રીએ મૌન સંમતિ આપતાં પૂજ્યશ્રીને મહા સુદ ૧૩ ના સુરિ અને ગચ્છનાયક તરીકે જાહેર કરાયા.

ઘણાં જ વરસો બાદ સુવિહિત ગચ્છનાયક સંઘને સાંપડતાં ખુબ જ આનંદ મંગલ રેલાઇ રહ્યો. ક્ષમાનંદજીએ નવગ્રહ–દશ દિક્પાલ પૂજન વખતે પણ 'અચલગચ્છાધિપતિ પૂ આચાર્યદેવશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી સામ્રાજ્યે' આ રીતે દશ વખત જાહેર કર્યા હતા. શમાણીઆ સંઘે ગચ્છનાયકપદ અને જિનાલય સુવર્ણમહોત્સવ ખૂબ જ ઉલ્લાસથી ઉજવ્યો.

અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંતશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા. નાં હસ્તે લગભગ સો એક દીક્ષાઓ થયેલી. તેઓશ્રીની પ્રેરણા અને અથાગ મહેનતથી ભૂજ, માંડવી અને જામનગરમાં મોટા જ્ઞાનભંડારોની સ્થાપના થઇ. તેઓની

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રેરણાથી પંચપ્રતિક્રમણ સૂત્રાણિસાર્થં, અણગારસ્ય પ્રતિક્રમણ સૂત્રાણિસાર્થં, ઉપદેશ ચિંતામણી સટીક–ભાષાંતરગ્રંથ, પ્રબોધ-ચિંતામણી ભાષાંતર સહિત, કલ્યાણસાગરસૂરિરાસ, વર્દ્ધમાન પદ્મસિંહ શ્રેષ્ઠિ ચરિત્ર, કલ્યાણસાગરસૂરિ પૂજાદિસંગ્રહ, મોટી પટ્ટાવલી ભાષાંતર, શ્રીપાલરાસ વિગેરે ગચ્છોપયોગી ગ્રંથો પ્રકાશિત થયા. અનેક પ્રતો લિપિબદ્ધ કરાઇ. અનેક જિન-મંદિરોની પ્રતિષ્ઠા–જીર્ણોદ્ધારાદિ કાર્યો તેઓશ્રીની નિશ્રામાં થયા. ઠેર ઠેર તેઓશ્રીની પ્રેરણાથી દાદાશ્રી કલ્યાણસાગરસૂરિની દેવકૂલિકાઓ, અને ગુરુમૂર્તિઓ પણ પ્રતિષ્ઠિત થઈ.

અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગૌતમસાગરસૂરીશ્વર-જીના સમયમાં થયેલા કેટલાક પ્રસંગોની નોંધ પ્રસ્તુત છે.

સં. ૨૦૦૫ મહા સુદ ૫ ના વિશા ઓશવાળ શ્રેષ્ઠિશ્રી રવજી સોજપાળે માટુંગામાં સહસ્રફણા પાર્શ્વનાથ જિનાલય બંધાવ્યું. સં. ૧૯૮૬ માં જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું ૧૩મું અધિવેશન રવજી સોજપાળના પ્રમુખ પદે મળ્યું જેમાં વિધવા વિવાહ અને બાલદીક્ષાના પ્રશ્ને પોતાને સુધારક માનતા વર્ગે ભંગાણ પાડવા અનેક પ્રયાસો કરેલા. તેઓના ભાઈ મેઘજી સોજપાળ પણ સમાજમાં અગ્રેસર હતા. ચાંદવાડ (નાસિક) માં તેમણે સં. ૧૯૯૦ માં શ્રી પાર્શ્વનાથ જિના-લય બંધાવ્યું. સં. ૨૦૦૪ માં કચ્છ માંડવી–ભૂજના રોડ પર નાગલપુર નજીક વૃદ્ધ અને અશક્ત જનો માટે જૈનઆશ્રમ માટે સારૂં એવું ભંડોળ એકત્રીત કરી આપ્યું. એ આશ્રમમાં જિનાલય પણ બંધાવ્યું. તેઓની સેવાને લક્ષમાં લઇ જૈન-આશ્રમ પર એમનું નામ જોડવામાં આવ્યું છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એ અરસામાં રાયધણજાર, પરજાઉ, પુનડી, વાંકુ, બાડા, નારાણપુર, ગઢશીશા, રાયણ, ગોધરા, લઠેડી, નાગલપુર, ભોજાય, કોટડા, શેરડી, લુણી, વરાડીઆ, તલવાણા, મોટીચંઢી, ચાંગડાય, હાલાપુર, નરેડી, દેઢીઆ, નાના આસંબીઆ, બીદડા, વાંઢ, ડોડા, છસરા, મોપારા, દેવપુર, ભીંસરા અને લાયજા વિગેરે સ્થળોમાં નૂતન શીખરબંધ જિનાલયો બંધાયા અને જીર્ણોદ્ધાર પણ થયા.

આપણે આગળ જોઈ ગયા કે પૂ. દાદાશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સાહેબ હાલારમાં પણ વિચર્યા અને તેઓશ્રીની પ્રેરણાથી હાલારમાં ખૂબ જ ધર્મજાગૃતિ આવી. અચલગચ્છના સુવિહિત મુનિવર તરીકે તેઓ જ સર્વ પ્રથમ મુંબઈ પધારેલા. તેઓ 'કચ્છ હાલાર દેશોદ્ધારક' નું બિરૂદ પણ પામ્યા હતા.

પૂજ્યશ્રીના સમય દરમ્યાનમાં કચ્છી વિસા ઓશવાળ જૈન દેરાવાસી મહાજને ભાતબજારમાં સં. ૧૯૯૦ વૈ. સુ. ૬ સોમવારે આદિનાથ જિનાલય, લાલવાડીમાં સં. ૧૯૮૨ માં સુવિધિનાથ જિનાલય, સં. ૧૯૯૬ માં જીરાવલ્લિ પાર્શ્વનાથ જિનાલય અને ઉપાશ્રય બાંધ્યાં. મુલુંડમાં સં. ૧૯૭૫ માં ઘર દેરાસર હતું પણ રાણબાઈ હીરજી, હરગોવિંદ રામજીઆદિ ના પ્રયાસોથી વાસુપૂજ્યસ્વામી શિખરબંધ જિનાલય અને વિશાળ ઉપાશ્રય બંધાયા. મુલુંડ જિનાલયના મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીનું બિંબ શેઠ શ્રી નરશી નાથા ટ્રસ્ટ દ્વારા મળેલ છે. સં. ૨૦૦૯ ફા. સુ. ૫ ના ઉક્ત જિનાલયની પ્રતિષ્ઠા થઈ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કોચિનમાં લક્ષ્મીબાઈ હાથીભાઈ ગોપાલજીલાલને સં. ૧૯૮૯ માં ચંદ્રપ્રભુ જિનાલય બંધાવ્યું. અલપઇ, કલીકટ, બડગરા વિગેરેમાં પણ અચલગચ્છીય શ્રાવકોએ જિનાલયોનું નિર્માણ કર્યું.

હુબલીમાં સં. ૧૯૯૦ માં અજિતનાથ પ્રભુની પ્રતિષ્ઠા થઇ. કુમઠાનાં પાર્શ્વનાથ જિનાલયની શાખારૂપે વાલગિરિ અને ડુગુરમાં જિનાલયો બંધાયા. ઉક્ત ત્રણે જિનાલયોનો વહીવટ ક. દ. ઓ. જૈન મહાજન હસ્તક છે. ગદગમાં સં. ૧૯૭૦ માં પાર્શ્વનાથ જિનાલય બંધાયું. બાગલકોટમાં સં. ૨૦૧૨ માં વિમલનાથ જિનાલય બંધાયું. કુરદુવાડી, ડીગ્રસ, ખીરકીઆ, ચાલીસગામ, ખંડવા, નાંદેડ, કારંજા, રાયપુરમાં પણ અચલગચ્છીય શ્રાવકોએ જિનાલયો બંધાવ્યા.

સમેતશિખરજી મહાતિર્થના જીર્ણોદ્ધાર પ્રસંગે સં. ૨૦૧૬ માં શ્રી અનંતનાથજી જૈન દેરાસર ટ્રસ્ટે સવા લાખ રૂા. ની ઉદાર રકમ આપી. શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિની અચલ-ગચ્છીય આ સંસ્થાએ ગચ્છોન્નતિનાં અનેક કાર્યો કરેલ છે.

પૂ. દાદા શ્રી ગૌતમસાગરસૂરિનાં ઉપદેશથી દીક્ષિત થયેલા સાધુ–સાધ્વીઓની વિસ્તૃત સૂચિ શ્રી આર્ય–કલ્યાણ–ગૌતમ સ્મૃતિગ્રંથથી જાણવી.

તેઓનાં પ્રથમ શિષ્ય મુનિશ્રી ઉત્તમસાગરજી હતા. તેમણે કચ્છ કેવલનાણી રચી. જેમાં કચ્છનાં જિનાલયોને વંદના કરાઇ છે. તેઓનું મૂળ નામ ઉભાયાભાઈ હતું. તેઓ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સુથરીનાં હતા. મુનિ ગુણસાગરજી ચીઆસરના ગેલા લખુના પૂત્ર હતા. મૂળ નામ ગોવરભાઇ. તેઓ સં. ૧૯૫૪ માં કાળધર્મ પામ્યા હતા. સિવાય પ્રમોદસાગરજી, દયાસાગરજી, નીતિસાગરજી, મોહનસાગરજી, ઉમેદસાગરજી, સુમતિસાગરજી, કપૂંરસાગરજી, ક્ષાંતિસાગરજી વિગેરે પણ શિષ્યો હતા.

પૂ. નીતિસાગરજી ગણિવર્ય મ. સા. ખૂબ જ વિનયી શાંત-મૂર્તિ અને આરાધક મહાત્મા હતા. અચલગચ્છાધિપતિ દાદાશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં તેઓ કુશળ-મંત્રીની જેમ કામ કરતા. તેઓ કોટડીના તેજપાલ લાલજીની પત્ની દેવાંબાઇની કુક્ષીથી સં. ૧૯૪૧ શ્રાવણ સુદ ૫ નાં જન્મ્યા હતા. સરખેજમાં દીક્ષા લીધી હતી. સં. ૧૯૯૭ કા. સુ. ૩ શનિવારે ભૂજમાં કાળધર્મ પામ્યા હતા.

પૂ. નીતિસાગરજી મ. સા. નાં પ્રશિષ્યોમાં પૂજ્ય મુનિશ્રી ધર્મસાગરજી મ. સા ની સાહિત્યક્ષેત્રે પ્રવૃતિ વિશાળ છે. ચરિત્રનાયક શ્રીએ કરેલ સાહિત્યોદ્ધારમાં તેઓની સહાયતા નોંધનીય રહેશે. તેમણે અચલગચ્છની મોટી પટ્ટાવલી, આદિ અનેક ગ્રંથો પ્રકાશિત કરાવ્યા. તેઓ બાડમેરના ચાતુર્માસ બાદ રાજસ્થાનમાં જ કાળધર્મ પામ્યા.

પૂ. દાદાશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા. ની પાટે અને પૂ. ગણીશ્રી નીતિસાગરજી મ. સા. નાં બન્ને શિષ્યો બે આચાર્ય દેવો થયા. **શ્રીદાનસાગરસૂરીશ્વરજી મ. સા.** તથા **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.** પૂ. દાનસાગર-સૂરીશ્વરજી મ. સા. નો પરિચય આ પ્રમાણે છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કચ્છ કોટડાના વિસા ઓશવાળ શા ગણુપાત પરબતની ભાર્યા કુંવરબાઇની કુક્ષીથી દેવજીભાઇનો જન્મ સં. ૧૯૪૪ માં થયો હતો.

દેવજીભાઈએ સં. ૧૯૬૬ માં પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સા. પાસે અમદાવાદ મુકામે દીક્ષા સ્વીકારી હતી. તેઓનું મુનિશ્રી દાનસાગરજી એવું નામાભિધાન રાખવામાં આવ્યું હતું. ચૈત્ર વદ ૫ નાં ઘાટકોપર મુકામે વડીદીક્ષા થઈ હતી. તેઓશ્રીનાં કુટુંબમાંથી પણ સાત વ્યક્તિઓએ દીક્ષા સ્વીકારી હતી. સં. ૨૦૧૨ માં તેઓને મુંબઇનાં સંઘે સુરિપદથી અલંકૃત કર્યા હતા. તે જ દિવસે તેઓનાં પટ્ટધર પૂ. મુનિશ્રી નેમસાગરજી મ. સા. ને પણ કચ્છ સુથરીમાં આચાર્યપદે આરુઢ કરવામાં આવ્યા હતા. પૂ આ. શ્રી નેમસાગરસૂરિનો જીવન પરિચય આ પ્રમાણે છે.

કચ્છ નારાણુપુરના વોહરા કચરા જાગાણીનાં પત્ની દેમી-બાઇની કુક્ષીથી માગસર વદ ૧૨ નાં નાગજીભાઇનો જન્મ થયો હતો. સં. ૧૯૮૦ ચૈત્રસુદ ૫ નાં પૂ. શ્રીદાનસાગરજી મ. સા. પાસે નાગજીભાઈએ જૂનાગઢમાં દીક્ષા સ્વીકારી હતી.

પૂ. શ્રી દાનસાગરજી મ. સાહેબે સં. ૧૯૬૭ થી ૬૯ સુધી પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સા. ની નિશ્રામાં મુંબઈ ચાતુર્માસ રહ્યા. સં. ૧૯૭૦ થી ૭૬ સુધીમાં પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ સા. સાથે ભૂજ, માંડવી, સુથરી, તેરા, સુથરી, ગોધરા અને પાલિતાણામાં ચાતુર્માસ રહ્યા. સં.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૧૯૭૬ થી ૭૯ સુધી આ પ્રમાણે એકલા ચાતુર્માસ રહ્યા. જામનગર, માંડવી, સાંયરા અને ગોધરા. સં. ૧૯૮૦ માં નેમસાગરજીને શિષ્ય કરી એકલ વિહારીપણું ટાળ્યું.

ત્યારબાદ સં. ૧૯૮૦ થી સં. ૨૦૧૦ સુધીમાં નીમ્નોક્ત સ્થળે ચાતુર્માસ કર્યાં. પાલિતાણા, પ્રાંતીજ, માંડલ, બે વરસ મુંબઇ, પાલિતાણા, લતિપુર, મોરબી, નલીઆ, સાંયરા, માંડવી, ભૂજ, લાયજા, માંડવી, ત્રણ વરસ જામનગર, લતિપુર, મોરબી, ભૂજ, માંડવી, ભૂજ, ખારૂઆ, લાયજા, ભૂજ, બીદડા, દેઢીઆ, નારણપુર, નરેડી, કોટડી, વરાડીઆ, ભૂજ આ રીતે પોતાના શિષ્ય મુનિ શ્રી નેમસાગરજી સાથે ચાતુર્માસ કર્યાં.

તેઓના અન્ય શિષ્યો ગુલાબસાગરજી, ઝવેરસાગરજી, વિવેકસાગરજી, નરેન્દ્રસાગરજી, કીર્તિસાગરજી વિગેરે પણ થયા.

વર્તમાનમાં તેઓશ્રીનાં શિષ્યો મુનિશ્રી લબ્ધિસાગરજી મુનિ શ્રી કૈલાસસાગરજી વિદ્યમાન છે.

તેઓનાં સમુદાયમાં સાધ્વી શ્રી હેતશ્રીજી મુખ્ય હતા. આ સાધ્વીજી મૂળ તેરાનાં હતા. પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સા. નાં હસ્તે આ સાધ્વીજી પાલિતાણામાં દીક્ષિત થયાં હતાં. હાલ પૂ. આ. શ્રી દાનસાગરસૂરીશ્વરજી મ. સા નાં સમુદાયમાં સાધ્વી શ્રી કેશરશ્રીજી સમેત ૧૫ સાધ્વીજીઓ વિદ્યમાન છે.

પૂ. આ. શ્રી દાનસાગરસૂરીશ્વરજી મ. સા. તપસ્વી પણ હતા. દર પર્યુષણપર્વમાં અઠ્ઠાઇ તપ કરતા અને તપમાં વ્યાખ્યાન વાંચતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પૂ. આ. શ્રી દાનસાગરસુરીશ્વરજી મ. સાહેબે છેલ્લા ૭ ચાતુર્માસ મુંબઈમાં કર્યા. સં. ૨૦૧૭ માં તેઓ માટુંગા ચાતુર્માસ હતા. શ્રી નેમસાગરસૂરિની તબીયત અસ્વસ્થ બનતાં તેમને બોમ્બે હૉસ્પીટલમાં દાખલ કરવામાં આવેલા. તેઓને મળવા શ્રી દાનસાગરસૂરિ માટુંગાથી સતત વિહાર કરી શ્રી દશા ઓશવાળ જૈન મહાજન વાડીમાં પધાર્યા, પણ શ્રા. સુ. ૬ નાં રાતે ૧૧ વાગે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

પૂજ્ય આચાર્ય શ્રી નેમસાગરસૂરિ સં. ૨૦૨૨ ચૈત્ર વદ અમાસને બુધવારે મુંબઈમાં કાળધર્મ પામ્યા હતા. પૂજ્ય આ. શ્રી નેમસાગરસૂરિની પ્રેરણાથી અંચલગચ્છ પ્રતિષ્ઠા લેખ સંગ્રહ, અંચલગચ્છ દિગ્દર્શન સમેત ગ્રંથો પ્રકાશિત થયા.

યુગપ્રભાવક, અચલગચ્છદિવાકર, અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્યભગવંતશ્રી **ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. :—**

કચ્છ દેઢીઆ ગામના વીશા ઓસવાળ શ્રી લાલજી દેવશીની પત્ની ધનાબાઈની કુક્ષીથી સં. ૧૯૬૯ મહા સુદ ૨ ને શુક્રવારે દેઢીઆમાં જ શુભ સ્વપ્નથી સૂચિત આપણા પૂજ્ય અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંતશ્રી ગુણસાગરસૂરિનો જન્મ થયો હતો. તેઓનું મૂળ નામ ગાંગજીભાઇ હતું.

પૂ દાદાશ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ. સાહેબે સંવત. ૧૧૬૯ માં અચલ ( વિધિપક્ષ ) ગચ્છનું પ્રવર્તન કર્યું હતું.

બરાબર ગચ્છ સ્થાપના પછી ૮૦૦ વરસે સં. ૧૯૬૯ માં અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. નો જન્મ એ કોઇ યોગાનુયોગ જ હતો.

ગાંગજીભાઈ બાળવયથી જ શરીરથી ખૂબ જ સશક્ત હતા. તેમણે કચ્છમાં જ ગુજરાતી ચાર ધોરણ જેટલો અભ્યાસ કર્યો હતો.

તેઓના પિતાશ્રી લાલજીભાઈએ મુંબઈ શીવરીમાં દુકાન કરી અને ગાંગજીભાઇને મુંબઇ તેડાવ્યા. તે વખતે તેઓ બાર વરસના હતા. પિતાજીએ તેમને દુકાનમાં જોડી દીધા. જેથી તેઓ વિશેષ વ્યાવહારિક અભ્યાસ કરી શક્યા નહીં.

ગાંગજીભાઇ તેર વરસની લઘુવયમાં જ શીતળાના ચેપી રોગથી અસ્વસ્થ થયા. આ માંદગી છ માસ ચાલી. આખા શરીરમાં માતા ( શીતળા ) નો રોગ ફેલાય ગયો. તે એટલે સુધી કે મુખ પર એ રોગ ફેલાય જવાને કારણે તેઓ કશું પણ ખાઈ પી શકતા નહીં આ સ્થિતિમાં દૂધ કે પ્રવાહીમાં કપાસ ભીંજવી મુખ ઉપર રાખવામાં આવતો. આ રીતે તેઓ પ્રવાહી ખોરાક લઇ શકતા. તીવ્ર વેદનાના કારણે તેઓ બેભાન પણ બની જતા.

આ જ સ્થિતિમાં એક વાર એવું બન્યું કે ગાંગજીભાઇને વધુ કલાક બેભાન રહેલા જાણી તેમના પિતાશ્રી વગેરે સમજ્યા કે એના પ્રાણ નીકળી ગયા છે. તેથી એમની સ્મશાનક્રિયા કરવા માટે તૈયારી કરી, ઠાંઠડી તૈયાર કરી. પણ પછી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જરા હલનચલન જોવાયું જેથી ગાંગજીભાઈને પાછા દુકાને લાવ્યા. આ છ માસની ભયંકર માંદગીમાં તેઓએ ખૂબ જ સમતા રાખી.

કોને ખબર કે એક વખત જેમને સ્મશાનમાં લઈ જવાના હતા, તે ગાંગજીભાઇ ભાવિમાં જિનશાસન અને અચલગચ્છના નાયક બનશે? કદાચ યમરાજાએ જ જાણે તેમને પાછા જીવન્ત કર્યો હશે શું? આવી ઘોર બીમારીના બિછાનેથી ઉઠનાર ભાવિમાં મહાપુરુષ થશે એવી કલ્પના પણ એ વખતે કોને હશે? પણ આ એક સત્ય ઘટના છે.

સ્વસ્થ થયા બાદ ગાંગજીભાઇ જીવનની ક્ષણભંગુરતાને પામી ગયા. પોતાના વડીલોના ધર્મસંસ્કારો અને તેઓની ધર્મપ્રવૃત્તિઓ જોઈ તેઓ ધર્મમાં જોડાઈ ગયા. સંત સમાગમને તેઓ મહત્વ આપતા ને ફાજલ સમયે જૈન ધર્મના અધ્યાત્મકલ્પદ્રુમ, શાંતસુધારસ વગેરે ગ્રંથોનું તેઓ લક્ષપૂર્વક વાંચન કરતા. પિતા લાલજીભાઈએ બીજી દુકાન ગોલપદેવ બાવનચાલમાં કરી તે વખતે ગાંગજીભાઇ એ દુકાનમાં પણ કામ કરતા.

એકદા પર્યુષણપર્વમાં માતા ધનબાઇની સૂચનાથી ગાંગજીભાઈએ અઠ્ઠમ તપ સાથે ત્રણ દિવસનો પૌષધ કર્યો. તે વખતે પાલાગલી કચ્છી વિશા ઓસવાળ દેરાવાસી જૈન (જૂની) મહાજનવાડીમાં લઠેડીના પાસુભાઇ લખમશી, કુંદરોડીના ખીમજી કઠલાવાલા, કોડાયના ટોકરશી હીરજી લાલન વ.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રાવકો ધર્મક્રિયામાં આગેવાન શ્રાવકો હતા. લઠેડીવાલા પાસુભાઇ લખમશી, પુણ્યપ્રકાશનું સ્તવન, સમકિત સડસઠ્ઠી વગેરે અર્થસહિત સમજાવતા. ગાંગજીભાઈના માનસ પર આ સ્વાધ્યાય પ્રવૃત્તિની જાદુઈ અસર થઈ માતા ધનબાઈએ ગાંગજીભાઈને કહી દીધું કે ઘર, દુકાન હું સાચવીશ તું પાલાગલી વાડીમાં જા અને પર્યુષણમાં આરાધના કર. ગાંગજી-ભાઇને આટલું જ જોઇતું હતું. તેઓ પુનઃ પાલાગલી ક. વી. ઓ. જૈન દે. મહાજનવાડીમાં આવી ભાદરવા સુદ ૩, ૪, ૫ ના અઠ્ઠમ તપ કરવા સાથે પૌષધવ્રતમાં જોડાઇ ગયા. પર્યુ-ષણની સ્મૃતિ પ્રસંગે, નાટક સિનેમા ન જોવાની, બીડી, પાન સોપારી, કંદમૂળ મધ, માંસ, માખણ અને દારૂ એ મહા-વિગઇઓ વગેરેના ત્યાગની પ્રતિજ્ઞાઓ લીધી.

પોતાના પુત્રના હૃદયમાં ધર્મલાગણી અને વ્રત-નિયમ પ્રેમ જોઇ માતા ધનબાઇ ખૂબ જ પ્રસન્ન થયા. માતાજી તેઓને કહે, બેટા! પ્રતિક્રમણ કરાવ! ત્યારે ગાંગજીભાઈ સાંજે વહેલા અને સવારે મોડા બેસી અજવાળામાં ચોપ-ડીમાંથી જોઇ પ્રતિક્રમણ પોતે કરતા અને કરાવતા. દિવસે દુકાન પર વ્યાપાર કરતા ત્યારે પણ ધાર્મિક પુસ્તક નીક-ટમાં જ રાખતા.

માતાજીના કહેવાથી ગાંગજીભાઇ આસો માસની નવ-પદજીના આયંબિલ-ક્રિયાસહિતની આરાધનામાં જોડાયા. ત્યારે નવાવાસના ડાહ્યાભાઈ, શેરડીના ખેરાજ હરશીં, સુથ-રીના વીરમ રાયશીંના પુત્રી મેઘબાઈ, તુંબડીના મોરારજી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પાસવીરની પુત્રી કુંવરબાઈ વિગેરે પણ આરાધકો સાથે હતા. આ ધાર્મિક સંસર્ગથી ગાંગજીભાઇમાં ધર્મની લાગણી વિશેષ થઇ.

આસો વદ ૧૪ ના દિવસે ગાંગજીભાઇ પોતાના માતાજીને પહેલાની જેમ રસોઈમાં સહાયક બન્યા હતા ત્યારે ઉપરથી મસાલાનો ડબ્બો લેવા જતાં માતાજીના હાથમાંથી તે પડી ગયો અને તેલની કડાઇ ઉપર પડ્યો. ધગધગતું તેલ ઉછળીને ગાંગજીભાઈના શરીર પર ઉછળ્યું. ગાંગજીભાઈ ઘણાં જ દાઝી ગયા. ખૂબ જ વેદના થવા લાગી. સૂર્યાસ્ત થઇ ગયોને જમવાનું રહી ગયું. આખી રાત તરફડીને પસાર કરી પણ રાતે ભોજન કે દવા ન જ લીધી. બીજા દિવસે પણ આસો વદ અમાસ (પાખી) હોઈ ગાંગજીભાઈએ ઉપવાસ કર્યો. તેઓ પોતાના નિયમમાં મક્કમ જ રહ્યા.

ત્યારબાદ કારતક–સુદ–૫ નાં મોટી જ્ઞાનપંચમીની ઉપવાસ–ક્રિયાસહિતની આરાધના પણ માતાજીની સૂચનાથી શરૂ કરી દીધી. ત્યારબાદ માતાજી સાથે ગાંગજીભાઇ કચ્છ આવ્યા. કચ્છમાં પણ પ્રતિક્રમણ-પૂજા વિ. નિયમોનું ચૂસ્તપણે પાલન કર્યું. પગે ચાલીને ભદ્રેશ્વરતીર્થની ગાંગજીભાઇએ યાત્રા કરી. આ યાત્રામાં માતા ધનબાઇ, એકભાઇ અને બીજા બે બહેનો અને પોતે પાંચ જણા હતા. છ દિવસે ભદ્રેશ્વર પહોંચ્યા. તીર્થમાં ખૂબ જ ભાવથી પ્રભુભક્તિ કરી. યાત્રા કરી પાછા પગે ચાલીને જ દેઢીઆ પહોંચ્યા. શત્રુંજય તીર્થની યાત્રા કરવાની ભાવના થતાં તેઓ માંડવી પહોંચ્યા. ત્યાં બે જયોતિષી-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઓએ ગાંગજીભાઈના પગ પરની રેખાઓ જોઇ પોતપોતામાં કહેવા લાગ્યા કે " આ વ્યક્તિ કોઈ મહાનપુરુષ થશે." વહાણુ રેલ્વે-દ્વારા પાલિતાણા પહોંચી શત્રુંજયતીર્થની પચીશ યાત્રાઓ કરી. કદંબગિરિ, તલાજા વિ. તથા છ ગાઉની પ્રદક્ષિણા વિગેરે પણ યાત્રાઓ કરી ગિરનાર આવ્યા. અહીં ત્રણ યાત્રાઓ કરી પાછા કચ્છ આવ્યા.

પુનઃ મુંબઇ આવ્યા બાદ ધંધે લાગ્યા. એકદા સવારના પ્રતિક્રમણ બાદ ગાંગજીભાઇ ભાવના ભાવતા હતા કે જ્યાં વીસ તીર્થંકર ભગવંતો મોક્ષમાં પધાર્યા છે તે સમ્મેતશિખર તીર્થાધિરાજની યાત્રા હું કયારે કરીશ ? ત્યાં તો ગાંગજી-ભાઈના કાકા સામજી કરમશીં આવ્યા અને કહ્યું કે, ત્રણેક બહેનોને સમ્મેતશિખરજીની યાત્રાએ જવું છે, સાથે એક ભાઈની જરૂર છે તો આપણા ગાંગજીભાઇને મોકલીએ તો ? આ સાંભળી પિતા લાલજીભાઇએ કહ્યું, ભલે મારી ના નથી. ત્યારે ગાંગજીભાઇએ કહ્યું કે હું હમણાં એ જ તીર્થની યાત્રા માટે ભાવના ભાવતો હતો. મને યાત્રા કરવી જ છે. અને તીર્થયાત્રાનું નક્કી થયું. યાત્રામાં ત્રણે બહેનો પોતાના સ્વ-ભાવ પ્રમાણે ગાળો વરસાવતી પણ ગાંગજીભાઇ સમતાપૂર્વક સહન કરતા. ગાંગજીભાઈની તે વખતે એ પણ પ્રતિજ્ઞા હતી કે, 'બળદગાડી, ઘોડાગાડી વિગેરે પંચેન્દ્રિયજીવોવાળા વાહનો ઉપર બેસવું નહીં.' એ નિયમ મુજબ ગાંગજીભાઇ એવા વાહનોમાં ન બેસતા રેલ્વેસ્ટેશનો પર ઉતરી ખૂબ જ દૂર એવા તીર્થો અને ધર્મશાળાઓમાં પગે ચાલીને જતા. યાત્રિક

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બહેનોને ઘોડાગાડી કરી આપી પોતે ઘોડાગાડી પછવાડે દોડતા. રાજગૃહી, પાવાપુરી, ગુણીયાજી, શિખરજી, ચંપાપુરી, અયોધ્યા, ચંદ્રપુરી, બનારસ વિ. યાત્રાઓ કરી. યાત્રાએથી પાછા આવ્યા બાદ ત્રણે બહેનો પૈકીની એક બહેને કહ્યું કે, "તીર્થયાત્રા તો ગાંગજીભાઇએ જ કરી છે, અમે તો વેઠ ઉતારી છે."

ત્યારબાદ ગાંગજીભાઇએ વરસીતપની આરાધના કરી, તે વખતે તેઓની ઉંમર ૧૮ વર્ષની જ હતી. આ તપના તપસ્વીઓની પણ પારણા વિગેરેથી ખુબ જ ભક્તિ કરી. ગાંગજીભાઇએ વરસીતપ દરમ્યાન પણ જ્ઞાનપંચમી, નવપદ-ઓળીમાં ઉપવાસને પારણે આયંબિલ તથા પર્યુષણમાં છેલ્લા કેટલાક વર્ષોથી અઠ્ઠાઈ કરતા હતા. તે વિગેરે તપ ચાલુ જ રાખ્યો. વરસીતપનું પારણું દેઢીઆમાં કર્યું. વરસીતપનાં પારણા બાદ ખુલ્લે પગે અબડાસાનાં જિનાલયોની યાત્રા કરી.

પુનઃ મુંબઇ આવી લાલવાડીમાં નવકારમંત્રના એકાસણા-તપમાં જોડાયા. આ વખતે કચ્છ લાયજાના શ્રેષ્ઠિશ્રી મેઘજી સોજપાળ આ ગાંગજીભાઈના પરિચયમાં આવ્યા અને એમની પ્રેરણાથી શ્રી મેઘજીભાઇ પણ એ નવકારમંત્રના તપમાં જોડાયા. તપ પૂર્ણ થયા બાદ મેઘજીભાઇ તથા ગાંગજીભાઇએ એકાસણા ચાલુ જ રાખ્યા. સાત મહિના બાદ શ્રી મેઘજી સોજ-પાળની તબિયત બગડતા તેમને એકાસણા છોડી દેવા પડ્યા પણ ગાંગજીભાઇએ તો ચાલુ જ રાખ્યા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એક વખત પાલાગલીમાં જાહેર વ્યાખ્યાનમાં એકાએક ગાંગજીભાઇ ઉભા થઇ ગયા અને પ્રતિજ્ઞા સ્વીકારી કે "જ્યાં સુધી હું દીક્ષા ન લઉં ત્યાં સુધી એકાસણા કરીશ." પોતાના પિતાજી પાસેથી દીક્ષાની રજા લીધેલ પણ મોહવશ પિતાજી જલ્દી રજા આપે તેમ ન હતા જેથી ગાંગજીભાઇએ ઉપરોક્ત નિયમ સ્વીકાર્યો. ત્યારબાદ ગાંગજીભાઇના પ્રયાસોથી ક વિ. ઓ. વાડીમાં સામાયિક મંડળની સ્થાપના થઇ. તેમાં બાળકો જેટલી ગાથા કરે તેટલા પૈસા આપતા. પોતે પણ ધાર્મિક અને સંસ્કૃત અભ્યાસ કરવા લાગ્યા. સામાયિક, પ્રતિક્રમણ-પૌષધ માટે અનેકોને પ્રેરણા કરતા અને સામાયિક-પૌષધાદિ કરનારાઓને ઉપદેશ આપી ધર્માનુરાગી બનાવતા. ક દ. ઓ. જૈન દેરાસરની પાછળ ઉપાશ્રયમાં સામાયિક કમિટી સ્થાપનારાઓને ત્યાં પણ જઇ ધર્મોપદેશ આપતા ત્યાં પંડિતશ્રી ભુરાલાલ કાલીદાસ પાસે પણ સંસ્કૃત બે બૂકના પાઠો લેવા અને આપવા જઈ આવતા. મુંબઈમાં ઘણાં સાધુમહારાજો આવતા, તેઓનાં વ્યાખ્યાન સાંભળતા અને તેઓ સાથે ચર્ચાઓ કરી પ્રશ્નોત્તર કરી પોતાના જ્ઞાનને વિશદ કરતા. ગાંગજીભાઈ મુમુક્ષુ હોઇ તેમના પિતાજી તેમને ધંધા માટે વધુ આગ્રહ ન કરતા. ત્યારબાદ ગાંગજીભાઇ કચ્છ આવ્યા. દેઢીઆથી સણોસરા પ્રતિષ્ઠા પ્રસંગે પગપાળા ગયા. ત્યાં પ્રતિષ્ઠા–ક્રિયામાં પૂરો ભાગ લીધો. ત્યારબાદ દેઢીઆ આવી ગામના ભાઈ–બહેનોને લઇને પગપાળા અબડાસા પંચતીર્થી તથા અબડાસાના ગામોનાં બધા જિનાલયોમાં પૂજા–દર્શન–ભક્તિ વિ. કર્યા. યાત્રામાં વ્યાખ્યાનરૂપે એક કલાક બોધ આપતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જામનગર પાસેના હાલાર વિભાગના મોડુપુર ગામે અચલ-ગચ્છાધિપતિ પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સા. તથા તેઓના શિષ્યરત્ન અનન્ય ગુરુભક્ત શાંતમૂર્તિ પૂ. શ્રી નીતિસાગરજી ગણિ મ. સા. બિરાજતા હતા. ગાંગજીભાઇ જામનગરના તીર્થરૂપ જિનાલયોની યાત્રા કરી મોડુપુર આવ્યા. ગુરુદેવોને વંદના કરી અને કહ્યું કે, "મને આપની પાસે દીક્ષા લેવાની ઇચ્છા છે, અને મારી દીક્ષા દેઢીઆ થશે તો મને દીક્ષાની રજા મળશે એવો મારો મા-બાપ વિગેરેનો આગ્રહ રહેશે. તથા આપ ઘણા વરસ થયા આ પ્રદેશમાં વિચરો છો હવે કચ્છની જનતા પણ આપને ઝંખી રહી છે, માટે કૃપા કરી આપ કચ્છ પધારો." ત્યારે પૂ. અચલગચ્છાધિપતિ શ્રી ગૌતમસાગરજી મ. સાહેબે કહ્યું કે, "કેટલાક સંયોગોને કારણે હાલ કચ્છ આવી શકાય તેમ નથી." ગાંગજીભાઈ સંયોગોને સમજી ગયા અને ગુરુમહારાજના વચનને માન્ય રાખી, શિષ્ય ન કરવાની પૂજ્ય ગુરુમહારાજની સકારણ પ્રતિજ્ઞા હોવાથી પૂ શાંતમૂર્તિ શ્રી નીતિસાગરજીગણિ મ. સા. ના શિષ્ય થવાનું કબૂલ રાખી અને કચ્છમાં વિચરતા પૂ. ગુરુમહારાજનાં પ્રશિષ્ય અને પૂ નીતિસાગરજીગણિ મ. સા. નાં શિષ્ય મુનિરાજશ્રી દાનસાગરજી મ. સા. પાસે દીક્ષાની ક્રિયા કરી લેવાનું પણ પૂ. ગુરુદેવની આજ્ઞાથી કબૂલ રાખ્યું.

ત્યારબાદ ગાંગજીભાઇ મુંબઇ આવ્યા, દીક્ષાની રજા માંગી પિતા લાલજીભાઇએ સં. ૧૯૯૩ માં દીક્ષા લેવાની સંમતિ આપી, સાથે કહ્યું કે, તારે દેઢીઆમાં જ દીક્ષા લેવી પડશે. આ વાત ગાંગજીભાઇએ પણ માન્ય રાખી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દીક્ષા ન મળે ત્યાં સુધી એકાસણાં કરવા એ પ્રતિજ્ઞા ચાલુ જ હતી, ત્યાં પુસ્તક વાંચવા માંડે ને આંખમાં અગ્નિ જેવી બળતરા થાય આથી કુટુંબીઓ અને ડૉકટર વિ. કહેવા લાગ્યા કે તમે એકાસણા છોડી દ્યો. પણ ગાંગજીભાઈએ મક્કમતાથી કહ્યું કે એકાસણા નહીં જ છોડું અને દેશી દવા સિવાય બીજી દવા નહીં જ લઉં. એક વૈદની દવા લેવાથી ચાલુ એકાસણામાં જ સારું થઈ ગયું.

સં. ૧૯૯૩ ચૈત્ર વદ-૮ નું દીક્ષામુહુર્ત પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સાહેબે જ્યોતિષી પાસેથી કઢાવી મોકલાવ્યો. પૂ. મુનિશ્રી દાનસાગરજી મ. સા. ઠાણા-૨ ને દેઢીઆ પધારવા વિનંતિ કરાઈ. દીક્ષા મહોત્સવ દેઢીઆ જૈન મહાજને ઉજવવાનો નિર્ણય કર્યો. રાયણ, મેરાઉ, લાયજા, ગોધરા, ઉનડોઠ, ભોજાય, રતડીયા, દેવપુર, ડુમરા, સાભરાઈ, વીઢ વિગેરે ઘણા ગામોનાં સંઘોએ પણ ગાંગજીભાઈનું બહુમાન કરવા સાથે પસ ભરાવ્યા. બધે સ્થાને ગાંગજીભાઈ સન્માનના ઉત્તરો તત્ત્વભરી વાણીમાં આપતા. આથી આ વ્યક્તિ ભાવિમાં મહાપુરુષ થશે એમ સૌ કોઈ કહેતા હતા. બાવન-બેતાલી અબડાસા અને દેસપરદેશ આમંત્રણ મોકલવામાં આવ્યા. આઠે દિવસ બન્ને ટાઈમ વિવિધ પ્રકારના નવકારશી જમણ રાખવામાં આવેલ. ચૈત્રવદ-૮ ના ભવ્ય દીક્ષા મહોત્સવ ઉજવવામાં આવ્યો. પૂ. મુનિશ્રી દાનસાગરજી મ. સાહેબે દીક્ષા આપી. પૂ નીતિસાગરજી ગણિ મ. સા. નાં શિષ્ય કર્યા. હવે ગાંગજીભાઈ સંસારી મટી મુનિ શ્રી ગુણસાગારજીનાં નામે પ્રસિદ્ધ થયા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દીક્ષા બાદ સાભરાઈ, વીઢ, ડુમરા, હાલાપુર, કોટડી, ભોજાય ઉનડોઠ, રતડીયા, લાયજા, ગોધરા, મેરાઉ વિગેરે ગામોમાં મુનિશ્રી દાનસાગરજી, મુનિશ્રી નેમસાગરજી સાથે વિચરતા મુનિશ્રી ગુણસાગરજી દુર્ગાપુર (નવાવાશ) ના જિનાલયની રજત શતાબ્દિ પ્રસંગે પધાર્યા. સંઘે મોટા સામૈયા સાથે ગામપ્રવેશ કરાવ્યો. આ પ્રસંગે બીજા ગચ્છના મોટા મુનિવરો હતા પણ વ્યાખ્યાન આપવાનું કામ નવદીક્ષિત મુનિશ્રી ગુણસાગરજીને સોંપાયું. મુનિશ્રી ગુણસાગરજી મ. સા. નાં વિશદ વ્યાખ્યાનોથી સંઘ ખૂબ જ પ્રભાવિત થયો. શેઠશ્રી ઘેલાભાઇ પુનશી, હીરજી ઘેલાભાઇ વિગેરે શેઠીયાઓ ઘણા જ ખુશી થયા. નૂતન મુનિના વ્યાખ્યાનશ્રવણથી ઘણાં ભાઈ-બહેનોએ નાણ સમક્ષ વિધિપૂર્વક બારવ્રતાદિ ઉચર્યાં. કચ્છમાં જિનાલયનો શતાબ્દિ મહોત્સવ આ પહેલો હતો. ત્યાર પછી શતાબ્દિ, અર્દ્ધશતાબ્દિ મહોત્સવો ઉજવવાની પ્રવૃત્તિ ચાલુ થઈ.

પ્રથમ ચાતુર્માસ કચ્છ-માંડવીમાં ત્યાંના જૈનસંઘની વિનંતિથી થયું. ચાતુર્માસ બાદ મુનિશ્રી નેમસાગરજી, મુનિશ્રી ગુણસાગરજી વિચરતા વિચરતા જામનગર આવ્યા. અહીં પૂ. દાદાસાહેબ શ્રી ગૌતમસાગરજી મ. સા. તથા પૂ. મુનિશ્રી નીતિસાગરજી મ. સા. ને મળ્યા. તેઓને વંદના કરી. તેઓની સાથે રહ્યા. મુનિશ્રી ગુણસાગરજીએ વડીદીક્ષાનાં યોગ કર્યાં, અને જેઠ માસમાં વડી દીક્ષા થઈ. સં. ૧૯૯૪ નું

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ચાતુર્માસ જામનગર રહ્યા. આ ચાતુર્માસમાં પંડિત શ્રી પૂંજાભાઇ નારૂભાઇ પાસે રઘુવંશાદિ મુનિશ્રી ગુણસાગરજી શ્રીસિદ્ધહેમશબ્દાનુશાસન લઘુવૃતિ અને રઘુવંશાદિ કાવ્યોનો અભ્યાસ ઝડપથી કરવા માંડ્યા.

ચાતુર્માસ પૂર્ણ થયા બાદ કચ્છ ભૂજથી સંઘની બે કુમારિકાઓને દીક્ષા આપવા સાધુમહારાજ મોકલવા વિનંતિ આવી. પૂ. દાદાસાહેબ શ્રી ગૌતમસાગરજી મ. સા. ની આજ્ઞા થતાં મુનિશ્રી ગુણસાગરજી ઉગ્ર વિહારો કરી ભૂજ પહોંચ્યા. અભ્યાસ અધવચ મૂકીને પણ ગુરુ આજ્ઞા માથે ચડાવી. આ વિહારોમાં સિદ્ધહેમશબ્દાનુશાસનં અષ્ટધ્યાયીનાં મૂળ સૂત્રો કંઠસ્થ કરી નાખ્યા. જ્ઞાનની કેવી અદ્ભૂત લગની ! ભૂજમાં દીક્ષા મહોત્સવ પ્રસંગે મુનિશ્રી ગુણસાગરજીએ જાહેર પ્રવચનો આપ્યા. એમના આ પ્રવચનોથી લોકો ખૂબ જ પ્રભાવિત થયા. આ દીક્ષાપ્રસંગ બાદ પૂજ્યશ્રી પુનઃ ઉગ્રવિહારો કરી શંખેશ્વર, માંડલ થઇ જામનગર પધાર્યા અને પૂ દાદાસાહેબ શ્રી ગૌતમસાગરજી મ. સા. પૂ. મુનિશ્રી નીતિસાગરજી મ. સા. ની સેવામાં ઉપસ્થિત થઇ ગયા.

સં. ૧૯૯૬ માં પૂ. દાદાસાહેબ ગૌતમસાગરજી મ. સા. પોતાના શિષ્ય સમુદાય સાથે કચ્છમાં પધાર્યા અને ભૂજમાં જ ચાતુર્માસ રહ્યા. આ ચાતુર્માસમાં પણ પૂ. મુનિશ્રી ગુણસાગરજી મ. સાહેબ જ પ્રવચનો આપતા. ચાતુર્માસમાં એટલે સં. ૧૯૯૭ કા. સુદ ૩ ના દિવસે ભુજમાં જ પૂ. ગણિવર્યશ્રી નીતિસાગર મ. સા. દાદર પરથી પડી જતા કાળધર્મ પામ્યા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આઠ દિવસો બાદ જ કા. સુદ ૧૦ ના મુનિશ્રી ગુણસાગરજી મ. સા. ના આશાસ્પદ શિષ્ય મુનિશ્રી ચંદ્રસાગરજી મ. સા. પણ એકાએક કાળધર્મ પામ્યા. એ જ સમયમાં મારવાડમાં વિચરતા પૂ. મુનિશ્રી નીતિસાગરજી મ. સા. ના શિષ્ય મુનિશ્રી ધર્મસાગરજી મ. સા. પણ કાળધર્મ પામ્યા હતા. ટૂંક સમયમાં જ ત્રણ ત્રણ આશાસ્પદ શિષ્યોના કાળધર્મથી પૂ. વયોવૃદ્ધ દાદાસાહેબશ્રી ગૌતમસાગરજી મ. સા. ને ખૂબ જ આઘાત લાગ્યો પણ મુનિશ્રી ગુણસાગરજીએ ખૂબ જ સાંત્વન આપ્યું. પૂ દાદાશ્રીની દરેક જાતની સેવા કરવાની જવાબદારી મુનિશ્રી ગુણસાગરજીએ ઉપાડી લીધી અને પૂજ્યશ્રીને ખૂબ જ સાતા પહોંચાડી.

સં. ૧૯૯૭ નું ચાતુર્માસ ગોધરા થયું. પૂ. દાદાગુરૂદેવની નિશ્રામાં મુનિશ્રી ગુણસાગરજીએ જૈનાગમોનું પઠન કર્યું. અને પોતાનું જ્ઞાન વિશદ બનાવ્યું. ચાતુર્માસમાં મુનિશ્રી ગુણસાગરજીએ દ્વાદશ પર્વકથાઓ પૈકીની છ કથાઓ સંસ્કૃતમાં રચી મુનિશ્રી ગુણસાગરજીને સર્વ રીતે યોગ્ય જાણી સં. ૧૯૯૮, મહા સુદ–૫ ના કચ્છ મેરાઉમાં ગચ્છાધિપતિ પૂ. દાદા-સાહેબશ્રી ગૌતમસાગરજી મ. સાહેબે ઉપાધ્યાયપદથી અલંકૃત કર્યા. હવે તેઓ ઉપાધ્યાયશ્રી ગુણસાગરજી ગણિવર્ય તરીકે પ્રસિદ્ધ થયા. ત્યારબાદ ઉપાધ્યાયશ્રી ગુણસાગર ગણિવર્ય મ. સાહેબે શ્રીપાલચરિત્ર સંસ્કૃતમાં, સ્તવનચોવિસી ગુર્જર-ભાષામાં તથા સ્તુતિચોવિસી સંસ્કૃતમાં, વિગેરે કૃતિઓ રચી. તેઓ દ્વારા રચિત સ્તવનો તો આ ગચ્છના લગભગ અનુ-યાયીઓને બહુધા કંઠસ્થ હોય છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સં. ૧૯૯૮ મોટાઆસંબિઆ, સં. ૧૯૯૯ નલીયા, સં. ૨૦૦૦ નલીયા, સં. ૨૦૦૧ દેવપુર, સં. ૨૦૦૩ થી ૨૦૦૫ સુથરી, સં. ૨૦૦૬-૭ ગોધરા, સં. ૨૦૦૮ બીદડા આ રીતે પૂ. દાદાસાહેબશ્રી ગૌતમસાગરજી મ. સા., ઉપાધ્યાયશ્રી ગુણ-સાગરજી સમેત મુનિવરોએ ચાતુર્માસ કર્યાં. સં. ૨૦૦૯ મહા સુદ-૧૩ ના રામાણીયામાં ધ્વજદંડપ્રતિષ્ઠા પ્રસંગે રામા-ણીયા સમેતસંઘોએ તથા ક્ષમાનંદજી સમેત આગેવાનોએ પૂ. દાદાસાહેબશ્રી ગૌતમસાગરજી મ. સા. ને સૂરિપદ અને ગચ્છનાયક પદથી અલંકૃત કર્યાં.

ત્યારબાદ અચલગચ્છાધિપતિ પૂ. દાદાશ્રી ગૌતમસાગર-સુરીશ્વરજી મ. સા. ભુજ પધાર્યાં. વૈશાખ માસમાં તેઓશ્રીની તબિયત કથળી. તેઓ સં. ૨૦૦૯ વૈશાખ-સુદ-૧૩ નાં ભુજમાં જ કાળધર્મ પામ્યા. ભૂજના સંઘે શાનદાર અંત્યેષ્ઠિ ક્રિયા કરી. વીસમી સદીના મહાન ક્રિયોદ્ધારક, કચ્છ-હાલાર દેશોદ્ધારક પ. પૂ. અચલગચ્છાધિપતિ શ્રી ગૌતમસાગરસૂરી-શ્વરજી મ. સાહેબને ભારતભરનાં અચલગચ્છ જૈન સંઘોએ હાર્દિક શ્રદ્ધાંજલી સમર્પિત કરી. ઠેર ઠેર દાદાસાહેબનાં સંયમ-જીવનની અનુમોદના નિમિત્તે ભવ્ય મહોત્સવો ઉજવાયા.

પૂ. દાદાશ્રી ગૌતમસાગરસુરીશ્વરજી મ. સાહેબે ગચ્છ અને પોતાના આજ્ઞાવર્તિ સાધુ-સાધ્વીજી સમુદાયની જવા-બદારી સં. ૨૦૦૩ માં જ પોતાના પટ્ટધર પ્રશિષ્ય પૂ. ઉપા-ધ્યાયશ્રી ગુણસાગરજી ગણિવર્યને સોંપી હતી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પૂ. દાદાગુરુદેવશ્રી નાં કાળધર્મ બાદ પૂ. ઉપાધ્યાય શ્રી ગુણસાગરજી ગણિવર્ય મ. સાહેબે આ પ્રમાણે ચાતુર્માસ કર્યા:– સં. ૨૦૦૯ ભૂજ, સં. ૨૦૧૦–દેવપુર, સં. ૨૦૧૧ લાલબાગ (મુંબઇ)

સં. ૨૦૧૨ માં મુંબઈના સંઘે શ્રી અચલગચ્છ ઉત્કર્ષ-સાધક–સંઘ સમિતિનાં ઉપક્રમે પૂ. પં. શ્રીદાનસાગરજી તથા પૂ. ઉપા૦ શ્રી ગુણસાગરજી ગણિવર્યને સૂરિપદથી અલંકૃત કર્યા.

પૂજ્ય ઉપાધ્યાયજી શ્રીગુણસાગરજી ગણિવર્ય મ. સા. હવે પૂ. આ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. તરીકે પ્રસિદ્ધ થયા.

સૂરિ બન્યા બાદ પૂજ્યશ્રીનું સં. ૨૦૧૨ નું ચાતુર્માસ મુલુંડમાં થયું. સં. ૨૦૧૩ માં લાલબાગ (મુંબઈ), સં. ૨૦૧૪ માં ભાતબઝાર (પાલાગલી) માં ચાતુર્માસ થયું. આ ચાતુર્માસો દરમિયાન પૂજ્યશ્રીએ પ્રવચનોમાં જૈન તત્ત્વ-જ્ઞાન વિદ્યાપીઠની ખૂબ જ અગત્યતા સમજાવી. ૨૦૧૪ માગ-સર સુદ ૧૦ નાં કોટડાનાં ગોવિંદજી ગણશીને દીક્ષા આપી મુનિશ્રી ગુણોદયસાગરજી નામ રાખી પોતાના શિષ્ય કર્યા.

સં. ૨૦૧૫ માં કચ્છ પધાર્યા. એ સાલનું ચાતુર્માસ વીઢ ગામમાં થયું. સં. ૨૦૧૬–કોડાય, સં. ૨૦૧૭–મેરાઉ આ રીતે ચાતુર્માસ થયા. પૂજ્યશ્રીની સતત પ્રેરણા અને અથાગ મહેનતથી સં. ૨૦૧૭ માં કચ્છ મેરાઉ મુકામે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ' ની મોટા સમારોહપૂર્વક સ્થાપના કરવામાં આવી. આ વિદ્યાપીઠ દ્વારા સમાજના અનેક જૈન વિદ્યાર્થીઓએ જૈનધર્મનું જ્ઞાન મેળવ્યું. અનેક ધર્મનિષ્ઠ યુવાનો તૈયાર થયા.

સં. ૨૦૧૮, સં. ૨૦૧૯ તથા સં. ૨૦૨૦ ના ચાતુર્માસ પણ મેરાઉમાં જ થયા. તેમાં બે ચાતુર્માસ વિદ્યાપીઠમાં કર્યા. સં. ૨૦૨૧–ગોધરા, સં. ૨૦૨૨–લાયજા સં. ૨૦૨૩– નાગલપુરમાં ચાતુર્માસ થયા. સં. ૨૦૨૪ માં પૂજ્યશ્રીની અધ્યક્ષતામાં શ્રી અખિલ ભારત અચલગચ્છ [ વિધિપક્ષ ] શ્વે. ચતુર્વિધ જૈનસંઘનું પ્રથમ અધિવેશન કચ્છ ભદ્રેશ્વરતીર્થ મુકામે ભરાયું. અને તેમાં શ્રી અખિલ ભારત અચલગચ્છ [ વિધિપક્ષ ] શ્વે. જૈન સંઘની સ્થાપના થઈ

ત્યારબાદ સં. ૨૦૨૪–શેરડી, સં. ૨૦૨૫–ભુજપુર ચાતુર્માસ બાદ એ જ નગરમાં સં. ૨૦૨૬ કારતક વદ ૧૩ ના દિવસે (૧) કિશોર રતનશી (નવાવાશ–દુર્ગાપુર) (૨) કિશોર કાકુભાઇ ઉર્ફે દેવજીભાઇ (૩) વીરચંદ કાકુભાઈ (બન્ને ભાઈઓ પ્રથમ ચુનડીના પછી મોટીખાખરના) આ ત્રણે મુમુક્ષુઓને અનુક્રમે મુનિશ્રી કલાપ્રભસાગરજી, મુનિશ્રી કવીન્દ્રસાગરજી, મુનિશ્રી વીરભદ્રસાગરજી નામ આપી દીક્ષિત કર્યા.

સં. ૨૦૨૬ બીદડા, સં. ૨૦૨૭ મોટા આસંબીઆ સં. ૨૦૨૮ ગઢશીશા સં. ૨૦૨૯ દેઢીઆ એ રીતે ચાતુર્માસ થયા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દેઢીઆ ચાતુર્માસ ખૂબ જ ભવ્ય અને ઐતિહાસિક થયું. પૂજ્યશ્રીની પ્રેરણાથી શ્રેષ્ઠિ શ્રી રાયશીં ભાણજીએ દેઢીઆથી ભદ્રેશ્વર મહાતીર્થનો છ'રી પાળતો સંઘ કાઢ્યો. નિર્વિઘ્નતાએ સંઘ ભદ્રેશ્વર પહોંચ્યો. અહીં પૂ. આચાર્યદેવશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ને 'અચલગચ્છાધિપતિ' પદ અને 'તીર્થપ્રભાવક' બિરુદથી અલંકૃત કરવામાં આવ્યા. અનેક વરસો બાદ સંઘોને પદ મહોત્સવ ઉજવવાનો અનેરો લ્હાવો મળેલ હોઈ ખૂબ જ આનંદ પ્રગટ્યો.

સં. ૨૦૩૦ માં અચલગચ્છાધિપતિ પૂ. આચાર્ય ભગવંતશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ની સતત પ્રેરણા અને પ્રયાસોથી મેરાઉમાં વિદ્યાપીઠના જ મકાનમાં 'શ્રી કલ્યાણ ગૌતમ નીતિ જૈન તત્ત્વજ્ઞાન શ્રાવિકા વિદ્યાપીઠ'ની સ્થાપનાં કરવામાં આવી અને શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન-વિદ્યાપીઠને નાગલપુર મુકામે ખસેડવામાં આવી.

સં. ૨૦૩૧ માં બીદડા ચાતુર્માસ થયું. સં ૨૦૩૨ માં ભુજમાં ધ્વજદંડ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પોતાના શિષ્ય મુનિશ્રી ગુણોદયસાગરજીને 'ઉપાધ્યાય' પદે આરુઢ કર્યા. સં. ૨૦૩૨ માં પૂજ્યશ્રી શિષ્યો સાથે કચ્છમાંથી વિહાર કરી રણ ઉતરી રાધનપુર, ભીલડીયા તીર્થ, ડીસા, આબુ, જીરાવલ્લા થઇ ભીનમાલ પધાર્યો. અનેક શતાબ્દિઓ બાદ રાજસ્થાનની ધરતીપર ગચ્છાધિપતિશ્રી પધારતા હોઇ સંઘે શાનદાર અને ઐતિહાસિક સામૈયું કર્યું. સંઘમાં ખૂબ જ જાગૃત્તિ આવી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભીનમાલ એક અઠવાડિયું સ્થિરતા કરી પૂજ્યશ્રી રાજસ્થાનના અચલગચ્છીય જૈનસંઘો અને ગામોમાં વિચરતા ભાંડવાજી તીર્થ, નાકોડાજી તીર્થ વિ. થઈ બાડમેર પધાર્યા. બાડમેર સંઘે પણ ઐતિહાસિક સામૈયું કર્યું તથા પૂ. ઉપાધ્યાયજી શ્રી ગુણોદયસાગરજી ગણિના વરસીતપનો તથા 'રાજસ્થાનરત્ન' પૂ. આ. શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા. ની જન્મશતાબ્દિની સ્મૃતિનો ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવ્યો. પૂજ્યશ્રી ત્યાંથી સપરિવાર વિહાર કરી જાલોર, સુવર્ણગિરિ તીર્થ, સાદડી, રાણકપુર, મૂછાળામહાવીર, નાડોલ, નાંડલાઈ, વરકાણા વિ. તીર્થોની યાત્રા કરી. ત્યાંથી પૂ. ગૌતમસાગરસૂરિની જન્મભુમિ શ્રી પાલીના શ્રી નવલખા પાર્શ્વનાથ તીર્થની યાત્રા કરી. સંઘની આગ્રહભરી વિનંતિથી પૂજ્યશ્રી ઉગ્રવિહારો કરતા ફરી બાડમેર ચાતુર્માસ પધાર્યા. એ ઐતિહાસિક ચાતુર્માસમાં બાડમેરમાં અચલગચ્છીય મુખ્ય જિનાલયની ચારે બાજુમાં છ જિનાલયો, દાદાવાડી વિ. ની અંજનશલાકા સહ પ્રતિષ્ઠા થઈ. બાડમેર ચાતુર્માસ બાદ પૂજ્યશ્રી કચ્છ પધાર્યા.

સં. ૨૦૩૩ મહાસુદ–૫ નાં પૂજ્યશ્રી અચલગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં કચ્છ–ગોધરાથી શત્રુંજય મહાતીર્થનો, ૪૫ દિવસનો. ૧૦૦૦ યાત્રિકોનો છ'રી પાળતો ઐતિહાસિક સંઘ નીકળ્યો. જેના સંઘપતિ હતા :– શ્રેષ્ઠિ શ્રી ખીમજી વેલજી. શ્રેષ્ઠિ શ્રી લખમશી ઘેલાભાઇ તથા શ્રેષ્ઠિ શ્રી સામજી જખુભાઈ. આ યાદગાર ઐતિહાસિક સંઘ આ યુગનું ધાર્મિક જાગૃતિનું જ્વલંત ઉદાહરણ રહેશે. સંઘ બાદ પૂજ્યશ્રી પુનઃ કચ્છ પધાર્યા. અહીં મકડામાં વરસીતપ પારણા પ્રસંગે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પૂજ્યશ્રીએ પૂ. ઉપા૦ શ્રી ગુણોદયસાગરજીને સુરિપદે આરુઢ કર્યા. પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં ભુજપુર મુકામે યાદગાર અંજનશલાકા–પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. સં. ૨૦૩૩ નું ચાતુર્માસ કોઠારા થયું. ત્યારબાદ પૂજ્યશ્રી પાલિતાણા પધાર્યા. અહીં જિનબિંબોની પ્રતિષ્ઠા અને કદંબગિરિ સંઘ વિ. પ્રવૃતિ થઈ. પાલિતાણાથી અમદાવાદ, વડોદરા સુરત વિગેરે થઈ. પૂજ્ય ગચ્છાધિપતિશ્રી મુંબઈ પધાર્યા. અગાસી તીર્થ મુકામે પૂ. ગચ્છાધિપતિશ્રીનું ઐતિહાસિક સામૈયું થયું. અને પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં જ મુનિશ્રી કલાપ્રભસાગરજીની પ્રેરણાથી અગાસીતીર્થથી જીરાવલ્લા પાર્શ્વનાથ તીર્થ (ઘાટકોપર) નો છ'રી પાળતો સંઘ નીકળ્યો. ઉક્ત મુનિશ્રીની પ્રેરણાથી ઘાટકોપરમાં ૧૦૮ છોડનું ઐતિહાસિક ભવ્ય ઉજમણું તથા વરસીતપના ૮૧ તપસ્વીઓના સામુહિક પારણા થયા. સં. ૨૦૩૪ નું ચાતુર્માસ ઘાટકોપર અને સં. ૨૦૩૫ નું ચાતુર્માસ ચીચબંદર શ્રી ક. વિ. ઓ. દેરાવાસી જૈન નવી મહાજન વાડીમાં થયું.

પૂજ્યશ્રીની તપારાધના –

પૂ. ગચ્છાધિપતિશ્રી છેલ્લા ૪૫ વરસોથી એકાસણા કરે છે. તથા ૩ વખત ચોમાસીતપ (ચોમાસાના ચાર માસ એકાંતરા ઉપવાસ) પણ કરેલ. એવી જ રીતે પૂજ્યશ્રી હજી પણ આ જૈફ વયે દરરોજ સવારે શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોની ભક્તિરૂપે ૧૦૮ ખમાસમણા આપે છે.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પૂ. વિદ્યમાન અચલગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી તથા તેઓશ્રીની નિશ્રામાં થયેલ જિનાલયનિર્માણ, જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠાદિ મહોત્સવોની આછી ઝલક.

સંવત–

૧૯૯૭. નલીયા જિનાલય શતાબ્દિ મહોત્સવ, નાનાઆસંબિઆમાં મહાન ઉજમણા મહોત્સવ.

૨૦૦૬. કુંદરોડીમાં નૂતન જિનાલય તથા પ્રતિષ્ઠા.

૨૦૦૭. રાયણ, ગોધરા અને બાડાગામમાં જિનાલયોનાં જીર્ણોદ્ધાર સાથે અર્ધશતાબ્દિ મહોત્સવો.

૨૦૦૯. રામાણીયામાં જિનાલય જીર્ણોદ્ધાર સહ સુવર્ણ-મહોત્સવ. [ ઉપરોક્ત મહોત્સવોમાં પૂ. ગચ્છાધિપતિ દાદાસાહેબશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા. પણ મુખ્ય નિશ્રાદાતા તરીકે હતા જ. ]

૨૦૧૦. મોટા આસંબિઆમાં જિનાલય જીર્ણોદ્ધાર, પ્રતિષ્ઠા અને અર્ધશતાબ્દિ મહોત્સવ.

૨૦૧૨. પૂજ્યશ્રીને સૂરિપદ પ્રદાન મુંબઈમાં અનેરી શાશન પ્રભાવના.

૨૦૧૫. મોટા રતડીયામાં જિનાલયનો જીર્ણોદ્ધાર, અર્ધ-શતાબ્દિ સહ પ્રતિષ્ઠા મહોત્સવ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

२०१६. ભુજના દાદાવાડી જિનાલયમાં અંજનશલાકામાં સહાયતા તરીકે, બીદડા ચૌમુખજી જિનાલય વિ. મૂર્તિપ્રતિષ્ઠા, સાંધાણમાં શતાબ્દિ મહોત્સવ અને દેવકુલિકાઓમાં જિનબિંબોની પ્રતિષ્ઠા, લાયજામાં મહાન ઉજમણા મહોત્સવ.

२०१७. ગઢશીશામાં અર્ધશતાબ્દિ તથા ધ્વજદંડ પ્રતિષ્ઠા, ડોણમાં જિનાલય અર્ધશતાબ્દિ તથા પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ, મેરાઉમાં શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠની સ્થાપના તથા જૈનાશ્રમમાં તીર્થભવનમાં અને દેવકુલિકાઓમાં જિનબિંબોની પ્રતિષ્ઠા.

२०१८. દેઢીઆમાં જિનાલય જીર્ણોદ્ધાર સહ અર્ધશતાબ્દિ, પુનઃપ્રતિષ્ઠા અને દીક્ષા રજતમહોત્સવ, માંડવીમાં કાંઠાના જિનાલયનો શતાબ્દિ મહોત્સવ.

२०१९. ઉનડોઠ તથા ફરાદીમાં પુનઃ પ્રતિષ્ઠાઓ.

२०२०. ચીઆસરમાં નૂતન જિનાલય તથા પ્રતિષ્ઠા, નાગ્રેચામાં નૂતન જિનાલય પ્રતિષ્ઠા.

२०२१. સુથરીમાં નૂતન ઉપાશ્રયનું ઉદ્ઘાટન, કોઠારામાં જિનાલય શતાબ્દિ મહોત્સવ.

२०२२. કોટડા જિનાલય જીર્ણોદ્ધાર સહ અર્ધશતાબ્દિ મહોત્સવ, વારાપધરમાં જિનાલય શતાબ્દિ મહોત્સવ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૨૦૨૩. લોજાય અને વીઢમાં જિનાલય જીર્ણોદ્ધાર સહ અર્ધ-શતાબ્દિ પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ.

૨૦૨૪. ભૂજપુરથી ભદ્રેશ્વર તીર્થ થઈ પાછા ભુજપુર સુધીનો સંઘ, લાયજાથી સુથરીતીર્થ થઈ પાછા લાયજા સુધીનો સંઘ, શ્રી ભદ્રેશ્વરતીર્થમાં અચલગચ્છ ચતુર્વિધ જૈન સંઘનું પ્રથમ અધિવેશન તથા શ્રી અખિલ-ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘની સ્થાપના.

૨૦૨૫. ભુજપુરમાં નૂતન બે મજલાના ઉપાશ્રયનું ઉદ્ઘાટન.

૨૦૨૬. નાના રતડીયામાં નૂતન જિનાલય અને પ્રતિષ્ઠા, જખૌ, તેરાનાં જિનાલય શતાબ્દિ ધ્વજદંડાદિ પ્રતિષ્ઠા મહોત્સવો.

૨૦૨૭. માંડવીમાં ચૌમુખજી પ્રતિષ્ઠા, નલીયામાં નૂતન જિનાલયની પ્રતિષ્ઠા તથા જિનાલય શતાબ્દિ મહોત્સવ, મૂળનાયકની પુનઃ પ્રતિષ્ઠા. બીંસરામાં નૂતન જિનાલય તથા પ્રતિષ્ઠા.

૨૦૨૮. નાના આસંબીઆમાં નૂતન જિનાલય તથા પ્રતિષ્ઠા મહોત્સવ. દેવપુરમાં પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ. મેરાઉ જિનાલયનો દ્વારક મહોત્સવ.

૨૦૨૯. દેઢીઆમાં જિનાલયનો વિશાળ મંડપ તથા નૂતન તીર્થપટો, ઉપાશ્રય આદિનું નિર્માણ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૨૦૩૦. દેઢીઆથી ભદ્રેશ્વરનો છ'રી પાલતો સંઘ, મોથારાથી સુથરીનો છ'રી સંઘ, નાગલપુરમાં છાત્રવિદ્યાપીઠ અને મેરાઉમાં શ્રાવિકાવિદ્યાપીઠની સ્થાપના, ચુનડીમાં નૂતન જિનાલય તથા પ્રતિષ્ઠા મહોત્સવ.

૨૦૩૧. ચૂનડીમાં નૂતન ઉપાશ્રય ઉદ્ઘાટન.

૨૦૩૨. ભૂજમાં ધ્વજદંડાદિ પ્રતિષ્ઠા મહોત્સવ, રાજસ્થાનના તીર્થોની યાત્રા, ભીનમાલમાં શંખેશ્વર પાર્શ્વનાથ-તીર્થ તથા દાદાવાડી માટે પ્રેરણા.

૨૦૩૩. બાડમેર અને ભુજપુરમાં નૂતન વિશાળ જિનાલયોનું નિર્માણ અને અંજનશલાકા સહ ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ, કચ્છ–ગોધરાથી પાલિતાણાનો છ'રી પાળતો સંઘ, પાલિતાણામાં શ્રી કલ્યાણસાગરસૂરિ-ગુરુબિંબની પ્રતિષ્ઠા. તથા દાદાશ્રી કલ્યાણસાગર-સૂરીશ્વરજી મ. સા. ના ચતુર્થ જન્મ શતાબ્દિ વર્ષ પ્રસંગે ઠેર ઠેર મહોત્સવો ઉજવાયા હતા.

૨૦૩૪. પાલિતાણા–ડુંગર ઉપર દેવકુલિકાઓમાં પ્રતિષ્ઠા, કદંબગિરિ તીર્થનો સંઘ, અમદાવાદમાં ઉપાશ્રય નિર્માણ માટે ૧૧ લાખ રૂા. નું ફંડ, વડોદરામાં ઉપાશ્રય માટે વિશાળ મકાન લેવા પ્રેરણા, અગાશીથી ઘાટકોપરનો છ'રી પાળતો સંઘ, શાંતાક્રુઝ પૂર્વમાં નૂતન ઘાટકોપરમાં ૧૦૮ છોડોનું ઉજમણું. સમુહ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વરસીતપ પારણા, જિનાલય નિર્માણ અને પહેલે માળે સત્તર જિનબિંબોની પ્રતિષ્ઠા.

૨૦૩૫. શાંતાક્રુઝ (પૂર્વ) માં શ્રી કલિકુંડ પાર્શ્વનાથ તીર્થમાં ૧૪૮ જિનબિંબોની અંજનશલાકા સહીત બીજે માળે પ્રતિષ્ઠા, ઉજમણું સમુહ વરસીતપ પારણા.

સં. ૨૦૩૫ માં પૂજ્ય ગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી કચ્છ મોટા આસંબીઆના શ્રેષ્ઠિ સંઘરત્ન, સંઘવીશ્રી સામજી જખુભાઈ ગાલા તથા શ્રી મોરારજી જખુભાઈ ગાલા આ બાંધવોએ શ્રી શત્રુંજય મહાતીર્થની સમુહ નવાણુ યાત્રા કરાવી. આ સમુહ યાત્રામાં ૧૦૦૦ (શ્રાવક–શ્રાવિકા) યાત્રિકો હતા. ઉક્ત બાંધવોએ વિપુલ ધન ખર્ચી શાસન અને ગચ્છની અનેરી પ્રભાવના કરી. દરેક યાત્રિક શાંતિથી યાત્રા આરાધના કરી શકે તે માટે ૧૦૦ દિવસોનું આયોજન કરવામાં આવ્યું હતું. પાલિતાણામાં તથા યાત્રાર્થે આવેલા દરેક ગચ્છના સેંકડો સાધુ–સાધ્વીજીઓની સંઘપતિઓએ ઉલ્લસિત હૃદયે ખૂબ જ ભક્તિ કરી હતી. આ સમુહ યાત્રામાં નિશ્રા આપવા પૂ. ગચ્છાધિપતિશ્રીએ પોતાના શિષ્ય–પ્રશિષ્યો મુનિશ્રી કવીન્દ્રસાગરજી, મુનિશ્રી મહોદયસાગરજી, મુનિશ્રી પુણ્યોદયસાગરજી આદિને ખાસ મુંબઈથી મોકલ્યા હતા. સં.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૨૦૩૫ ચૈત્ર સુદ ૫ ના ગિરિરાજ પર મૂળનાયક દાદા શ્રી આદીશ્વર પ્રભુ સન્મુખ સંઘપતિઓની માળ ક્રિયા કરવામાં આવી હતી. આ યાત્રાની સ્મૃતિ નિમિત્તે પૂ. ગચ્છાધિપતિશ્રીની પ્રેરણા અનુસાર પાલિતાણામાં અચલગચ્છની વિશાળ ધર્મશાળા બંધાવવાની જાહેરાત કરવામાં આવી હતી. જાહેરાત થતાં જ ઉક્ત નૂતન ધર્મશાળા માટે દાનની અપૂર્વ ગંગા વહી હતી.

સં. ૨૦૩૫માં પૂ. દાદાશ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ. સા.ની નવમી શતાબ્દિ, અષ્ટમ સ્વર્ગ શતાબ્દિ વર્ષની સ્મૃતિ પ્રસંગે ભારતભરના અચલગચ્છના મુખ્ય સ્થળોમાં જિનેન્દ્ર પરમાત્માની ભક્તિ રૂપ પંચાહ્નિકા અષ્ટાહ્નિકા, મહોત્સવો ઉજવવામાં આવ્યા હતા. મુંબઈમાં શ્રી અનંતનાથ જિનાલય (ખારેક બઝાર) શ્રી આદીનાથ જિનાલય (ભાત બઝાર) શ્રી કચ્છી વિશા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન હસ્તકની નવી મહાજન વાડીમાં, ચીંચબંદર, લાલવાડી, ઘાટકોપર, મુલુંડ, ગોરેગાંવ, મલાડ, શાંતાક્રુઝ શ્રી કલિકુંડ પાર્શ્વનાથ તીર્થ, વાંદરા, માટુંગા, લોઅરપરેલ, શીવરી, દાદર, અને ડોંબીવલી વિગેરે સ્થળોમાં ભવ્ય મહોત્સવો પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં ઉજવવામાં આવ્યા હતા. પૂજ્ય ગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી વડોદરા, માંડલ, જામનગર, કચ્છ, બાડ·

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મેર ભિન્નમાલ વિ. સ્થળોમાં પણ ઉપરોક્ત દાદાશ્રીની સ્મૃતિ નિમિત્તે ભવ્ય મહોત્સવો ઉજવવામાં આવ્યા હતા. કચ્છ ભીંશરાના શ્રેષ્ઠિશ્રી ઝવેરચંદ જેઠાભાઇ સાવલાએ પૂજ્યશ્રીની પ્રેરણાથી શ્રી સમેતશીખરજી મહાતીર્થનો ટ્રેન દ્વારા સંઘ કાઢેલ.

સં. ૨૦૩૬ પૂ. યુગપ્રધાન દાદાશ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ. સા. ની નવમી જન્મ શતાબ્દિનાં ટાંકણે યોગાનુયોગ અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંતશ્રી ગુણસાગર-સૂરીશ્વરજી મ. સા. ની અધ્યક્ષતામાં મુંબઇ ક્રોસમેદાનમાં ફાગણ વદ ૬, ૭, ૮, માર્ચ તા. ૭, ૮, ૯, નાં ખાસ તૈયાર કરાયેલ શ્રી આર્યરક્ષિત જૈન નગરમાં શ્રી અખિલભારત અચલ-ગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર ચતુર્વિધ જૈન સંઘનું દ્વિતીય ભવ્ય અધિવેશન મળેલ. આ અધિવેશનમાં શ્રાવક-શ્રાવિકા સંઘના પ્રમુખપદે સંઘવી, સંઘરત્ન શ્રેષ્ઠિશ્રી વિશનજી લખમશી સાવલા હતા. સ્વાગત પ્રમુખ તરીકે સમાજરત્ન શ્રેષ્ઠિશ્રી ઘમંડીરામ કેવલજી ગોવાણી હતા.

ગચ્છના ઉત્કર્ષ માટે પૂજ્યશ્રીની પ્રેરણાથી ઉપરોક્ત આગે-વાન શ્રાવકો આદિએ દાન આપી અપાવી અધિવેશનને સફળતા બક્ષી હતી. લગભગ દશ હજારથી વધારે શ્રાવક–

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રાવિકાઓએ આ અધિવેશનમાં ભાગ લીધો હતો. અને ૧ કરોડ રૂા. જેટલા દાન વચનો શ્રી સંઘને મળ્યા હતા.

પૂ. ગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી શ્રી સમેતશીખરજી મહાતીર્થ મધ્યે પણ અચલગચ્છની એક વિશાળ ધર્મશાળા બાંધવા સંઘવી શ્રી ઝવેરચંદ જેઠાલાલ સાવલા, સંઘવી શ્રી વિશનજી લખમશી સાવલા આદિ આગેવાન શ્રાવકો પ્રયત્નશીલ બન્યા છે. શ્રી સમેતશીખરજી તીર્થ પર બંધાનારી અચલગચ્છની ધર્મશાળા માટે પણ ઘણાં જ દાન વચનો મળ્યા હતા આ રીતે આ અધિવેશન ખૂબ જ ચમકી ઉઠયું હતું. આ પ્રસંગે આવેલા રાજસ્થાની અચલગચ્છીય ભાઈઓ દ્વારા શ્રી રાજસ્થાન અચલગચ્છ શ્વેતાંબર જૈન સંઘ નામક સંસ્થાની પણ સ્થાપના કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી અ. ભા. અચલગચ્છ જૈન સંઘે પૂ. ગચ્છાધિપતિશ્રીને 'યુગપ્રભાવક' બિરૂદ આપેલ.

આ રીતે પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં ઉપરોક્ત રીતે શાસન અને ગચ્છની ઉન્નતિ અને અનેરી પ્રભાવના થવા પામી હતી.

ગત બે વરસોમાં પૂ. ગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી બાંભડાઈ, મોથારા, મોટા આસંબીઆ, સાંયરા, અને મોટા રતડીઆમાં પણ જિનાલય જીર્ણોદ્ધાર, શતાબ્દિ અને પ્રતિષ્ઠાદિ મહોત્સવો ઉજવવામાં આવ્યા હતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પૂ. ગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી કચ્છ મોટા આસંબીઆના સંઘરત્ન શ્રી સામજી જખુભાઇ ગાલા ૧૦૮ જિનબિંબોની તથા નાના આસંબીઆનાં શ્રેષ્ઠિ શ્રી મોરારજી નાનજી ગાલા પણ ૧૦૮ જિનબિંબોની અંજનશલાકા કરાવનાર છે.

## પૂજ્યશ્રીએ રચેલ સાહિત્ય

૧. પર્વકથા સંગ્રહ, ૨. શ્રીપાલ ચરિત્ર, ૩. સ્તુતિ-ચોવિસી, ૪. પર્વસ્તુતિઓ, ૫. આર્યરક્ષિતસૂરિ ચરિત્રં (ગદ્ય), ૬. કલ્યાણસાગરસૂરિ ચરિત્રં (પદ્ય), ૭. ગૌતમસાગરસૂરિ ચરિત્ર (ગદ્ય), આ ગ્રંથો સંસ્કૃતમાં રચેલ છે. ૮. કલ્પસૂત્ર ગુજરાતી ભાષાંતર, ૯. પર્યુષણાષ્ટાહ્નિકા વ્યાખ્યાન ભાષાંતર, ૧૦. પંચપ્રતિક્રમણસૂત્ર સાર્થ, ૧૧. સ્તવન ચોવિસી, ૧૨. ચૈત્યવંદન ચોવિસી, ૧૩. કલ્યાણસાગરસુરિ જીવન સૌરભ ૧૪. પાર્શ્વનાથ ચરિત્ર (ગુજરાતી), ૧૫. ચૌદ મોટી પૂજાઓ, ૧૬. જ્ઞાનપંચમીનું ચોઢાળીયું, ચૈત્યવંદન–સ્તુતિ વિ. વિધિ, ૧૭. નવપદ વિધિના ચૈત્યવંદન-સ્તવન-સ્તુતિઓ, ૧૮. વીસ-સ્થાનક વિધિ ચોઢાળીયુ સ્તુતિ વગેરે, ૧૯. વર્ધમાન તપ-સ્તવન સ્તુતિ વગેરે, ૨૦. પ્રકીર્ણ સ્તવન સ્તુતિઓ, ૨૧. પ્રાર્થના ધૂન-નવકાર છંદ, અષ્ટપ્રકારી પુજા તથા નવાંગ પૂજાના દુહા, આરતી, મંગળ દીવો, લઘુ પુણ્ય પ્રકાશનું સ્તવન વગેરે, ૨૨. બારસાઢાળીયા, ૨૩. અચલગચ્છ ધાર્મિક પાઠ્ય-ક્રમ શ્રેણી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## પૂજ્ય અચલગચ્છાધિપતિશ્રીની પ્રેરણા–ઉપદેશથી તેઓશ્રીના હસ્તે દીક્ષિત મુનિવરો–શિષ્યો–પ્રશિષ્યો

| ક્રમ | નામ | ગામ | દીક્ષા સંવત | દીક્ષા વય |
| --- | --- | --- | --- | --- |
| ૧ | મુનિશ્રી ચંદનસાગરજી | ડોણ | ૧૯૮૧ | ૨૭ |
| ૨ | મુનિશ્રી ચંદ્રસાગરજી | હાલારના | ૧૯૯૬ | ૧૭ |
| ૩ | મુનિશ્રી ધરણેન્દ્રસાગરજી | જામનગર | ૧૯૯૬ | ૬૩ |
| ૪ | મુનિશ્રી કીર્તિસાગરજી (ગ્રંથલેખક) | લાખાપર | ૧૯૯૯ | ૪૫ |
| ૫ | મુનિશ્રી વિદ્યાસાગરજી | નારાણપુર | ૧૯૯૯ | ૩૬ |
| ૬ | મુનિશ્રી દેવેન્દ્રસાગરજી (મહાતપસ્વી) | બીદડા | ૧૯૯૯ | ૩૦ |
| ૭ | મુનિશ્રી વિનયેન્દ્રસાગરજી | સાયરા | ૨૦૦૩ | ૫૦ |
| ૮ | મુનિશ્રી અમરેન્દ્રસાગરજી | જખૌ | ૨૦૦૪ | ૫૦ |
| ૯ | મુનિશ્રી ભદ્રંકરસાગરજી | વાંકુ | ૨૦૦૫ | ૧૩ |
| ૧૦ | મુનિશ્રી તત્ત્વસાગરજી | સૌરાષ્ટ્ર | ૨૦૦૬ | ૪૦ |
| ૧૧ | મુનિશ્રી પ્રેમસાગરજી | સુનડી | ૨૦૦૭ | ૩૫ |

Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust

| ક્રમ | નામ | ગામ | દીક્ષા સંવત | દીક્ષા વય |
|---|---|---|---|---|
| ૧૨ | મુનિશ્રી પુણ્યસાગરજી | ગોધરા | ૨૦૧૦ | ૫૦ |
| ૧૩ | મુનિશ્રી રત્નસાગરજી | કોઠારા | ૨૦૧૧ | ૫૧ |
| ૧૪ | મુનિશ્રી ઉત્તમસાગરજી | કાંડાકરા | ૨૦૧૧ | ૫૩ |
| ૧૫ | મુનિશ્રી કાંતિસાગરજી | કાંડાકરા | ૨૦૧૧ | ૫૨ |
| ૧૬ | મુનિશ્રી પ્રવિણસાગરજી | સૌરાષ્ટ્રના | ૨૦૧૧ | ૨૬ |
| ૧૭ | મુનિશ્રી નિર્મળસાગરજી | સૌરાષ્ટ્રના | ૨૦૧૧ | ૨૩ |
| ૧૮ | મુનિશ્રી ગુણોદયસાગરજી ( હાલ આચાર્યશ્રી ) | કોટડા ( રોહા ) | ૨૦૧૪ | ૨૬ |
| ૧૯ | મુનિશ્રી રત્નપ્રભસાગરજી | મોટીખાખર | ૨૦૨૧ | ૨૦ |
| ૨૦ | મુનિશ્રી ભક્તિસાગરજી | નવાવાશ | ૧૯૯૯ | ૨૫ |
| ૨૧ | મુનિશ્રી કલાપ્રભસાગરજી | નવાવાશ ( દુર્ગાપુર ) | ૨૦૨૬ | ૧૬ |
| ૨૨ | મુનિશ્રી કવીન્દ્રસાગરજી | મોટીખાખર ( ચુનડી ) | ૨૦૨૬ | ૧૩ |
| ૨૩ | મુનિશ્રી વીરભદ્રસાગરજી | મોટીખાખર ( ચુનડી ) | ૨૦૨૬ | ૯ |
| ૨૪ | મુનિશ્રી પ્રેમસાગરજી | કાંડાકરા | ૨૦૩૦ | ૬૬ |
| ૨૫ | મુનિશ્રી મહોદયસાગરજી | ચાંગડાઈ | ૨૦૩૧ | ૨૨ |

Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust

| ક્રમ | નામ | ગ્રામ | દીક્ષા સંવત | દીક્ષા વય |
|---|---|---|---|---|
| ૨૬ | મુનિશ્રી મહાભદ્રસાગરજી | ભુજ | ૨૦૩૧ | ૪૪ |
| ૨૭ | મુનિશ્રી પૂર્ણભદ્રસાગરજી | ભુજ | ૨૦૩૧ | ૧૭ |
| ૨૮ | મુનિશ્રી સૂર્યોદયસાગરજી | રાયણ | ૨૦૩૧ | ૧૪ |
| ૨૯ | મુનિશ્રી હરિભદ્રસાગરજી | રાપર–ગઢવાળી | ૨૦૩૨ | ૧૩ |
| ૩૦ | મુનિશ્રી રાજરત્નસાગરજી | રાપર–ગઢવાળી | ૨૦૩૨ | ૮ |
| ૩૧ | મુનિશ્રી પુણ્યોદયસાગરજી | રાયણ | ૨૦૩૨ | ૨૦ |
| ૩૨ | મુનિશ્રી ગુણરત્નસાગરજી | રાયણ | ૨૦૩૩ | ૮ |
| ૩૩ | મુનિશ્રી સર્વોદયસાગરજી | મેરઉ | ૨૦૩૩ | ૧૮ |
| ૩૪ | મુનિશ્રી ધર્મોદયસાગરજી | ચાંગડાઈ | ૨૦૩૪ | ૧૬ |
| ૩૫ | મુનિશ્રી કમલપ્રભસાગરજી | બાડા | ૨૦૩૫ | ૧૯ |
| ૩૬ | મુનિશ્રી ધર્મપ્રભસાગરજી | લાલા | ૨૦૩૫ | ૨૯ |
| ૩૭ | મુનિશ્રી નયપ્રભસાગરજી | ચીઆસર | ૨૦૩૫ | ૪૫ |
| ૩૮ | મુનિશ્રી પદ્મસાગરજી | કોટડી | ૨૦૩૬ | |
| ૩૯ | મુનિશ્રી મલયસાગરજી | ગોધરા | ૨૦૩૬ | |

Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust

ઉપરોક્ત શિષ્યોમાં ૧૧ વરસીતપના ઉગ્ર તપસ્વી પૂ. આચાર્ય શ્રીગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા. તથા નં. ૨૧ થી ૩૭ સુધીનાં મુનિવરો વિદ્યમાન વિચરે છે.

પૂ. અચલગચ્છાધિપતિશ્રીના સમુદાયમાં સાધ્વી મુખ્ય, સાધ્વીશ્રી શીતલશ્રીજી આદિ ૧૩૩ જેટલા સાધ્વીજીઓ વિદ્યમાન વિચરે છે.

તથા અચલગચ્છમાં સ્વ. પૂ. આ દેવશ્રી દાનસાગરસૂરીશ્વરજી મ. સા. ના સમુદાયના પૂ. મુનિશ્રી લબ્ધિસાગરજી મ. સા. તથા પૂ. મુનિશ્રી કૈલાસસાગરજી મ. સા. આ બે મુનિવરો તથા સાધ્વીશ્રી કેશરશ્રીજી સમેત ૧૫ સાધ્વીજીઓ વિદ્યમાન છે. તથા શ્રી રવિચંદજીના સમુદાયમાં બે સાધ્વીજીઓ છે. અચલગચ્છમાં કુલ ૧૭૧ સાધુ–સાધ્વીજીઓ વર્તમાન કાળમાં વિચરી રહ્યા છે.

અચલગચ્છના શ્રાવક–શ્રાવિકાઓ પણ કચ્છ, હાલાર, સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ, મહારાષ્ટ્ર, કર્ણાટક, રાજસ્થાન વગેરે લગભગ ભારતભરનાં મુખ્ય પ્રદેશોનાં વિસ્તારોમાં વસે છે. જેની સંખ્યા લગભગ દોઢ લાખથી વધારે હોવાનો અંદાજ છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તારક શ્રી તીર્થંકર ભગવંતોનું શાસન જયવંતું વર્તો!

શાશ્વતું શ્રી જિન શાસન વિજયવંતું હો!

ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુ વિણુ ઘોર અંધાર ।
જે ગુરુ વાણી વેગળા તે ટળવળીયા સંસાર ॥ ૧ ॥

સમકિતદાયક ગુરુતણો પ્રત્યુપકાર ન થાય ।
ભવકોડા કોડે કરી કરતાં સર્વ ઉપાય ॥ ૨ ॥

( અચલ વિધિપક્ષ ) ગચ્છ પ્રવર્તક પૂજ્ય દાદાશ્રી આર્ય-
રક્ષિતસૂરીશ્વરજી મહરાજ સાહેબની નવમી જન્મ
શતાબ્દિ તથા અષ્ટમ સ્વર્ગ શતાબ્દિ વર્ષ )

## સ મા પ્ત



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

-: મુદ્રણ સ્થાન :-
ભરત પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, તળાવ,
પાલિતાણા—૩૬૪ ૨૭૦.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

*Printed at :-*

**BHARAT PRINTERY-Palitana.**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust